દૈનિક
# મુંબઈ સમાચાર

203 વર્ષ

R.N.I. No. 1563/1957 ★

મુંબઈથી પ્રસિદ્ધ થતું ■ સ્થાપનાઃ ૧ જુલાઈ ૧૮૨૨ ■ પુસ્તકઃ ૨૦૪ ■ Volume 68 ■ Issue 1 ■ વિક્રમ સંવત ૨૦૮૧

■ પૌષ સુદ - ૨ ■ મુંબઈ ■ MUMBAI SAMACHAR ■ www.bombaysamachar.com ■ 1 January 2025, Wednesday ■ REGD.No. MCS/058/2024-26

બુધવાર, ૧ જાન્યુઆરી ૨૦૨૫, કિંમત ₹ ૧૦.૦૦ | ઈન્ટરવલ પૂર્તિ | LIKE & FOLLOW: /Mumbaisamachar4u





LIKE & FOLLOW: /Mumbaisamachar4u

# થર્ટી ફર્સ્ટની ઉજવણી પર પોલીસે પાણી ફેરવ્યું: અમદાવાદના સિંધુભવન-સીજી રોડ સાંજથી જ બંધ

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદ: થર્ટી ફર્સ્ટ અગાઉ અમદાવાદમાં કાયદો અને વ્યવસ્થા જળવાઈ રહે તે માટે શહેર પોલીસે સમગ્ર શહેરમાં બંદોબસ્ત ગોઠવ્યો હતો. ૩૧મી ડિસેમ્બરે નવા વર્ષની ઉજવણી દરમિયાન જેમાં પોલીસ કર્મચારીઓ અને ઉચ્ચ અધિકારીઓ સહિત નવ હજાર જેટલો સ્ટાફ મંગળવારે સાંજથી બંદોબસ્તમાં ગોઠવ્યો હતો. આ દરમિયાન અમદાવાદ પોલીસ દ્વારા ૩૧મી ડિસેમ્બરની રાતથી પહેલી જાન્યુઆરી ૨૦૨૫ની રાત સુધી સિંધુભવન-સીજી રોડ પર વાહનોની અવર જવર બંધ કરી દેવાનો નિર્ણય કરવામાં આવ્યો હતો. આ બંને માર્ગો પર યુવાનો ઉજવણી કરવા માટે ઉમટી પડે છે. જેથી પોલીસે કડક કાર્યવાહી કરી હતી.

અમદાવાદ પોલીસ કમિશનર જી.એસ. મલિક દ્વારા જાહેર કરવામાં આવેલા જાહેરનામા પ્રમાણે સીજી રોડના સ્ટેડિયમ સર્કલથી પંચવટી સુધી ૩૧મી ડિસેમ્બરે સાંજના ૬ વાગ્યાથી પહેલી જાન્યુઆરી ૨૦૨૫ના રાત્રીના ૩ વાગ્યા સુધી આ રોડ પર તમામ પ્રકારના વાહનો માટે પ્રવેશ બંધી જાહેર કરવામાં આવી હતી. કમિશનરના આ જાહેરનામાથી સમગ્ર શહેરમાં સવારે ૮થી રાત્રે ૧૧ વાગ્યા સુધી મધ્યમ અને ભારે માલવાહક વાહનો તથા પેસેન્જર વાહનો રાત્રે ૮થી ૧૦ વાગ્યા સુધીમાં અવરજવર કરી શક્યા નહોતા. જે પૈકી પેસેન્જર વાહનો સિવાયના તમામ વાહનો એસજી હાઈવે પર ૩૧મીની રાત્રે ૮થી ૧ની રાત્રીના ૩ વાગ્યા સુધી અવરજવર કરી શકયા ન હતા. પકવાન ચાર રસ્તાથી સાણંદ ચોકડી સુધી સર્વિસ રોડ પર ૩૧મીએ ૭ વાગ્યાથી ૧લીના રાતના ૩ વાગ્યા સુધી પાર્કિંગ પર પણ પ્રતિબંધ લગાવાયો હતો. નહેરુનગર સર્કલથી શિવરંજની ચાર રસ્તા થઈ ઈસ્કોન ચાર રસ્તા સુધી રોડ પર ખાનગી લક્ઝરી બસના પાર્કિંગ પર પણ આ સમય દરમિયાન પ્રતિબંધ રહ્યો હતો. શહેરના પોશ વિસ્તાર સિંધુભવન રોડ પર ઝાઝરમાન ચાર રસ્તાથી તાજ સ્કાયલાઈન ચાર રસ્તા સુધી બંને તરફનો માર્ગ ૩૧મી ડિસેમ્બરના સાંજના ૮ વાગ્યાથી પહેલી જાન્યુઆરી ૨૦૨૫ના રાત્રીના ૩ વાગ્યા સુધી આ રોડ પર તમામ પ્રકારના વાહનો માટે પ્રવેશબંધી જાહેર કરવામાં આવી હતી. ■

# રાજ્ય સરકારે પેયજળની સમસ્યાઓનું નિવારણ લાવવા ૧૯૧૬ ટોલ ફ્રી નંબર જાહેર કર્યો

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદ: ગુજરાત સરકારે રાજ્યમાં પેયજળ સમસ્યાના ઉકેલમાં અનોખી સિદ્ધિ હાંસલ કરી હતી. સરકારના પ્રયત્નોના લીધે છેલ્લા છ વર્ષમાં ૯૯.૯૨ ટકા રજૂઆતોનો ઉકેલ આવ્યો હતો. રાજ્ય સરકારે પેયજળની સમસ્યાઓનું નિવારણ લાવવા રાજ્યમાં ૧૯૧૬ ટોલ ફ્રી નંબર જાહેર કર્યો હતો. તેમજ તેની માટે વેબસાઈટ પણ કાર્યરત છે. જેમાં રાજ્યમાં વર્ષ ૨૦૧૮થી પાણી પુરવઠા વિભાગ દ્વારા ૨૪ કલાક હેલ્પલાઇન સેન્ટર કાર્યરત કરવામાં આવ્યું છે. આ સેન્ટર અને વેબસાઈટ ઉપર અત્યાર સુધી ૧,૮૨,૪૬૪ રજૂઆતો નોંધાઈ હતી. જે પૈકી ૧,૮૨,૩૩૧ એટલે કે ૯૯.૯૨ ટકા રજૂઆતોનો સંતોષકારક ઉકેલ લાવ્યા છે.

આ ઉપરાંત રાજ્યમાં મહિલાઓનો જળ ક્ષેત્રે બહોળો અનુભવ અને જળલક્ષી તમામ માહિતી મળે તેવા ઉમદા આશયથી પાણી સમિતિઓ કાર્યરત છે, જેમાં ૫૦ ટકા મહિલાઓનું પ્રતિનિધિત્વ હોય છે. વાસ્મો દ્વારા ૭૦ ટકાથી વધુ મહિલા સભ્યો ધરાવતી દર વર્ષે ૧૫૦ મહિલા પાણી સમિતિને પ્રતિ સમિતિ રૂપિયા ૫૦ હજારની પ્રોત્સાહિત રકમ આપવામાં આવે છે. જે અંતર્ગત રાજ્યભરની ૧૩૭૯ મહિલા સમિતિને અત્યાર સુધીમાં રૂપિયા ૬.૧૮ કરોડની પ્રોત્સાહિત રકમ આપવામાં આવી છે.

વાસ્મો દ્વારા મહિલા સશક્તિકરણ કાર્યક્રમ અંતર્ગત જિલ્લા તાલુકા કક્ષાએ તાલીમ શિબિર, પ્રેરણા પ્રવાસ જેવા વિવિધ કાર્યક્રમો યોજવવામાં આવે છે. જે અંતર્ગત અત્યાર સુધીમાં ૩૮૫ તાલીમ- કાર્યશાળા અને ૨૪૧ પ્રેરણા પ્રવાસમાં અંદાજે ૪૧ હજારથી વધુ બહેનો સહભાગી થઇને જળ વ્યવસ્થાપન ક્ષેત્રે પોતાનું મહત્તમ યોગદાન આપી રહી છે.

જ્યારે પાણી પુરવઠા વિભાગ દ્વારા જીઆઈએસ મેપીંગ થ્રુ મોનિટરીંગ કરવા માટે આઈઓટી સોફ્ટવેર વિકસાવવામાં આવ્યું છે, જેના પરિણામે જળ વિતરણ ગુણવત્તામાં નોંધપાત્ર પરિવર્તન આવ્યું છે. આઈઓટી સોફ્ટવેરના માધ્યમથી પાણીના પ્રવાહનું નિરીક્ષણ- વિતરણ કરતી વખતે ડેટા સંગ્રહ અને વિશ્લેષણના માધ્યમથી જળ સુરક્ષા, ગુણવત્તા અને તેની સ્થિરતાને સુનિશ્ચિત કરે છે.

આ ઉપરાંત, રાજ્યના વિવિધ ભાગોમાં અત્યાર સુધીમાં ૨૩૦૦ જેટલા ઓઓટી સોફ્ટવેર આધારિત ઉપકરણો જેમ કે ફ્લો મીટર વગેરે તેમજ વિશ્લેષકોને સ્થાપિત કરવામાં આવ્યા છે. જે પૈકી ૨૧૦૦ ઉપકરણોમાંથી રિમોટ ડેટા મેળવવામાં આવ્યો છે, જેનાથી રાજ્યના પાણી વિતરણ નેટવર્કને અનુકૂલિત કરવામાં આવે છે.

રાજ્ય સરકાર દ્વારા પાણી પુરવઠા વિભાગના કાર્યો, સંસાધનો, આયોજનનું સર્વગ્રાહી વ્યવસ્થાપન, માનવ સંસાધનો, ફરિયાદ નિવારણ, ફાઈનાન્સ અને સ્ટોર ઈન્વેન્ટરીનું સતત મોનિટરીંગ થાય તે માટે ઈઆરપી સોફ્ટવેર બનાવવામાં આવ્યું છે. ■

# ગુજરાતમાં ૧૪.૩૧ લાખથી વધુ વિદ્યાર્થીઓ બોર્ડની પરીક્ષા આપશે

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદ: ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક બોર્ડ દ્વારા આગામી તા.૨૭ ફેબ્રુઆરીથી રાજયભરમાં ધો.૧૦ અને ૧૨ (સામાન્ય પ્રવાહ અને વિજ્ઞાન પ્રવાહ)ની પરીક્ષાનો પ્રારંભ થનાર હોય આ પરીક્ષા સુચારૂ રૂપથી લેવાય તે માટેની તૈયાર શરૂ કરી છે. બોર્ડની આ ધો.૧૦ અને ૧૨ની પરીક્ષામાં આ વખતે ૧૪.૩૧ લાખથી વધુ વિદ્યાર્થીઓ બેસનાર છે. બોર્ડની આ પરીક્ષાના ઓનલાઈન ફોર્મ ભરવાની પ્રક્રિયા પૂર્ણ કરી દેવામાં આવી છે. પરીક્ષા ફોર્મ ભરવા માટે શિક્ષણ બોર્ડ દ્વારા રેગ્યુલર ફી, બાદ લેઈટ ફી સાથે પણ પરીક્ષા ફોર્મ ભરવાની મુદત આપવામાં આવી હતી. જે બાદ ધો.૧૦ અને ૧૨ની પરીક્ષા માટે ૧૪.૩૧ લાખથી વધુ વિદ્યાર્થીઓના ફોર્મ ભરાયા છે. જેમાં લેઈટ ફી સાથે ૫૫ હજારથી વધુ વિદ્યાર્થીઓના ફોર્મ ભરાયા હતા જ્યારે ધો.૧૦ની પરીક્ષા માટે સૌથી વધુ ૮.૯૪ લાખ વિદ્યાર્થીઓ નોંધાયા હતા. રેગ્યુલર ફી સાથે ધો.૧૦ અને ૧૨માં ૧૩.૭૫ લાખથી વધુ વિદ્યાર્થીઓના ફોર્મ સબમીટ શિક્ષણ બોર્ડની કચેરીમાં કરવામાં આવ્યા હતા.

અત્રે ઉલ્લેખનીય છે કે, ધો.૧૦માં ૮,૯૪,૯૬૧, ધો.૧૨ સાયન્સમાં ૧૧૧૧૯૬ અને ધો.૧૨ સામાન્ય પ્રવાહમાં ૪૨૫૦૫૫ વિદ્યાર્થીઓના પરીક્ષા ફોર્મ ભરાઈ ચૂક્યા છે. શાળાઓ દ્વારા ઓનલાઈન પરીક્ષા ફોર્મ ભરવાની કામગીરી પૂર્ણ થઈ છે. હવે જો કોઈ વિદ્યાર્થી પરીક્ષા ફોર્મ ભરવામાં રહી ગયા હોય તો તેઓએ જેતે શાળાની લેખિત અરજીના આધારે શાળા આચાર્યની મંજૂરીથી બોર્ડ કચેરીમાં સીધા જ ઓફલાઈન પરીક્ષા ફોર્મ જમા કરાવી શકશે. ■

# રાજ્યના વધુ ૨૪૦ એએસઆઈને પ્રમોશન: ૨૦૨૪માં કુલ ૬,૭૭૦ પોલીસકર્મીની બઢતી કરાઈ

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદ: નવા વર્ષનું આગમન ગુજરાતના પોલીસ બેડામાં ખુશીના સમાચાર લઈને આવ્યું છે. ગુજરાત પોલીસ વિભાગના પોલીસ કર્મચારી-અધિકારીઓના પ્રમોશનની જાહેરાત કરવામાં આવી હતી. રાજ્યના વધુ ૨૪૦ એએસઆઈને ખાતાકીય બઢતી પરીક્ષા ઉત્તીર્ણ થતાં તેમને બઢતી આપવામાં આવી હતી. આમ ચાલુ વર્ષે પી.એસ.આઈ. થી માંડીને કલેરિકલ સ્ટાફ મળીને કુલ ૬૭૭૦ કર્મચારીઓને બઢતી અપાતા પોલીસ કર્મચારી ગણમાં આનંદ ફેલાયો હતો, સમયસર બઢતી મળતા પોલીસ કર્મચારીઓના મનોબળમાં પણ વધારો થયો છે.

રાજ્યના પોલીસ વડા વિકાસ સહાય દ્વારા આ બાબતને ખૂબ જ સંવેદનાથી લઈ પોલીસ કર્મચારીઓની બઢતી માટે તમામ જરૂરી સંલગ્ન પ્રક્રિયાઓ સમયસર કરવા આદેશો આપવામાં આવ્યા હતા. જેના પરિણામ સ્વરૂપે ગુજરાત પોલીસ વિભાગમાં ચાલુ વર્ષે કુલ ૬૭૭૦ પોલીસ કર્મચારી-અધિકારીઓને બઢતી મળતા તેમના પરિવારમાં ખુશીનો માહોલ સર્જાયો હતો. આ નિર્ણયથી પોલીસ કર્મચારીઓમાં નવી ઊર્જાનો સંચાર થયો છે અને તેઓ વધુ સમર્પણ ભાવે ફરજ બજાવવા માટે પ્રેરાયા છે.

વર્ષ-૨૦૨૪માં અત્યાર સુધીમાં ૩૪૧ પી.એસ.આઈ.ને પી.આઈ., ૩૯૭ એ.એસ.આઈ.ને પી.એસ.આઈ., ૨૪૪૫ હેડ કોન્સ્ટેબલને એ.એસ.આઈ. અને ૩૩૫૬ પોલીસ કોન્સ્ટેબલને હેડ કોન્સ્ટેબલ તરીકે બઢતી આપવામાં આવી છે. આ ઉપરાંત, ૨૩૧ ક્લેરિકલ સ્ટાફને પણ બઢતીનો લાભ મળ્યો છે. પોલીસ કર્મચારીઓને બઢતી આપવાનો ઉદ્દેશ્ય માત્ર તેમના વાજબી હક્કને સન્માન કરવો જ નહીં, પરંતુ તેમના ઉત્સાહ અને કાર્યક્ષમતામાં વધારો કરવાનો છે. રાજ્ય સરકારના આ નિર્ણયથી રાજ્યની લો એન્ડ ઓર્ડર વ્યવસ્થામાં વધુ મજબૂતી આવશે તેવી આશા અને અપેક્ષા છે. ■

# ગુજરાતમાં નવા વર્ષની શરૂઆતમાં જ ગાત્રો થીજાવતી ઠંડી પડશે: માવઠાનું પણ જોખમ

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદ: ગુજરાતમાં નવા વર્ષની શરૂઆતથી કાતિલ ઠંડી પડવાની આગાહી હવામાન વિભાગ દ્વારા કરવામાં આવી હતી. હવામાન વિભાગ અને આગાહીકારોની આગાહી પ્રમાણે, રાજ્યમાં કેટલાક વિસ્તારોમાં હજુ પણ માવઠાનું સંકટ તોળાઈ રહ્યું છે.

જો રાજ્યમાં માવઠું થશે તો ખેડૂતો અને ખેતી પાકને નુકસાન પહોંચી શકે છે. હાલ વરિયાળી, બટાટા, જીરું, ઘઉં, ધાણા, રાયડો જેવા પાક તૈયાર થવા આવ્યા છે ત્યારે માવઠું ખેડૂતોના મોઢા સુધી આવેલો કોળિયો છીનવી શકે છે.

હવામાન વિભાગે કરેલી આગાહી મુજબ, રાજ્યમાં સૌરાષ્ટ્રની અંદર ઠંડીનો ચમકારો ઓછો જોવા મળ્યો હતો. ઉત્તર ગુજરાતમાં ઠંડીનો ચમકારો વધારો જોવા મળ્યો છે. જેના કારણે ઘણા બધા જિલ્લામાં લોકો વધતી ઠંડીનો સામનો કરી રહ્યા છે. ઉત્તર ગુજરાતમાં પૂર્વ તરફના પવન ફૂંકાઈ રહ્યા છે. જેના કારણે લોકોને અહીંયા ઠંડીનો ચમકારો સહન કરવો પડી રહ્યો છે. આ ઠંડા પવનોને લઈને ઉત્તર ગુજરાતના જિલ્લાઓમાં જ ખાસ કરીને ઠંડીનું પ્રમાણ વધી રહ્યું છે.

હવામાન વિભાગ દ્વારા આગામી દિવસોમાં હાડ થીજવતી ઠંડીની સંભાવના વ્યક્ત કરવામાં આવી છે. હવામાન વિભાગના જણાવ્યા પ્રમાણે, ગુજરાતમાં આગામી ૫ દિવસ સુધી તાપમાનમાં કોઈ પણ બદલાવની સંભાવના નથી. કાશ્મીરમાં થયેલી હિમવર્ષાની અસર ગુજરાતમાં જોવા મળી રહી છે. જેના કારણે રાજ્યમાં કડકડતી ઠંડીનો અનુભવ થશે. ■

# ગુજરાતની અદાલતોમાં ચેક બાઉન્સના ૪.૭૩ લાખ કેસ પેન્ડિંગ

અમદાવાદ: દેશભરની અદાલતોમાં ચેક બાઉન્સના ૪૩ લાખ ૫ હજાર ૯૩૨ કેસ પેન્ડિંગ છે, જેમાંથી સૌથી વધુ ૬.૪૧ લાખ કેસ રાજસ્થાનમાં છે. મહારાષ્ટ્ર, ગુજરાત જેવાં રાજ્યોનો ક્રમ પણ રાજસ્થાન પછી આવે છે. કેન્દ્રીય કાયદા રાજ્ય પ્રધાન અર્જુન રામ મેઘવાલે તાજેતરમાં અશોક કુમાર રાવતના પ્રશ્નનો લોકસભામાં જવાબ આપતા તેમણે આ માહિતી આપી હતી. દેશમાં ટ્રાફિકના કેસ અને ચેક બાઉન્સના કેસ ઘણાં બધાં છે. ગુજરાતમાં ચેક બાઉન્સના ૪૭૩૨૩૬ કેસો પેન્ડિંગ હોવાની માહિતી અર્જુન રામ મેઘવાલે આપી હતી. આ બાબતને ધ્યાનમાં રાખીને લોકોની સુવિધા માટે અને ટ્રાફિક ચલણના કેસોમાં કામમાં ઝડપ લાવવા માટે વર્ચ્યુઅલ કોર્ટની સ્થાપના કરવામાં આવી છે, જ્યારે ચેક બાઉન્સના કેસ માટે કોઈ નવી વ્યવસ્થા કરવામાં આવી નથી. ■

# ગુજરાતમાં આયુર્વેદિક તબીબોને એલોપથીની છૂટ સામે આઈએમએનો વિરોધ: દર્દીનું સ્વાસ્થ્ય જોખમાવાની ભીતિ

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદ: ગુજરાતમાં આયુર્વેદિક તબીબોને એલોપથીની પ્રેક્ટિસ કરવાની મંજૂરી આપવા અંગે આરોગ્ય વિભાગ દ્વારા આ મુદ્દે વિચારણા કરવા બેઠકનું આયોજન કરાયું હતું, જો કે સરકારની પહેલનો ઈન્ડિયન મેડિકલ એસોસિએશને જોરશોરથી વિરોધ કર્યો હતો. આઈએમએના જણાવ્યા મુજબ આયુર્વેદના ડોક્ટરોને એલોપેથીની પ્રેક્ટિસ કરવાની છૂટ આપવી યોગ્ય નથી અને તેનાથી ગુજરાતના દર્દીઓનું સ્વાસ્થ્ય જોખમાઇ શકે છે.

અત્રે ઉલ્લેખનીય છે કે, તાજેતરમાં અમદાવાદના એક અરજદાર દ્વારા આરોગ્ય વિભાગ સમક્ષ એવી અરજી કરવામાં આવી હતી. જેમાં આયુર્વેદમાં અભ્યાસ કરી બનેલા તબીબોને જરૂરિયાત અનુસાર એલોપથીની પ્રેક્ટિસ કરી શકે તે માટે વિચારણા થવી જોઈએ. જેના સંદર્ભમાં આરોગ્ય-પરિવાર કલ્યાણ વિભાગના અગ્ર સચિવ દ્વારા આગામી ત્રીજી જાન્યુઆરીના એક બેઠકનું આયોજન કરાયું હતું. આ બેઠકમાં અરજદારને પણ ઉપસ્થિત રહેવાની સૂચના આપવામાં આવી હતી.

જો કે, આ રીતે આયુર્વેદના ડોક્ટરોને એલોપથીની પ્રેક્ટિસ કરવાની છૂટ સામે ઈન્ડિયન મેડિકલ એસોસિએશન ઉગ્ર વિરોધ નોધાવ્યો હતો. આરોગ્ય સચિવને સંબોધીને લખેલા પત્રમાં ઈન્ડિયન મેડિકલ એસોસિએશને જણાવ્યું હતું કે, 'નોન- એલોપથીના ડૉક્ટરોને એલોપથીની પ્રેક્ટિસ કરવાની છૂટ આપવી જોઈએ જ નહીં. આ છૂટ અપાશે તો ગુજરાતના લોકોના સ્વાસ્થ્ય-સલામતી ઉપર અસર પડી શકે છે. એવા અનેક કિસ્સા બહાર આવ્યા છે જેમાં એલોપેથીની પૂરતી તાલીમ વિના તેની દવા આપનારા ડૉક્ટરોથી જે જોખમ સર્જાયું છે અને ઘણાં કિસ્સામાં દર્દીઓના જીવન પર પણ સંકટ ઊભું થયું છે.

ઈન્ડિયન મેડિકલ એસોસિએશનના જણાવ્યાનુસાર, આ પ્રકારની ગેરમાન્ય પ્રેક્ટિસ તાકીદે અટકાવવામાં નહીં આવે તો તેનાથી સ્વાસ્થ્યક્ષેત્ર ભારે સંકટ હેઠળ મુકાઈ જશે.

એલોપથીની ક્વોલિફિકેશન નહીં ધરાવનારાને એલોપથીની પ્રેક્ટિસ નહીં કરવા દેવા સામે હાઈ કોર્ટ અને સુપ્રીમ કોર્ટે પણ અનેક ચુકાદા આપેલા છે. જોકે આઈએમએની રજૂઆત બાદ સરકારી સ્તરે શું નિર્ણય લેવામાં આવશે તે નજીકના ભવિષ્યમાં જાણી શકાશે. ■

# ગુજરાતમાં જિલ્લા-મહાનગર પ્રમુખ નિમણૂકો મુદ્દે આજે કમલમમાં પ્રદેશ નિરીક્ષકોની બેઠક

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદ: ગુજરાતમાં ભાજપ સંગઠનમાં આમુલ ફેરફારો કરવામાં આવી રહ્યા છે, રાજ્યમાં ભાજપ સંગઠન રચનાની પ્રક્રિયા હવે ત્રીજા તબકકામાં પહોંચી છે અને ૩૩ જિલ્લા અને ૮ મહાનગરોમાં નવા પ્રમુખની નિમણૂક બાદ પ્રદેશ સંગઠન માળખું રચવાની પ્રક્રિયા હાથ ધરાશે. તાલુકા-વોર્ડ કક્ષાએ પ્રમુખોની નિયુક્તિની પ્રક્રિયા પૂરી થઈ છે અને જે બાકી છે તે નવા સંગઠન માળખાની રચના બાદ ત્યાં નિમણૂક કરાશે. મહાનગર-જિલ્લા પ્રમુખ નિયુક્ત કરવા માટે વોર્ડ-તાલુકા પ્રમુખની માફક જ અરજી મંગાવવા સહિતની પ્રક્રિયા નિશ્ચિત કરવા આવતીકાલે ગાંધીનગરમાં પ્રદેશ નિયુક્ત ચુંટણી નિરીક્ષકોની બેઠક યોજાશે. હાલમાં જ દિલ્હી ખાતે ભાજપના રાષ્ટ્રીય મહામંત્રી જે સંગઠનની કામગીરી જુએ છે તેઓએ બોલાવેલી બેઠકમાં સંગઠનના મહત્ત્વના તબકકા છે તે અંગે માર્ગદર્શન અપાયું હતું અને તે અંગે હવે કાલની બેઠકમાં વિસ્તૃત માર્ગદર્શન અપાશે. આ બેઠકમાં પ્રદેશ દ્વારા જે નિરીક્ષકો નિયુક્ત થયા છે તેઓ પણ હાજર રહેશે. જેઓ બાદમાં તેમને ફાળવવામાં આવેલા જિલ્લા મહાનગરોમાં જશે અને પ્રમુખ નિયુક્તિની પ્રક્રિયા શરૂ થશે જેના માપદંડ પણ કાલે જાહેર થાય તેવી શકયતા છે. ■

# સુરતમાં પત્ની-પુત્રની ઘાતકી હત્યા કરનારા યુવકે હૉસ્પિટલમાં આપઘાતનો પ્રયાસ કરતાં ચકચાર

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદ: સુરતમાં ચાર દિવસ પહેલા એક યુવકે ચપ્પુના ઘા મારી પત્ની અને પુત્રની કરપીણ હત્યા કરી હતી. તેના માતા-પિતા પર ચપ્પુ વડે હુમલો કરીને ખુદ આપઘાતનો પ્રયાસ કર્યો હતો.

ઘટનાની જાણ થતાં પોલીસ કાફલો આવી પહોંચ્યો હતો અને ત્રણેય ઘાયલોને હૉસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યા હતા.

મંગળવારે હૉસ્પિટલના બીછાને રહેલા સ્મિત જીયાણીએ ટોયલેટમાં ઘૂસી કાચ વડે પોતાનું ગળું કાપીને આપઘાતનો પ્રયાસ કર્યો હતો. ઘટનાની જાણ થતા પોલીસનો કાફલો હૉસ્પિટલ દોડી ગયો હતો.

સુરતના સરથાણા વિસ્તારમાં રાજહંસ સ્વપન સૂર્યા બિલ્ડીંગમાં રહેતા સ્મિત જીયાણીએ ગત ૨૭ ડિસેમ્બરના રોજ તેના ૪ વર્ષના પુત્ર અને તેની પત્ની હિરલની ઘાતકી હત્યા કરી હતી. જે બાદ તેના પિતા લાભુભાઈ અને માતા વિલાસબેનના ગળાના ભાગે ચપ્પુનો ઘા માર્યો હતો અને બાદમાં સ્મિત જીયાણીએ પોતે પણ આપઘાતનો પ્રયાસ કર્યો હતો.

હાલ આ ત્રણેય સારવાર હેઠળ છે. આ કેસમાં તેને હૉસ્પિટલમાંથી રજા મળ્યા બાદ પોલીસ ધરપકડ કરશે તેવા ડરથી સ્મિતે ફરી એકવાર આપઘાતનો પ્રયાસ કર્યો હતો.

સરથાણા પોલીસ આ કેસની તપાસ કરી રહી છે અને ક્યા કારણોસર તેણે આ પગલું ભર્યું તેની વિગતો એકત્ર કરી રહી છે તેવા જ સમયે સ્મિત જીયાણીએ ગળું કાપવાનો પ્રયાસ કરતાં ચકચાર મચી ગઈ હતી. ■

# વર્ષ ૨૦૨૪માં ૧૪ કલાસ-વન અને કલાસ-ટૂના ભ્રષ્ટ અધિકારીઓ પર સકંજો કસાયો

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદ: ગુજરાતમાં ભ્રષ્ટ અધિકારીઓ અને કર્મચારીઓ પર ગાળિયો કસવામાં આવી રહ્યો છે. એન્ટી કરપ્શન બ્યુરો રાજયની સરકારી કચેરીઓમાં થતા ભ્રષ્ટાચારને ડામવા માટે સતત પ્રયાસો કરતું રહે છે. એસીબીએ વર્ષ ૨૦૨૪ માં એસીબીએ લાંચ લીધી હોય અથવા તો અપ્રમાણસર મિલકતો વસાવી હોય તેવા કલાસ-૧, ૨ પર કાર્યરત ૧૪ અધિકારી વિરુદ્ધ ગુના નોંધ્યા હતા.મોટાભાગનાં કેસમાં આવા અધિકારીની સંપતિ ટાંચમાં લેવા સુધીની કાર્યવાહી થઈ છે. રાજયમાં એસીબીના કુલ ૩૭ પોલીસ સ્ટેશનમાં વર્ષ ૨૦૨૩માં ૨૦ થી પણ વધુ ગુના નોંધાયા હતા. જયારે વર્ષ ૨૦૨૪ માં આ સંખ્યા વધી છે.

વર્ષ ૨૦૨૪નાં ટોપ ૧૪ ભ્રષ્ટાચારીમાં (૧) એસ.કે.લાંગા:(નિવૃત તત્કાલીન કલેકટર ગાંધીનગર)(૨)મનોજકુમાર સોલંકી:(ડેપ્યુટી સીટી ઈજનેર, અમદાવાદ મ્યુ.કોર્પોરેશન) (૩) સમીર મહેતા: (તત્કાલીન ડેપ્યુટી ડાયરેકટર, જીઆઈસીએલ ગાંધીનગર) (૪) જીગર શાહ: (કાર્યપાલક ઈજનેર પોલીસ આવાસ નિગમ) (૫) નિલેશ પટેલ: (વડોદરા ફાયર બ્રિગેડ) (૬)કૈલાસ ભોયા: (તત્કાલીન ટાઉન પ્લાનીંગ ઓફીસર, સુરત) (૭) નરેશ જાની: (મદદનીશ નિયામક ખાણ-ખનીજ વિભાગ, સુરત) (૮) હર્ષદ પરમાર: (આસીસ્ટંટ કમિશ્નર પીએફ કચેરી, વાપી) (૯) રત્નાબેન ચૌધરી: (નાયબ ઈજનેર ઊર્જા અને પેટ્રોકેમિકલ-સુરેન્દ્રનગર ) (૧૦) સંજયકુમાર પટેલ: (ઈન્ચાર્જ અધિક્ષક ઈજનેર, યુજીવીસીએલ, પાલનપુર) (૧૧) મનીષ પરમાર: (નાયબ કાર્યપાલક ઈજનેર પીજીવીસીએલ-બરવાળા બોટાદ) (૧૨) વલ્લભ પટેલીયા: (સહાયક રાજય વેરા કમિશ્નર-જૂનાગઢ-નાણા વિભાગ) (૧૩) મનસુખ સાગઠીયા: (ટીપીઓ રાજકોટ) (૧૪) પરેશ પંચાલ: (નાયબ ઈજનેર પીજીવીસીએલ-સુરેન્દ્રનગર)નો સમાવેશ થયા છે. ■

# પોરબંદરમાં ક્રેડિટ સોસાયટીના સંચાલકે કરોડોનું ફૂલેકું ફેરવ્યું: ૬૫૦ લોકો બન્યા ભોગ

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદ: પોરબંદરમાં ક્રેડિટ સોસાયટીના સંચાલકે કરોડોનું ફૂલેકું ફેરવ્યું હતું, જેનો આશરે ૬૦૦ જેટલા લોકો ભોગ બન્યા હતા. પોરબંદરમાં એક પુરુષે જલારામ ક્રેડિટ કો. ઓપરેટીવ સોસાયટી બનાવી તેમાં સાડા છસ્સો જેટલા થાપણદારો ફસાવી કરોડોનુ ફુલેકું ફેરવી નાખ્યું હતું. પોરબંદર ચોપડે થયેલી અરજીઓના આંકડા મુજબ છ કરોડ સુધી કૌભાંડ પહોંચ્યો હતો. ત્રણ આરોપી પૈકી એક આરોપીની પોરબંદર પોલીસે ધરપકડ કરી હતી અને હજુ મુખ્ય આરોપી દંપતી પોલીસ પકડથી દૂર છે.

પોરબંદર ખાતે રહેતા જયેશભાઈ દેવશીભાઈ વરવાડિયા નામની વ્યકિતએ સંજયભાઈ વિનોદરાય દાવડા તેમના પત્નિ સપનાબેન સંજયભાઈ દાવડા અને પુત્ર મનન સંજયભાઈ દાવડા સામે ફરિયાદ નોંધાવી હતી. ફરિયાદ અનુસાર આરોપીઓએ અગાઉથી જ પૂર્વ આયોજિત કાવતરું રચ્યું હતું અને પોરબંદર જલારામ ક્રેડિટ કો.ઓપરેટીવ સોસાયટી. લિ. નામની સહકારી મંડળીના આશરે ૬૫૦ જેટલા થાપણદારો તથા સભાસદો બનાવ્યા હતા. આ થાપણદારો અને સભાસદોને રાષ્ટ્રીયકૃત બૅન્ક તથા અન્ય સંસ્થાઓ કરતાં ફિકસ ડિપોઝિટ તથા દૈનિક બચતની રકમ ઉપર ઊંચા દરે વ્યાજ આપવાની લોભામણી લાલચો આપી હતી. થાપણદારો તથા સભાસદો પાસેથી ડિપોઝિટ તથા દૈનિક બચત તરીકે માતબર રકમ મેળવી હતી.

પોરબંદરમાં પોલીસ ચોપડે થયેલી અરજીઓના આંકડા મુજબ છ કરોડ સુધી કૌભાંડ પહોંચ્યો છે. જેમાં શાકભાજી, સફાઇ કર્મચારી, દુકાનદાર, રેકડીધારક જેવા તમામ વર્ગ ધંધાર્થી અને નાના વ્યકિતએ જલારામ જલારામ ક્રેડિટ કો ઓપરેટીવ સોસાયટીમાં પૈસાનું રોકાણ કર્યુ હતું.

આ કેસમાં આરોપી મનન દાવડા ધરપકડ કરી હતી, જયારે મુખ્ય આરોપી સંજય અને સપના દાવડા હજુ ફરાર છે. ■

# બનાસકાંઠામાં દોઢ કરોડનો વીમો પકવવા યુવકે પોતાના મોતનું કાવતરું રચ્યું

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદ: ગુજરાતના બનાસકાંઠા જિલ્લામાં હિન્દી ફિલ્મ જેવી ચોંકાવનારી ઘટના પ્રકાશમાં આવી છે.

લગભગ રૂ. ૧.૫ કરોડના વીમાના નાણાં એકઠા કરવા દેવાથી ડૂબેલા હોટલ વ્યવસાયીએ પોતાના મોતનું કાવતરું ઘડ્યું હતું. બનાસકાંઠા પોલીસે આ પ્લાનને નિષ્ફળ બનાવ્યો હતો. પોલીસે દલપતસિંહ પરમારના ત્રણ સાગરીતની ધરપકડ કરી હતી. પોલીસના જણાવ્યા અનુસાર મુખ્ય આરોપીને પકડવા માટે તપાસ હાથ ધરી છે. હોટલ વ્યવસાયીએ તેના મોતનું કાવતરું ઘડ્યું હોવાનો ઘટસ્ફોટ થયો હતો.

પોલીસના જણાવ્યા અનુસાર શુક્રવારે બનાસકાંઠા જિલ્લાના વડગામ તાલુકાના ધનપુરા ગામમાં એક કારમાં બળી ગયેલા અવશેષો મળી આવ્યા હતા.

પોલીસે વાહનના રજિસ્ટ્રેશન નંબરની તપાસ કરતાં તે દલપતસિંહ પરમારનો હોવાનું જાણવા મળ્યું હતું. તેના પરિવારજનોએ મૃતદેહ તેનો જ હોવાની પુષ્ટિ કરી હતી, પરંતુ પોલીસને શંકા જતા કારમાં રહેલા મૃતદેહના સેમ્પલ ફોરેન્સિક તપાસ માટે મોકલવામાં આવ્યા હતા અને પરિવારના સભ્યો પાસેથી લીધેલા સેમ્પલ સાથે મેચ થયા નહોતા.

પોલીસે તપાસ કરી ત્યારે તેમને જાણવા મળ્યું કે પરમારે હોટલ બનાવવા માટે મોટી લોન લીધી હતી અને તેના પર દેવું થઇ જતા તેમાંથી બહાર નીકળવા માટે તેણે કાર અકસ્માતમાં તેના નકલી મોતની યોજના બનાવી હતી, જેથી તેના પરિવારને રૂ. ૧ કરોડનું અકસ્માત કવર અને રૂ. ૨૩ લાખનું વીમા ચુકવણી મળી શકે. તપાસમાં જાણવા મળ્યું કે પરમાર જ્યાં સુધી પરિવારને પૈસા ન મળે ત્યાં સુધી તે છુપાઈને રહેશે. દલપતસિંહ પરમારે તેના ભાઈ સહિત કેટલાક સંબંધીઓને મદદ કરવા માટે આ પ્લાનમાં સામેલ કર્યા હતા.

બનાસકાંઠા પોલીસે જણાવ્યું હતું કે દલપતસિંહ પરમારે ચાર મહિના પહેલા મૃત્યુ પામેલા રમેશભાઇ તળશીભાઇ સોલંકીના મૃતદેહને બહાર કાઢીને તેની કાર સાથે સળગાવી દીધો હતો. તેણે કરોડો રૂપિયાની લોન અને વીમો પાસ કરાવવા માટે આરોપીઓએ જમીનમાં દાટેલા મૃતદેહને બહાર કાઢીને કાર સાથે સળગાવી દીધો હતો. ■

# બીઝેડ કૌભાંડના મુખ્ય આરોપી ભૂપેન્દ્ર ઝાલાને આશરો આપનારા કિરણસિંહની ધરપકડ

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદ : ગુજરાતમાં ૬૦૦૦ કરોડના બીઝેડ કૌભાંડના મુખ્ય આરોપી ભૂપેન્દ્ર ઝાલાને આશરો આપવો કિરણસિંહ ચૌહાણને ભારે પડ્યો હતો. આ કેસમાં પોલીસે તેની મદદગારીના ગુનામાં ધરપકડ કરીને પૂછપરછ શરૂ કરી હતી. ભૂપેન્દ્ર ઝાલાને વિસનગરના દવાડા ગામે કિરણસિંહે આશરો આપ્યો હતો.

સમગ્ર કૌભાંડ બહાર આવ્યા બાદ મુખ્ય આરોપી ભૂપેન્દ્ર ઝાલા પોલીસથી બચવા ભાગતો હતો ત્યારે વિસનગરના દવાડા ગામે કિરણસિંહ ચૌહાણના ફાર્મહાઉસ પર રોકાયો હતો જેની જાણ થતાં પોલીસે છુપા વેશે ફાર્મ હાઉસમાં પ્રવેશીને ભૂપેન્દ્ર ઝાલાની ધરપકડ કરી હતી.જેની બાદ હવે ભૂપેન્દ્ર ઝાલાને આટલા દિવસ સુધી સંતાડનાર કિરણ ચૌહાણની સીઆઈડી ક્રાઈમે ધરપકડ કરી હતી.

સીઆઇડી ક્રાઇમે પ્રેસ કોન્ફરસન્સમાં જણાવ્યું હતું કે આરોપી દ્વારા પોન્ઝી સ્કીમ હેઠળ કુલ ૧૧ હજાર લોકો પાસેથી રોકાણ કરાવવામાં આવ્યું હતું.

હાલ આ મામલે ૧૦૦ રોકાણકારોના નિવેદન પણ લેવામાં આવ્યા છે. આરોપીએ ૧૦૦ કરોડની મિલકત વસાવી છે, અત્યારે તેના સગાં-સંબંધીઓની મિલકતની પણ તપાસ શરૂ કરવામાં આવી હતી. ■

203 વર્ષ

# દૈનિક મુંબઈ સમાચાર

R.N.I. No. 1563/1957 ★

મુંબઈથી પ્રસિદ્ધ થતું ■ સ્થાપનાઃ ૧ જુલાઈ ૧૮૨૨ ■ પુસ્તકઃ ૨૦૪ ■ Volume 68 ■ Issue 1 ■ વિક્રમ સંવત ૨૦૮૧
■ પૌષ સુદ - ૨ ■ મુંબઈ ■ MUMBAI SAMACHAR ■ www.bombaysamachar.com ■ 1 January 2025, Wednesday ■ REGD.No. MCS/058/2024-26

બુધવાર, ૧ જાન્યુઆરી ૨૦૨૫, કિંમત ₹ ૧૦.૦૦ | ઈન્ટરવલ પૂર્તિ | LIKE & FOLLOW: /Mumbaisamachar4u



ANTARA GOLD & DIAMONDS
DADAR | BORIVALI | GOREGAON
TODAY'S GOLD RATE
₹69,660/-
PER 10 GRAMS OF 22KT BIS HALLMARKED JEWELLERY
HAPPY NEW YEAR 2025
DADAR 022 4041 5565
BORIVALI 022 6811 5565
OPEN ON ALL DAYS


## ગુડબાય ૨૦૨૪






# યુદ્ધ, રાજકીય ઊથલપાથલ, દુર્ઘટનાઓના વર્ષને અલવિદા

## નવા વર્ષને શાંતિ, સમૃદ્ધિની આશા, રોશની અને આતશબાજી સાથે આવકારાયું

નવી દિલ્હીઃ વિશ્વભરમાં ૨૦૨૪ના વર્ષને વિદાય આપીને નવા વર્ષ ૨૦૨૫ને ધામધૂમ, રોશની, આતશબાજી, ગીત-સંગીત, નાચ-ગાનની સાથે આવકારાયું હતું તેમ જ નવું વર્ષ સમગ્ર જીવસૃષ્ટિ માટે શાંતિ, સમૃદ્ધિ લાવનારું અને ફળદાયી સાબિત થાય એવી આશા વ્યક્ત કરાઇ હતી.

પ્રશાંત મહાસાગરના કિરીબાટી પ્રજાસત્તાકના ટાપુઓ (લાઇન આઇલૅન્ડ્સ) ખાતે નવું વર્ષ સૌપ્રથમ શરૂ થયું હતું. પ્રશાંત મહાસાગરના સમોઆ અને ટોન્ગા તેમ જ પૃથ્વીના દક્ષિણ ગોળાર્ધમાં આવેલા ઑસ્ટ્રેલિયા અને ન્યૂ ઝીલૅન્ડમાં નવા વર્ષ (૨૦૨૫)ને વિશ્વના અન્ય દેશો કરતાં પહેલાં ભારે ઉત્સાહ અને ઉમળકાથી વધાવ્યું હતું. ઑસ્ટ્રેલિયાના સિડની બંદરના પુલ ખાતે રોશની અને આતશબાજી કરાઇ હતી. ન્યૂ ઝીલૅન્ડમાં ઑકલૅન્ડના અનેક સાર્વજનિક સ્થળે હજારો લોકો ભેગા થયા હતા અને સંગીત સાથે નાચ-ગાન તેમ જ પાર્ટી કરી હતી.

વેટીકન ખાતે ચર્ચમાં નવા વર્ષ નિમિત્તે ખાસ પ્રાર્થના કરાઇ હતી. સાંતાક્લોઝના કપડાં પહેરીને અનેક લોકોએ બાળકોને ભેટ આપી હતી. અમેરિકામાં હડસન નદી, ટાઇમ્સ સ્ક્વેર સહિતના અનેક સ્થળે અનોખો નજારો જોવા (જુઓ પાનું ૨) ▸▸

## વર્ષના છેલ્લા દિવસે ડૉલર સામે રૂપિયો ૧૩ પૈસા નબળો

(વાણિજ્ય પ્રતિનિધિ તરફથી)

મુંબઈઃ વૈશ્વિક વિનિમય બજારમાં ડૉલર ઈન્ડેક્સમાં મજબૂત વલણ, અમેરિકી ટ્રેઝરીની યિલ્ડમાં વધારો અને સ્થાનિકમાં વિદેશી સંસ્થાકીય રોકાણકારોનાં બાહ્ય પ્રવાહ રહેતાં આજે સ્થાનિક ફોરેક્સ માર્કેટમાં ડૉલર સામે રૂપિયો ૧૩ પૈસા ગબડીને ૮૫.૬૫ની નવી ઐતિહાસિક નીચી સપાટીએ બંધ રહ્યો હતો. તેમ જ વર્ષ ૨૦૨૪માં ડૉલર સામે રૂપિયામાં ત્રણ ટકાનું ધોવાણ જોવા મળ્યું છે. જોકે, ડૉલર સામે રૂપિયાના ધોવાણના અન્ય મુખ્ય કારણોમાં સ્થાનિકમાં મંદ પડેલી આર્થિક વૃદ્ધિ અને વેપાર ખાધમાં થયેલો વધારો પણ હોવાનું ફોરેક્સ ટ્રેડરોએ જણાવ્યું હતું.

આજે સ્થાનિકમાં ડૉલર સામે રૂપિયો ગઈકાલના ૮૫.૫૨ના (જુઓ પાનું ૨) ▸▸


## ઈલૉન મસ્કનું ‘એચ-વનબી વિઝા’ને લગતું વલણ કૂણું પડ્યું

વૉશિંગ્ટનઃ ટેક્નોલૉજી ક્ષેત્રના અગ્રણી અબજોપતિ ઇલોન મસ્કનું ‘એચ-વનબી વિઝા પ્રોગ્રામ’ને લગતું વલણ કૂણું પડ્યું છે અને આ વિઝા પ્રોગ્રામને કૌશલ્ય ધરાવતા વિદેશી કર્મચારીઓને અમેરિકામાં રાખવા માટેના (નિયમમાંનો) ‘મોટો સુધારો’ ગણાવ્યો હતો. અમેરિકાના ચૂંટાયેલા નવા પ્રમુખ ડોનલ્ડ ટ્રમ્પે પોતાની નવી સરકારના ‘ડિપાર્ટમેન્ટ ઑફ ગવર્મેન્ટ એફિસિયન્સી’માં ઇલોન મસ્ક અને ભારતીય મૂળના વિવેક રામસ્વામીને મહત્ત્વની જવાબદારી આપી છે.


ઇલોન મસ્કે જણાવ્યું હતું કે મારી સ્પેસએક્સ અને (જુઓ પાનું ૨) ▸▸


## મણિપુરમાં ફરી હિંસાઃ સુરક્ષા દળો સાથે અથડામણ બાદ તંગદિલી

ઇમ્ફાલ / ચુરાચંદપુરઃ મણિપુરના કાંગપોક્પી જિલ્લામાં મંગળવારે કુકી મહિલાઓની સલામતી દળો સાથે અથડામણ થતાં નવેસરથી તંગદિલી ફેલાઇ હતી. ટોળાએ થમ્નાપોક્પીની નજીક ઉયોકચિંગ ખાતે લશ્કર, સીમા સુરક્ષા દળ અને કેન્દ્રીય અનામત પોલીસ દળ તેમ જ પોલીસની સંયુક્ત ટુકડી ગોઠવવાનો વિરોધ કર્યો હતો. સલામતી દળોએ ઓછામાં ઓછી શક્તિ વાપરીને તોફાની ટોળાને વિખેર્યું હતું. સુરક્ષા દળોને હિલટોપ ખાતે ગોઠવાયા હતા. કુકીની બહુમતીવાળા ટેકરી વિસ્તારો અને મૈતેઇ જાતિની બહુમતીવાળા ઇમ્ફાલના ખીણવિસ્તારની (જુઓ પાનું ૨) ▸▸



મતિ એવી ગતિ - “સમાધિમરણ” ની તૈયારી આજથી જ..
શ્રીમદ્ રાજચંદ્ર વચનામૃત- ૭૦૨, ૭૭૯ ને આધારે...
સત્સંગ-વાંચન કાર્યક્રમ
તારીખઃ ૧ થી ૯ જાન્યુઆરી ૨૦૨૫
યુ ટ્યૂબ ચેનલ :-
RAJBHAKTI CHANNEL
DR. DEEPAK TURAKHIA
સૌજન્ય - શ્રી બી. ટી. શાહ પરિવાર,
CALL : + 1(305) 684-4526 ફ્લોરિડા, USA
KParth



Bio-Well
Suru Kirlian
Chakra Scan With Bio-Well
SCAN YOUR CHAKRA BEFORE AND AFTER MEDITAION
Chakra Before Meditation
Chakra After Meditation




jmshah.com
Contact Us: +91 70456 98373

LIKE & FOLLOW: /Mumbaisamachar4u

એક્સ્ટ્રા અફેર

ભરત ભારદ્વાજ
feedback@bombaysamachar.com

# રોહિત, વિરાટ, રાહુલને માનભેર વિદાય કરી દેવા જોઈએ

**મેલબોર્નમાં** રમાયેલી ચોથી ટેસ્ટમાં હાર સાથે ભારતીય ક્રિકેટ ટીમે વધુ એક નાલેશી નોંધાવી દીધી. જસપ્રિત બૂમરાહ અને મોહમ્મદ સિરાજની જબરદસ્ત બોલિંગના સહારે ભારતે બીજી ઈનિંગમાં ઓસ્ટ્રેલિયાનો કેટલા રનમાં વીંટો વાળી દીધો પછી ભારતે જીત માટે ૩૪૦ રન કરવાના હતા. ટેસ્ટની ચોથી ઈનિંગમાં ૩૪૦ રન કરવા કપરા છે ને ભારત પાસે પૂરતો સમય પણ નહોતો તેથી ભારતીય ક્રિકેટ ટીમ આ સ્કોર ચેઝ કરીને ઐતિહાસિક જીત મેળવે એવી સૌ અપેક્ષા રાખતાં નહતાં પણ છેલ્લો દિવસ હોવાથી શાંતિથી રમીને મેચને ડ્રોમાં ખેંચી કાઢે એવી અપેક્ષા સૌને ચોક્કસ હતી પણ ભારતીય ટીમે શરમજનક ધબડકો કરીને ઈજ્જત કાઢી.

ટીમ ઈન્ડિયાએ આખો દિવસ પણ કાઢવાનો નહોતો ને માત્ર ૮૫ ઓવરો રમવાની હતી. બાકી રહેલા દિવસમાં ૫૧૦ બોલ રમીને મેચને ડ્રોમાં લઈ જવાની હતી પણ આપણા કહેવાતા ધુરંધરો એ પણ ના કરી શક્યા. આપણી ટીમ ૭૯ ઓવર રમીને ૧૫૫ રનમાં લપેટાઈ ગઈ. આ ૭૯ ઓવરમાંથી ૨૦૮ બોલ એટલે કે ૩૫ ઓવર તો યશસ્વી જયસ્વાલ રમ્યો, ૧૦૪ બોલ એટલે કે ૧૭ ઓવર રીષભ પંત રમ્યો જ્યારે ૪૫ બોલ એટલે કે ૭ ઓવર વોશિંગ્ટન સુંદર રમ્યો. મતલબ કે, ત્રણ ખેલાડી ૬૯ ઓવર ખેંચી ગયા પણ બાકીના ૮ ખેલાડી ૨૬ ઓવર ના રમી શક્યા. આ પૈકી સૌથી શરમજનક દેખાવ આપણા ત્રણ કહેવાતા સુપરસ્ટાર્સનો રહ્યો. કેપ્ટન રોહિત શર્મા ૪૦ બોલ રમીને ૯ રન કરી શક્યો, કહેવાતો કિંગ વિરાટ કોહલી ૨૯ બોલ રમીને ૫ રન કરી શક્યો ને કે.એલ. રાહુલ ૫ બોલમાં ખાતું ખોલાવ્યા વિના ધોયેલા મૂળા જેવો પાછો આવ્યો. આ કહેવાતા ત્રણ ધુરંધરે ૭૪ બોલ એટલે કે ૧૨.૨ ઓવર રમીને ગણીને ૧૪ રન બનાવ્યા.

આ શરમજનક હારનું બહુ વિશ્લેષણ કરી શકાય તેમ નથી કેમ કે તેમાં કોઠી ધોઈને કાદવ જ કાઢવાનો છે, પણ આ દેખાવ જોયા પછી એક વાત સ્પષ્ટ છે કે, ભારતે હવે વિરાટ કોહલી, રોહિત શર્મા એ બે કહેવાતા ધુરંધરોને બાજુ પર મૂકીને આગળ વધવાની જરૂર છે. આ એક ટેસ્ટની વાત નથી પણ સળંગ છેલ્લા કેટલાય સમયથી તેમની બેટિંગ જોયા પછી લાગે કે, બંને ટીમ માટે બોજ બની ગયા છે. બંને અનુભવી હોવા છતાં ટીમને જીતાડવામાં તો કામના નથી જ પણ ટેસ્ટને ડ્રોમાં ખેંચવા માટે પણ નકામા છે.

રોહિત શર્મા અને વિરાટ કોહલી બંને હવે ચાલે એમ નથી અને ઓસ્ટ્રેલિયા સામેની વર્તમાન ટેસ્ટ સિરીઝમાં બંનેએ ધોળકું ધોળ્યું છે. રોહિત તો કેપ્ટન તરીકે પણ સાવ નિષ્ફળ ગયો છે અને બેટથી પણ કંઈ યોગદાન આપ્યું નથી એ જોતાં તેને વેળાસર વિદાય કરવાની જરૂર છે. રોહિત શર્માએ આખી સિરીઝમાં વારંવાર પોતાનો બેટિંગ ક્રમ બદલ્યો છતાં મેળ પડ્યો નથી.

ચોથી ટેસ્ટની પહેલી ઇનિંગમાં રોહિત ઓપનીંગ કરવા આવ્યો હતો પણ ૩ રન બનાવીને પેટ કમિન્સનો શિકાર બની ગયો હતો. બીજી ઈનિંગમાં પણ માત્ર ૯ રન કરી શક્યો. પેટ કમિન્સ અને સ્ટાર્ક સામે રોહિત શર્માની હેસિયત જ ના હોય એવું લાગે છે. રોહિત શર્માએ છેલ્લી ૧૪ ઇનિંગ્સમાં ૧૧ રનની સરેરાશથી માત્ર ૧૫૫ રન બનાવ્યા છે એ જોતાં તે ઈન્ટરનેશનલ ક્રિકેટને લાયક જ નથી. આવી એવરેજ તો બૂમરાહની હશે.

વિરાટ કોહલીએ પર્થ ટેસ્ટમાં સદી કરી હતી પણ એ પછીનો તેનો સર્વશ્રેષ્ઠ સ્કોર ૩૬ રન જ રહ્યો છે. વિરાટ કોહલીએ આ સિરીઝમાં પહેલી ટેસ્ટની પહેલી ઇનિંગમાં ૫ રન કરેલા પણ બીજી ઇનિંગમાં સદી ફટકારીને ચાહકોમાં પુનરાગમનની આશા જગાવી હતી પણ પછી સતત ધોળકું ધોળ્યું છે. બીજી ટેસ્ટની પહેલી ઇનિંગમાં તેણે ૭ રન અને બીજી ઇનિંગમાં ૧૧ રન કર્યા હતા.

ત્રીજી ટેસ્ટમાં વિરાટે પહેલી ઇનિંગમાં ૩ રન બનાવ્યા હતા અને બીજી ઇનિંગમાં તેને બેટિંગ કરવાની તક જ મળી ન હતી. કારણ કે ટેસ્ટ ડ્રો રહી હતી. આ પછી ચોથી ટેસ્ટની પહેલી ઇનિંગમાં વિરાટે ૩૬ રનની ઇનિંગ રમી હતી. વિરાટ બીજી ઈનિંગમાં પણ તેનું બેટ ચાલ્યું ન હતું અને તે ૫ રન બનાવીને મિચેલ સ્ટાર્કનો શિકાર બન્યો હતો. વિરાટ ભારતીય બેટિંગનો આધારસ્તંભ ગણાય છે, પણ આ દેખાવ જોયા પછી લાગે કે, ભારતે તેના બદલે નવા ખેલાડીને તક આપવાની જરૂર છે. રાહુલને તો ટીમમાં શું કરવા લે છે એ જ ખબર પડતી નથી કેમ કે તેના જેટલો અસાતત્યપૂર્ણ રમનારો ખેલાડી જ બીજો નથી.

આઘાતજનક વાત એ છે કે, આપણે ત્યાં વિરાટ, રોહિત કે રાહુલ ચાલતા નથી તેથી હારીએ છીએ તેની વાત કરવાના બદલે હાર માટે બહાનાં શોધીએ છીએ. યશસ્વી જયસ્વાલને થર્ડ અંપાયરે આઉટ આપ્યો એ ખોટો હતો એવો હોબાળો કરીને આપણે ખરાબ અંપાયરિંગના કારણે હાર્યા એવી હોહા કરી મૂકી છે. પેટ કમિન્સના બાઉન્સર બોલ પર યશસ્વી પૂલ શોટ રમ્યો અને બોલ વિકેટકીપરના હાથમાં ગયો પછી ઓસ્ટ્રેલિયાએ અપીલ કરી, પણ મેદાન પરના અમ્પાયરે યશસ્વીને નોટઆઉટ આપ્યો હતો.

ઓસ્ટ્રેલિયાએ રિવ્યૂ લીધો હતો તેમાં થર્ડ અમ્પાયરે યશસ્વીને આઉટ આપ્યો હતો. રિવ્યૂમાં બોલ યશસ્વીના બેટ અને ગ્લોવ્ઝની નજીકથી પસાર થયો ત્યારે ગ્લોવ્ઝને અડકેલો દેખાય છે પણ સ્નિકો મિટર પર કોઈ હલચલ જોવા મળી ન હતી. થર્ડ અમ્પાયરે મેદાન પરના અમ્પાયરનો નિર્ણય બદલીને યશસ્વીને આઉટ આપ્યો તેમાં ભારતીય મીડિયા અને ચાહકોએ હોબાળો કરી દીધો છે. યશસ્વી આઉટ ના થયો હોત તો ભારત હાર્યું ના હોત એવી હોહા કરી નાંખી છે.

થર્ડ અંપાયરે શંકાનો લાભ યશસ્વીને ના આપીને ખોટું કર્યું હોય તો પણ તેના કારણે આપણી શરમજનક બેટિંગ થોડી સારી થઈ જાય ?

યશસ્વી જેવું જ રીષભ પંતના કેસમાં પણ થયું. પંત જામેલો હતો ત્યારે જ બેજવાબદાર શોટ મારીને આઉટ થયો તેની રોહિત શર્માથી માંડીને સુનિલ ગાવસકર સુધીનાં બધાંએ ટીકા કરી. પંત વારંવાર બેજવાબદાર શોટ મારીને આઉટ થાય છે એ વાત સાચી છે પણ તેના પર દોષનો ટોપલો ઢોળવાનો હોય કે જે નમૂના રમતા જ નથી તેમની વાત કરવાની હોય ? રોહિત શર્માએ તો ડાહી સાસરે જાય નહીં ને ગાંડીને શિખામણ આપે એવું કરીને કહ્યું કે, પંતે હવે સમજવાની જરૂર છે, કે પોતાના માટે અને ટીમ માટે શું જરૂરી છે.

ભલા માણસ, પંતને શિખામણ આપતાં પહેલાં તારે જ સમજવાની જરૂર છે કે, તમે કહેવાતા ધુરંધરો જવાબદારીપૂર્વક રમો તો બધા સારું રમશે. ■

## આજનું પંચાંગ

પંડિત જિતેન હરિહર મહેસાણાવાળા

- ઉત્તરાયણ/સૌર શિશિર ઋતુ, બુધવાર, તા. ૧-૧-૨૦૨૫, ચંદ્રદર્શન, અંગ્રેજી નવું વર્ષ ઈ. સ. ૨૦૨૫ પ્રારંભ
- ભારતીય દિનાંક ૧૧, માહે પૌષ, શકે ૧૯૪૬
- વિક્રમ સંવત ૨૦૮૧, શા. શકે ૧૯૪૬, પૌષ સુદ – ૨
- જૈન વીર સંવત ૨૫૫૧, માહે પૌષ, તિથિ સુદ-૨
- પારસી શહેનશાહી રોજ ૨૦મો બહેરામ, માહે ૫મો અમરદાદ, સને ૧૩૯૪
- પારસી કદમી રોજ ૨૦મો બહેરામ, માહે ૬ઠ્ઠો શહેરેવર, સને ૧૩૯૪
- પારસી ફસલી રોજ ૧૬મો મેહેર, માહે ૧૦મો દએ, સને ૧૩૯૩
- મુસ્લિમ રોજ ૩૦મો, માહે ૬ઠ્ઠો જમાદીલ આખર, સને ૧૪૪૬
- મીસરી રોજ ૨જો, માહે ૭મો રજ્જબ, સને ૧૪૪૬
- નક્ષત્ર ઉત્તરાષાઢા રાત્રે ક. ૨૩-૪૫ સુધી, પછી શ્રવણ.
- ચંદ્ર ધનુમાં સવારે ક. ૦૬-૦૦ સુધી, પછી મકરમાં
- ચંદ્ર રાશિ નામાક્ષરઃ ધનુ (ભ, ધ, ફ, ઢ), મકર (ખ, જ)
- સૂર્યોદયઃ મુંબઈ ક. ૦૭ મિ. ૧૩ અમદાવાદ ક. ૦૭ મિ. ૨૨, સ્ટા.ટા.,
- સૂર્યાસ્તઃ મુંબઈ ક. ૧૮ મિ. ૧૦, અમદાવાદ ક. ૧૮ મિ. ૦૪, સ્ટા. ટા.
- મુંબઈ સમુદ્રમાં ભરતી ઓટ
- ભરતી : બપોરે ક. ૧૨-૩૦, મધ્યરાત્રિ પછી ક. ૦૧-૨૯ (તા. ૨) ઓટઃ સવારે ક. ૦૬-૫૯, સાંજે ક. ૧૮-૩૫
- વ્રત પર્વાદિઃ વિક્રમ સંવત ૨૦૮૧, 'અનલ' નામ સંવત્સર પ્રારંભ, શાલિવાહન શક સંવત ૧૯૪૬, 'ક્રોધી' નામ સંવત્સર, પૌષ શુક્લ – દ્વિતીયા. ચંદ્રદર્શન, ઉત્તર શૃંગોન્નતિ, મું. ૪૫, ૨૦૨૫ પ્રારંભ.
- શુભાશુભ દિનશુદ્ધિઃ શુભ દિવસ
- મુહૂર્ત વિશેષઃ વિશ્વદેવતાનું પૂજન, સૂર્ય-બુધ ગ્રહદેવતાનું પૂજન, ધ્રુવ દેવતાનું પૂજન, સર્વશાંતિ, શાંતિ પૌષ્ટિક પૂજા, પ્રયાણ મધ્યમ, મુંડન કરાવવું નહીં. બાળકનું નામકરણ, અન્નપ્રાશન, દેવદર્શન, નવા વસ્ત્ર, આભૂષણ, મિત્રતા કરવી. દુકાન-નોકરી-વેપાર, બી વાવવું, નવી તિજોરીની સ્થાપના, પ્રાણી પાળવા. ફણસનું વૃક્ષ વાવવું, બિલીફળ વાવવું.
- જાન્યુઆરી ૨૦૨૫નાં સંક્ષિપ્ત ગ્રહ દર્શનઃ આજનાં તા. ૧લી જાન્યુઆરી માસનાનાં સૂર્યાદિ ઉદય અસ્તઃ મુંબઇ સૂર્યોદયઃ ક. ૦૭ મિ.૧૩, સૂર્યાસ્તઃ ક. ૧૮ મિ. ૧૦, ચંદ્ર ઉદયઃ ક. ૮-૨૭, ચંદ્ર અસ્તઃ ક. ૧૯-૩૭, બુધ ઉદયઃ ક.૫-૩૯, બુધ અસ્તઃ ક. ૧૬-૩૬, શુક્ર ઉદયઃ ક. ૧૦-૧૪, અસ્તઃ ક. ૨૧-૩૫, મંગળ ઉદયઃ ક. ૧૯-૪૦, અસ્તઃ ક. ૦૮-૫૩, ગુરુ ઉદયઃ ક. ૧૬-૧૦, અસ્તઃ ક. ૦૫-૧૨, શનિ ઉદયઃ ક. ૧૧-૧૩, અસ્તઃ રાત્રે ક. ૨૨-૪૯
- તા. ૧લી જાન્યુઆરી સૂર્યોદયના સમયે ધનુ રાશિ લગ્ન ઉદિત થાય છે. સૂર્યાસ્તના સમયે મિથુન રાશિ લગ્ન ઉદિત થાય છે. સૂર્ય તા. ૧૪મીએ ધનુમાંથી મકરમાં આવે છે. સૂર્ય પ્રારંભે પૂર્વાષાઢા નક્ષત્રમાં રહે છે. તા. ૧૧મીએ ઉત્તરાષાઢામાં, તા. ૨૪મીએ શ્રવણમાં આવે છે.
- મંગળ પ્રારંભે કર્ક રાશિમાં વક્રી ગતિએ ભ્રમણ કરે છે. તા. ૨૧મીએ મિથુન રાશિમાં પ્રવેશે છે. પ્રારંભે મંગળ પુષ્ય નક્ષત્રમાં રહે છે. તા. ૧૩મીએ વક્રી ગતિએ પુનર્વસુમાં પ્રવેશે છે.
- બુધ પ્રારંભે વૃશ્ચિક રાશિમાં ભ્રમણ કરે છે. તા. ૪થીએ ધનુ રાશિમાં પ્રવેશે છે. તા. ૨૪મીએ મકર રાશિમાં પ્રવેશે છે. બુધ પ્રારંભે જયેષ્ઠા નક્ષત્રમાં રહે છે. તા. ૪થીએ મૂળ નક્ષત્રમાં, તા. ૧૩મીએ પૂર્વાષાઢામાં, તા. ૨૨મીએ ઉત્તરાષાઢામાં, તા. ૩૦મીએ શ્રવણ નક્ષત્રમાં રહે છે. તા. ૨૧મી જાન્યુઆરીથી ૨૧ ફેબ્રુઆરી. બુધનો પૂર્વમાં અસ્ત થાય છે.
- ગુરુ સમગ્ર માસમાં વૃષભ રાશિમાં વક્રીભ્રમણ કરે છે અને રોહિણી નક્ષત્રમાં રહે છે.
- શુક્ર કુંભમાંથી તા. ૨૮મીએ મીન રાશિમાં પ્રવેશે છે. પ્રારંભે ઘનિષ્ઠામાં, તા. ૪થીએ શતતારામાં, તા. ૧૭મીએ પૂર્વાભાદ્રપદામાં આવે છે. શનિ સમગ્ર માસમાં કુંભ રાશિમાં ભ્રમણ કરે છે. રાહુ મીન રાશિમાં ભ્રમણ કરે છે. શનિ પૂર્વાભાદ્રપદા નક્ષત્રમાં ભ્રમણ કરે છે.
- આચમનઃ ચંદ્ર-હર્ષલ ત્રિકોણ સ્વતંત્ર પ્રકૃત્તિના, ચંદ્ર-મંગળ પ્રતિયુતિ કજિયાખોર
- ખગોળ જ્યોતિષઃ ચંદ્ર-હર્ષલ ત્રિકોણ, ચંદ્ર-મંગળ પ્રતિયુતિ,
- ગ્રહગોચરઃ સૂર્ય-ધનુ. વક્રી મંગળ-કર્ક, માર્ગી બુધ-વૃશ્ચિક, વક્રી ગુરુ-વૃષભ, શુક્ર- કુંભ, માર્ગી શનિ-કુંભ, રાહુ-મીન, કેતુ-કન્યા, વક્રી હર્ષલ-મેષ. માર્ગી નેપ્ચ્યુન-મીન, માર્ગી પ્લુટો-મકર. ■

# ખૈબર પખ્તુનખ્વામાં ચેકપોસ્ટ પર હુમલો, બે પોલીસનાં મોત

પેશાવર : વાયવ્ય પાકિસ્તાનના ખૈબર પખ્તુનખ્વા પ્રાંતમાં અજાણ્યા ઈસમોએ ચેકપોસ્ટ પર હુમલો કરતાં બે પોલીસનાં મોત થયાં હતાં અને એક પોલીસ ઘાયલ થયો હતો, એવી માહિતી પોલીસે આપી હતી. હુમલો દક્ષિણ વજિરીસ્તાનની સરહદે આવેલા ડેરા ઈસ્માઈલ ખાન જિલ્લાના દરબાન કલાંમાં કરાયો હતો.

હુમલાખોરો નાસી છુટવામાં સફળ થયા હતા. પોલીસે આખા વિસ્તારને ઘેરીને શોધ અભિયાન ચાલુ કર્યું છે.

પ્રતિબંધિત તેહરીક-એ-તાલિબાન (ટીટીપી)ના વિવિધ જૂથો દરબાન વિસ્તારમાં એકદમ સક્રિય છે અને વારંવાર સુરક્ષા દળોને લક્ષ્ય બનાવીને હુમલા કરે છે. અનેક સાક્ષીના કહેવા મુજબ તાલિબાનો સાંજે જિલ્લાના રોડ પર કબજો જમાવીને વાહનો તપાસે છે. પ્રાંતના મુખ્ય પ્રધાન અલી અમીન ગંડાપુરે ચેકપોસ્ટ પરના હુમલાને વખોડી કાઢીને પોલીસને હુમલાખોરને તરત જ પકડવાનો અનુરોધ કર્યો હતો. મુખ્ય પ્રધાને એક અધિકારી સહિત બે પોલીસનાં મોત અંગે શોક વ્યક્ત કર્યો હતો. (એજન્સી) ■

# લદાખમાં પેંગોંગ તળાવની પાસેની શિવાજી મહારાજની પ્રતિમાએ વિવાદ સર્જ્યો

**સુરેશ એસ. ડુગ્ગર**

જમ્મુ : લદાખમાં પેંગોંગ તળાવની પાસે લશ્કરે છત્રપતિ શિવાજી મહારાજની પ્રતિમા સ્થાપી છે અને આને લીધે સોશિયલ મીડિયા પર નવો વિવાદ શરૂ થયો છે. હવે એવી માગણી કરવામાં આવી રહી છે કે લદાખ પર વિજય મેળવનાર જનરલ જોરાવર સિંહની પ્રતિમા અહીં લગાડવી વધારે યોગ્ય હશે.

શિવાજી મહારાજની ૩૦ ફૂટ ઊંચી પ્રતિમા પૂર્વ લદાખમાં ૧૪,૩૦૦ ફૂટની ઊંચાઈએ સ્થાપિત કરવામાં આવી છે. આ જગ્યા ચીન સાથેની લાઈન ઑફ એક્ચ્યુઅલ કંટ્રોલની પાસે છે. આ પ્રતિમાનું ઉદ્ઘાટન લશ્કરના ૧૪મી કોર ફાયર એન્ડ ફ્યુરી કોરના કમાન્ડર લેફટનન્ટ જનરલ હિતેશ ભલ્લાએ કર્યું હતું. ભલ્લા મરાઠા લાઈટ ઈન્ફેન્ટરીના કર્નલ ઑફ ધ રેજિમેન્ટ પણ છે. આ પ્રસંગે ભલ્લાએ કહ્યું હતું કે આધુનિક સમયના લશ્કરી ઓપરેશનમાં શિવાજી મહારાજની વીરતા, રણનીતિ અને ન્યાયના આદર્શ પ્રાસંગિક છે.

૧૯મી સદીના ઈતિહાસમાં એક મુખ્ય જનરલ જોરાવર સિંહે ૧૮૩૪ અને ૧૮૪૦ની વચ્ચે લદાખને ડોંગરા સામ્રાજ્યની સાથે એક કરવામાં મહત્ત્વની ભૂમિકા ભજવી. ઈતિહાસના સૌથી ક્રૂર અને લદાખના છેલ્લા શાસક ત્સેપાલ નામગ્યાલના વિજય સાથે જોરાવર સિંહનું મીલીટરી ઓપરેશન પૂરું થયું હતું. ૧૮૪૬માં અમૃતસરની સંધીને પગલે આ ક્ષેત્રને જમ્મુ અને કાશ્મીરમાં સામેલ કરવામાં આવ્યું.

પેંગોંગ તળાવની નજીક ડોગરા જનરલ જોરાવર સિંહની પ્રતિમા લગાડવા માટે એવો તર્ક દેવામાં આવે છે કે આ એ જ મહાન યોદ્ધા હતા જેમણે લદાખમાં વિજય હાંસલ કર્યો હતો. તેમણે ૧૮૦૦ના દશકમાં તિબેટમાં જઈને પણ લડાઈ લડી હતી. અમુક લોકો એમ પણ કહે છે કે ૧૯૬૨ના હીરો પરમવીર ચક્ર વિજેતા શૈતાન સિંહ તો ચીન સાથે લડતા શહીદ થયા હતા તો તેમની પ્રતિમા કેમ ન લગાડી.

અમુક લોકો એવો પણ સવાલ કરે છે કે શું મહારાષ્ટ્રના રાયગઢ જિલ્લામાં જોરાવર સિંહની પ્રતિમા લગાડી શકાય. લશ્કરે સત્તાવાર નિવેદનમાં કહ્યું છે કે પેંગોંગ તળાવની નજીક શિવાજીની પ્રતિમાની સ્થાપના સૈનિકોના મનોબળ વધારવા કરાઈ છે. આ પ્રતિમા ભારતની ઐતિહાસિક અને સમકાલીન લશ્કરી તાકાતનું પ્રમાણ છે.

જોરાવર સિંહના સમર્થકો એવી દલીલ કરે છે કે તેમનો લશ્કરી વારસો અને લદાખની આધુનિક સીમાને આકાર દેવામાં કરેલી મદદને લીધે જોરાવર સિંહની પ્રતિમા શિવાજી કરતા વધુ યથાર્થ હશે. જોકે જોરાવર સિંહના સમર્થકો લદાખમાં ઓછા છે. એક સમર્થકે કહ્યું હતું કે શિવાજી મહારાજ નિઃસંદેહ ભારતીય ઈતિહાસના પૂજનીય વ્યક્તિ છે, પરંતુ લદાખના સંગ્રામના પરિપ્રેક્ષ્યમાં જનરલ જોરાવાર સિંહની ભૂમિકા અદ્વિતીય છે.

આ વિવાદ ક્ષેત્રની ઐતિહાસિક અને સાંસ્કૃતિક ઓળખાણને ઉજાગર કરે છે જે જમ્મુ અને કાશ્મીર બન્ને સાથે તેમના સંબંધો અને એની બૌદ્ધ વિરાસત દ્વારા અંકિત થાય છે. મહારાજા ગુલાબ સિંહના નેતૃત્વમાં શરૂ કરાયેલા જોરાવર સિંહના અભિયાનોએ લદાખનું જમ્મુ અને કાશ્મીરમાં એટલે કે ભારતમાં એકીકરણનો પાયો નાખ્યો હતો.

આ વિજયના બી ૧૮૨૨માં રોપાયા હતા જ્યારે મહારાજા ગુલાબ સિંહે જોરાવર સિંહને કિશ્તવાડ, અરનાસ અને રિયાસી-ખાસલીના રાજ્યપાલ નિયુક્ત કર્યા. ૧૮૪૬માં અંગ્રેજોએ શીખ સામ્રાજ્યને હરાવ્યું ત્યારે અમૃતસર સંઘી કરવામાં આવી. આ સંઘી હેઠળ રાજા ગુલાબ સિંહના શાસનના જમ્મુ અને કાશ્મીરની નવનિર્મિત ક્ષેત્રમાં લદાખને સામેલ કરવામાં આવ્યું. આ રીતે જનરલ જોરાવર સિંહે લદાખના ભૂ-રાજકીય પરિદૃશ્યનો પાયો નાખ્યો.

# ઉત્તર પ્રદેશમાં મોબ લિન્ચિંગઃ યુવાનનું મોત

લખનઊ : ઉત્તર પ્રદેશના મુરાદાબાદ જિલ્લામાં એક ગોતસ્કરની ટોળાએ એટલી મારપીટ કરી કે તેનું હૉસ્પિટલમાં મરણ થઈ ગયું હતું. પોલીસે ઘટનાસ્થળે પહોંચીને તેને હૉસ્પિટલમાં દાખલ કરાવ્યો હતો અને સારવાર દરમિયાન તેનું મરણ થયું હતું.

ઉત્તર પ્રદેશમા મુરાદાબાદ જિલ્લાના મઝોલા પોલીસ સ્ટેશન હેઠળની મંડી સમિતિ ચોકીની પાસે ગાયની ચોરી માટે પકડાયેલા શાહેદીનનું સારવાર દરમિયાન મરણ થયું હતું. ઘટના સોમવારે પરોઢિયે સાડાત્રણ વાગ્યે બની હતી. ટોળાએ તેને લાકડી-ડંડા અને લાતોથી માર્યો હતો. આને લીધે તે બેભાન થઈગયો અને આ દરમિયાન પોલીસ પહોંચી હતી અને પોલીસે તેને હૉસ્પિટલમાં દાખલ કરાવ્યો હતો. સોમવારે સારવાર દરમિયાન તેનું મરણ થયું હતું.

આરોપ છે કે તે રવિવારે મોડી રાત્રે છુટા જાનવરોને અંધારામાં લઈને ગૌહત્યા કરવા જતો હતો. આ દરમિયાન ટોળાએ હુમલો કર્યો. બે આરોપી ભાગી ગયા હતા અને શાહેદીન પકડાઈ ગયો હતો. શાહેદીન ગલશહીદ પોલીસ સ્ટેશનના અશાલતપુરાનો રહેવાસી છે અને તેના પર ગૌહત્યાના જૂના કેસ પણ છે. એ વખતે હાજર રહેલા રાષ્ટ્રીય બજરંગ દળના મેરઠ પ્રાંતના વડા રોહન સક્સેનાએ માહિતી આપી હતી કે મંડી સમિતિમાં એક ઈસમ ગાય કાપે છે એવી બાતમી મળી હતી. આ અંગે એક રિપોર્ટ લખવામાં આવ્યો હતો. પોલીસનું કહેવું છે કે આ મામલામાં સખત કાર્યવાહી કરાશે.

# પાકિસ્તાનના સિંધ પ્રાંતમાં ભયાનક અકસ્માત

## એક જ પરિવારના આઠ સહિત ૧૨નાં મોત

કરાચી (પાકિસ્તાન): પાકિસ્તાનના દક્ષિણી સિંધ પ્રાંતમાં નેશનલ હાઇવે પર એક બસ સાથે ટ્રેલર ટકરાવાના કારણે એક જ પરિવારના આઠ સભ્યો સહિત ઓછામાં ઓછા ૧૨ લોકોના મોત થયા છે.

હૈદરાબાદ પ્રાંતના ડેપ્યુટી કમિશનર અર્સલાન સલીમે જણાવ્યું હતું કે, સોમવારે રાત્રે મોરો નજીક આ અકસ્માત થયો હતો. બસ હૈદરાબાદથી જાનૈયાઓને લઇને પરત ફરી રહી હતી ત્યારે આ અકસ્માત સર્જાયો હતો. તેમણે કહ્યું હતું કે લગભગ ૨૦ જાનૈયાઓ બસમાં હતા જેમાંથી ૧૨ લોકો માર્યા ગયા હતા.

દુર્ઘટનામાં ગંભીર રીતે ઘાયલ થયેલી એક યુવતીનું મંગળવારે સવારે કરાચીની હૉસ્પિટલમાં મૃત્યુ થયું હતું. સલીમે કહ્યું હતું કે મૃતકોમાં આઠ લોકો એક ડોક્ટર પરિવારના હતા. મોરો સરકારી હૉસ્પિટલના એક ડોક્ટરે જણાવ્યું હતું કે ઘાયલોમાંથી પાંચની હાલત ગંભીર હતી અને તેમને વધુ સારી સારવાર માટે નવાબશાહ અને કરાચી લઈ જવામાં આવ્યા હતા. બસને ટક્કર મારનાર ટ્રેલર ચાલક અકસ્માત બાદ ઘટનાસ્થળ પરથી ફરાર થઇ ગયો હતો. ■

# શ્રીહરિકોટા ખાતેથી જાન્યુઆરીમાં જીએસએલવીનું ૧૦૦મું મિશન હાથ ધરાશે

શ્રીહરિકોટા (આંધ્ર પ્રદેશ): ઇન્ડિયન સ્પેસ રિસર્ચ ઓર્ગેનાઇઝેશન (ઇસરો) જાન્યુઆરીમાં શ્રીહરિકોટાના સ્પેસપોર્ટ ખાતેથી જિયોસિન્ક્રોનસ સેટેલાઇટ લૉન્ચ વેહિકલ (જીએસએલવી)ની મદદથી ૧૦૦મું અવકાશી મિશન હાથ ધરશે. ઇસરોએ સોમવારે શ્રીહરિકોટાથી છોડેલા ૯૯મા મિશનમાં પોલાર સેટેલાઇટ લૉન્ચ વેહિકલ (પીએસએલવી) - સી-૬૦ની મદદથી સફળતાપૂર્વક બે અવકાશયાન છોડ્યા હતા. તેનો હેતુ વર્તુળાકાર ભ્રમણકક્ષામાં 'સ્પેસ ડોકિંગ'ને લગતા પ્રયોગ હાથ ધરવાનો છે.

ઇન્ડિયન સ્પેસ રિસર્ચ ઓર્ગેનાઇઝેશનના અધ્યક્ષ એસ. સોમનાથે જણાવ્યું હતું કે પીએસએલવી-સી-૬૦ મિશનમાં સ્પેસ ડોકિંગ એક્સપરિમેન્ટ સ્પેસક્રાફ્ટ 'એ' અને 'બી'ને સફળતાપૂર્વ રીતે વર્તુળાકાર ભ્રમણકક્ષામાં મુકાયા હતા.

તેમણે જણાવ્યું હતું કે ઇસરો નવા વર્ષ ૨૦૨૫માં અનેક અવકાશી કાર્યક્રમ હાથ ધરવાનું છે. (એજન્સી)

પહેલા પાનાનું ચાલુ

## યુદ્ધ, રાજકીય ઊથલપાથલ

મળ્યો હતો.

ભારત ઉપરાંત અમેરિકા, યુકે, જર્મની, ફ્રાંસ સહિતના અનેક દેશમાં નવા વર્ષને આવકારવા વિવિધ કાર્યક્રમો યોજાયા હતા. લોકો સાર્વજનિક સ્થળોએ મોટા મેળાવડાની જેમ મોટી સંખ્યામાં ભેગા થયા હતા અને એકબીજાને નવા વર્ષની શુભેચ્છા પાઠવી હતી તેમ જ કેક અને મીઠાઇ વહેંચી હતી.

અનેક લોકોએ મોબાઇલ ફોન પર પોતાના મિત્રો, સગાં અને અન્ય સાથીઓને 'હેપી ન્યૂ યર'ના સંદેશા મોકલ્યા હતા.

નવા વર્ષ ૨૦૨૫માં બનનારી સૌથી મોટી ઘટનામાં ૧૩ જાન્યુઆરીથી ઉત્તર પ્રદેશના પ્રયાગરાજમાં ગંગા, યમુના અને સરસ્વતી નદીઓના ત્રિવેણી સંગમ ખાતે શરૂ થઇ રહેલા કુંભમેળાને ગણી શકાય. આ મહાકુંભમાં અંદાજે ૪૫ કરોડ લોકો આવે એવી આશા રખાય છે અને તે પૃથ્વી પરનો સૌથી મોટો ધાર્મિક મેળાવડો ગણાય છે.

વર્ષ ૨૦૨૪માં ઘણી રાજકીય ઘટના બની હતી, અનેક યુદ્ધ ચાલુ રહ્યા હતા અથવા નવા યુદ્ધ શરૂ થયા હતા અને કેટલીક મોટી વિમાન દુર્ઘટના થઇ હતી તેમ જ વાવાઝોડા આવ્યા હતા.

વર્ષ ૨૦૨૪માં અનેક રાજકીય ઊથલપાથલ થઇ હતી. અનેક દેશની સરકાર પદભ્રષ્ટ થઇ હતી, જ્યારે ભારતમાં નરેન્દ્ર મોદી અને મહારાષ્ટ્રમાં ભાજપના નેતૃત્વ હેઠળની સરકાર ફરી સત્તા પર આવી હતી.

નાણાકીય ક્ષેત્રે જોઇએ તો અમેરિકાના ડૉલરની સામે ભારતનો રૂપિયો બહુ જ નબળો પડ્યો હતો.

રશિયા અને યુક્રેન વચ્ચે યુદ્ધ ચાલુ રહ્યું હતું. ઇઝરાયલનું પેલેસ્ટાઇન, લેબેનોન, ઇરાન, સિરિયા સહિતના કેટલાક પાડોશી દેશો સાથેનું યુદ્ધ પણ ૨૦૨૪માં ચાલુ રહ્યું હતું. આ બન્ને યુદ્ધમાં જાનમાલની ભારે હાનિ થઇ હતી.

વર્ષ ૨૦૨૪ના અંતે પાકિસ્તાને અફઘાનિસ્તાન પર હુમલો કરીને અંદાજે પચાસ બાળકો અને મહિલાને મારી નાખતા કાબુલમાંની તાલિબાન સરકારે તેનો બદલો લેવા પાકિસ્તાનની સામે યુદ્ધ જાહેર કર્યું હતું.

બાંગ્લાદેશમાં ચૂંટાઇ આવેલી સરકારને મુસ્લિમ કટ્ટરપંથીઓએ પદભ્રષ્ટ કરી તે પછી હિંદુઓ તેમ જ ખ્રિસ્તીઓ પર અને તેઓના ધાર્મિકસ્થળો પર મોટા પાયે હુમલા થઇ રહ્યા છે.

વર્ષ ૨૦૨૪ના અંતે બે મોટી વિમાન દુર્ઘટના બની હતી. એક દક્ષિણ કોરિયામાં વિમાન પક્ષીઓના ઝૂંડની સાથે અથડાયા બાદ તેનું લૅન્ડિંગ ગિયર બગડી જતાં તેના પૈડાં ઉતરાણ વખતે નહોતા ખુલ્યા અને વિમાન ઍરપોર્ટના રનવે પરથી સરકીને બાઉન્ડ્રીની દીવાલ સાથે અથડાયું હતું. દક્ષિણ કોરિયાની આ વિમાન દુર્ઘટનામાં ૧૭૯ લોકો માર્યા ગયા હતા. તેના થોડા દિવસ પહેલાં અઝરબૈજાનનું એક વિમાન તૂટી પડતાં ૪૨ જણ માર્યા ગયાં હતાં.

અઝરબૈજાનના પ્રમુખે પોતાના દેશનું વિમાન રશિયાએ રૉકેટ કે તોપગોળો છોડીને તોડી પાડ્યું હોવાનો આક્ષેપ કર્યો હતો અને મોસ્કો પાસે આ દુર્ઘટના બદલ માફીની અને વળતરની માગણી કરી હતી. (એજન્સી) ■

## વર્ષના છેલ્લાં દિવસે

બંધ સામે નરમાઈના અન્ડરટોને ૮૫.૫૪ના મથાળે ખૂલ્યા બાદ સત્ર દરમિયાન નીચામાં ૮૫.૬૬ અને ઉપરમાં ૮૫.૫૪ની રેન્જમાં અથડાયા બાદ અંતે ગઈકાલના બંધ સામે ૧૩ પૈસા ઘટીને ઑલ ટાઈમ લૉ ૮૫.૬૪ની સપાટીએ બંધ રહ્યો હતો. નોંધનીય બાબત એ છે કે વર્ષ ૨૦૨૪માં ડૉલર સામે રૂપિયો ગત ૨૯ ડિસેમ્બર, ૨૦૨૩ના ૮૩.૧૬ના બંધ સામે આજે વર્ષના અંતિમ સત્રમાં ૮૫.૬૫ના મથાળે બંધ રહ્યો હતો. આમ વર્ષ દરમિયાન ત્રણ ટકા આસપાસનું ધોવાણ જોવા મળ્યું છે.

નોંધનીય બાબત એ છે કે વર્ષ દરમિયાન ડૉલર સામે રૂપિયાએ ૮૪ની સપાટી ૧૦મી ઑક્ટોબરે અને ૮૫ની સપાટી ૧૯મી ડિસેમ્બરે તોડી હતી. તેમ જ વર્ષ દરમિયાન ગત ૨૭ ડિસેમ્બરના રોજ બે વર્ષનો સૌથી મોટો કડાકો જોવા મળ્યો હતો. તાજેતરમાં વિશ્વ બજારમાં ડૉલર ઈન્ડેક્સમાં મજબૂત વલણ, સ્થાનિક ઈક્વિટી માર્કેટમાં વિદેશી સંસ્થાકીય રોકાણકારોની અવિરત વેચવાલી અને સ્થાનિકમાં આયાતકારોની ડૉલરમાં પ્રબળ માગને ધ્યાનમાં લેતા આગામી ટૂંકા સમયગાળા દરમિયાન ડૉલર સામે રૂપિયામાં નરમાઈનું વલણ જોવા મળી શકે છે, એમ મિરે એસેટ શેરખાનના વિશ્લેષક અનુજ ચૌધરીએ જણાવ્યું હતું.

દરમિયાન આજે વિશ્વ બજારમાં ડૉલર ઈન્ડેક્સ ગઈકાલના વધ્યા મથાળેથી સાધારણ ૦.૧૧ ટકા ઘટી ૧૦૮.૦૧ આસપાસ અને બ્રેન્ટ ક્રૂડ તેલના વાયદામાં ભાવ ગઈકાલના બંધ સામે ૦.૫૭ ટકા વધીને બેરલદીઠ ૭૪.૪૧ ડૉલર આસપાસ ક્વૉટ થઈ રહ્યા હતા. તેમ જ સ્થાનિક ઈક્વિટી માર્કેટમાં બીએસઈ બૅન્ચમાર્ક સેન્સેક્સ ૧૦૯.૧૨ પૉઈન્ટ ઘટીને અને એનએસઈ બૅન્ચમાર્ક ટકેલા ધોરણે બંધ રહ્યો હતો અને ગઈકાલે વિદેશી સંસ્થાકીય રોકાણકારોની ઈક્વિટીમાં ચોખ્ખી વેચવાલી રહી હોવાથી ગબડતાં રૂપિયાને ઢાળ મળ્યો હોવાનું સૂત્રોએ જણાવ્યું હતું. ■

## ઈલોન મસ્કનું

ટેસ્લા સહિતની ટૅક્નોલૉજી ક્ષેત્રની અન્ય અગ્રણી કંપનીને કૌશલ્ય ધરાવતા વિદેશી કર્મચારીઓની જરૂર છે.

તેમણે જણાવ્યું હતું કે અમેરિકાને વધુ શક્તિશાળી રાષ્ટ્ર બનાવવા માટે 'એચ-વનબી' વિઝા ધરાવતા કૌશલ્યવાળા વિદેશી કર્મચારીઓની જરૂર છે.

ઇલોન મસ્કે સોશિયલ મીડિયા સાઇટ 'એક્સ' પર લખ્યું હતું કે અમેરિકા આવતા દરેક જાતિ, સંપ્રદાય કે રાષ્ટ્રીયતા ધરાવતા લોકો અમેરિકાના વિકાસ માટે ફાળો આપવા માગતા હોય, તો તેઓને તક, સ્વતંત્રતા તેમ જ માન આપવું જરૂરી છે.

એચ-વનબી વિઝા નોન-ઇમિગ્રન્ટ વિઝા છે અને તેના દ્વારા અમેરિકાની કંપનીઓ કૌશલ્ય ધરાવતા વિદેશી કર્મચારીઓને ઊંચા પગારે નોકરી પર રાખે છે.ઇલોન મસ્ક પણ એક સમયે 'એચ-વનબી' વિઝા પર હતા અને ઇલેક્ટ્રિક વાહનો બનાવતી તેમની કંપની ટેસ્લા આ વિઝા પ્રોગ્રામ દ્વારા સેંકડો વિદેશીઓને પોતાને ત્યાં કામ પર રાખે છે. (એજન્સી) ■

## મણિપુરમાં ફરી

વચ્ચેના 'બફર ઝોન' ગણાતા તવિચિંગમાંના સાઇબોલ ગામ ખાતે મોટા પાયે સલામતી દળો ગોઠવવામાં આવ્યા હતા.

કુકી મહિલાઓએ સલામતી દળો દ્વારા પોતાની કોમના બન્કરોનો બળજબરીથી કબજો લેવાયો હોવાનો આક્ષેપ કર્યો હતો અને દેખાવ કર્યા હતા.

સલામતી દળોએ તોફાનીઓને વિખેરવા માટે અશ્રુવાયુ છોડ્યો હોવાનું કહેવાય છે.

અથડામણ બાદ કમિટી ઓન ટ્રાઇબલ યુનિટીના સભ્યોએ રાષ્ટ્રીય ધોરીમાર્ગ ક્રમાંક બેને બ્લોક કર્યો હતો. અથડામણમાં કેટલા લોકો ઘાયલ થયા હતા, તે અંગે હજી સુધી સ્પષ્ટતા નથી કરાઇ. (એજન્સી) ■



**ફરારી કી અજબ સવારી**

વેગ અને વૈભવ માટે જાણીતી ફરારી કેલિફોર્નિયા રોડસ્ટર માટે એવી પરિસ્થિતિ આવી કે બળદગાડીથી તેને ખેંચવી પડી. આ ઘટના બની રાયગડના રેવદાંડા બીચ પર. આ બીચની રેતીમાં તેના ડ્રાઈવરના અતિ ઉત્સાહને કારણે ફરારી ફસાઈ ગઈ. આ વાત અવિશ્વસનીય લાગે છે, પરંતુ આ ઘટના ખરેખર મનોહર રેવદાંડા બીચ પર બની હતી, અને આ ઘટનાનો એક વીડિયો સોશિયલ મીડિયા પર વાયરલ થયો છે. તાજેતરની દુર્ઘટના ત્યારે બની જ્યારે મુંબઈથી બે પ્રવાસીઓ સવારે ફરવા ગયા ત્યારે તેમની ફરારી રેવદાંડા બીચ પર લઈ ગયા. જોકે કાર રેતીમાં ફસાઈ ગઈ અને અનેક પ્રયાસો અને ભીડ દ્વારા કારને ધક્કો મારવાનો પ્રયાસ કરવા છતાં, તેઓ ફરારી બહાર ન નીકળી શકી. તે જ સમયે, એક સ્થાનિક બળદગાડી ચાલક ત્યાંથી પસાર થયો ને બળદોની તાકાતથી, વૈભવી કારને રેતીમાંથી બહાર કાઢવામાં આવી.

# સફાઈ કર્મચારી દ્વારા દર્દી પર ઈસીજી!

## ગોવંડીની પાલિકા હૉસ્પિટલને મોકલવામાં આવી નોટિસ

મુંબઈ: ગોવંડીમાં મહાપાલિકા સંચાલિત શતાબ્દી હોસ્પિટલના એક સફાઈ કર્મચારી દ્વારા રવિવારે એક દર્દીનો ઈસીજી કરવામાં આવ્યો હતો. આ મામલે હવે મોટો વિવાદ થયો છે અને હોસ્પિટલને કાનૂની નોટિસ મોકલવામાં આવી છે તેમ જ આ મામલાની તપાસ કરવાનો આદેશ આપવામાં આવ્યો છે. આવું બન્યું હોવાનું સ્વીકારતા હોસ્પિટલ દ્વારા એવી લૂલી દલીલ કરવામાં આવી છે કે જે વ્યક્તિ દ્વારા ઇસીજી કરવામાં આવ્યું છે એણે આના માટે પૂરતી તાલીમ લીધી છે. એડવોકેટ આબિદ અબ્બાસ સૈયદના જણાવ્યા મુજબ, આ ઘટના તબીબી પ્રોટોકોલનું ઘોર ઉલ્લંઘન હતું અને તબીબી સુવિધામાં જવાબદારીનો અભાવ દર્શાવે છે. પોતાની નોટિસમાં, સૈયદે હોસ્પિટલના એક પુરુષ સફાઈ કર્મચારી દ્વારા એક મહિલાનું ઇસીજી કરાવવા તરફ ધ્યાન દોર્યું. ઇસીજી માત્ર તાલીમ પામેલા કમર્ચારી દ્વારા જ કરવાની હોય છે. મુખ્ય પ્રધાન, મુખ્ય સચિવ, જાહેર આરોગ્ય વિભાગના મુખ્ય સચિવ અને અન્ય અધિકારીઓને લખેલી નોટિસમાં કહેવામાં આવ્યું છે કે આ ઘટનાએ હોસ્પિટલ દ્વારા પૂરી પાડવામાં આવતી આરોગ્ય સંભાળની ગુણવત્તા અને દર્દીઓની સલામતી સુનિશ્ચિત કરવાની વહીવટીતંત્રની જવાબદારી અંગે ગંભીર પ્રશ્નો ઉભા કર્યા છે. ■

# સ્ટેશન પર બંધ પડેલું એસ્કેલેટર હવે બેથી પાંચ મિનિટમાં ફરી શરૂ કરી શકાશે

## મધ્ય રેલવેની સેન્સર બેસાડવાની યોજના છેઃ આની મદદથી બંધ પડેલું એસ્કેલેટર રિમોટથી શરૂ કરી શકાશેઃ અત્યારે ૨૫-૩૦ મિનિટ લાગે છે

મુંબઈ: મધ્ય રેલવેએ વારંવાર બંધ પડી જતા એસ્કેલેટરની સમસ્યાનો સામનો કરવા માટે મુખ્ય અને હાર્બર લાઇન પરના તમામ એસ્કેલેટરમાં ડિજિટલ સેન્સર ઇન્સ્ટોલ કરવાનો નિર્ણય લીધો છે. સેન્ટ્રલ રેલવેના અધિકારીઓએ જણાવ્યું હતું કે, ૨૦૨૫ના પહેલા બે મહિનામાં આ રૂટ પરના તમામ ૧૬૪ એસ્કેલેટર પર સેન્સર ઇન્સ્ટોલ કરવામાં આવશે જેની મદદથી એસ્કેલેટર રિમોટલી ફરી શરૂ કરી શકાય છે. આ ઉપરાંત એસ્કેલેટર ફરી શરૂ કરવા માટે હાલ ૨૫-૩૦ મિનિટથી રાહ જોવી પડે છે પણ સેન્સર બેસાડ્યા પછી બેથી પાંચ મિનિટમાં જ એસ્કેલેટર શરૂ કરી શકાશે.

છત્રપતિ શિવાજી મહારાજ ટર્મિનસથી કર્જત - કસારા અને પનવેલ કોરિડોરમાં એસ્કેલેટર વારંવાર બંધ પડી જતા હોવાની ફરિયાદ કરાય છે અને તેને ફરી શરૂ કરતા સમય લાગતો હોવાની પણ મુસાફરો દ્વારા ફરિયાદ કરાઈ છે. આથી જઆંતરિક અભ્યાસ બાદ આ મધ્ય રેલવે દ્વારા આ નિર્ણય લેવામાં આવ્યો હતો.

અભ્યાસ દર્શાવે છે કે દરેક એસ્કેલેટર મહિનામાં સરેરાશ ૧૨૮ વખત અટકે છે, જેમાંથી ૧૧૦ વખત, હેન્ડલ પર લાલ બટન દબાવીને તેને મેન્યુઅલી બંધ કરવામાં આવે છે, જેનાથી અસંખ્ય મુસાફરો, ખાસ કરીને વૃદ્ધો અને દિવ્યાંગોને અસુવિધા થાય છે.

મધ્ય રેલવેના અધિકારીઓએ જણાવ્યું હતું કે, એસ્કેલેટર સ્ટોપેજના મોટાભાગના કિસ્સાઓ એવા પ્લેટફોર્મ પર બને છે જ્યાં લાંબા અંતરની ટ્રેનો રોકાય છે.

''મોટાભાગે, વૃદ્ધો, મહિલાઓ, ઉપદ્રવીઓ અને કુલીઓ જાણી જોઈને કે અજાણતાં એસ્કેલેટર બંધ કરવા માટે લાલ બટન દબાવતા હોય છે. કેટલીક વાર તો એસ્કેલેટર નજીક બેસાડાયેલા સીસીટીવીના ફૂટેજથી આમ કરનારને ઓળખી કઢાય છે. જોકે રેલેવના કાયદા હેઠળ તેમના પર દંડ વસૂલવાની કોઈ જોગવાઈ ન હોવાથી, અમે કંઈ કરી શકતા નથી,'' એમ એક અધિકારીએ જણાવ્યું હતું. ■

# વર્ષના છેલ્લા દિવસે પણ લોકલ ટ્રેનો મોડી જ દોડી

## રેલ ફ્રેક્ચરને લીધે પ. રે. અને ફાટકમાં ટ્રક ફસાઈ જતા મ. રે. માં ધાંધિયા

મુંબઈ: વિદાય થઈ રહેલા ૨૦૨૪ના છેલ્લા દિવસે મુંબઈ સબર્બન રેલવેની લોકલ ટ્રેનોમાં ટેક્નિકલ ફેરલ્યોરને કારણે પ્રવાસીઓને ટ્રેનમાં મુસાફરી કરવામાં હાલાકી પડી હતી. મધ્ય રેલવેમાં દીવા સ્ટેશને લેવલ ક્રોસિંગ ગેટમાં ટ્રક ફસાઈ જવાને કારણે ટ્રેનસેવા પર અસર પડી હતી.

પશ્ચિમ રેલવેમાં ટ્રેક ફ્રેક્ચરને કારણે વિરાર-વસઈ કોરિડોરમાં ટ્રેનો લગભગ અડધોથી પોણો કલાક મોડી દોડતી હતી. વિરાર-ચર્ચગેટ કોરિડોરમાં લોકલ ટ્રેનો મોડી પડવા મુદ્દે કોઈ પણ પ્રકારની એનાઉન્સમેન્ટ પણ નહીં કરતા પ્રવાસીઓએ રેલવેની સિસ્ટમ અંગે નારાજગી વ્યક્ત કરી હતી. વિરાર અને નાલાસોપારાની વચ્ચે રેલ ફ્રેક્ચરને કારણે ટ્રેનો લગભગ અડધો કલાક મોડી દોડી રહી છે. પ્રશાસન દ્વારા મરમ્મતનું કામકાજ હાથ ધરવામાં આવ્યું હોવા છતાં આ અંગે કોઈ જાહેરાત નહીં કરતા

વસઈના રહેવાસી પીયૂષ પાંડેએ કહ્યું હતું કે પીક અવર્સમાં લોકલ ટ્રેનો નિયમિત રીતે મોડી દોડતી હોય છે, પરંતુ આજે નોન-પીક અવર્સમાં અડધો કલાક મોડી દોડી રહી છે. શરમની વાત એ છે કે રેલવે આ મુદ્દે કોઈ જાહેરાત પણ કરતું નથી, તેથી પ્રવાસીઓને અસમંજસ રહે છે. છેલ્લી ઘડીએ રેલવે પ્લેટફોર્મ બદલવાને કારણે સિનિયર સિટિઝન પણ હેરાન થાય છે. આજે પણ વિરારથી-બોરીવલી વચ્ચે લોકલ ટ્રેનો અડધો કલાક મોડી દોડવાને કારણે રેલવેએ છેલ્લા દિવસે પ્રવાસીઓને નારાજ કર્યાં હતા, એમ સૂત્રોએ જણાવ્યું હતું. મધ્ય રેલવેમાં મંગળવારે બપોરે દીવા રેલવે સ્ટેશનના લેવલ ક્રોસિંગ ગેટ પર ટેમ્પો ખોટકાયો હતો, પરિણામે ટ્રેનસેવા પર અસર થઈ હતી. ટ્રકનું સ્ટિયરિંગ જામ થઈ જવાને કારણે વિશેષ બ્લોક લેવાની નોબત આવી હતી. લગભગ પંદરથી ૨૦ મિનિટ લેવલ ક્રોસિંગ ગેટ ઓપન રાખવામાં આવ્યો હતો, ત્યારબાદ ટ્રેક પરથી ટ્રકને હટાવવામાં આવ્યા પછી ટ્રેનસેવા ચાલુ કરવામાં આવી હતી, એમ અધિકારીએ જણાવ્યું હતું.

મધ્ય રેલવેમાં ડોંબિવલીથી સીએસએમટી વચ્ચે અપ ફાસ્ટ લાઈનમાં લોકલ ટ્રેનો અડધોથી પોણો કલાક મોડી દોડતી હોવા છતાં કોઈ એનાઉન્સમેન્ટ કરવામાં આવ્યું નહોતું. બપોરના નોન-પીક અવર્સમાં પણ અપ ફાસ્ટ લાઈનમાં ટ્રેનો મોડી હોવા છતાં કોઈ જાહેરાત કરવામાં આવી નહોતી, પરિણામે ડોંબિવલી, થાણે, ઘાટકોપરમાં કલાકો સુધી ફાસ્ટ ટ્રેનો માટે પ્રવાસીઓને રાહ જોવાની નોબત આવી હતી. ■


સૌથી મોટો આંતરરાષ્ટ્રીય કન્ઝ્યુમર એક્સ્પો
Hurry ! Visit Today
FULLY A/C
Entry by Ticket Rs.50
UPTO 70% OFF
iicf
INDIA INTERNATIONAL CONSUMER FAIR
www.iicfexhibitions.in
Electronic Partner: vijay sales
50,000 Sq. Ft. Area of Electronics / Appliances
6 Days Left
બાંદ્રા કુર્લા કોમ્પલેક્સ, MMRDA ગ્રાઉન્ડ, એશિયન હાર્ટ હોસ્પિટલ પાસે, BKC, બાંદ્રા
દૈનિક સમયઃ શનિ. રવિ. અને રજાઓ સ. ૧૧ ક. થી રા. ૯.૩૦ ક. સુધી. અઠવાડિયાના દિવસોઃ બ. ૧ ક.થી રા. ૯.૩૦ ક. સુધી.
૨૪મી ડિસેમ્બર ૨૦૨૪થી ૬ઠ્ઠી જાન્યુઆરી ૨૦૨૫ સુધી
પ્રવેશ નિઃશુલ્કઃ આ પેપર એડ લાવો અને ૧લી જાન્યુઆરીના ૧ વ્યક્તિની એન્ટ્રી ફ્રી મેળવો.
તમામ રાષ્ટ્રીય અને બહુરાષ્ટ્રીય બ્રાન્ડસ
આંતરરાષ્ટ્રીય સ્ટોલઃ થાઈલેન્ડ, બાંગ્લાદેશ, અફઘાનિસ્તાન, તુર્કી
AN EXPO ON
ઈલેક્ટ્રોનિક્સ, ઉપકરણો, I.T., ફર્નિચર્સ, ફર્નિશિંગ અને ઈન્ટિરિયર્સ, ડ્રેસ મટિરિઅલ્સ, હોમ ટેક્સ ટાઈલ્સ, હેલ્થ એન્ડ બ્યુટી, હેન્ડિક્રાફ્ટસ, આયુર્વેદિક દવા, ઓટોમોબાઈલ્સ, ફૂટ વેર્સ, બેડશીટ બેડકવર, આર્ટિફિશિઅલ જ્વેલેરી, કિડ્સ બુક અને ટોયઝ, ફૂડ કોર્ટ અને ઘણું બધું.....
- અદ્ભુત ઓફર્સ અને મફતભેટ @ વિજય સેલ્સ ઈલેક્ટ્રોનિક્સ*
- ૫૦% સુધીની છૂટ @ ઈન્ટિરિયર પેલેસ*
- ૫૦% સુધીની છૂટ મેળવો @ એન્ટિક ફર્નિચર*
- ફ્લેટ ૪૦% છૂટ @ રોટ આર્યન ફર્નિચર*
- ૭૦% સુધીની છૂટ મેળવો @ ઈન્ટિરિયર વુડ ફર્નિચર્સ*
- USHA સ્વિંગ મશીન ખરીદો અને મફત ભેટ મેળવો*
- ૬૦% સુધીની છૂટ મેળવો @ શુદ્ધ લાકડાના ફર્નિચર*
- ૬૦% સુધીની છૂટ મેળવો @ કોઝી ફર્નિચર* 9356868712
વિશ્વસ્તરનો પારિવારિક શોપિંગ અનુભવ




**ઈ-બસમાંથી નીકળ્યો ધુમાડો**

નાગરિક સંચાલિત બૃહન્મુંબઈ ઈલેક્ટ્રિક સપ્લાય એન્ડ ટ્રાન્સપોર્ટ અંડરટેકિંગ (બેસ્ટ)ની ભાડે લીધેલી ઈલેક્ટ્રિક બસની ઓવરહેડ બેટરીમાંથી ધુમાડો નીકળતો હોવાનું જણાતાં તેને ગઈ કાલે બપોરે ભાયખલામાં ખાલી કરાવવામાં આવી હતી, એમ એક અધિકારીએ જણાવ્યું હતું. ૧૨૬ નંબરના રૂટ પર ચાલી રહેલી બસ જીજામાતા ઉદ્યાન તરફ જઈ રહી હતી, ત્યારે બપોરે ૧.૧૫ વાગે બાબાસાહેબ આંબેડકર રોડ પર આ ઘટના બની હતી. તમામ મુસાફરો સુરક્ષિત હોવાનું અધિકારીએ ઉમેર્યું હતું. જોકે ધુમાડાનું ચોક્કસ કારણ હજુ સુધી જાણી શકાયું નથી. આ બસ ઓલેક્ટ્રા દ્વારા બનાવવામાં આવી હતી. આ મહિનાની શરૂઆતમાં કુર્લામાં ઘટેલી મોટી દુર્ઘટનામાં સામેલ બસનું નિર્માણ પણ ઓલેક્ટ્રાએ જ કર્યું હતું, એમ અધિકારીએ જણાવ્યું હતું. ફાયર બ્રિગેડના એક અધિકારીએ જણાવ્યું કે કોલ મળતાં જ ફાયર એન્જિન ઘટનાસ્થળે પહોંચી ગયું હતું. (પીટીઆઈ)

# દુકાનમાંથી દોઢ કરોડના હીરા ચોરી ફરાર થયેલો કર્મચારી રાજસ્થાનમાં પકડાયો

## પોલીસને ગેરમાર્ગે દોરવા આરોપી ૧૩ વાહન બદલીને તેના વતન ઈડર પહોંચ્યો

(અમારા પ્રતિનિધિ તરફથી)

મુંબઈ: માલિક સાથે થયેલા વિવાદ પછી દુકાનમાંથી અંદાજે દોઢ કરોડ રૂપિયાના હીરા ચોરી ફરાર થઈ ગયેલા કર્મચારીને પોલીસે રાજસ્થાનમાંથી પકડી પાડ્યો હતો. ગોરેગામથી ફરાર થયેલા આરોપીએ પોલીસને ગેરમાર્ગે દોરવા ઘણી ચાલાકી વાપરી હતી. ૧૩ વાહન બદલીને ઈડર પહોંચેલા આરોપીએ વિરારની ખાડીમાં ડાયમંડ્સ ફેંક્યા હોવાનો વીડિયો પણ વાયરલ કર્યો હતો.

ગોરેગામ પોલીસે પકડી પાડેલા આરોપીની ઓળખ સચિન જસવંત મકવાણા (૪૦) તરીકે થઈ હતી. ભાયંદરમાં રહેતો મકવાણા ગુજરાતના સાબરકાંઠા જિલ્લાના ઈડરનો વતની છે. દારૂ પીવાના વ્યસનને કારણે માલિકે ઠપકો આપ્યા પછી મકવાણાએ ગુનો આચર્યો હોવાનું પોલીસ તપાસમાં જણાયું હતું.

પોલીસ ફરિયાદ અનુસાર મકવાણા પાંચ-છ મહિના અગાઉ ગોરેગામના જવાહરનગર ખાતેની દુકાનમાં કામે લાગ્યો હતો. માલિક સાથે વાંકું પડતાં ૧૦ ડિસેમ્બરની સવારે તે દુકાનમાંથી અંદાજે દોઢ કરોડના હીરા ચોરી ફરાર થઈ ગયો હતો. આ પ્રકરણે કિરણ રોકાની (૬૮)એ ગોરેગામ પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવી હતી.

પોલીસે દુકાનથી માંડીને આરોપી જે માર્ગે ગુજરાત પહોંચ્યો હતો ત્યાં સુધીના લગભગ ૨૦૦થી વધુ સીસીટીવી કૅમેરાનાં ફૂટેજ તપાસ્યાં હતાં. અધિકારીના જણાવ્યા મુજબ પોલીસને ગેરમાર્ગે દોરવાને ઇરાદે આરોપી વારંવાર વાહનો બદલતો હતો. ૧૩થી વધુ વાહન બદલીને આરોપી તેના વતન ઈડર પહોંચ્યો હોવાનું તપાસમાં પોલીસને જાણવા મળ્યું હતું.

દરમિયાન આરોપીએ એક વીડિયો વાયરલ કર્યો હતો, જેમાં ભાયંદરની ખાડીમાં તે હીરા ફેંકતો હોવાનું નજરે પડે છે. પોલીસ પીછો કરવાનું છોડી દે તે માટે આરોપીએ આવું ગતકડું કર્યું હોવાનું કહેવાય છે. ખરેખર તો આરોપીએ સાચા હીરા ખાડીમાં ફેંક્યા જ નહોતા.

ગુજરાત પહોંચેલી પોલીસની ટીમે આરોપીનાં સગાંસંબંધી અને મિત્રોના મોબાઈલ ફોનના ડેટા ચકાસ્યા હતા. પોલીસને એક શંકાસ્પદ નંબર હાથ લાગ્યો હતો, જે મકવાણાના મિત્રનો હતો. તપાસ દરમિયાન મિત્ર મકવાણા સાથે હોવાની જાણકારી મળી હતી. આ નંબરનું લૉકેશન વારંવાર મધ્ય પ્રદેશ અને રાજસ્થાન દર્શાવાતું હતું. આખરે રાજસ્થાનની ગડી પોલીસની મદદથી આરોપીને તાબામાં લેવાયો હતો. તેની પાસેથી ચોરેલા હીરા અને રોકડ જપ્ત કરવામાં આવી હતી. ■

# થાણેના મેટ્રો રિંગ પ્રોજેક્ટમાં બાવીસ સ્ટેશનો થયા ફાઈનલ

મુંબઈ: મુંબઈ સહિત મહાનગરોમાં મેટ્રો નેટવર્કનું કામ પુરજોશમાં ચાલી રહ્યું છેં. એમએમઆરડીએના મેટ્રો પ્રોજેક્ટ્સ ઝડપી ગતિએ આગળ વધી રહ્યા છે. ૨૦૨૫ માં બે નવી મેટ્રોસેવાઓ પ્રવાસીઓ માટે શરૂ થઇ શકે છે. સાથે જ હવે થાણે શહેરમાં પણ મેટ્રો દોડવા જઈ રહી છે. જેના કારણે થાણેવાસીઓની મુસાફરી આરામદાયક અને સરળ બનશે. થાણેમાં મહત્ત્વાકાંક્ષી પ્રોજેક્ટ એટલે થાણે ઈન્ટિગ્રલ રિંગ મેટ્રો પ્રોજેક્ટ છે. આ પ્રોજેક્ટ સંબંધિત એક મહત્ત્વપૂર્ણ અપડેટ સામે આવ્યા છે.

થાણે ઈન્ટિગ્રલ રિંગ મેટ્રો પ્રોજેક્ટ કોરિડોર માટે જિયો-ટેક્નિકલ ઇન્વેસ્ટિગેશન શરૂ કરવામાં આવ્યું છે. આ મહત્વાકાંક્ષી કોરિડોર ૨૯ કિલોમીટર લાંબો હશે જેમાંથી ૨૬ કિ.મી. એલિવેટેડ છે અને ૩ કિ.મી. ભૂગર્ભ છે. તેમાં બાવીસ સ્ટેશનો હશે. તેમાંથી બે સ્ટેશનો અંડરગ્રાઉન્ડ હશે. ભૂગર્ભ સ્ટેશનોમાંથી એક થાણે રેલવે સ્ટેશન સાથે સીધું જોડાયેલ હશે. અન્ય સ્ટેશનોને મેટ્રો કોરિડોર સાથે જોડવામાં આવશે. આ મેટ્રો ૨૦૨૯ સુધીમાં સેવામાં આવી શકે છે. આ પ્રોજેક્ટ વિદ્યાર્થીઓ અને કર્મચારીઓ માટે ફાયદાકારક સાબિત થશે. જેના કારણે મુસાફરો ઝડપી અને આર્થિક રીતે કિફાયતી મુસાફરી કરી શકશે. આ પ્રોજેક્ટ થાણે માટે ખૂબ જ મહત્ત્વપૂર્ણ સાબિત થશે. આ પ્રોજેક્ટથી થાણેમાં વધતી જતી ટ્રાફિક સમસ્યામાં થોડી રાહત મળવાની શક્યતા છે.

મહામેટ્રોને કુલ કોરિડોરના અંદાજે ૮ કિલોમીટરની ડિઝાઇન માટે પાંચ સલાહકારોની દરખાસ્તો મળી છે. ■

### કેટલા સ્ટેશનો હશે?

રાયલા દેવી, વાગલે સર્કલ, લોકમાન્ય નગર બસ ડેપો, શિવાજી નગર, નીલકંઠ ટર્મિનલ, ગાંધી નગર, ડો. કાશીનાથ ધાણેકર સભાગૃહ, માનપાડા, ડોંગરીપાડા, વિજયનગરી, વાઘબીલ, વોટરફ્રન્ટ,પાટલીપાડા, આઝાદ નગર બસ સ્ટોપ, મનોરમા નગર, બાલકુમ નાકા, બાલકુમ પાડા, રાબોડી, થાણે જંકશન (અંડરગ્રાઉન્ડ) અને ન્યુ થાણે સ્ટેશનોનો સમાવેશ થાય છે.




LIKE & FOLLOW: /Mumbaisamachar4u

# બી.કોમ, બી.એ. સહિતની પરીક્ષાની તારીખો જાહેર

મુંબઈઃ દસમા અને બારમાની પરીક્ષાની તારીખો જાહેર થયા બાદ હવે મુંબઈ યુનિવર્સિટીએ ઉનાળુ સત્રની પરીક્ષાઓની તારીખો જાહેર કરી છે. બી.કોમની પરીક્ષા ૧૮ માર્ચથી જ્યારે બી.એસસી., બી.એ.ની પરીક્ષા ૨૬મી માર્ચથી શરૂ થશે. સીટ નંબરથી લઇને પરીક્ષા કેન્દ્રની માહિતી વિદ્યાર્થીઓને વેબસાઇટ પર ઉપલબ્ધ કરાવી આપવામાં આવી છે. મુંબઈના ૪૩૯ કેન્દ્ર પર અંદાજે ૧,૩૮,૦૦૦ વિદ્યાર્થી પરીક્ષા આપશે. મુંબઈ યુનિવર્સિટીના ઉનાળા સત્રની વિવિધ શાખાની પરીક્ષાઓની તારીખો જાહેર કરવામાં આવી હતી. બી.કોમની સેમિસ્ટર-૬ની પરીક્ષા ૧૮મી માર્ચ, બી.એસસી.ની સેમિસ્ટર-૬ની પરીક્ષા ૨૬મી માર્ચ, બીએની સેમિસ્ટર-૬ની પરીક્ષા ૨૬મી માર્ચથી શરૂ થશે, જ્યારે બી.એસસી. આઇટી સેમિસ્ટર-૬ની પરીક્ષા ૨૬મી માર્ચ, કોમર્સ અને મેનેજમેન્ટની પરીક્ષાઓ ૧૮મી માર્ચથી, બી.એમ.એમ. અને બી.એ.એમએસસી.ની સેમિસ્ટર-૬ની પરીક્ષા ૨૬મી માર્ચથી શરૂ થશે.

# ૨૦૦૧માં ખરીદેલી દાઉદની મિલકતનો હજી કબજો નથી મળતો

મુંબઈઃ કુખ્યાત ડોન દાઉદ ઈબ્રાહિમની મિલકત ઉત્તર પ્રદેશના હેમંત જૈને ૨૦૦૧માં ખરીદી હતી. તેણે હરાજીમાંથી દાઉદ ઈબ્રાહિમની દુકાન ખરીદી હતી. તે મિલકત હવે ૨૩ વર્ષ પછી, ડેપ્યુટી રજિસ્ટ્રાર કચેરીમાંથી ખરીદવામાં આવી હતી. તેમ છતાં હેમંત જૈનને તે મિલકત પર માલિકીનો અધિકાર મળ્યો નથી. આથી હેમંત જૈને આવકવેરા વિભાગ અને પોલીસને તે મિલકતની માલિકી મેળવવાની માગણી કરી છે.

દાઉદની ૨૩ મિલકતો આવકવેરા વિભાગે જપ્ત કરી હતી. તેમાં એક દુકાન પણ હતી. ૨૦૦૧માં એક અખબારમાં મિલકતની હરાજી માટે જાહેરાત કરવામાં આવી હતી. ત્યારબાદ ફિરોઝાબાદના હેમંત જૈને ૨૦ સપ્ટેમ્બર ૨૦૦૧ના રોજ બે લાખમાં ૧૪૪ ફૂટની દુકાન ખરીદી હતી, જેના માટે તેણે ૨૦ સપ્ટેમ્બર ૨૦૦૧ના રોજ ૧ લાખ રૂપિયા અને ૨૮મી સપ્ટેમ્બર ૨૦૦૧ના રોજ બીજા ૧ લાખ રૂપિયા ચૂકવ્યા હતા. મિલકત ખરીદ્યા બાદ પણ હેમંત જૈનને દુકાનનો કબજો મળ્યો ન હતો, જેના માટે તેણે વડા પ્રધાન કાર્યાલયને અનેક પત્રો લખ્યા હતા. સમયાંતરે તેનો જવાબ મળતો રહ્યો, પરંતુ ડેપ્યુટી રજીસ્ટ્રાર કચેરીમાં ખરીદી નોંધાઇ ન હતી. કબજો ન મળવાનું પાછળનું કારણ જણાવતા હેમંત જૈને જણાવ્યું હતું કે આવકવેરા વિભાગ પાસે અસલ દસ્તાવેજો ઉપલબ્ધ નથી.

# નવા વર્ષે જન્મેલી ભાગ્યવાન બાળકીને સોનાનો સિક્કો ને જલેબી

## પરભણીમાં ૧૩ વર્ષથી આ પરંપરા નિભાવી રહ્યો છે જલેબીવાળો

મુંબઈઃ નવા વર્ષના આગમનની ઉજવણી લોકો પાર્ટી કરીને તો અમુક લોકો દેવ દર્શન કરીને કરતા હોય છે, પરંતુ પરભણીમાં નવા વર્ષની અનોખી રીતે ઉજવણી કરવામાં આવે છે. અહીં ૧૩ વર્ષથી એક પરંપરાને સંભાળી રાખવામાં આવી છે. નવા વર્ષે જન્મેલી દીકરીને સોનાનું નાણું આપવામાં આવે છે તથા જલેબીપણ વહેંચવામાં આવે છે. આ એ જ પરભણી છે જ્યાં થોડા દિવસ પહેલા ત્રીજી પણ દીકરી થતા પતિએ પત્નીને સળગાવી દીધી હતી.

પરભણીમાં શહેરના હરિયાણા જલેબી સેન્ટરના માલિક સન્ની સિંહ દ્વારા કન્યા જન્મને પ્રોત્સાહન આપવા તથા તેમનું સ્વાગત કરવા માટે ૧૩ વર્ષથી પહેલી જાન્યુઆરીએ એટલે કે નવા વર્ષના પહેલા દિવસે જન્મેલી એક કન્યારત્નને સોનાનો સિક્કો આપવામાં આવે છે.

સન્ની સિંહ અને તેના પિતા ધરમવીસ સિંહના માર્ગદર્શન હેઠળ ૧૩ વર્ષથી પહેલી જાન્યુઆરીએ અહીંની સરકારી હોસ્પિટલમાં જન્મેલી બાળકીને સોનાનું નાણું આપવામાં આવે છે. જો તે જ દિવસે એકથી વધુ કન્યા જન્મી હોય તો લકી ડ્રો દ્વારા ભાગ્યશાળી બાળકીને સોનાનો સિક્કો આપવામાં આવે છે. પ્રથમ નસીબવાન બાળકીને બે ગ્રામનો અને બાકીની બે બાળકીને ૧૦ ગ્રામ ચાંદીના સિક્કા આપવામાં આવે છે. આ સિવાયની અન્ય બાળકીઓને જલેબી આપીને તેમનું સ્વાગત કરવામાં આવે છે.

# ડિજિટલ એરેસ્ટના નામે સાયબર ફ્રોડ કરનારી ટોળકીના ચાર સુરતમાં પકડાયા

(અમારા પ્રતિનિધિ તરફથી)

મુંબઈઃ મની લોન્ડરિંગના કેસમાં ડિજિટલ એરેસ્ટના નામે મલાડના ગુજરાતી સિનિયર સિટિઝન પાસેથી લાખો રૂપિયા પડાવવાના કેસમાં પોલીસે સુરતથી ચાર જણની ધરપકડ કરી હતી. આ ટોળકીએ સાયબર ફ્રોડ થકી અનેક લોકોને છેતરીને નાણાં પડાવ્યાં હોવાનું પોલીસે જણાવ્યું હતું. મલાડ પોલીસે ધરપકડ કરેલા આરોપીઓની ઓળખ જય અસોડિયા, સંદીપ કેવડિયા, ધરમ ગોહિલ અને જય મોરડિયા તરીકે થઈ હતી. ચારેયને સુરતના કામરેજ વિસ્તારમાંથી તાબામાં લેવાયા હતા. જય અસોડિયા આ ટોળકીનો સૂત્રધાર હોવાનું પોલીસ તપાસમાં જણાયું હતું.

પોલીસના જણાવ્યા મુજબ ઈમિટેશન જ્વેલરીના કામમાંથી નિવૃત્તિ લેનારા બિપિન શાહ (૬૮)ને ૨૧ ડિસેમ્બરની સવારે ગોયલ નામના શખસે વ્હૉટ્સઍપથી વીડિયો કૉલ કર્યો હતો. શાહને તેમના બૅન્ક ખાતાનો ઉપયોગ મની લોન્ડરિંગ માટે થયો હોવાનું શખસે કહ્યું હતું. ફરિયાદીને ડિજિટલ એરેસ્ટની ધાક બતાવી રૂપિયા ટ્રાન્સફર કરવાની ફરજ પડાઈ હતી.

ફરિયાદ અનુસાર શાહે ૮.૬૦ લાખ રૂપિયા આરોપીએ જણાવેલા બૅન્ક ખાતામાં ટ્રાન્સફર કર્યા હતા. પોલીસે સંબંધિત બૅન્ક ખાતાની તપાસ કરતાં ખાનગી બૅન્કની સુરત શાખામાં નાણાં ટ્રાન્સફર કરાયાં હોવાનું જણાયું હતું. સુરત પહોંચેલી પોલીસની ટીમે સીસીટીવી કૅમેરાનાં ફૂટેજને આધારે આરોપીઓને ઓળખી કાઢ્યા હતા. એક આરોપી બૅન્કના એટીએમમાંથી રૂપિયા કઢાવવા આવ્યો ત્યારે પોલીસે તેને પકડી પાડ્યો હતો. તેણે આપેલી માહિતી પરથી વધુ ત્રણને તાબામાં લેવાયા હતા.

આ ટોળકીનો મુખિયો જય અસોડિયા ગરીબ લોકોને સાતથી આઠ હજાર રૂપિયા આપીને તેમની પાસેથી દસ્તાવેજો મેળવતો. એ દસ્તાવેજોને આધારે ખોલવામાં આવેલાં બૅન્ક ખાતાંનો ઉપયોગ સાયબર ફ્રોડ માટે કરવામાં આવતો. કહેવાય છે કે છેતરપિંડીથી મળેલી રકમમાંથી પોતાનો હિસ્સો લઈ બાકીના રૂપિયા તે માસ્ટરમાઈન્ડ સુધી પહોંચતા કરતો. આ નાણાં ક્રિપ્ટો કરન્સીમાં કન્વર્ટ કરીને વિદેશ મોકલવામાં આવતાં હોવાનું તપાસમાં જણાયું હતું.

## પબના મહેમાનોને કૉન્ડોમ અને ઓઆરએસ

# પોલીસે પબને નોટિસ ફટકારી કાર્યક્રમ રદ કરવાનું કહ્યું

મુંબઈઃ પુણેના મુંઢવા નજીક એક પબ દ્વારા થર્ટી ફર્સ્ટની પાર્ટીમાં આવનારાઓને કૉન્ડોમ, સેનેટરી પેડ્સ અને ઓઆરએસ આપવાના અહેવાલ તાજેતરમાં પ્રસિદ્ધ થયા હતા. આ અંગે પોલીસ ફરિયાદ પણ કરાઇ હતી. છેવટે પોલીસે પબને નોટિસ ફટકારીને કાર્યક્રમ રદ કરવાનું કહ્યું છે.

પબના સંચાલકોએ સ્પષ્ટતા કરી હતી કે કૉન્ડોમ અને ઓઆરએસ આપીને તેઓ લાકોમાં જાગરૂકતા લાવવા માગે છે, પરંતુ આ કાર્યક્રમને કારણે કાયદો અને વ્યવસ્થા સામે સવાલ ઊભો થઇ શકે છે એમ જણાવીને પોલીસે પબને નોટિસ ફટકારી હતી. મહારાષ્ટ્ર યુવા કૉંગ્રેસ તરફથી પોલીસમાં ફરિયાદ કરવામાં આવી હતી.

હાય સ્પિરિટ પબે કૉન્ડોમ અને ઓઆરએસ વિતરણ કરવાનો નવો નુસખો અપનાવ્યો હતો. યુવાનોમાં જાગરૂકતા લાવવા માટે આવું કરવામાં આવ્યું હોવાનું પબના સંચાલકોએ જણાવ્યું હતું, પરંતુ પોલીસે પબના સંચાલકોને નોટિસ ફટકારી છે.

# જૈન મરણ

**દશા શ્રીમાળી સ્થા. જૈન**

અમરેલી નિવાસી હાલ પૂણે ડોલરરાય જમનાદાસ હેમાણી (ઉં. વ. ૮૮) તે દેવિન્દ્રાબેનના પતિ. તે રાજેનભાઇ, રૂપાબેન ધિલૌનભાઇ, છાયાબેન શૈલેષભાઇ, તૃષાબેન સંજીવભાઇના પિતા. સ્વ. જશવંતીબેન નાનાલાલ, સ્વ. ધીરજલાલ, સ્વ. ગુણવંતરાય, સ્વ. રંજનબેન મુકુંદરાય, સ્વ. લતાબેન બળવંતરાય, પ્રવીણાબેન ગીરીશભાઇ, ભારતીબેન મધુકાન્તના ભાઇ. સ્વ. હેમલતા દલીચંદ વોરાના જમાઇ. તે મીતાબેન, ધીલૌનભાઇ, શૈલેષભાઇ તથા સંજીવભાઇના સસરા. અંક્તિ-સમતા તથા રચિત-રૂષિતાના દાદા તા. ૨૯-૧૨-૨૪ના અરિહંતશરણ પામેલ છે. પ્રાર્થનાસભા ગુરુવાર તા. ૨-૧-૨૫ના ૧૧.૩૦થી ૧. ઠે. હોટલ ટીપ ટોપ ઇન્ટરનેશનલ હીન્જાવાડી, પૂણે.

**ઘોઘારી વિશા શ્રીમાળી જૈન**

પીપરલા નિવાસી હાલ મુલુંડ સ્વ. કાંતાબેન ચુનીલાલ શાહના સુપુત્ર શાંતિભાઇ (ઉં. વ. ૮૪) સોમવાર તા. ૩૦-૧૨-૨૪ના અરિહંતશરણ પામેલ છે. તે મંજુલાબેનના પતિ. અરુણ, રાજેશ, પ્રીતિ (સોના)ના પિતા. દીપ્તી, વર્ષા, રૂપમકુમારના સસરા. શ્વસુર પક્ષે શ્રી રૂગનાથ રાયચંદ શાહ (ચોગઠવાળા)ના જમાઇ. યશ્વી, દેવાંશી, રેશમના દાદા/નાના. કમળાબેન ચીમનલાલ શાહ (આંબાવાળા) તથા ગુણવંતીબેન નગીનદાસ ધામી (મહુવાવાળા)ના ભાઇ. ઠે. ૨, પુષ્પમણી બિલ્ડિંગ, ઝવેર રોડ, મુલુંડ (વેસ્ટ), સાદડી અને લૌકિક વ્યવહાર બંધ રાખેલ છે.

**દશા શ્રીમાળી સ્થાનકવાસી જૈન**

સાવરકુંડલા નિવાસી હાલ ઘાટકોપર કાંતિલાલ માણેકચંદ લાખાણી (ઉં. વ. ૮૯) તા. ૨૯-૧૨-૨૪ના અરિહંતશરણ પામેલ છે. તે સ્વ. અનિલાબેનના પતિ. ભાવિન, પ્રિતી, બંસીના પિતાશ્રી. પરાગભાઇ વોરા, નિશા, જીમી સરાફના સસરા. સ્વ. ભાઇચંદભાઇ, સ્વ. તારાચંદભાઇ, સ્વ. શાંતાબેન ખેતાણી, સ્વ. ઇંદુબેન શાહના ભાઇ. સાસરા પક્ષે સ્વ. ધીરજલાલ નાગરદાસ શાહના જમાઇ. તથા ચિઝુલ તથા ભવ્યના દાદાજી. પ્રાર્થનાસભા તથા લૌકિક વ્યવહાર બંધ રાખેલ છે.

**કચ્છી વિશા ઓશવાળ જૈન**

પત્રી હાલે હૈદ્રાબાદના મહેશ નવીન શાહ (ધરોડ) (ઉં.વ. ૫૭) તા. ૩૦-૧૨-૨૪ના અવસાન પામેલ છે. જવેરબેન નવીનચંદ્રના પુત્ર. આશાના પતિ. જીનલ, હેપીનના પિતા. રેણુના ભાઈ. સમાઘોઘા અમૃતબેન ભવાનજી કોરશી વોરાના જમાઈ. મુંબઈમાં પ્રાર્થના રાખેલ નથી. ચક્ષુદાન કરેલ છે. નિ. મહેશ શાહ, ૩-૬-૩૭૫/સી, મહેશ વિલા, ગગન મહેલ, હિમાયત નગર, હૈદ્રાબાદ-૫૦૦૦૨૯.

શેરડી હાલે થાણા જવેરબેન લીલાધર હરીયા (ઉં.વ. ૮૫) તા. ૩૦-૧૨-૨૪ ના અરિહંત શરણ પામેલ છે. હમલા મંજલના ખેતબાઈ વરજાંગના પુત્રવધૂ. સ્વ. લીલાધરના ધર્મપત્ની. નવનીત (નવીન), નિતીનના માતુશ્રી. શેરડીના ચાંપુબાઈ વેલજીની સુપુત્રી. લીલાધર, ગોવિંદજી, નાથબાઈ, નવલબેનના બેન. પ્રાર્થના રાખેલ નથી. ત્વચાદાન કરેલ છે. નિ. નવનીત હરીયા, ૫૦૪, મિસ્ટીક, આશર એન્કલેવ, કોલશેત રોડ, થાણા (વે).

લાખાપુર-હૈદ્રાબાદના જવેરબેન નાનજી ગાલા (ઉં.વ. ૯૨) તા. ૨૯-૧૨-૨૪ના અવસાન પામેલ છે. નાનબાઈ ખીમજીના પુત્રવધૂ. નાનજીના પત્ની. શાંતા, નિલમ, કિર્તી, સંજય, વિજય, જીતેન્દ્રના માતુશ્રી. ગુંદાલા ગંગાબેન ભવાનજી સાવલાના સુપુત્રી. ટોકરશી, વશનજી, રાઘવજી, મણીલાલ, કેશર, પ્રભા, જેવંતીના બહેન. ચક્ષુદાન કરેલ છે. મુંબઈ પ્રાર્થના રાખેલ નથી. નિ. કિર્તી ગાલા, ૪-૩-૬૧ રઘુનાથ બાગ, કે.એસ. લેન, હૈદ્રાબાદ-૫૦૦૦૦૧.

**દશાશ્રીમાળી સ્થાનકવાસી જૈન**

ધોરાજી નિવાસી હાલ ઘાટકોપર સ્વ. ઇન્દિરાબેન સૂર્યકાન્તભાઈ પારેખના સુપુત્ર મુકેશભાઈ (ઉં.વ. ૫૯) તે અર્ચનાબેનના પતિ.

# હિન્દુ મરણ

સ્વ. સમીરગિરી મહેશગિરી ગોસ્વામી તા. ૩૦-૧૨-૨૪ કૈલાસવાસ પામેલ છે ગામ દેશલપર (વાંઢાય) હાલે ઘાટકોપર. તે રુખમણીબેન મહેશગિરીના સુપુત્ર. અરવિંદગિરી મોતીગિરીના જમાઈ. કચ્છ ગામ ભાંડા હાલે મુલુન્ડ ચેકનાકા, લક્ષ્મીબેનના પતિ. જયનીલના પિતાશ્રી. સ્વ. ગોદાવરીબેન દયાલગિરીના પૌત્ર. કવિતા કર્મેન્દ્રગિરીના ભાઈ. પ્રાર્થનાસભા રાખેલ નથી. લૌકિક વ્યવહાર બંધ છે.

ગં. સ્વ. ગોદાવરીબેન દયાલગિરી ગોસ્વામી તા. ૨૮-૧૨-૨૪ના કૈલાસવાસ પામેલ છે.ગામ દેશલપર (વાંઢાય) હાલે ભાંડુપ તે સ્વ. દયાલગિરી વિશ્રામગિરીના પત્ની. સ્વ. ઇશ્વરગિરી, સ્વ. મહેશગિરી, સ્વ. જયેષ્ઠગિરી, સ્વ. ચંદ્રિકાબેન, દમયંતીબેનના માતોશ્રી. નારાયણગિરી, તુલસીગિરી, નિર્મળાબેન, રુખમણિબેન, અમિતાબેનના સાસુ. દિનેશગિરીના કાકી. માયાધર કલ્યાણધારના પુત્રી. ભાગ્યરથીબેન માધવગિરીના બેન. પ્રાર્થનાસભા તથા લૌકિક વ્યવહાર બંધ છે.

**કપોળ**

ડેડાણવાળા હાલ વડાલા અ. સૌ. રોહિણી મહેતા (ઉં. વ. ૬૬) તે સ્વ. વસંતબેન પ્રાણજીવનદાસ મહેતાના પુત્રવધૂ. ગીરીશ મહેતાના ધર્મપત્ની. સ્વ. પદમાબેન વિઠ્ઠલદાસ ગોરડિયાના પુત્રી. અ.સૌ. કૃષ્ણાબેન રોહિતભાઇ અ. સૌ. રાજુલબેન મહેન્દ્રભાઇના દેરાણી. સ્વ. અરુણાબેન દીપકભાઇ શ્રોફ, અ. સૌ. ગીતાબેન નલીનભાઇ સંઘવી, (સ્વ. સુધાબેન) ગં. સ્વ. શોભનાબેન પ્રફૂલચંદ્ર મહેતા, સ્વ. મુકેશભાઇના ભાભી. પ્રણવના મમ્મી. તા. ૩૧-૧૨-૨૪ના શ્રીજીચરણ પામ્યા છે. બન્ને પક્ષની પ્રાર્થનાસભા તા. ૨-૧-૨૫ના ગુરુવારે સાંજે ૫થી ૭. ઠે. માનવ સેવા સંઘ, સાયન, ઓપ ગાંધી માર્કેટ રાખેલ છે.

**કચ્છી લોહાણા**

કચ્છ ગામ ગુઈર હાલે મુલુન્ડના ગં.સ્વ. જયાબેન નારાયણજી આઈયાના મોટા પુત્ર ભાવેશકુમાર (ઉં. વ. ૫૬) તે જ્યોતિબેનના પતિ. હેમાંશી હાર્દિક ઠક્કર તથા નિધિના પિતાશ્રી સોમવાર, તા. ૩૦-૧૨-૨૪ના મુલુન્ડ રામશરણ પામેલ છે. તે દક્ષાબેન નિકેશભાઈ, જીતુભાઈના મોટાભાઈ. પ્રીતિબેનના જેઠ. સ્વ. સરસ્વતીબેન નારાયણજી ગોપાલજી કતીરા વાયોરવાલાના નાના જમાઈ. પ્રાર્થનાસભા બુધવાર, તા. ૧-૧-૨૫ના ૫.૩૦ થી ૭. કચ્છી લોહાણા મહાજનવાડી, આર.આર.ટી. રોડ, મુલુન્ડ (વેસ્ટ). બૈરાઓએ તેજ દિવસ આવી જવું. લૌકિક વ્યવહાર સદંતર બંધ છે.

**હાલાઈ લોહાણા**

ગંગા સ્વ. માલતીબેન ઠક્કર (ઉં. વ. ૭૪) સ્વ. શશીકાંત કેશવલાલ ઠક્કરના ધર્મપત્ની તા. ૨૭ ડિસેમ્બરના શ્રીજીચરણ પામેલ છે. તે પુષ્પા બાબુલાલ સોમૈયાના દીકરી. નિમશ, જીગ્નેશ,

આત્મનના પિતાશ્રી. મીરાના સસરા. ધીરુભાઈના ભત્રીજા. સોમવાર, તા. ૩૦/૧૨/૨૪ના અરિહંતશરણ પામેલ છે. પ્રાર્થનાસભા તા. ૨/૧/૨૫ને ગુરુવારના ૪-૦૦ થી ૫:૩૦. ભાનુશાલી વાડી, તિલક રોડ, ઘાટકોપર પૂર્વ.

**ઘોઘારી વીશા શ્રીમાળી જૈન**

સાવરકુંડલા નિવાસી હાલ ભાયંદર સ્વ. રાજીવ ચીમનલાલ શેઠ (ઉં.વ. ૬૦) તે ગં.સ્વ. આશિતા શેઠના પતિ. સ્વ. ચીમનલાલ અને ગં.સ્વ. કુમુદબેન શેઠના દિકરા. સ્વ. રૂપલબેન સતીષભાઈ કોરાડિયા, કુંજનબેન સમીરભાઈ મહેતાના ભાઈ. પૂજા કૃપેશ કોઠારી, મંદિરા વિનય વર્માના પિતા. જ્યોતિન અનંતરાય ગાંધીના જમાઈ તા. ૩૦-૧૨-૨૦૨૪ના અરિહંતશરણ પામેલ છે. લૌકિક વ્યવહાર બંધ રાખેલ છે.

**ઝાલાવાડી દશા શ્રીમાળી જૈન**

હળવદ નિવાસી હાલ કાંદિવલી જ્યોતિબેન સુરેશભાઈ શાહના સુપુત્ર ચી. મનીષ (ઉં.વ. ૫૪) તા. ૩૦/૧૨/૨૪ના અરિહંતશરણ પામેલ છે. તે પ્રતિમાના પતિ. અનુજના પપ્પા. ધીરેન, ભાવિશા, કેતનાના મોટાભાઈ. કાશ્મીરાના જેઠ. પ્રભુદાસ નરોત્તમદાસ મહેતાના જમાઈ. પ્રાર્થનાસભા તા. ૨/૧/૨૦૨૫ના ગુરુવારે ચારથી સાડા પાંચ. :- શ્રી હરિ રામ મંદિર, એશીયન બેકરીની બાજુમાં, ઈરાની વાડી, કાંદિવલી વેસ્ટ, લૌકિક વ્યવહાર બંધ રાખેલ છે.

**ઘોઘારી વિશા શ્રીમાળી જૈન**

ઘોબા (ઉદવાડા) નિવાસી હાલ ઘાટકોપર મહાસુખલાલ જગજીવનદાસ દોશીના ધર્મપત્ની જ્યોતીબેન (ઉં.વ. ૭૪) તા. ૨૯-૧૨-૨૪ના અરિહંતશરણ પામેલ છે. તે ડૉ. સંકેત, ડૉ. અંકુર તથા ડૉ. સચીનના માતુશ્રી. ડૉ. દર્શના, ડૉ. ધ્વની, ડૉ. નીલમના સાસુ. યુવલ, રુદ્રાંશ, રેયાંશ, શનાયા અને શાનવીના દાદી. પિયરપક્ષે કાંતિલાલ રાયચંદ શાહ ટાણાવાળાના દિકરી. સ્વ. શશીભાઈ, સ્વ. જીતુભાઈ, નવિનભાઈ, દિનેશભાઈ, સ્વ. અમરીશભાઈ, રાજેશભાઈ, દક્ષેશભાઈ, સ્વ. નલીનીબેનના બેન અરિહંતશરણ પામેલ છે. - ૨૦૪, કલિંગા, નિલકંઠ કિંગડમ, નાથાનિ રોડ, વિદ્યાવિહાર વેસ્ટ.

**દિગંબર જૈન**

મોરબી નિવાસી હાલ મલાડ સ્વ. રતીલાલ મકનજી મહેતા અને સ્વ. લીલમ રતીલાલ મહેતાના સુપુત્ર. નયનાબેનના પતિ. અ.સૌ. સેજલ અને ચિરાગના પિતાશ્રી. ચંદ્રકાન્ત હસમુખલાલ શેઠના સસરા. આગમના નાના. પિનાકીનભાઈ અને સર્યુબેનના ભાઈ ધીરેન્દ્રભાઈ રતીલાલ મહેતા (ઉં.વ. ૭૮) તા. ૩૦-૧૨-૨૪ના અરિહંતશરણ પામેલ છે. પ્રાર્થનાસભા તા. ૨-૧-૨૫ના ૪ થી ૫.૩૦ નિવાસસ્થાને રાખેલ છે.

**જામનગર હાલાર વિશા શ્રીમાળી જૈન**

લતીપુર નિવાસી હાલ કાંદિવલી દિનેશચંદ્ર ધીરજલાલ મહેતાના ધર્મપત્ની અ.સૌ. સદગુણાબેન (ઉં.વ. ૭૮), તે સ્વ. કપુરચંદ સુંદરજી મહેતાના સુપુત્રી. રિતેશભાઈ, કવિતાબેન તથા અમીતભાઈના માતુશ્રી. અ.સૌ. ગીતાબેન, અ.સૌ. અપેક્ષાબેન તથા જતીનભાઈના સાસુજી. રિષભ, મૌલિક, અવિશા, કપવન્નના દાદી. પ્રિયલ, પ્રભાબેન પી. વોરાના ભાભી તા. ૩૧-૧૨-૨૪ મંગળવારના અરિહંતશરણ પામેલ છે. લૌકિક વ્યવહાર રાખેલ નથી.

**પોરબંદર દશા શ્રીમાળી વણિક જૈન**

વિનોદભાઈ અમૃતલાલ શાહ (ઉં.વ. ૯૦) તા. ૩૧-૧૨-૨૪ ને મંગળવારના અરિહંતશરણ પામ્યા છે. લૌકિક રિવાજ બંધ છે. ગીતાબેન (પત્ની) પંકજ, સંજય, રાજેશ (પુત્રો), નીતા, પ્રીતિ, નેહલ (પુત્રવધૂ), મલ્લિકા, સ્તુતિ, જીમીત, મિથિલના ( દાદા). કિશોરભાઈ અમૃતલાલ શાહ (ભાઈ), ભારતીબેન ભરતભાઈ શેઠ (બેન).

**દશા શ્રીમાળી સ્થાનકવાસી જૈન**

વિસાવદર નિવાસી હાલ પૂના મગનલાલ રાઘવજી ગાઠાણીના સુપુત્ર બિપીન ગાઠાણી (ઉં.વ. ૭૨) તે આશાના પતિ. ચિરાગના પિતા. રીમાના સસરા. પ્રફુલ્લ, સ્વ. રાજુ, સ્વ. જયશ્રી કામદાર, દિના રૂપાણી, સોનલ પુજાણીના ભાઈ. દિલ્હી નિવાસી સ્વ. રતીલાલ માધવજી વોરાના જમાઈ પુના મુકામે અરિહંતશરણ પામેલ છે. લૌકિક વ્યવહાર બંધ છે.

# પારસી મરણ

યઝદી જમશેદ ઇરાની તે મરહુમો એમી તથા જમશેદ ઇરાનીના દીકરા. તે રોહીન્ટન, મોનાઝ વિરાફ ભમગરા ને મરહુમ સરોશના ભાઇ. તે વિરાફ ભમગરાના સાલાજી. તે હોરમઝ ને બેનાઝના મામા. તે અનોશ ને ડેલઝાદના કાકા. (ઉં.વ. ૬૫) રે. ઠે. ૨, દશવંદ હાઉસ, ૨જે માળે, કાવસજી હોરમસજી સ્ટ્રીટ, ધશવાડી, ધોબીતળાવ, મુંબઇ-૪૦૦૦૦૨. ઉઠમણાંની ક્રિયા : તા. ૨-૧-૨૫ને બપોરે ૩.૪૦ કલાકે ધોબીતળાવ મધ્યે વાડીયાજીના આતશ બહેરામમાં.

હેમા અભિષેક મરોલીકરની મમ્મી. તરુણા, શ્રેયા, અભિષેકના સાસુ. દેવ, દૃષ્ટિ, સુષ્ટિ અને જેનીલ ઠક્કર તથા ત્રિસા મરોલીકરના દાદી. પ્રાર્થનાસભા તા. ૨ જાન્યુઆરી ૨૦૨૫ ગુરુવારના ૪ થી ૬. સ્વામિનારાયણ મંદિર હોલ, સેક્ટર ૧૦, શાંતિનગર, મીરા રોડ (ઈસ્ટ).

**ઝાલાવાડી સઈ સુતાર**

ચુડા નિવાસી હાલ મુંબઈ, ઠાકરશીભાઈ નારણદાસ ધંધુકીયા (ઉં. વ. ૯૨) તા. ૩૦-૧૨-૨૪, સોમવારના શ્રીજીચરણ પામેલ છે. તે સ્વ. ઈન્દુબેનના પતિ. સ્વ. પ્રવિણચંદ્ર, નવીનભાઈ, જ્યોતિબેન રાજુભાઈ ગાળિયા અને ભાવનાબેન ભરતભાઈ પાટડીયાના પિતા. ગં.સ્વ. રશ્મિબેન અને ભાવનાબેનના સસરા. સ્વ. પ્રભુદાસ, સ્વ. ધનજીભાઈ અને સ્વ. અચીબેન ચતુરભાઈ રાઠોડના ભાઈ. અંબાપ્રસાદના કાકા. ફાલ્ગુની મનોજ ગોહિલ, જેસલ, મહેક અને કૃપાના દાદા. પ્રાર્થનાસભા ગુરુવાર તા. ૨-૧-૨૫ના ૪ થી ૬. શ્રી કાશી વિશ્વનાથ મંદિર, દાદીશેઠ અગિયારી લેન, મુંબઈ-૨.

**હાલાઇ લોહાણા**

ગામ પોરબંદર હાલ મુંબઇ ગં. સ્વ. મંજુલાબેન સૂચક (ઉં. વ. ૮૪) તા. ૩૦-૧૨-૨૪ના શ્રીજીચરણ પામ્યા છે. તે સ્વ. ડો. નરસીદાસ ગોકલદાસ સૂચકના ધર્મપત્ની. હીના, નીતા, બીનાના માતુશ્રી. સ્વ. પ્રભુદાસભાઇ, સ્વ. પરસોતમદાસ ભાઇ, સ્વ. કરસનદાસભાઇ, સ્વ. દમયંતીબેનના ભાભી. સ્વ. પદમાબેન અને ગં. સ્વ. રસીલાબેનના દેરાણી. સ્વ. કમળાબેન કાનજીભાઇ પોપટના દીકરી. સ્વ. નટવરલાલ પોપટ, સ્વ. રમાબેન, સ્વ.વસુમતીબેન, સ્વ. દક્ષાબેનના બેન. પ્રાર્થનાસભા તથા લૌકિક વ્યવહાર બંધ છે.

**કચ્છી સારસ્વત બ્રાહ્મણ**

ગં. સ્વ. સરસ્વતીબેન (ઉ.વ. ૮૯) મૂળ ગામ ધ્રુડુલી હાલ પૂના તે સ્વ. તાપીશંકર વેલજી રત્નેશ્વરના પત્ની. નવીનચંદ્ર, સ્વ. વિજયાબેન, રમણિકલાલ, મનિષાબેન, દુર્ગાબેનના માતા. રમેશચંદ્ર, જટાશંકર, દિલીપ, અરવિંદ, સ્વ. જીતેન્દ્રના કાકી. સ્વ. જેઠમલ નરસિંહ ખીંયરા (મોટી ધુફીવાળા)ની પુત્રી. સ્વ. મયાશંકર, સ્વ. કસ્તુરબેન વીરજી પુરખા, સ્વ. લક્ષ્મીબેન શંભુરામ પુરખાના બેન. તા. ૨૯-૧૨-૨૪ના કૈલાસવાસી થયેલ છે. પ્રાર્થનાસભા બુધવાર તા. ૧-૧-૨૫ના ૫થી ૭. ઠે. મુક્તેશ્વર મહાદેવ મંદિર, ડો. રાજેન્દ્રપ્રસાદ રોડ, મુલુંડ (વેસ્ટ).

**હાલાઇ લોહાણા**

નરેન્દ્ર મોહનલાલ ઠક્કર (બુદ્ધદેવ) (ઉં.વ. ૭૨) મૂળ ગામ મેસવાણ હાલ દહીસર તે રંજનબેનના પતિ. સેજલ સચિન પુજારા અને ધ્વનિ સૂજીત પ્રસાદના પિતાશ્રી. ગોવિંદજી વલ્લભજી સિરોદરિયાના જમાઈ. સ્વ. અનિલભાઈ, જવાહરભાઈ, રાજેન્દ્રભાઈ, જશવંતીબેન જયંતીલાલ, રસીલાબેન હરીશકુમાર, સરોજબેન ખીમજીભાઈ, હર્ષાબેન દિલીપકુમારના ભાઈ. ચાર્વી અને વ્યોમના નાના, તા. ૩૦/૧૨/૨૪ને શ્રીજીચરણ પામ્યા છે. પ્રાર્થનાસભા તા. ૨/૧/૨૫ના ૪ થી ૬. શ્રી વર્ધમાન સ્થાનકવાસી જૈન સંઘ, એલ.ટી. રોડ, ઓપોઝિટ ડાયમંડ સિનેમા, બોરીવલી (વેસ્ટ).

**દશા સોરઠીયા વણિક સમાજ**

ધારી નિવાસી હાલ ગોરેગાંવ અ.સૌ. જશવંતીબેન (ઉં.વ. ૭૬) તે ચંદ્રકાંત ગોકળદાસ શેઠના પત્ની. દિનેશ, અતુલ, હર્ષાના માતુશ્રી. સ્વ. કુમનદાસભાઈ, દામોદરભાઈ, પ્રમોદભાઈ, સ્વ. ઘનશ્યામભાઈ, સ્વ. મથુરભાઈ, સ્વ. જ્યોતિબેન વ્રજલાલ, સ્વ. વાસંતીબેન નટવરલાલના ભાભી. સ્વ. જયસુખભાઈ, સ્વ. કનૈયાલાલ, રમેશભાઈ, સ્વ. શશીકાંતભાઈ, કિરણભાઈ, અરુણાબેન લલીતભાઈ, ગં.સ્વ. સરોજબેન નરેનભાઈના બેન. ગં.સ્વ. નિર્મળાબેન રમણીકલાલ, સ્વ. પુષ્પાબેન છબીલદાસના વેવાણ, પ્રજ્ઞા અને સ્વ. જયેશકુમારના સાસુ. રવિવાર, તા. ૨૯/૧૨/૨૪ના શ્રીજીચરણ પામેલ છે. લૌકિક વ્યવહાર બંધ રાખેલ છે.

**કચ્છી લોહાણા**

સ્વ. શાંતીલાલ માધવજી સોમૈયા કચ્છ ગામ ગુંદાળાના ધર્મપત્ની ગં.સ્વ. વસંતબેન (ઉં.વ. ૭૬) તા. ૩૦-૧૨-૨૪ના રામશરણ પામેલ છે. તે સ્વ. શાંતાબેન રામજી ભગવાનદાસ સોનેતાના પુત્રી. પલ્લવી દિલીપ ઠકકરના મોટાબેન. પ્રીતિ નરેશ લખધીરના માતુશ્રી. નિકેશ, તેજલ કલ્પેશ ગોરના નાનીમા. કોમલ હિતેશ ઠકકર, કાજલ કેજલ ચંદેના માસી. પ્રાર્થનાસભા ગુરુવાર, તા. ૨-૧-૨૦૨૫ના ૫.૩૦ થી ૬.૩૦. શ્રી મુકતેશ્વર મહાદેવ મંદિર, આર પી રોડ મુલુંડ. બૈરાઓએ એજ દિવસે આવી જવું. લૌકિક વ્યવહાર બંધ છે.

**કચ્છી લોહાણા**

સ્વ. ધનામા મકનજીભાઇ રૂપારેલ તથા સ્વ. દમયંતીબેન (ડાઇભેણ) નરસીભાઇ રૂપારેલ સંઘડવાળા હાલે અંજારવાળાના પૌત્ર/પુત્ર અશ્વિન (ઉં.વ. ૬૪) હાલે અંજાર કચ્છ તે અરૂણાબેનના પતિ. હાર્દિકા સાવનભાઇ જોબનપુત્રાના પિતા/સસરા. સ્વ. જેરામભાઇ ધરમસીભાઇ તુણાવાળાના જમાઇ. વસુમતીબેન સાધવી, નિર્મળાબેન વસંતભાઇ, વનિતાબેન વિઠલદાસભાઇ, દક્ષાબેન ભરતભાઇ, મોહનલાલ તથા હરીશના ભાઇ. સ્વ. મણીલાલભાઇ, સ્વ. પ્રેમાબેન મંગલજીભાઇ, સૌ. તારાબેન અમ્રુતલાલભાઇના ભત્રીજા તા. ૨૬-૧૨-૨૦૨૪ના અવસાન પામેલ છે. તેમની બન્ને પક્ષની પ્રાર્થનાસભા મુંબઇ મધ્યે રાખેલ નથી. લૌકિક વહેવાર બંધ છે.

**કચ્છી લોહાણા**

અંજારના ગં.સ્વ. ચંદાબેન અરુણભાઈ પુરુષોત્તમ ભીંડે (ઝવેરબેન)નાં પુત્રી અ.સૌ. પ્રીતિબેન (ઉં.વ. ૩૭) તે રિતેશ મગનલાલ પટેલનાં પત્ની. રિયાનાં માતા. નીતિન ભીંડે, દીપાબેન મહેશકુમાર રામાણીનાં બહેન. કવિતા ભીંડેના નણંદ ૨૭મીને શુક્રવારે રામશરણ પામ્યાં છે. પ્રાર્થનાસભા રાખી નથી. લૌ. વ્ય. બંધ છે.

**સૌરાષ્ટ્ર લેઉવા પટેલ**

મૂળ ગામ બોરડી સમઢિયાળા નિવાસી હાલ થાણા પાચાભાઈ પોપટભાઈ બુટાણી તથા પ્રભાબેનના પુત્રી તથા ચેતનભાઈ બાલુભાઈના પત્ની નેહલબેન (ઉં.વ. ૪૨) તા. ૩૦/૧૨/૨૪ના શ્રીજીચરણ પામેલ છે. તે શ્રીષ્ટીના માતૃશ્રી. નિખીલ, કિંજલ, સેજલ, સોનલના બહેન. સ્મિતાના નણંદ. ટ્રીશાનના ફઈબા. પ્રાર્થનાસભા ગુરુવાર, તા. ૨/૧/૨૦૨૫ના ૩.૦૦ થી ૫.૦૦. તિલક બેન્કવેટ હૉલ, ઠાકરે કંપાઉન્ડ, ટીકુજીની વાડી રોડ, માનપાડા, લેન્ડમાર્ક હોટલ પ્રસાદ, થાણા વેસ્ટ.

છેલ્લા પાનાનું ચાલુ

## મેળામાં ફિલ્મો

વધ્યો? કોણ છે વાલ્મિક કરાડ, તેના આતંક, ગુનાઓ, આરોપો?

### મુંડે પરિવારને કેવી રીતે મળ્યો?

વાલ્મિક કરાડ પરલી તાલુકાના પાંગરી ગામના વતની છે. ખેડૂત પરિવારમાં જન્મેલા વાલ્મિકની ઘરની પરિસ્થિતિ નબળી હતી. ૧૦મા ધોરણ પછી તેઓ કોલેજના શિક્ષણ માટે પરલી આવ્યા હતા. થોડા પૈસા કમાવા માટે તે પરલીથી વીસીઆર ભાડે લેતો અને ગામના મેળામાં ફિલ્મો બતાવતો હતો. તેના માટે તે ટિકિટના પૈસા લેતો હતો. આવી રીતે તેણે આર્થિક પ્રગતિ માટે સંઘર્ષ કરવાનું શરૂ કર્યું હતું. તે સમયે વાલ્મિક કરાડ ગોપીનાથ મુંડેના વિશ્વાસુ ફુલચંદ કરાડના સંપર્કમાં આવ્યો હતો. ફુલચંદ કરાડે તેને ગોપીનાથ મુંડેના ઘરે નોકરીએ રાખ્યો હતો. તે સમયે તેનું કામ ઘરને માટે દૂધ, શાકભાજી અને કરિયાણું લાવવાનું રહેતું હતું. તે ઘરના બધા જ કામ કરવા લાગ્યો. આમ કરીને તેમણે ગોપીનાથ મુંડેનો વિશ્વાસ જીતી લીધો હતો. ભાજપની યુવા પાંખ ભારતીય જનતા યુવા મોરચા (બીજેવાયએમ)ની પ્રથમ એકમ પરલીમાં કરાડ દ્વારા સિનિયર મુંડેના નેતૃત્વ હેઠળ શરૂ કરવામાં આવી હતી. ૨૦૦૧માં કરાડે પરલી મ્યુનિસિપલ કાઉન્સિલની ચૂંટણી લડી અને કોર્પોરેટર અને ત્યારબાદ ડેપ્યુટી મેયર બન્યો હતો.

### ગોળી ખાધી અને વિશ્વાસ વધ્યો

વાલ્મીક કરાડને પરલી થર્મલ પ્લાન્ટમાં કોન્ટ્રાક્ટ મળવા લાગ્યા હતા. તેની પાછળ એક મોટું નામ હોવાથી બીડ જિલ્લામાં તેનો પ્રભાવ ધીમે ધીમે વધતો ગયો. વૈદ્યનાથ કોલેજના બોર્ડ ઓફ ડિરેક્ટર્સની વર્ષ ૧૯૯૫માં ચૂંટણી કરવામાં આવી હતી. ત્યારે પ્રમુખની ચૂંટણી માટે સામાન્ય સભામાં હોબાળો થયો હતો. સભામાં રેલી ચાલી રહી હતી ત્યારે તત્કાલિન પોલીસ અધિકારી નાગરગોજેની બંદૂકમાંથી નીકળેલી ગોળી વાલ્મિક કરાડના પગમાં વાગી હતી. તે પછી ગોપીનાથ મુંડેનો તેમના પરનો વિશ્વાસ વધુ દૃઢ થયો હતો.

### મિત્રતા મજબૂત બની

ગોપીનાથ મુંડે માટે કામ કરતી વખતે, વાલ્મિક ગોપીનાથ મુંડેના મોટા ભાઈ પંડિત અણ્ણા મુંડેના સંપર્કમાં આવ્યો હતો. તે પંડિત અણ્ણાનો પણ ખાસ માણસ બની ગયો હતો. પંડિત અણ્ણાના પુત્ર ધનંજય મુંડે સાથે વાલ્મિકની સાથે ટ્યૂન મેચ થઈ જતાં બંને મિત્રો બની ગયા હતા. ધનંજય મુંડેએ જ્યારે ગોપીનાથ મુંડેનો સાથ છોડ્યો પછી, વાલ્મિક કરાડ ધનંજય મુંડેની સાથે રહ્યો હતો. તેણે રાજકારણમાં સારું પ્રદર્શન કર્યું હતું. પરલીમાં તેનો આતંક સર્જાયો હતો. ધનંજય મુંડે સાથેની વાલ્મિક કરાડની મિત્રતા ગાઢ બની હતી. છેલ્લા દસ વર્ષમાં જિલ્લાના રાજકારણમાં ધનંજય મુંડેનું વજન વધ્યા પછી વાલ્મિક કરાડના શબ્દોને પણ માન મળવા લાગ્યું. વાલ્મિક કરાડ આખરે હવે પોલીસ કસ્ટડીમાં છે.

## ફડણવીસને મુખ્ય પ્રધાન

નિષ્ફળ ગઈ હતી. ફડણવીસને મુખ્ય પ્રધાનપદે રહેવાનો કોઈ નૈતિક અધિકાર નથી,' એમ તેમણે કહ્યું હતું, ફડણવીસના ગૃહ જિલ્લા નાગપુરમાં વધતો ગુનાખોરીનો દર મહારાષ્ટ્રમાં વ્યાપક કાયદો અને વ્યવસ્થા સંકટનો પુરાવો છે. કોંગ્રેસના નેતાએ એવી માગણી કરી હતી કે, દેશમુખ હત્યા કેસની તપાસ પર એક વર્તમાન ન્યાયાધીશે દેખરેખ રાખવી જોઈએ.

એક પ્રાદેશિક ન્યૂઝ ચેનલ સાથે વાત કરતા, ધસે કહ્યું હતું કે, 'વાલ્મિક કરાડ અને મહારાષ્ટ્રના પ્રધાન ધનંજય મુંડે એક જ સિક્કાની બે બાજુ છે. મુંડેનું રાજીનામું તેમના પોતાના પક્ષના નેતા દ્વારા માગવામાં આવ્યું છે. હું હજુ પણ માગણી કરું છું કે મુખ્ય પ્રધાન ફડણવીસ બીડના પાલક પ્રધાન બને જેથી તેઓ વાલ્મિક કરાડ દ્વારા નિયંત્રિત ગેંગ પર કાર્યવાહી કરી શકે.'

'હું મુખ્ય પ્રધાન ફડણવીસને કહેવા જઈ રહ્યો છું કે દેશમુખ હત્યા કેસમાં કોઈ પણ પ્રકારની ઢીલ ન રાખવી જોઈએ,' એમ ધસે વધુમાં કહ્યું હતું. સીઆઈડી દ્વારા હત્યા તેમજ ખંડણી કેસની તપાસ કરવામાં આવી રહી છે.

'મુખ્ય પ્રધાને આરોપીઓ (કરાડ) અને તેમને ટેકો આપનારાઓ સામે કાર્યવાહી કરીને ન્યાય સુનિશ્ચિત કરવો જોઈએ,' એમ મરાઠા આંદોલનકર્તા મનોજ જરાંગે-પાટીલે જણાવ્યું હતું. અંતરવાલી સરાટી ગામમાં જરાંગેને મળેલા સંતોષ દેશમુખના ભાઈ ધનંજય દેશમુખે પત્રકારોને જણાવ્યું હતું કે સીઆઈડીએ આરોપીઓના મોબાઇલ કોલ ડિટેલ રેકોર્ડ (સીડીઆર)ની તપાસ કરવી જોઈએ જેથી તેમની લિંક્સ શોધી શકાય. વિપક્ષે આરોપ લગાવ્યો છે કે કરાડ હત્યાનો 'માસ્ટરમાઇન્ડ' હતો, જોકે તેમણે મંગળવારે સવારે શરણાગતિ સ્વીકારતા પહેલા દાવો કર્યો હતો કે રાજકીય કારણોસર તેમનું નામ કેસમાં ઘુસાડવામાં આવ્યું છે.

## કોઈને નહીં બક્ષાય

સંતોષ દેશમુખને ન્યાય મળે તે મારા માટે મહત્ત્વપૂર્ણ છે. મીડિયા સાથે વાત કરતાં તેણે કહ્યું કે, મેં સંતોષ દેશમુખના ભાઈ સાથે ફોન પર વાત કરી છે. મેં તેમને કહ્યું છે કે તમારે કોઈ વાતની ચિંતા ન કરવી જોઈએ. તમામ આરોપીઓ સામે કાર્યવાહી કરવામાં આવશે. આ મામલે કોઈને પણ બક્ષવામાં આવશે નહીં. કોઈનું દબાણ કામ કરશે નહીં. પોલીસ પુરાવાના આધારે કાર્યવાહી કરશે. જ્યાં પુરાવા હશે તેને બક્ષવામાં આવશે નહીં. શું આ કેસમાં ૩૦૨નો કેસ દાખલ થશે? એવા સવાલના જવાબમાં તેમણે કહ્યું હતું કે આ પોલીસનો નિર્ણય છે. પોલીસ પુરાવાના આધારે નિર્ણય લેશે. સીઆઈડીને સ્વાયત્તતા આપવામાં આવી છે. હું રાજકારણમાં જવા માંગતો નથી શું ધનંજય મુંડે આ કેસમાં સામેલ છે? એવા સવાલ પર ફડણવીસે કહ્યું કે હું આ પ્રકરણે રાજકારણ કરવા માગતો નથી. જો પુરાવા હોય તો આપવા વિનંતી છે. કેટલાક લોકો રાજકારણ કરવા માગે છે. તેમનું રાજકારણ તેમને ખુશ રાખે. તેઓએ રાજકારણ કરતા રહેવું. અમારી સ્થિતિ સ્પષ્ટ છે. દિવંગત સંતોષ દેશમુખને ન્યાય જોઈએ છે અને અમે તે અપાવીને રહીશું.

## ફડણવીસ - મુંડે મીટિંગ

કાર્યવાહી પણ શરૂ કરવામાં આવી હતી

દરમિયાન સંતોષ દેશમુખ હત્યા કેસના માસ્ટરમાઈન્ડ વાલ્મિક કરાડનો એક વીડિયો સામે આવ્યો હતો. આ વીડિયોમાં વાલ્મિક કરાડે જણાવ્યું હતું કે તે આત્મસમર્પણ કરી રહ્યો છે.

સીઆઈડી વાલ્મિક કરાડનો પીછો કરી રહી હતી. ૧૧ ડિસેમ્બરે તેની સામે એક છેડતીનો કેસ પણ નોંધવામાં આવ્યો હતો. ત્યારબાદ પણ તે સોશિયલ મીડિયા પર એકદમ એક્ટિવ જોવા મળ્યો હતો. વાલ્મિક કરાડ વિધાન સભાના શિયાળુ સત્ર દરમિયાન નાગપુરમાં કેટલાક લોકોને મળ્યો હતો. જોકે, તેના તરફ કોઈએ ધ્યાન આપ્યું ન હતું.

વાલ્મિક કરાડ નવમી ડિસેમ્બરે પરળીથી નીકળ્યો હતો. ૧૦ અને ૧૧ ડિસેમ્બરે તે દર્શન માટે ઉજ્જૈન ગયો હતો. ૧૧મીએ તેણે સોશિયલ મીડિયા પર એક ફોટો પોસ્ટ કર્યો હતો. ૧૨ ડિસેમ્બરે ભાજપના દિવંગત નેતા ગોપીનાથ મુંડેની જન્મ જયંતી પર તેમણે સોશિયલ મીડિયા પર પોસ્ટ કરી હતી, જેમાં તેનુ લોકેશન પરળી જાણવા મળ્યું હતું ૧૩મી ડિસેમ્બરે તે ક્યાં છે તેની જાણ થઈ નહોતી.

૧૪ ડિસેમ્બરના રોજ વાલ્મિક કરાડે દત્ત જયંતિ પર પોસ્ટ મૂકી હતી. ૧૫ ડિસેમ્બરના રોજ તેણે ધનંજય મુંડે અને પંકજાન મુંડેને મંત્રી પદ માટે શુભેચ્છા પાઠવતી સોશિયલ મીડિયા પોસ્ટ કરી હતી. ૧૬મી એ વાલ્મિક કરાડ મધ્ય પ્રદેશના પંચ અભ્યારણમાં હોવાનું જાણવા મળ્યું હતું. ત્યારબાદ તે ગાયબ થઈ ગયો હતો.

## બુલેટ ટ્રેનના દિવા

ઉપનગરો મુમ્બ્રા, કલવા ઉપનગરોને પણ જોડી શકે છે,' એવી માહિતી તેમણે આપી હતી. શિંદેએ ઉલ્લેખ કર્યો હતો કે, મેટ્રો કનેક્ટિવિટીની સાથે, રાજ્ય ઉપનગરમાં માળખાગત સુવિધા સુધારવા માટે કામ કરી રહ્યું છે, જે હાલમાં નોંધપાત્ર પ્રમાણમાં અનધિકૃત બાંધકામોથી ઘેરાયેલું છે.

## પુણે પાસે રેલવે

ઉપ-વિભાગીય પોલીસ અધિકારી બાપુરાવ દાદા અને ઉરુલી કંચન પોલીસ સ્ટેશનના પોલીસ નિરીક્ષક શંકર પાટીલ ઘટનાસ્થળે પહોંચ્યા હતા અને ઘટનાની તપાસ કરી,સુરક્ષા પગલાં સુનિશ્ચિત કરવા સૂચનાઓ આપી હતી.

ગયા મહિને ઉત્તર પ્રદેશના કાનપુરમાં આવી ઘટનાઓ સામે આવી હતી, જ્યાં ટ્રેનને ઉડાવી દેવાનું કાવતરું ઘડીને પાટા પર ગેસ સિલિન્ડર રાખવામાં આવ્યું હતું.

| મરણ ખબર માટેની સૂચના | મૃત્યુનોંધ સાંજે ૭-૩૦ સુધી જ સ્વીકારવામાં આવશે | (૧) મરનારનું નામ (૨) તારીખ (૩) ઉંમર (૪) ક્યાં ગુજરી ગયા છે એ જગ્યા (૫) માતાનું નામ (૬) પિતાનું નામ (૭) ગમે તે ત્રણ સગાઈ (૮) પ્રાર્થનાસભા સ્થળ, તારીખ, સમય. મૃત્યુનોંધ આપનારે ઉપર જણાવ્યા મુજબની વિગતો જ પોતાના લેટરહેડ પર લખીને આપવાની રહેશે. સગાઈરૂપે લખાયેલાં વધારાના નામોની કાપકૂપ થાય તો એ માટે કોઈ સંવાદને સ્થાન રહેશે નહીં. (૫૦ શબ્દથી વધારે નહીં). - વ્યવસ્થાપક |
|---|---|---|

# અમદાવાદમાં વિરારના ક્રિકેટર આયુષ મ્હાત્રેએ યશસ્વીનો વર્લ્ડ રેકૉર્ડ તોડ્યો!

## સૌથી નાની વયે ૧૫૦+ સ્કોર નોંધાવનાર ખેલાડી બન્યો



અમદાવાદ: અહીં ચાલી રહેલી વિજય હઝારે ટ્રોફી વન-ડે ટૂર્નામેન્ટમાં મુંબઈના ૧૭ વર્ષીય ઓપનર આયુષ મ્હાત્રેએ મુંબઈના જ ખેલાડી યશસ્વી જયસ્વાલનો એક વર્લ્ડ રેકૉર્ડ તોડી નાખ્યો છે. આયુષની ઉંમર ૧૭ વર્ષ અને ૧૬૮ દિવસ છે અને તે લિસ્ટ-એ ક્રિકેટ તરીકે ઓળખાતી ડોમેસ્ટિક વન-ડે ક્રિકેટમાં એક ઇનિંગ્સમાં ૧૫૦-પ્લસ રન બનાવનાર સૌથી યુવાન ખેલાડી બન્યો છે. યશસ્વીએ ૨૦૧૯માં પહેલી વાર લિસ્ટ-એમાં ૧૫૦-પ્લસ રન બનાવ્યા હતા ત્યારે તેની ઉંમર ૧૭ વર્ષ, ૨૯૧ દિવસ હતી. ટીનેજ ઓપનર આયુષ વિરારમાં રહે છે. તે મુંબઈ વતી ડોમેસ્ટિક ક્રિકેટમાં રમે છે અને તે બહુ સારા ફૉર્મમાં છે. તાજેતરમાં ઇરાની કપમાં મુંબઈ ચૅમ્પિયન બન્યું ત્યારે પણ આયુષ મુંબઈની ટીમમાં હતો. તેણે રણજી ટ્રોફીની ડેબ્યૂ મૅચમાં ૭૧ બૉલમાં બાવન રન બનાવ્યા હતા. જોકે બરોડા સામેની એ સીઝનની પ્રથમ મૅચમાં મુંબઈનો પરાજય થયો હતો. ત્યાર બાદ આયુષે મહારાષ્ટ્ર સામેની મૅચમાં ૨૩૨ બૉલમાં ૧૭૬ રન બનાવ્યા હતા જેમાં તેની ચાર સિક્સર અને બાવીસ ફોર સામેલ હતી. તેણે આ સીઝનની શરૂઆતમાં ડિફેન્ડિંગ રણજી ચૅમ્પિયન મુંબઈ વતી ડેબ્યૂ કર્યું હતું.

રાઇટ-હૅન્ડ બૅટર આયુષે ગઈકાલે અમદાવાદમાં નાગાલૅન્ડ સામેની વિજય હઝારે ટ્રોફી મૅચમાં જબરદસ્ત ફટકાબાજી કરી હતી. આયુષે ૧૧૭ બૉલમાં અગિયાર સિક્સર અને પંદર ફોરની મદદથી ૧૮૧ રન ખડકી દીધા હતા. શાર્દુલ ઠાકુર મુંબઈનો કૅપ્ટન છે અને તેણે પણ જોરદાર હિટિંગ કર્યું હતું. તેણે માત્ર ૨૮ બૉલમાં આઠ સિક્સર અને બે ફોર સાથે અણનમ ૭૩ રન બનાવ્યા હતા. મુંબઈએ આ વન-ડેમાં ૫૦ ઓવરમાં સાત વિકેટે ૪૦૩ રન ખડકી દીધા હતા અને પછી જગદીશ સુચિથના ૧૦૪ રન છતાં નાગાલૅન્ડને ૫૦ ઓવરમાં નવ વિકેટે બનેલા ૨૧૪ રન સુધી સીમિત રાખ્યું હતું અને ૧૮૯ રનથી વિજય મેળવ્યો હતો.

શાર્દુલે સૌથી વધુ ત્રણ વિકેટ અને રૉયસ્ટન ડાયસ તથા સૂર્યાંશ શેડગેએ બે-બે વિકેટ લીધી હતી. આયુષને મૅન ઑફ ધ મૅચનો અવૉર્ડ અપાયો હતો. ■

# મયંક અગરવાલની અમદાવાદમાં હૅટ-ટ્રિક સેન્ચુરી, સિલેક્ટર્સને વિચારતા કરી દીધા

## ટેસ્ટ ટીમમાંથી બાકાત અને આઇપીએલમાં અનસૉલ્ડ આ ઓપનરે વિજય હઝારે ટ્રોફીમાં ત્રીજી સદી ફટકારી




અમદાવાદ: એક તરફ ભારતીય ટેસ્ટ-ટીમ ઑસ્ટ્રેલિયામાં સિરીઝની હારથી બચવા ભારે સંઘર્ષ કરી રહી છે ત્યાં બીજી બાજુ અમદાવાદમાં વિજય હઝારે ટ્રોફીમાં ટેસ્ટ-ક્રિકેટ રમી ચૂકેલો ૩૩ વર્ષીય ઓપનિંગ બૅટર મયંક અગરવાલ સેન્ચુરી પર સેન્ચુરી ફટકારી રહ્યો છે. તેણે ગઈકાલે અહીં સદીની હૅટ-ટ્રિક કરી હતી. એક સમય હતો જ્યારે મયંક ભારતીય ટેસ્ટ ટીમનો મહત્ત્વનો હિસ્સો હતો, પણ શું રાજકારણ રમાયું કે પોણાત્રણ વર્ષથી તેને ટીમથી દૂર કરી દેવાયો છે. બેન્ગલૂરુના ફાંકડા ફટકાબાજ મયંકે વિજય હઝારે ટ્રોફીમાં કર્ણાટક વતી ૨૬મી ડિસેમ્બરે પંજાબ સામે ૧૦૯.૪૪ના સ્ટ્રાઇક રેટ સાથે ૧૨૭ બૉલમાં ત્રણ સિક્સર અને સત્તર ફોરની મદદથી મૅચ-વિનિંગ ૧૩૯ રન કર્યા, ૨૮મી ડિસેમ્બરે અમદાવાદમાં જ અરુણાચલ પ્રદેશ સામે ફક્ત ૪૫ બૉલમાં સાત સિક્સર અને સાત ફોરની મદદથી અણનમ ૧૦૦ રન બનાવીને એમાં પણ કર્ણાટકને વિજય અપાવ્યો હતો અને ગઈકાલે હૈદરાબાદ સામે ૧૧૨ બૉલમાં બે સિક્સર, પંદર ફોર સાથે ૧૨૪ રન ખડકી દીધા. ભારત વતી ૨૧ ટેસ્ટ ઉપરાંત પાંચ વન-ડે રમી ચૂકેલા મયંકે અગાઉ ભારતને કેટલીક મૅચોમાં વિજય અપાવ્યો હતો. ઑસ્ટ્રેલિયામાં ચેતેશ્વર પુજારા, અજિંક્ય રહાણે ઉપરાંત મયંક અગરવાલ જેવા ભરોસાપાત્ર બૅટરની ખાસ જરૂર હતી એ વાત સાથે કોઈ પણ સહમત થશે. એમાં હવે તેણે બૅક-ટુ-બૅક ત્રણ સદી ફટકારીને સિલેક્ટર્સને જરૂર વિચારતા કરી દીધા હશે. છેલ્લે ૨૦૨૦માં ભારત વતી વન-ડે રમનાર મયંકને આઇપીએલના ઑક્શનમાં આ વખતે એકેય ટીમે નહોતો ખરીદ્યો. ■

### સૌરાષ્ટ્રનો પંજાબ સામે પરાજય

અમદાવાદમાં પંજાબે (૪૨૪/૫) અભિષેક શર્માના ૯૬ બૉલમાં બનેલા ૧૭૦ રનની તેમ જ પ્રભસિમરન સિંહના ૯૫ બૉલમાં બનેલા ૧૨૫ રનની શાનદાર ફટકાબાજી બાદ સૌરાષ્ટ્ર (૫૦ ઓવરમાં ૩૬૭/૧૦)ને હરાવ્યું હતું. સૌરાષ્ટ્ર વતી હાર્વિક દેસાઈએ ૫૯ રન, અર્પિત વસાવડાએ ૧૦૪ રન અને જયદેવ ઉનડકટના ૪૮ રન બનાવ્યા હતા છતાં પંજાબે વિજય મેળવ્યો હતો. પંજાબના સન્વિર સિંહે ૩૭ રનમાં ત્રણ વિકેટ લીધી હતી.

### મયંકની સદી છતાં હૈદરાબાદનો વિજય

મયંક અગરવાલના ૧૨૪ રનની મદદથી કર્ણાટકે ૫૦ ઓવરમાં આઠ વિકેટે ૩૨૦ રન બનાવ્યા એના જવાબમાં હૈદરાબાદે થર્ડ-લાસ્ટ બૉલમાં લક્ષ્યાંક મેળવીને રોમાંચક વિજય મેળવ્યો હતો. હૈદરાબાદે ૪૯.૪ ઓવરમાં તન્મય અગરવાલના ૩૫ રન, તિલક વર્માના ૯૯ રન અને એલ્ગેની વરુણ ગૌડના અણનમ ૧૦૯ રનની મદદથી સાત વિકેટે ૩૨૨ રન બનાવીને જીત હાંસલ કરી હતી. એ સાથે, મયંકની હૅટ-ટ્રિક સેન્ચુરી એળે ગઈ હતી.





# ૧૩ વર્ષના વૈભવનો વધુ એક વિક્રમ

હૈદરાબાદ: અહીં મંગળવારે વિજય હઝારે ટ્રોફીમાં બરોડા (૪૯ ઓવરમાં ૨૭૭/૧૦)નો બિહાર (૫૦ ઓવરમાં ૨૪૧/૯)નો ૩૬ રનથી રોમાંચક વિજય થયો હતો, પરંતુ આ મૅચમાં બિહારનો ૧૩ વર્ષની ઉંમરનો બૅટર વૈભવ સૂર્યવંશી વધુ છવાઈ ગયો હતો. બરોડાના કૅપ્ટન કૃણાલ પંડ્યાના બૉલમાં આઉટ થયો એ પહેલાં તે (વૈભવ) લિસ્ટ-એ ફૉર્મેટમાં સૌથી નાની ઉંમરે હાફ સેન્ચુરી ફટકારનાર ભારતીય ખેલાડી બન્યો હતો. આઇપીએલના ઑક્શનમાં તે ખરીદવામાં આવેલો યંગેસ્ટ ખેલાડી બની ચૂક્યો છે. રાજસ્થાને તેને ૧.૨૦ કરોડ રૂપિયામાં મેળવ્યો છે. વૈભવે ૪૨ બૉલમાં ચાર સિક્સર અને આઠ ફોરની મદદથી ૭૧ રન બનાવ્યા હતા. જોકે તેની એ વિક્રમજનક હાફ સેન્ચુરી બિહારને વિજય નહોતી અપાવી શકી, કારણકે બરોડાના લેફ્ટ-આર્મ સ્પિનર નિનાદ રાઠવાએ ૨૮ રનમાં ચાર વિકેટના તરખાટ સાથે બિહારને અંકુશમાં રાખ્યું હતું. બીજા લેફ્ટ-આર્મ સ્પિનર ભાર્ગવ ભટ્ટે બે વિકેટ લીધી હતી. ■

# મેલબર્નમાં ભારત-ઑસ્ટ્રેલિયા ટેસ્ટ કરતાં ભારત-પાકિસ્તાન ટી-૨૦માં વધુ પ્રેક્ષકો!

મેલબર્ન: ૧૮૭૭માં સૌથી પહેલી ટેસ્ટ-મૅચ મેલબર્ન ક્રિકેટ ગ્રાઉન્ડ પર રમાઈ હતી અને સોમવારે ભારત એક તરફ એ મેદાન પર બૉક્સિંગ-ડે ટેસ્ટના વિજયની હૅટ-ટ્રિક નોંધાવવામાં નિષ્ફળ રહ્યું ત્યાં બીજી તરફ આ સ્ટેડિયમમાં એક ટેસ્ટના પાંચ દિવસ દરમ્યાન આવેલા કુલ પ્રેક્ષકોની સંખ્યાનો ૮૭ વર્ષ જૂનો રેકૉર્ડ તૂટ્યો હતો. મેલબર્નમાં ભારત-ઑસ્ટ્રેલિયા ટેસ્ટ કરતાં ભારત-પાકિસ્તાન ટી-૨૦માં વધુ પ્રેક્ષકો આ ઐતિહાસિક સ્ટેડિયમમાં ભારત-ઑસ્ટ્રેલિયા કરતાં ભારત-પાકિસ્તાન મૅચ જોવામાં વધુ લોકોએ રસ બતાવ્યો છે. જાન્યુઆરી ૧૯૩૭માં ડૉન બ્રેડમૅનના નેતૃત્વમાં ઑસ્ટ્રેલિયાનો ઇંગ્લૅન્ડ સામે જે ટેસ્ટમાં મુકાબલો થયો હતો એ જોવા કુલ મળીને ૩,૫૦,૫૩૪ પ્રેક્ષકો આવ્યા હતા, જ્યારે સોમવારે ઑસ્ટ્રેલિયાના વિજય સાથે પૂરી થયેલી ટેસ્ટ દરમ્યાન કુલ મળીને ૩,૭૩,૬૯૧ પ્રેક્ષકો આવ્યા હતા. ૧૯૩૭ની બ્રેડમૅનવાળી ટેસ્ટ છ દિવસની હતી. કુલ સાત દિવસીય ટેસ્ટમાં ત્રીજો દિવસ રેસ્ટ-ડે હતો અને બાકીના છએ છ દિવસે રમત થઈ હતી. બ્રેડમૅનની ટીમે એ ટેસ્ટ ૩૬૫ રનથી જીતી લીધી હતી. ભારત-ઑસ્ટ્રેલિયાની સોમવારે પૂરી થયેલી બૉક્સિંગ-ડે ટેસ્ટની વાત પર પાછા આવીએ તો એમાં મેલબર્ન સ્ટેડિયમમાં પહેલા દિવસે ૮૭,૨૪૨, બીજા દિવસે ૮૫,૧૪૭, ત્રીજા દિવસે ૮૩,૦૭૩, ચોથા દિવસે ૪૩,૮૬૭ અને પાંચમા દિવસે ૭૪,૩૬૨ પ્રેક્ષકો આવ્યા હતા.

ભારત-ઑસ્ટ્રેલિયા ટેસ્ટના પાંચમાંથી પ્રથમ દિવસે સૌથી વધુ ૮૭,૨૪૨ પ્રેક્ષકો આવ્યા હતા. એની તુલનામાં ૨૦૨૨ના ટી-૨૦ વર્લ્ડ કપ વખતે મેલબર્નમાં ભારત-પાકિસ્તાનનો મુકાબલો જોવા ૯૦,૨૯૩ પ્રેક્ષકો આવ્યા હતા. એ તો ઠીક, મેલબર્નમાં ભારત-ઝિમ્બાબ્વે મૅચ જોવા ૮૨,૫૦૭ પ્રેક્ષકો ઊમટ્યા હતા. ■

# કાંબળી તબિયત સારી થતાં જ નાચવા લાગ્યો



થાણે: ભારતનો વીતેલા વર્ષોનો સ્ટાર-ક્રિકેટર વિનોદ કાંબળી થાણે જિલ્લામાં ભિવંડીની આકૃતિ હૉસ્પિટલમાં હવે સારવાર મળ્યા બાદ તબિયત સારી થઈ જતાં ખુશમિજાજમાં છે અને એક તબક્કે તો તે હૉસ્પિટલમાં ખુશ થઈને નાચી ઊઠ્યો હતો. જાણીતા ગીતની ધૂન પર ડાન્સ કરી રહેલા કાંબળીનો વીડિયો વાયરલ થયો છે. કાંબળીને આનંદિત મૂડમાં જોઈને હૉસ્પિટલના સ્ટાફ મેમ્બરો તો પ્રભાવિત થયા જ છે, સોશિયલ મીડિયા પર કાંબળીના ચાહકોએ પણ ખુશી વ્યક્ત કરી છે. બાવન વર્ષના કાંબળીએ યુરિનમાં થયેલા ઇન્ફેક્શન તેમ જ સ્નાયુઓમાં થતી કળતરને લગતી સારવાર લીધી છે. ૨૧મી ડિસેમ્બરે તેને આ હૉસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યો હતો અને તેના શરીર સંબંધિત કેટલીક ચકાસણીઓ થતાં ડૉક્ટરને જાણવા મળ્યું હતું કે તેના મગજમાં લોહીના ગઠ્ઠા જામી ગયા છે.

કાંબળી ભારત વતી ૧૭ ટેસ્ટ અને ૧૦૪ વન-ડે રમ્યો હતો. તેને ખરાબ ફૉર્મને કારણે ઘણી વાર ટીમમાંથી પડતો મૂકવામાં આવ્યો હતો. કાંબળીની તબિયત સારી થતાં તેના ચાહકોએ સોશિયલ મીડિયામાં જે આનંદ વ્યક્ત કર્યો એના જવાબમાં કાંબળીએ લખ્યું છે કે 'હું તમારા બધાના પ્રેમ અને શુભેચ્છાને કારણે જ હવે સારી હાલતમાં છું.' ■

















# ટ્રેવિસ હેડની અશ્લીલ હરકત બદલ નવજોત સિદ્ધુએ કડક સજા કરવા આઈસીસીને અપીલ કરી

નવી દિલ્હી: ઑસ્ટ્રેલિયાની ટીમ સોમવારે મેલબર્નમાં ભારત સામેની ચોથી ટેસ્ટ (બૉક્સિંગ-ડે ટેસ્ટ) જીતવાની અને સિરીઝમાં ૨-૧થી સરસાઈ મેળવવાની તૈયારીમાં હતી ત્યારે ઑસ્ટ્રેલિયન ખેલાડીઓનો અહંકાર ચરમસીમાએ હતો. રિષભ પંત જ્યારે મિચલ માર્શના હાથમાં કૅચઆઉટ થયો ત્યારે ટ્રેવિસ હેડે બે હાથે જે અશ્લીલ ચેનચાળો કર્યો એનાથી કરોડો ભારતીયોનું મન ઘવાયું હશે. નવજોતસિંહ સિદ્ધુએ ટ્રેવિસને આ ગંદી હરકત બદલ કડક સજા કરવાની આઈસીસીને અપીલ કરી છે.



ટ્રેવિસ હેડે બન્ને હાથે વારંવાર જે બીભત્સ સંકેત બતાવ્યો એ વિશે સોશિયલ મીડિયામાં ભારતીય ક્રિકેટ ચાહકો તથા ભૂતપૂર્વ ભારતીય ક્રિકેટર્સે સખત ટીકા કરી છે.

નવાઈની વાત એ છે કે ત્રણ મહિના પછી આ જ નફ્ફટ ટ્રેવિસ હેડનું આઈપીએલમાં સ્વાગત થશે. સનરાઇઝર્સ હૈદરાબાદના ફ્રેન્ચાઈઝીએ તેને રીટેન કર્યો છે અને ૨૦૨૫ની આઈપીએલ રમવાના તેને ૧૪ કરોડ રૂપિયા આપશે.

ઑસ્ટ્રેલિયાના કેપ્ટન પૅટ કમિન્સે ટ્રેવિસ હેડની આ ગંદી હરકતને પત્રકાર પરિષદમાં રમૂજમાં ખપાવી દીધી હતી.


સિદ્ધુએ 'એક્સ' પર કહ્યું છે કે 'ટ્રેવિસનો આ ગંદો ઈશારો ૧.૫ અબજ ભારતીયોનું ઘોર અપમાન છે. ક્રિકેટ જેન્ટલમેન્સ ગેમ છે જેની મૅચ યુવાન પુરુષો ઉપરાંત મહિલાઓ, બાળકો અને વૃદ્ધો પણ જોતાં હોય છે. ક્રિકેટના મેદાન પરથી આવો અશ્લીલ ચેનચાળો થાય એ સાંખી જ ન લેવાય. ટ્રેવિસને આઈસીસીએ એવી કડક સજા કરવી જોઈએ કે જેથી ભવિષ્યમાં બીજું કોઈ આવી હરકત કરવાનું વિચારે પણ નહીં.'

ઉલ્લેખનીય છે કે ૨૦૨૩માં અમદાવાદમાં ઑસ્ટ્રેલિયાએ ભારતને વન-ડે વર્લ્ડ કપની ફાઈનલમાં હરાવી દીધું ત્યાર બાદ ઑસ્ટ્રેલિયન ઑલરાઉન્ડર મિચલ માર્શ આઈસીસી ટ્રોફી પર બન્ને પગ રાખીને બેઠો હતો અને તેની એ અપમાનજનક હરકતનો ફોટો આખી દુનિયાએ જોયો હતો.

ટ્રેવિસ હેડે ખુલાસામાં કહ્યું છે કે 'ફિંગર ઑન ધ આઇસ'ની આ ઍક્શન હું થોડા વર્ષોથી સેલિબ્રેશનના સમયે કરું છું. હવે ભવિષ્ય માટે તૈયાર થઈ જાઓ એવો સંકેત આપતી આ ઍક્શન મેં શ્રીલંકાની ટૂરમાં શરૂ કરી હતી. ■







## !? ૫. અંગત

### કાનૂની કામો
તમામ પ્રકારની કાનૂની સેવાઓ માટે વકીલ સાહેબનો સંપર્ક કરો. - 9820765812. (બી-૧૫૩૩૬)

## ૭. ખુશખબર

### સીનીયર સીટીઝન
રોજના ૪૦૦ ટિફિન જાય છે સંપૂર્ણ મુંબઈમાં. ૬૫ કે તેથી વધુ વયના વરિષ્ઠ નાગરિકોને નિ:શુલ્ક બપોરનું ટિફિન પહોંચાડશું. શ્રીમતી કુમુદ હિતેશ ચુનીલાલ પોપટલાલ ગુટકા પ્રભાદેવી 9819006404. (એસડીબી-૨૩૩૯)

## ૯. લગ્ન સંબંધી

### બ્રાહ્મણ સેવા સમાજ
૪૯મું વર્ષ ૧૦૬મો પરિચય મેળો તા. 09/02/25 મલાડ ખાતે પ્રવેશ ફી યુવક Rs. 500/- યુવતી Rs. 300/-. સંપર્ક: અલકેશભાઈ વ્યાસ- 8779177080, જય- 9870756615, દિપકભાઈ- 8828221010. (દહેજ નહીં). (૧૫૨૦૬-ડી)

■ સુંદર ગરીબ મરાઠી કન્યા ઉંમર - 28, 5'.3" શિક્ષણ 12મી, નાના છોકરાના કલાસીસ લે છે. પગાર - 15,000/-, છોકરીના માં બાપ નથી, મામા મામી સાથે રહે છે, જાતિની શરત નથી, નિર્વ્યસની છોકરો જોઈએ, : તરત લગ્ન - 8983174198. (દહેજ નહીં). (બી-૧૫૩૩૩)

## ૧૦. મહિલાઓ માટે

### કાનનાં મોટાકાણાં
દવાથી એક જ સીટીંગમાં પુરાવો તરત બુટ્ટી પહેરો. નાક કાન વિંધાવો. બોરીવલી: 9969388693/ 7506569229. (બી-૧૫૨૩૯)

### મહેમાનોનો ઉતારો
બાપલી બંગલો રોજના ધોરણેથી બોરીવલી/કાંદિવલીમાં, બર્થડે, સગાઈ, પાર્ટી, એક્ઝિબિશન માટે 9821112796. (૧૫૪૨૯-સી)

## ૧૨. યાત્રા સહેલગાહ

### નિ:શુલ્ક જાત્રા
મુંબઈમાં ૬૫ વર્ષ ઉપરના માટે એક દિવસીય નેરુલ લોનાવાલામાં જૈન દેરાસર જાત્રા શ્રીમતી કુમુદ હિતેશ ચુનીલાલ પોપટલાલ ગુટકા ૭૩૦૪૪૭૨૫૮૧. (એસડીબી-૨૩૩૮)

### તુષારભાઈ
નેપાળ મુક્તિનાથ દિવસ 9. ગંગાસાગર દિવસ 10. ઉત્તરાખંડ ચારધામ દિવસ 13. (મહારાજા ટીટી) દેવીબેન પ્રવાસ 9833730639. (૧૫૪૨૯-ઈ)

### શ્રીયમુના
કચ્છ રણોત્સવ, તીરૂપતિ રામેશ્વર, કન્યાકુમારી, ત્રિવેન્દ્રમ, અયોધ્યા, બનારસ, નેપાળ, 9892377559. (૧૫૩૧૧-એ)

### કેદારનાથ
કેદારનાથ હેલિકોપ્ટર બુકિંગ ચારધામ યાત્રા માટે રજિસ્ટ્રેશન, કેદારનાથ બદ્રીનાથ દર્શન બુકિંગ, વૈષ્ણોદેવી દર્શન અને હેલિકોપ્ટર બુકિંગ, તિરુપતિ દર્શન અને રૂમ બુકિંગ, મહાકાલેશ્વર ભસ્મ આરતી બુકિંગ, SOU એન્ટ્રી ટિકિટ બુકિંગ, રામ જન્મભૂમિ દર્શન બુકિંગ, ટ્રેન અને ફલાઈટ ટિકિટ બુકિંગ, ગુલમર્ગ ગંડોળા બુકિંગ 8097396999. (૧૫૪૧૫-એ)

## ૧૪. નોકરી ખાલી છે

**■ ઘાટકોપર રાજાવાડી માટે કમસે કમ ૧૦ વરસનો અનુભવી કાર ડ્રાયવર જોઈએ છે પગાર ૧૦ કલાકના ૧૮૦૦૦ કોન્ટેક 9820051639. (૧૫૪૪૨-એ)**

### REQUIRED
Male / Female having 3 years of experience in Tally for Billing purpose. Office location Wadala East. Contact 022-24193501 or email: kamlesh@network-india.com (SK-2319-A)

WANTED CANDIDATE KNOWING Computer and ai/part time / 9223472294. (B-15338)


મુંબઈ સમાચાર

વાચકોને આથી ભલામણ કરવાની કે આ પ્રકાશનમાં પ્રસિદ્ધ થતી કોઈપણ જાહેરખબરના સંદર્ભમાં પૈસા મોકલતા અગાઉ કે તબીબી ભલામણના આધારે થતા ખર્ચ અથવા તો તેવા જ પ્રકારની કોઈપણ વચનપૂર્તિ કરતા અગાઉ અધિકૃત પૂછપરછ અને સલાહ લેવી. મુંબઈ સમાચાર જૂથ જાહેરાતની કોઈપણ સેવા કે ઉત્પાદનો અંગે કોઈ જ દાવાની ચકાસણી કરતું નથી. પ્રીન્ટર, પબ્લિશર, તંત્રી, મુંબઈ સમાચાર જૂથ પબ્લિકેશનનાં માલિકો તેનાથી ઉપસ્થિત થતાં કોઈપણ પરિણામ કે દાવા જો જાહેરાતકારો નકારે તો તેની જવાબદારી લેશે નહીં.

email id for advertisement: samacharadvt@gmail.com


## ૧૭. જગ્યા આપવી છે

### અંધેરી (વેસ્ટ)
1 BHK ગંગા વિહાર ઓનરશીપ ૧.૭૦ કરોડ તેમજ ૧ થી ૪ BHK પંચવટી, ગુલશન, હિમાયલ, ગ્રીન કોર્ટ, લાલુભાઈ પાર્ક, એસ. વી. રોડ, પાર્લે વેસ્ટ, જુહુ, જુહુ સ્કીમ. ઓનરશીપ / લીવ લાયસન્સથી. ગૌતમ જોશી 9322236433 / 9821069632. (૧૫૪૨૦-એ)

### મલાડ (વેસ્ટ)
શ્રી દિશા દર્શન નવા ટાવરમાં 1 બેડરૂમ 1.15 + 2 બેડરૂમ 1.77 + જૈન દેરાસર 1 મિનિટ પઝેશન માર્ચ 2025 નડિયાદવાળા કોલોની નંબર 2 સાઈટ 7977031254. (જેપી-૪૯૬૨-બી)

### નેપેન્સી
3 બેડરૂમ 2200' લીવ લાયસન્સથી સીફેસીંગ ભાડુ 5,25,000/= નેગોશીએબલ - 9820068382. (૧૫૩૧૦-ઈ)

### વાલકેશ્વર
3 બેડરૂમ 925' કાર્પેટ- પાર્કીંગ- 5,25,00000/= નેગોશીએબલ શાહ - 9820068382. (૧૫૩૧૦-ડી)

### નેપેન્સી
3 બેડરૂમ - 2200' - કાર્પેટ - 3 પાર્કિંગ- સી. ફેસીંગ ફરનીસ્ટ - 9820068382. (૧૫૩૧૦-સી)

### તારદેવ
2 બેડરૂમ - 800' - કાર્પેટ - પાર્કિંગ - 3,50,00000/= નેગોશીએબલ - શાહ - 9820068382. (૧૫૩૧૦-બી)

### ચર્નીરોડ
2 બેડરૂમ - 950' - જૂનું ભાડું - 2,70,00000/= નેગોશીએબલ. શાહ - 9820068382. (૧૫૩૧૦-એ)

### પરેલ/શિવરી
અશોક ગાર્ડન્સ / ટાવર્સ ૨/૩/૪/૫ બેડરૂમ લેવા/વેચવા/ભાડેથી - ૯૬૧૯૦૧૪૫૫૫ / ૯૮૨૧૦૧૪૫૫૫. (બી-૧૫૧૮૦)

### બાંદ્રા (વેસ્ટ)
ટર્નર રોડ લિવલાયસંસ 2 BHK સેમી ફર્નિશ્ડ મહિને 90000/- ખાર લિંકિંગ રોડ 3 BHK ફર્નિશ્ડ પાર્કિંગ ડુપ્લેક્ષ ફલેટ મહિને 1,60,000/ - તુરંત કબજો. 98202 96693. ''કટારિયા એજન્ટ''. (૧૫૪૨૬-એ)

### ઘાટકોપર ઈસ્ટ નીલકંઠ વેલી
૧ થી ૫ બેડરૂમના લકઝરીયસ ફલેટસ પ્રાઈમ લોકેશન રેડી કબજો હિતેશભાઈ 9920927958, 9820008003. (૧૫૪૨૪-ડી)

### ઘાટકોપર ઈસ્ટ, વેસ્ટ
૧ થી ૫ બેડરૂમના લકઝરીયસ ફલેટસ તથા ઓફિસ, દુકાન રેડી, બંધાતામાં લેવા, વેચવા, ભાડેથી હિતેશભાઈ 9920927958, 9820008003. (૧૫૪૨૪-એ)

### ખાર (વેસ્ટ)
ફક્ત ગુજરાતી માટે ૬ બેડરૂમ, ૬ બાથરૂમ, ૨ કિચન, સ્પેશીયસ હોલ, સેપરેટ સર્વન્ટ ટોયલેટ, ૪ પાર્કિંગ, એરિયા ૨૩૦૦' કારપેટ, એરકંડીશન્ડ લોબી, જીમ, સેપરેટ સોસાયટી ઓફિસ, તદ્દન નવું બિલ્ડિંગ, વેચાણથી. ''ઓનર'' - 9820156133. (બી-૧૫૨૫૩)

### પ્રભાદેવી
ડુપલેક્ષ ફલેટ 1640' કાર્પેટ, 2 ગાડી પાર્કિંગ- લીફ્ટ-ઓનરશીપ-લોમેન્ટેનન્સ (8.50 Cr.) ''જીતુભાઈ'' 9869322453. (૧૫૩૦૦-એ)

■ સાન્તાક્રુઝ / પાર્લા વેસ્ટ 2 બેડ ભાડેથી સ્ટેશન દેરાસર નજીક - 7045622403. (બી-૧૫૨૭૯)

### ઘાટકોપર વેસ્ટ કામાલેન
1 RK + 1 BHK જોડી પ્રાઈમ લોકેશન રેડી કબજો લેવા હિતેશભાઈ 9920927958, 9820008003. (૧૫૪૨૪-સી)

### લીઝ ફલેટો
૨/૩/૪ બેડરૂમ ફર્નિશ્ડ ફલેટો લીઝ ૩ બેડરૂમ ઓનરશીપ જુહુધારા કોમ્પલેક્ષ જેવી લીંકરોડ ૧ બેડરૂમ જુહુ ગ્રીનફિલ્ડ ૪ બેડરૂમ પાર્લા (વેસ્ટ) લીઝ, બી. નરેન્દ્ર જોશી ૯૮૨૦૨૯૪૯૨૨, ૯૧૬૭૩૦૯૮૬૯, ૯૮૯૨૨૯૭૭૭૫. વિષાલ. (૧૫૪૩૨-એ)

### બોરીવલી (વેસ્ટ) હરિદાસ નગર
**3 બેડરૂમ LUXURIOUS AMENITIES, 1283' રેરા કારપેટ, હાયર ફ્લોર, રેડી, OC સાથે. 9819810215 / 9769622033 / 022 - 28995592. (સમય 11 થી 6). (૧૫૪૩૧-એ)**

### ઘાટકોપર
ફ્લેટ્સ, ઓફિસ, શોપ ભાડેથી વેચાણથી લેવા આપવા સંપર્ક મણીયાર 9869051038. (૧૫૪૪૧-એ)

### વોર્ડન રોડ
''નાનીક નિવાસ'' લિવલાયસંસ 3 BHK સર્વન્ટ રૂમ બ્યુટીફૂલ્લી ફર્નિશ્ડ ક્લોઝડ ગેરેજ, મહિને ૨,૪૦,૦૦૦/- તુરંત કબજો. 98202 96693. ''કટારીયા એજન્ટ''. (૧૫૪૪૦-એ)

### બોરીવલી (વેસ્ટ)
**સ્ટેશનની બાજુમાં, નાટકવાલા લેન, 2 બેડરૂમ, 657' કારપેટ (TOP FLOOR - 15th) નવા બિલ્ડીંગમાં, (1.85 CR) OWNER :- 9819303699. (૧૫૪૩૯-એફ)**

### ''ફાયદામાં'' બોરીવલી (વેસ્ટ)
શીંપોલી રોડ, ''મોદી વોલ્ગા'', નવા ટાવરમાં 2 બેડરૂમ (617'), 1,90,00,000/- ''અતુલ સંગોઈ એસોસીએટસ'' - 9820203032. (૧૫૪૩૯-એ)

## ૧૭. જગ્યા આપવી છે

### મલાડ વેસ્ટ
2 BHK ફુલ્લી ફર્નીશ્ડ 850' કાર્પેટ, વાસ્તુ પ્રમાણે, દેરાસર મંદિરની બાજુમાં લેવા ત્રંબક પારેખ એન્ડ એસોસિએટ સોનલ 9322493021, રાહુલ 7045440560 (રક્ત, ચક્ષુ, દેહદાન અવશ્ય કરો). (૧૫૪૪૪-એ)

**2 BHK FLAT ON 3RD FLOOR in Juhu Tara, Kishore Kumar Lane for Rent, Rs. 1 Lac negotiable, No Lift, No Parking. Contact - 9869960115 / 9920022074. (B-15332)**

### KHETHWADI
For Sale / Rent 1 BHK (560'} 2 BHK (530'} Jodi Flat, 2nd Floor, Ownership, Lift available. Vijay Realtors 9224214227. (15411-C)

### "PRABHADEVI"
**"Sea View - Fully Furnished 2/3 Bedroom Flats available." "Akruti Builders" - 8591254627. (15401-A)**

### JUHU SCHEME
**Available 4 BHK 2500' Higher Floor Sea Views, New Building with Amenities Ready Possession. Rajnikant - 8657131155. (B-15300)**

### JUHU SCHEME
**Available 4 BHK 2600' Higher Floor Sea View New Building with Amenities Ready Possession. Rajnikant - 8657131155. (B-15301)**

## ૧૯. ફેક્ટરી વર્કશોપ

### વસઈ
ઈન્ડસ્ટ્રીયલ ગાળા પ્લોટ લેવા/ વેચવા/ ભાડેથી રુષભ ઉપાધ્યાય 9049625073/ હિતેશ ઉપાધ્યાય 9326470109. (એસડીબી-૨૩૦૭)

### વસઈ
**ઈન્ડસ્ટ્રીયલ ગાળા લેવા-વેચવા-ભાડેથી વિશ્વસનીય નામ રાજેશ દડિયા 9326495003. (એસડીબી-૨૨૭૨)**

## ૨૦. ધંધાદારી જગ્યા

### Juhu Scheme ભાડેથી
Shop 240' carpet વૈશાલી શોપિંગ, આપવાની છે. યશ મહેતા: 9833766747. (૧૫૪૨૭/એ)

### ગોદામો / દુકાનો / ઓફિસો
મસ્જિદબંદર સેમ્યુઅલસ્ટ્રીટ, નાની મોટી જગ્યાઓ, લેવા/વેચવા ઓનરશીપ/ભાડેથી, રેડીકબ્જો સંપર્ક મહેશ શાહ: 9820253026 / 23422261. (એસડીબી-૨૩૪૬)

### બોરીવલીમાં
**ઓફિસ ભાડે 680'- L.T. Road, Friene's Business Bay. માલાબાર જ્વેલર્સને ઉપર બોરીવલી (W) નવું બિલ્ડિંગ, પાર્કિંગ સાથે, 5 લિફ્ટ, સંપર્ક: કમલેશ-9223244209. (એસડીબી-૨૩૪૧)**

**■ કાલબાદેવી રોડ પર શોરૂમ ટચીંગ મેઈન રોડ, મેટ્રો સિનેમાથી ૩જું બીલ્ડીંગ ગ્રાઉન્ડ ૫૦૦ + મેઝનીંગ ઊંચાઈ ૭ ફૂટ ૬૫૦ ચો. ફૂટ બે બાથરૂમ્સ, કારપેટ ૧૧૫૦, ૨૪ કલાક પાણી, વેચાણ માટે ૯૮૨૦૦ ૮૧૬૬૮. (એસડીબી-૨૩૩૬)**

### પ્રિન્સેસ સ્ટ્રીટ
ઓફીસ 461/1300 સ્કે. ફીટ, વકીલ/ સી.એ./ દવા બજાર/ કાપડ બજાર/ ઈલેક્ટ્રીક બજાર પાસે. પાર્કિંગ સાથે આપવાની છે. હરેશ- 9821030822. (૧૫૨૯૮/સી)

### દુકાન- ચકલા સ્ટ્રીટ
એરિયા 750, રોડટચ, હોઝયરી, ક્રોકરી, પરફ્યુમ બોટલ, રેડીમેડને ખાસ લાયક લેવા વેચાણથી/ ભાડેથી, રેડીકબ્જો સંપર્ક મહેશ શાહ: 9820253026 / 23422261. (એસડીબી-૨૩૪૭)

### પ્રાર્થના સમાજ
ઓફિસ - ૨૨૫' કાર્પેટ, ઓનરશીપ નવજીવન સોસાયટી ૧ બેડરૂમ ૫૫૦' કાર્પેટ, ઓનરશીપથી 9820034317. (બી-૧૫૩૩૫)

### LOWER PAREL
1200 sqft Office available for Leave & Licence. Only WhatsApp 7304472581 (Owner). (SDB-2340)

### "PRITHVI"
**Offers on O/R Shop abt 463 Carpet, Ground Floor, in Kalbadevi's Utensils Market Near Surti Hotel. 9820149838 / 9869070183. (JP-4962-A)**

### RENTED PREMISES
**Required Rented Premises for Reputed Ayurvedic Panchkarma Centre. Location Borivali (W) / Goregaon (W) (Elite Locality, Main Road with High Computer Traffic) area 900 - 1200 sq. feet. Ground / First Floor, Front Facing Commercial Property with Lift / Permission for 4 Bathroom (If not built), 1-2 Parking Spaces and Allowance for Hoarding / Display Board. Property Owner / Broker Welcome. Contact: 8291967915. (15421-A)**

## ૨૩. મનોરંજન

### ''બજેટ મુજબ''
''દાંડિયા'', ''સંગીતસંધ્યા'', ''લગ્નગીત'', ''બર્થડે'', ''એનિવર્સરી'', ''પ્રાર્થના''. ''કમલેશ માંડલિયા'' - 9820889938. (૧૫૪૪૩-એ)

## ૨૪. વાહન/મોટરકાર સંબંધી

### ટેન્કર જોઈએ
(10 ટાયરવાળા) વોટર સપ્લાયના બિઝનેસ માટે ટેન્કર જોઈએ. 9821242740/ 9321242740. (૧૫૪૩૧/બી)

## ૩૧. નાણાંકીય

### એકાઉન્ટન્ટસ
એકાઉન્ટસ, ઈન્કમટેક્ષ રિટર્ન, GST રિટર્ન, ટિડીએસ રિટર્ન વ્યાજબી દરે તમારે ત્યાં કરી આપીશું-7507797315 /7977866201. (બી-૧૫૧૮૫)

■ બેંકો દ્વારા રિજેક્ટ થયેલ લોકો માટે પણ લોન ઉપલબ્ધ! હોમ લોન અને પ્રોપર્ટી સામે લોન માટે સંપર્ક કરો। બોમ્બે ફાયનાન્સ? 8928748518. (બી-૧૫૩૩૪)

## ૩૨. જમીન-મિલકત

■ જૈન પવિત્ર ધન્યધરા પર શંખેશ્વરમાં પોતાના પ્લોટના માલિક બનો. NA NOC, ટાઈટલ ક્લીયર, સરળ હપ્તે, તુરંત દસ્તાવેજ 9574859654. (બી-૧૪૯૨૭)

## ૩૩. ધંધાદારી

### દુનિયાભરમાં પાર્સલ
નાસ્તો, મસાલા, કપડાં, બીજો સામાન હોલસેલમાં અમેરિકા, કેનેડા યુરોપ, ઓસ્ટ્રેલિયા, ન્યુઝીલેન્ડ, યુકે, દુબઈ, સિંગાપુર- 9769691025/ 26822572. (બી-૧૫૧૭૭)

### ''પાણીની ટાંકીઓ''
''મશીનથી કૂવા-સોસાયટીની- ઘરની ટાંકીઓની સફાઈ.'' ''યોગી એન્ટરપ્રાઈઝ'' 9820776583 / 9892298963. (૧૫૨૯૧-એ)

### પાણી જોઈએ
ટેન્કર ભરવા માટે પાણી જોઈએ છે. સંપર્ક:- 9821242740 / 9321242740. (૧૫૪૨૩-એ)

### કબુતરની જાળી
ફીટીંગ સાથે 3 વર્ષની ગેરંટી, ઓલ બર્ડનેટ સર્વીસ. નાયલોન નેટ લોંગટાઈમ લાઈફ. ''જીતુભાઈ'' - 7900191232. (બી-૧૫૩૩૭)

REQUIRED BUYERS HAving knowledge for Imports/ Export Business of Plastic (Raw Materials, Roto Powder) Manufacturing Unit at SEZ Kandla for Development and Marketing Via B2B Platform / Local Lucrative Business. We will support you from our American Office. Proper Training Provided (if needed). "Nitin Mehta" 9987760379. (15414-A)

FAMILY FOALTER MEDICAlim Policy age 0 to no age limit 10 Lac To 1 cross no limit no Medical Report Cash Less Card Protibilty available Dilipbhai 9136621227 / 9321554532. (B-15315)

## ૪૦. ઈન્ટીરીઅર ડેકોરેશન

### ઈન્ટિરિયર ડિઝાઈનર
કમ્પ્લીટ- 2 બેડરૂમ 3D ડ્રોઈંગ 4,000/=, 3 બેડરૂમ 3D ડ્રોઈંગ 5,000/=, સ્પેશિયલાઈઝ બાથરૂમ, કિચન રીનોવેશન, કમ્પ્લીટ ઈન્ટિરિયર ડિઝાઈનિંગ, પ્લાનિંગ, રીનોવેશન. Whatsapp 8989282877. (૧૫૩૦૮-બી)

## ૪૪. પેસ્ટ કન્ટ્રોલ

### એસ પેસ્ટીસાઈડ
(૧૯૯૩થી) ઉધઈ, વાંદા, માંકડ. કાંદિવલી: 9833523290, 9220789533 ચીરાબજાર : 9029181030. (૧૫૪૩૯-બી)

## ૫૨. કુરીઅર્સ

### મનસ્વી પાર્સલ
યુરોપ, અમેરિકા, ન્યુઝીલેન્ડ, ઓસ્ટ્રેલીયા, કેનેડા, દુનિયાભરમાં સસ્તામાં મોકલવા. 9820194719 / 7208019515. (૧૫૦૨૬-એ)

■ વિદેશમાં અમેરિકા, લંડન, Europe, Australia, Canadaમાં વસતા સ્નેહીજનોને પાર્સલ મોકલવા માટે. અંધેરી East 9825305632, 9320095632. (બી-૧૫૨૯૮)

### પરદેશમાં પાર્સલ
Western Air International, USA, UK, Canada, Newzealand, Dubai, Singapore તમામ દેશમાં પાર્સલ મોકલવા - 9820605632, 9820875632. (૧૫૪૨૧-સી)

# ઓક્સિજન પર ચાલતી મોનો રેલને પાટે ચડાવવાનો વધુ એક પ્રયાસ

## ▸ ઓગસ્ટ મહિનાથી મુંબઈગરાને મળશે વધુ સર્વિસઃ અડધો સમય બચશે

મુંબઈ: ઢચુંપચું ચાલતી મોનો રેલને જીવંત રાખવાનો વધુ એક પ્રયાસ હાથ ધરવામાં આવી રહ્યો છે. આગામી વર્ષે ઓગસ્ટ મહિનાથી મોનો રેલ ટ્રેનની સંખ્યા બમણી થઇ જવાની છે. આને કારણે મુંબઈગરાનો અડધો સમય બચી જશે. આ ટ્રેનોને શરૂઆતમાં એપ્રિલ મહિનાથી શરૂ કરવામાં આવશે, એવું અધિકારીએ જણાવ્યું હતું.

હાલમાં આઠ ટ્રેનો ઉપલબ્ધ છે અને છ દરરોજ દોડાવવામાં આવે છે. ચેમ્બુર-વડાલા-જેકોબ સર્કલ વચ્ચે દોડતી મોનો ટ્રેનમાં દરરોજ ૧૬૫૦૦ મુસાફરો પ્રવાસ કરે છે. મહા મુંબઈ મેટ્રો ઓપરેશન કોર્પોરેશન લિમિટેડે (એમએમએમઓસીએલ) આઠ ટ્રેનના કાફલાને દોડાવવા માટે એમએમઆરડીએ સાથે હાથ મિલાવ્યા છે, જે ઓગસ્ટ મહિનાથી ટ્રેનની સંખ્યા બમણી કરી નાખશે.

આ યોજનાનો અમલ થવાનો શરૂ થઇ ગયો છે, એવું એમએમઆરડીએના પ્રવક્તાએ જણાવ્યું હતું. આના ભાગરૂપે એમએમઆરડીએ હાલમાં કાર્યરત ૮ રેકનો ઉપયોગ કરશે અને નવા ૧૦ આધુનિક રેક્સને પણ લાવશે. બે રેક્સને સ્ટેન્ડ બાય રાખવામાં આવી છે અને બાકીની ચાર રેક્સને મેઈન્ટેનન્સ માટે વપરાશમાં લેવામાં આવશે. આનો અર્થ એ થશે કે કુલ ૧૨ રેક્સ કાર્યરત રહેશે.

હાલનો કાફલો એક દાયકાથી વધુ સમયથી સેવામાં છે. મોનો રેલે આ સમય દરમિયાન ઓછી સવારી, વારંવાર થતાં ભંગાણ અને જાળવણીની સમસ્યાઓના પડકારનો સામનો કર્યો છે. આને કારણે જ દરરોજ છ ટ્રેનો દોડતી હતી. જોકે હવે આગામી વર્ષના ઓગસ્ટ મહિનાથી ટ્રેનના કાફલાને બમણો કરી દેવામાં આવી રહ્યો છે ત્યારે રાઈડર્સશિપમાં વધારો થવાની અને તેની વિશ્વસનીયતામાં સુધારો થવાની અપેક્ષા છે. ■

# રોડ એક્સિડન્ટ ઘટાડવા એઆઈનો ઉપયોગ કરવાની દેવેન્દ્ર ફડણવીસની હિમાયત

મુંબઈ: મુખ્ય પ્રધાન દેવેન્દ્ર ફડણવીસે માર્ગ અકસ્માતોને ઘટાડવા માટે આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સ (એઆઇ) નો ઉપયોગ વધારવાનું સૂચન મહારાષ્ટ્રના રાજ્યના પરિવહન વિભાગના અધિકારીઓને આપ્યુ. આ ઉપરાંત ૧૫ વર્ષથી વધુ સમયના તમામ વાહનોને સ્ક્રેપ કરવા માટેની નીતિઓ લાગુ કરવા માટે પણ તેમણે અધિકારીઓને નિર્દેશ આપ્યો હતો, એમ મુખ્ય પ્રધાન કાર્યાલય દ્વારા જારી કરાયેલા નિવેદનમાં જણાવાયું હતું.

મહારાષ્ટ્ર સરકારે ગૂગલ સાથે એક કરાર પર હસ્તાક્ષર કર્યા હોવાનું પણ નિર્દેશમાં જણાવાયું છે. તેમાં વધુમાં જણાવાયું હતું કે, મુખ્ય પ્રધાને કરારનો ઉપયોગ કરીને સેક્ટરની સુરક્ષા અને ટકાઉપણું મજબૂત કરવા માટે પરિવહન વિભાગને એઆઇનો ઉપયોગ વધારવા જણાવ્યું હતું.

મુખ્યપ્રધાને એક બેઠકમાં ૧૫ વર્ષથી જૂના જાહેર અને ખાનગી, એમ તમામ વાહનોને સ્ક્રેપ કરવાની જરૂરિયાત પર ભાર મૂક્યો હતો. નિવેદન મુજબ, ૧૩,૦૦૦ થી વધુ જૂના સરકારી વાહનોને સ્ક્રેપ કરવામાં આવશે, અને રાજ્ય પરિવહન નિગમની ૧૫ વર્ષથી વધુ જૂની બસોની કામગીરી સુધારવા માટે એલએનજી (લિક્વિફાઇડ નેચરલ ગેસ) અને સીએનજી (કમ્પ્રેસ્ડ નેચરલ ગેસ) કિટ સાથે બદલવામાં આવશે.

ફડણવીસે વાહનવ્યવહાર વિભાગને શહેરી ગતિશીલતા વધારવા માટે બાઇક ટેક્સી અને મેક્સી કેબ સેવાઓ શરૂ કરવાની સૂચના પણ આપી હતી. ■

# બીડમાં બિનજરૂરી હથિયારનાં લાઇસન્સ રદ કરવામાં આવશેઃ પોલીસ

છત્રપતિ સંભાજીનગર: મહારાષ્ટ્રના બીડ જિલ્લામાં જારી કરાયેલા તમામ શસ્ત્ર લાયસન્સની પોલીસ તપાસ કરી રહી છે અને દરેક કિસ્સામાં વ્યક્તિને હથિયારની કાયદેસરની જરૂર છે કે કેમ તેની ચકાસણી પણ કરી રહી છે, એમ એક વરિષ્ઠ પોલીસ અધિકારીએ જણાવ્યું હતું.

બીડના પોલીસ અધિક્ષક નવનીત કણવતે જણાવ્યું હતું કે, જેમના બંદૂક ચલાવતા ફોટોગ્રાફસ કે વીડિયો સોશિયલ મીડિયા પર ફરતા હશે તેમની સામે એફઆઇઆર નોંધવામાં આવશે.

તાજેતરમાં મસાજોગ ગામના સરપંચ સંતોષ દેશમુખની ઘાતકી હત્યા પછી આ મધ્ય મહારાષ્ટ્ર જિલ્લામાં કાયદો અને વ્યવસ્થાની બગડતી સ્થિતિ સામે આવી છે. હત્યાના વિવાદ વચ્ચે અગાઉના એસપીની બદલી થયા બાદ તાજેતરમાં બીડમાં ચાર્જ સંભાળનાર કણવતે જણાવ્યું હતું કે, ''અમે તમામ કેસોમાં હથિયારના લાયસન્સની જરૂરિયાતની ચકાસણી કરી રહ્યા છીએ. જ્યાં પણ જરૂર ન હોય ત્યાં, અમે લાયસન્સ રદ કરવાની ભલામણ કરીશું.'' ■

# પોલીસે ૧૫ દિવસમાં ૨૧૩ મોબાઈલ શોધી કાઢ્યા

મુંબઈ: વર્ષ દરમિયાન ચોરાયેલા અથવા ગુમ થયેલા મોબાઈલ ફોનની ફરિયાદોને આધારે તપાસ કરી ઝોન-૪ની પોલીસ ટીમે છેલ્લા ૧૫ દિવસમાં ૨૧૩ મોબાઈલ શોધી કાઢ્યા હતા અને તેના માલિકોને સુપરત કર્યા હતા.

અધિકારીના જણાવ્યા મુજબ ૨૦૨૪માં મોબાઈલ ચોરી અથવા ગુમ થયાની અનેક ફરિયાદો પોલીસ ચોપડે નોંધાઈ હતી. પરિણામે એ મોબાઈલ ફોનની તપાસ માટે ઝોન-૪નાં ડીસીપી રાગસુધા આર.ના માર્ગદર્શન હેઠળ ઝોનમાં આવતાં દરેક પોલીસ સ્ટેશનોના અધિકારીઓની ટીમ બનાવવામાં આવી હતી.

૧૦ ડિસેમ્બરથી ૨૫ ડિસેમ્બર દરમિયાન પોલીસની ટીમે મહારાષ્ટ્ર અને અન્ય રાજ્યોમાંથી અંદાજે ૨૯ લાખ રૂપિયાના મૂલ્યના ૨૧૩ મોબાઈલ ફોન શોધી કાઢ્યા હતા. આ મોબાઈલ ફોન તેમના માલિકોને પરત કરવાનું આયોજન પોલીસે સાયનમાં કર્યું હતું. ■

# એટીએસે ગેરકાયદે વસવાટ કરતા ૪૩ બાંગ્લાદેશી નાગરિક પકડ્યા

મુંબઈ: એન્ટી ટેરરિઝમ સ્ક્વોડે (એટીએસ) મુંબઈના વિક્રોલી, નાશિક, અકોલા, નાંદેડ અને ઔરંગાબાદમાંથી એક મહિલા સહિત નવ બાંગ્લાદેશીની ધરપકડ કરી હતી. રાજ્યમાં ગેરકાયદે વસવાટ કરતા ૪૩ બાંગ્લાદેશીને મહિનામાં પકડી પાડવામાં એટીએસને સફળતા મળી હતી.

ભારતમાં ગેરકાયદે વસવાટ કરતા બાંગ્લાદેશીઓને પકડવા એટીએસે વિશેષ ઝુંબેશ હાથ ધરી હતી. છેલ્લા ચાર દિવસમાં એટીએસની ટીમે વિક્રોલી, નાશિક, અકોલા, નાંદેડ અને ઔરંગાબાદથી નવ બાંગ્લાદેશીની ધરપકડ કરી હતી, જેમાં એક મહિલાનો સમાવેશ થાય છે.

આરોપીઓ વિરુદ્ધ વિવિધ પોલીસ સ્ટેશનોમાં પાંચ ગુના નોંધવામાં આવ્યા હતા. ભારતમાં વસવાટ દરમિયાન આરોપીઓએ બનાવટી દસ્તાવેજોને આધારે આધાર કાર્ડ, પેન કાર્ડ, વૉટર આઈડી સહિતનાં ઓળખપત્રો બનાવડાવ્યાં હોવાનું તપાસમાં જણાયું હતું. આ પ્રકરણે વધુ તપાસ સ્થાનિક પોલીસ કરી રહી છે.

દરમિયાન એટીએસે એક મહિનામાં ગેરકાયદે વસવાટ કરતા બાંગ્લાદેશીઓ વિરુદ્ધ કાર્યવાહી કરી ૪૩ જણને પકડી પાડ્યા હતા. આરોપીઓ વિરુદ્ધ વિવિધ પોલીસ સ્ટેશનોમાં ૧૯ ગુના નોંધવામાં આવ્યા હોવાનું અધિકારીએ જણાવ્યું હતું. ■

# સ્કૂલ યુનિફોર્મનો બીજો સેટ ૨૬ જાન્યુઆરી પહેલા મળી જશે

મુંબઈ: સ્કૂલ યુનિફોર્મ સંબંધે ઘણા લાંબા સમયથી ચાલી રહેલી મડાગાંઠનો ઉકેલ લાવતા મહારાષ્ટ્રના પ્રધાન દાદા ભુસેએ એવી જાહેરાત કરી હતી કે શાળાના ગણવેશનો બીજો સેટ વિદ્યાર્થીઓને ૨૬મી જાન્યુઆરી સુધીમાં મળી જશે અને તેઓ પ્રજાસત્તાક દિનની ઉજવણી આ નવો યુનિફોર્મ પહેરીને કરી શકશે.

રાજ્ય સરકારે 'એક રાષ્ટ્ર એક ગણવેશ' નીતિને અનુસરીને છે પણ અયોગ્ય સંચાલનને લીધે વિદ્યાર્થીઓ અત્યાર સુધી ગણવેશના બીજા સેટથી વંચિત રહ્યા હતા. છેલ્લા એક વર્ષ પણ વધુ સમયથી આ શાળાના યુનિફોર્મને મામલે મડાગાંઠ સર્જાઈ છે અને તેને કારણે શાળાઓ, વાલીઓ અને વિદ્યાર્થીઓ ભારે ગુસ્સે ભરાયા છે.

ભુસેએ નાશિકમાં સત્તાવાર રીતે શાળા શિક્ષણ વિભાગનો હવાલો સંભાળતી વખતે ગણવેશ સંબંધિત અપડેટ આપ્યું હતું, જે તેમના માલેગાંવ બાહ્ય વિધાનસભા મતવિસ્તાર હેઠળ આવે છે. તેમણે કહ્યું. ''અમે સૌથી વંચિત વિદ્યાર્થીઓને પણ ગુણવત્તાયુક્ત શિક્ષણ આપવા માટે પ્રતિબદ્ધ છીએ. શાળા શિક્ષણ દ્વારા એક જવાબદાર નાગરિક ઘડાય છે, અને અમે તેમના ભવિષ્યના નિર્માણની જવાબદારી નિભાવીએ છીએ.'' ■

# ડૉક્ટરનો પરિવાર લોનાવલા ગયો ત્યારે નોકરે તિજોરી 'સાફ' કરી

મુંબઈ: અંધેરીના ઓશિવરા પરિસરમાં રહેતો ડૉક્ટરનો પરિવાર ફરવા માટે લોનાવલા ગયો ત્યારે નોકરે ઘરની તિજોરીમાંથી હીરાજડિત સોનાના દાગીના અને રોકડ મળી અંદાજે સાડાઆઠ લાખની મતા ચોરી હોવાનું પ્રકાશમાં આવ્યું હતું.

લોખંડવાલા કોમ્પ્લેક્સ ખાતેની એક ઈમારતમાં રહેતા રાજેન્દ્ર સરોગી (૭૩)ની ફરિયાદને આધારે ઓશિવરા પોલીસે ગુનો નોંધી આરોપી નોકર સુધાંશુ યાદવની ધરપકડ કરી હતી. પોલીસ યાદવની વધુ પૂછપરછ કરી રહી છે.

પોલીસ ફરિયાદ અનુસાર ફરિયાદીનાં પુત્ર-પુત્રવધૂની વેડિંગ ઍનિવર્સરી હોવાથી સરોગી કુટુંબ ૨૫ ડિસેમ્બરે લોનાવલા ગયું હતું. તે દિવસે સરોગી પરિવારના ગયા પછી યાદવ ફ્લૅટમાં એકલો જ હતો. કામ પતાવીને યાદવ રાતે તેના જોગેશ્વરીના ઘરે ગયો હતો.

ફરિયાદમાં આક્ષેપ કરાયો હતો કે ૨૭ ડિસેમ્બરે સરોગી કુટુંબ ઓશિવરા પાછું ફર્યું હતું. સાંજે કબાટની તિજોરી જોતાં તેમાંથી હીરાજડિત સોનાના દાગીના અને ચાર લાખની રોકડ ગુમ હોવાનું જણાયું હતું. શંકાને આધારે સરોગીએ પોલીસ ફરિયાદ નોંધાવી હતી. આરોપી યાદવને કોર્ટે પોલીસ કસ્ટડી ફટકારી હોવાથી પોલીસ તેની પૂછપરછ કરી રહી છે. ■

કવર સ્ટોરી_
અમૂલ દવે
feedback@bombaysamachar.com

# નવા વર્ષે ભારતે સામનો કરવો પડશે વિદેશ નીતિમાં આવા નવા પડકારોનો



સાચી મિત્રતા કે મતલબી દોસ્તી?

અમેરિકા સુપર પાવર છે. એનો દબદબો- રુઆબ એટલો છે કે એ છીંક ખાય તો આખા વિશ્વને શરદી થઈ જાય. ભારે બહુમતીથી ચૂંટાયેલા ડોનલ્ડ ટ્રમ્પ ૨૦ જાન્યુઆરીએ સત્તાની ધૂરા હાથમાં લેવાના છે. હોદ્દો સંભાળ્યા પહેલાં જ એમણે કરેલાં નિવેદનોથી આખી દુનિયામાં ગભરાટ ફેલાઈ ગયો છે. એમણે રચેલી ટીમ કેવી છે એના પર પણ મોટું વિશ્લેષણ થઈ રહ્યું છે. ડૉલરનો ઉપયોગ ન કરીને નવા ચલણ બનાવવાની યોજના ઘડનાર ભારત સહિતના 'બ્રિક્સ' દેશોને ટ્રમ્પે આપેલી ધમકીની ધારી અસર થઈ છે. આ સંગઠનમાં જોડાવવાનું વિચારી રહેલા સઉદી અરેબિયાએ હવે જાહેર કર્યું છે કે તેણે 'બ્રિક્સ'માં જોડાવાનો નિર્ણય મોકૂફ રાખ્યો છે. ભારતે તો ટ્રમ્પને શાંત પાડવા અને એમની નવી ટીમ સાથે ઘરોબો કેળવવા વિદેશ પ્રધાન સુબ્રહ્યણ્યમ જયશંકરને અમેરિકા મોકલ્યા છે. રશિયા- યુક્રેન વચ્ચેનું યુદ્ધ અઢી વર્ષથી વધુ સમયથી ચાલી રહ્યું છે. વેસ્ટ એશિયામાં ઈઝરાયલ અને હિજબુલ્લાહ વચ્ચે યુદ્ધવિરામનો કરાર થયો છે, પરંતુ એનો વારંવાર ભંગ થાય છે. ઈઝરાયલ - ઈરાન વચ્ચે ગમે ત્યારે પ્રાદેશિક યુદ્ધ ફાટી નીકળે એવી સંભાવના છે. આપણા બે પડોશી પરંતુ દુશ્મન દેશ ચીન અને પાકિસ્તાન દરરોજ ભારત વિરુદ્ધ નવાં કાવતરા કરી રહ્યા છે. ચીન અને પાકિસ્તાન ભારતના બીજા પડોશીને ઉશ્કેરીને ભારતને ઘેરી રહ્યા છે. આ બધાં કારણોસર ૨૦૨૫માં શું બનશે એ અકલ્પનીય બન્યું છે. આથી ભારતની વિદેશ નીતિને નવા વર્ષે નવાં પડકારો ઝીલવા પડશે. એની અગ્નિપરીક્ષા થશે. રશિયા- યુક્રેન વચ્ચેના યુદ્ધ અને ગાઝા પટ્ટીમાં ઈઝરાયલ- હમાસ વચ્ચેના જંગમાં ભારતે તટસ્થ રવૈયો અપનાવ્યો છે. વડા પ્રધાન મોદીએ થોડા અઠવાડિયામાં રશિયા અને યુક્રેનની મુલાકાત લેતાં એવી અટકળો ઊભી થઈ હતી કે મોદી ભાવિ વાટાઘાટોમાં મધ્યસ્થીકાર બનશે. જોકે, આવું કંઈ થયું નથી. ઈઝરાયલના કોઈ મોટા નેતા ભારત આવ્યા નથી કે ભારતના મોટા નેતા ઈઝરાયલમાં ગયા છે. ભારતે સંયુક્ત રાષ્ટ્રસંઘમાં પેલેસ્ટાઈનના વડા પ્રધાન મહમૂદ અબ્બાસીને મળીને આરબ દેશોને શાંત કર્યા છે. બહુરાષ્ટ્રીય પહેલ જેવી કે 'આઈએમઈસી' (ઇન્ડિયા-મિડલ ઈસ્ટ યુરોપ ઈકોનોમિક કોરિડોર) અને 'આઈ૨યુ૨' (ભારત, ઈઝરાયલ, યુએઈ અને અમેરિકા) વગેરે ભયમાં મુકાઈ છે. ભારત પશ્ચિમ એશિયાના દેશો સાથે દ્વિપક્ષીય વાતચીત કરી રહ્યું છે. આમ છતાં, ૨૦૨૫માં દિલ્હીના આપણા સાઉથ બ્લોકને ઈરાન અને ઈઝરાયલ-અમેરિકા જોડાણ વચ્ચે સમતુલા જાળવી રાખવામાં મુશ્કેલી નડી શકે .

ભારતના અમેરિકા સાથેના વેપાર સામે જોખમ ઊભું થયું છે. ટ્રમ્પે ધમકી આપી છે કે અમેરિકાએ કોઈની પણ પરવા કર્યા વિના ટેરિફનું હથિયાર ઉગામ્યું છે. ભારતને આમાં કોઈ છૂટ મળે એમ નથી. ટ્રમ્પે તો ભારતને 'ડ્યુટીહંગરી' દેશ ગણાવ્યો છે. આવા વખતે ભારતે આફતને અવસર બનાવતા આવડવું જોઈએ. ભારતે અમેરિકન માલ પરની ડ્યુટી ઘટાડવી જોઈએ અને અમેરિકામાં મળનારી નવી તકને ઝડપી લેવી જોઈએ. ટ્રમ્પે જે નિમણૂક કરી છે એમાંના મોટા ભાગના ચીન વિરોધી છે અને ભારત તરફી છે. ટ્રમ્પની ટીમમાં ઘણા મૂળ ભારતીય છે. અમેરિકા ચીનને પોતાનું દુશ્મન માને છે. અમેરિકા માને છે કે ચીન પાસે અમેરિકાના હિતો પર આક્રમણ કરવાની ક્ષમતા છે. ટ્રમ્પના નેશનલ સિક્યુરિટી એડવાઈઝર માઈકલ વોલ્ટેઝ, વિદેશ પ્રધાન માર્કો રુબિયો સીઆઈએ ડિરેક્ટર જોન રેડક્લિફ અને એફબીઆઈના ડિરેક્ટર કાશ પટેલ ચીન વિરોધી છે. આ બધાને લીધે ભારત અને અમેરિકા વચ્ચે સંરક્ષણમાં સહકાર મજબૂત થશે. જો અમેરિકા અને ચીન વચ્ચે ટેરિફ વોર શરૂ થશે તો ભારતે આનો ફાયદો ઉઠાવવો જોઈએ. જોવાનું એ છે કે ચીનમાં રોકાણ કરનાર અમેરિકાના બિઝનેસમેન અમેરિકાને ચીન વિરુદ્ધ પગલાં લેવામાં કેટલું આગળ વધવા દે છે. ટ્રમ્પના નિકટના એલન મસ્કના વેપારી હિત ચીનમાં છે. ભારતે મસ્કને ઈલેક્ટ્રિક વેહિકલનું દેશમાં ઉત્પાદન કરવા આકર્ષક ઓફર આપી હતી, પરંતુ ટ્રમ્પે ભારતને બદલે ચીન પર પસંદગી ઉતારી હતી. અમેરિકાના ચીનના રોકાણને મર્યાદિત કરવાનો ખરડો મસ્કના કહેવાથી સંસદમાં પડી ગયો હતો. ટ્રમ્પ દરેક દેશ પર ૧૦થી ૨૦ ટકા વધુ ટેરિફ ફટકારે એવી સંભાવના છે. દરેક દેશ અમેરિકાને વશ નહીં થાય. આ દેશો અમેરિકા જે માલની નિકાસ કરે છે એના પર ટેરિફ નાખીને જવાબ આપી શકે. ચીન અને અમેરિકાના સંબંધો વકરશે તો આનો લાભ ચોક્કસપણે ભારતને થશે.

ભારત માટે બીજો મહત્ત્વનો મુદ્દો એચ-વનબી વિઝાનો છે. આ મુદ્દે ટ્રમ્પના સમર્થકો બે છાવણીમાં વિભાજિત થયા છે. મસ્ક અને વિવેક રામસ્વામી જેવા સમર્થકો કહે છે કે અમેરિકાને તેજસ્વી અને શિક્ષિત લોકની જરૂર છે અને આ માટે આ વિઝા ચાલુ રાખવા જોઈએ. મસ્ક પણ કહે છે કે જો આ વિઝા ન હોત તો હું અને રામસ્વામી જેવા લોકો અમેરિકામાં ન આવી શક્યા હોત. બીજી બાજુ, લૌરા લુમર અને ભારતીય મૂળની અમેરિકન નિકી હેલી જેવા ટ્રમ્પના સમર્થકો આનો વિરોધ કરી રહ્યા છે. ટ્રમ્પે ખુલાસો કર્યો છે કે એ એચ-વનબી વિઝાના વિરોધી નથી., પરંતુ ટ્રમ્પે જ ચૂંટણી પ્રચારમાં વસાહતી સામે ઝેર ઓકીને ચૂંટણી જીતી છે. ટ્રમ્પે વસાહતીઓ સામેનું એમનું અક્કડ વલણ બદલાવી શકે એમ નથી. એક વાત તો નિશ્ચિત છે કે ગેરકાયદે રહેતા વસાહતીઓના દિવસો ગણાઈ રહ્યા છે. એમને અમેરિકામાંથી હાંકી કાઢવામાં આવશે.

બીજી તરફ, ટ્રમ્પ ઈરાન સામેનું વલણ વધુ આકરું બનાવશે. ટ્રમ્પની પહેલી મુદતમાં અમેરિકાના દબાણથી ભારતે ઈરાન પાસેથી તેલ ખરીદવાનું બંધ કર્યું હતું. ભારતે ઈરાનનું બંદર ચાબહાર ૧૦ વર્ષ માટે ભાડે લીધું છે. અમેરિકા આ બંદરને ઓપરેટ કરવાનું છોડી દેવા ભારત પર દબાણ લાવી શકે. મોદી અને ટ્રમ્પના સારા સંબંધોનો ફાયદો ભારતને થઈ શકે. સંરક્ષણને લાગેવળગે છે ત્યાં સુધી અમેરિકા વિસ્તારવાદી ચીન સામે ભારતને મદદ કરી શકે. ચીન વિરોધી સંગઠન ક્વાડ શિખર પરિષદ ભારતમાં યોજાવાની છે અને ટ્રમ્પ આમાં હાજરી આપવા ભારત આવી શકે. આ સંગઠનના સભ્યો ભારત, જાપાન, અમેરિકા અને ઓસ્ટ્રેલિયા છે. મોદી ક્વાડ શિખર પરિષદ પહેલાં અમેરિકાની મુલાકાત લઈ શકે.

આ બધા વચ્ચે, ભારત માટે ચીન માથાનો દુખાવો બની ગયું છે. ભારત અને ચીન અંકુશરેખામાં લશ્કરી દળો ઓછા કરવાની સમજૂતી કરવામાં સફળ નીવડ્યા છે, પરંતુ ચીન પર વિશ્વાસ રાખી શકાય એમ નથી. ચીને સરહદ પર ગામ વસાવી દીધા છે અને જોરદાર માળખાકીય સગવડો ઊભી કરી છે. આ સમજૂતી થવાને પગલે પાંચ વર્ષ બાદ મોદી અને ચીનના પ્રમુખ જિનપિંગ સાથે શિખર પરિષદ યોજાઈ હતી. ભારત અને ચીનની વેપારી તુલામાં ભારત મોટી ખાધ ધરાવે છે. ભારતે ચીનથી થતી આયાત ઓછી કરીને ઉત્પાદન ક્ષેત્રે આગેકૂચ કરવી જોઈએ.

પાકિસ્તાનની વાત કરીએ તો આપણા વિદેશ પ્રધાન જયશંકર શંઘાઈ કોપરેશન ઓર્ગેનાઇઝેશનની સમિટમાં ભાગ લેવા પાકિસ્તાન જઈ આવ્યા. પાકિસ્તાન હાલમાં બે બાજુથી ભીંસમાં છે. ઈરાન અને અફઘાનિસ્તાન તેના પર હુમલો કરી રહ્યા છે. તદુપરાંત જેલવાસ ભોગવી રહેલા ઈમરાન ખાનને ગોલમાલ - ઘાલમેલ કરીને સત્તાથી દૂર રાખવામાં આવ્યા છે. એનાથી પાકિસ્તાનની અવામ-પ્રજા -માં ગુસ્સો છે. આ ગુસ્સો મોટા જનઆંદોલનમાં પરિવર્તિત થશે તો પાકિસ્તાનમાં પણ સત્તાપલટો થઈ શકે.

ભારતના કૅનેડા સાથેના સંબંધો વણસી ગયા છે. કૅનેડાના સત્તાવાળા એવો આક્ષેપ કરી રહ્યા છે કે શીખ નેતા નિજારની હત્યામાં ભારતનો હાથ છે. આમાં કેનેડાએ અમિત શાહનું નામ દીધું છે. ભારત એવી આશા રાખે છે કે ૨૦૨૫માં થનારી સામાન્ય ચૂંટણીમાં હાલના વડા પ્રધાન જસ્ટિન ટ્રુડો હારી જાય તો ભારતને રાહત મળે.

શેખ હસીનાની હકાલપટ્ટી બાદ ભારતના બાંગ્લાદેશ સાથેના સંબંધો બદતર થતા જાય છે. બાંગ્લાદેશમાં રહેતા હિન્દુઓ પર હુમલા થઈ રહ્યા છે. ભારતે આની સામે વિરોધ નોંધાવ્યો છે,પણ સામે પક્ષે કોઈ સાંભળતું નથી. બાંગ્લાદેશની વચગાળાની સરકાર પાકિસ્તાનની સમીપ સરકી રહી છે. ભારતે હસીનાને આશ્રય આપ્યો હોવાથી પણ બાંગ્લાદેશ ભારત પર ગિન્નાયું છે. નેપાળ પણ ચીનની ચડામણીમાં આવીને ભારત સામે ઝેર ઓકે છે.

શ્રીલંકાના પ્રમુખ અનુરા કુમાર દિસાનાયકે અને માલિદવના પ્રમુખ મોહમ્મદ મુઈઝુની ભારતની મુલાકાતથી આ દેશો સાથેની તંગદિલી ઓછી થઈ છે.

એ જ રીતે ,ઈન્ડોનેશિયાના પ્રમુખ પ્રજાસત્તાક દિને ભારતની અતિથિ બનવાના છે. રશિયાના પ્રમુખ વ્લાદિમીર પુતિન દિલ્હીની મુલાકાત લેશે. રશિયા પાસેથી ભારત તેલ ખરીદે છે અને ટ્રમ્પ અને પુતિન વચ્ચે એક જાતની આત્મીયતા હોવાથી અમેરિકા આ સામે વાંધો ન ઉઠાવે એવી ભારતને આશા છે.

વિશ્વની આ રાજકીય સ્થિતિ પરિસ્થિતિનું પૃથક્કરણના અંતમા એટલુ જ કહી શકાય કે વિદેશ નીતિમાં ભારતને કપરાં ચડાણ છે. ભારતે તંગદોર પર ચાલીને બેલેન્સિંગ એક્ટ કરીને - સમતુલા જાળવવી પડશે. ■

ઔર યે મૌસમ હંસીં...
દેવલ શાસ્ત્રી
feedback@bombaysamachar.com


# નવા વર્ષે રિઝોલ્યુશન લીધાં કે નહીં ?

ભારતીય ઉપખંડના ઓ મહાન આત્મા, એક સીધો સાદો સવાલ છે કે વર્ષ બદલાઈ ગયું છે ત્યારે નવા રિઝોલ્યુશન લીધા કે નહિ? નવા સંકલ્પ કર્યા કે નહીં? લો, હજી સુધી વિચાર્યું જ નથી? બોલો, આવું તે ચાલે યાર?, આજકાલ તો નવાં રિઝોલ્યુશન લેવાની ફેશન ચાલે છે. આપણે ય બે ચાર કિલો રિઝોલ્યુશનો લઇ લેવામાં શરમ રાખવી નહિ. વચન આપવામાં દરિદ્રતા શું કામ રાખવાની? તો ઝંપલાવો...

સ્કૂલમાં ભણતા ત્યારે નવા વર્ગમાં આવીએ એટલે રોજ નિયમિત લેશન કરવાથી માંડી જાતજાતના રિઝોલ્યુશન લેવાતા, પણ થતું શું? પરીક્ષાના દિવસ સુધી નોટ ઠેકાણે ન હોય. આપણો પ્રોબ્લેમ યાદ છે? રિઝોલ્યુશન પૂરા ન કરી શકવા માટેનાં પૂરતાં બહાનાં હાજર જ હોય, પણ બહાનાં દૂર કરે એવા માર્ગની આજે ય ખબર નથી. આમ તો રિઝોલ્યુશન પ્રથાનો ય ઇતિહાસ છે. કંઈક અંશે વિચિત્ર લાગે એવી રિઝોલ્યુશનની પ્રથા બેબિલોનથી શરૂ થઈ. ત્યાં લોકો ભગવાનને વચન આપતા કે વર્ષ દરમિયાન થયેલું દેવું ચૂકવી દેશે. ધીમે ધીમે આ પ્રથામાં ફેશન આવી કે આ વર્ષે શું રિઝોલ્યુશન રાખ્યું છે? આપણે જે મનમાં આવે એ કહી દેવાનું...

કહેતા ભી દીવાના ને પૂછતા ભી દીવાના...

રિઝોલ્યુશન પર દુનિયાભરમાં અભ્યાસ થયા છે. એક અભ્યાસ મુજબ જાણવા મળ્યું કે આઠ ટકા લોકો જ રિઝોલ્યુશનના ટારગેટને સફળતાપૂર્વક પાર પાડી શકે છે, બાકી ૯૨% વર્ગ આપણી આસપાસ મળી જશે. હા, ૫૨%



રિઝોલ્યુશનિયાઓ એવું માનતા કે તે સફળ જશે, પણ નિષ્ફળ ગયા. ૩૩% એ શક્ય ન હોય એવા રિઝોલ્યુશન લીધાં હતાં. સૌથી મહાન એવા મારા- તમારા જેવા ૨૩% રિઝોલ્યુશનિયાઓ તો થોડા વખતમાં એ પણ ભૂલી ગયા કે એમણે શું રિઝોલ્યુશન લીધું હતું. બધાને ખબર છે કે દુનિયામાં સૌથી વધુ સંકલ્પ શેના લેવાય છે? વ્યસનમુક્તિના... એમાં ય ખાસ દારૂ, એકત્રીસમીના દિવસે પ્રતિજ્ઞા લેવાની ને રાત્રે ભૂલી જવાનું. આજે નવું વર્ષ છે તો ફરી દારૂ પીને પ્રતિજ્ઞા લેવાની કે હવેથી દારૂ અને અન્ય વ્યસનો બંધ કરવાનાં છે. લગ્નગાળો અને બહાનાં શોધવામાં શૂરવીર પ્રજાને વ્યસન બંધ કરતાં રોકવા કોઈ રિઝોલ્યુશન કામ લાગતાં નથી.

બીજા નંબરે સ્ટુડન્ટ રિઝોલ્યુશન લેતા હોય છે. નિયમિત અભ્યાસ અને સોશિયલ મીડિયાથી દૂર રહીશું. ત્રીજા ક્રમે વજન ઘટાડવાવાળા હોય છે, જેમના વજન ક્યારેય ઘટતા નથી. જો કે આજકાલ ઘણી અવેરનેસ આવી છે. સમોસા વગર ચાલે નહીં ને ડાયેટિંગનું રિઝોલ્યુશન લેવાવાળા ઓછા નથી. એજ રીતે, આજકાલ ઇન્ટરનેટ ઉપયોગ ઘટાડવાના સંકલ્પમાં તેજી ચાલે છે, પણ કોઇનું વોટ્સએપ ફેસબુક કે સોશિયલ મીડિયા બે મિનિટમાં બંધ થયું છે?

એક અભ્યાસ મુજબ ભારતમાં પ્રતિ વ્યકિત અંદાજે અઢી કલાક રિલ્સ જોવામાં ખર્ચે છે. આરોગ્ય અને ફરવા જવાનાં સ્થળો વિશેની રિલ્સ જોયા પછી એના વિષે ચર્ચાઓ કરનારાઓનો મોટો વર્ગ છે. બિઝનેસવાળા અને જોબવાળાઓ રોજ સાંજે બધો બેકલોગ ક્લિયર કરવાની પ્રતિજ્ઞા લે છે, પણ જીએસટી કે રિટર્ન ભરવાના દિવસે ય કાગળિયાં શોધતા ફરે છે. હા, લેખક વર્ગ પ્રતિજ્ઞા લેતો હોય છે કે કોપી પેસ્ટ બંધ તો પછી લખાય કેમનું? છાપાઓના તંત્રીઓને ખબર હશે કે અમારા જેવા કોલમકારો ક્યારેય સમયસર લખીને પહોંચાડતા નથી. ઘણાને ઊભરા આવે કે નવા વર્ષથી અક્ષયકુમારની જેમ શિસ્તબદ્ધ જિંદગી જીવવી છે, નિયમિત યોગ કરવા છે. દરેક વસ્તુ માટે નિશ્ચિત સમય કરવો છે, રાત્રે વહેલા સૂઈ જવું છે અને પરિવારને પૂરતો સમય આપવો છે.

અલ્યા, આ બધું શક્ય છે? અને હા, પૈસાની બચત કરવાના રિઝોલ્યુશનવાળા ખર્ચનું આગોતરું પ્લાનિંગ કરી શકતા નથી ત્યાં બચત કેવી રીતે કરે?

જિંદગીની રમત આસાન હોત તો રિઝોલ્યુશનને કોણ પૂછતું હોત? જિંદગીની કરામત જ એવી છે કે રિઝોલ્યુશન ક્યારેય કમ્પલિટ થતા નથી. જો થાય પણ કેવી રીતે? સાવ અશક્ય રિઝોલ્યુશન લઈએ છીએ. આપણે દેખાડો કરવા રિઝોલ્યુશનના ટાર્ગેટ એકદમ હાઇ રાખીએ છીએ બંધુ, ઓકાત મેં રહના શીખો... આપણાથી સ્વભાવગત આળસ છૂટતી નથી અને એકસાથે આઠ- દશ હોલસેલમાં જ ઠરાવ કરીએ છીએ એના કરતાં છૂટક રિઝોલ્યુશન લઈએ તો ના ફાવે? યાદ રાખો કે રિઝોલ્યુશન આપણે કોને આપવાનું છે? આપણને, સ્વયંને અથવા નજીકના સ્વજનને આપણી પાસે જાતને અને હિત ઇચ્છતા સ્વજનને છેતરવાની કળા જન્મજાત છે. આખરે કોઈ સારા હેતુ માટે નક્કી કરેલા રિઝોલ્યુશનનું પરિણામ શું આવે છે? રિઝોલ્યુશનના પહેલા અઠવાડિયામાં ૨૩% લોકો હાર કબૂલ કરી દે છે- એક મહિનામાં ૪૦ %- ત્રણ મહિનામાં ૫૦% અને બાર મહિનામાં બધું મળીને ૮૧% લોકો નક્કી કરેલા ધ્યેયને ભૂલી જાય છે.

અંતે એક વાત, જિંદગીની સફળતાનો ટ્રેક એકવાર બેસીને ચેક કરવો જોઈએ અને એમાંથી રિઝોલ્યુશનને સફળ કેવી રીતે કરી શકાય એનો માર્ગ શોધવો જોઈએ. જે રિઝોલ્યુશન લઈએ એમાં બહાનાબાજી નહિ કરીએ એ પહેલેથી નક્કી કરવું જોઈએ. સિગારેટ છોડવી છે એવું નક્કી કરવાને બદલે દિવસમાં અડધી કરવાથી સ્ટાર્ટ કરવું જોઈએ. નિયમિત જિમ જવું શક્ય ના થાય તો ચાલવાનું નક્કી કરો. સૌથી સહેલો રસ્તો એક છે, રિઝોલ્યુશન ભૂલી જવાતાં હોય તો દશ જણને ફોન કરીને જણાવી દો. ફરી ફરી યાદ કરાવું છું કે રિઝોલ્યુશનની નિષ્ફળતા પર ધ્યાન આપવાને બદલે તેને અવરોધતાં પરિબળો શોધવાથી કદાચ ફાયદો થાય. બાકી કશું ન થાય તો હતાશ થવાની જરૂર નથી, જેવા છો એવા રહેજો. ખાલી એમાં માઇનસ ન થતાં નેવું કિલો વજન હોય તો સેન્ચુરી મારશો નહીં ! ■

**ધ એન્ડઃ**

*તમને એક શ્રેષ્ઠ રિઝોલ્યુશન સૂચવું ?*
*નવા વર્ષે કોઈ પણ સંકલ્પ ન કરવો !*

સાયબર સાવધાની
પ્રફુલ શાહ
feedback@bombaysamachar.com

# હેપ્પી ન્યૂ યરનો વ્યક્તિગત સંદેશો મોકલવાની છેતરામણી જાળથી બચજો

સાયબર ફ્રોડ અને ઓનલાઈન ચિટર કોઈ તક કે કોઈ તહેવાર છોડતા નથી. ઈશુનું નવું વર્ષ હોય કે દિવાળી, પંદરમી ઑગસ્ટ હોય કે ૨૬મી જાન્યુઆરી, ધૂળેટી હોય કે વસંત પંચમી, જન્માષ્ટમી હોય કે મધર્સ / ફાધર્સ ડે, તેઓ એક-એક સિઝન - લાગણીને રોકડી કરી લેવા તૈયાર બેઠા હોય છે. લોકોની લાગણી સાથે રમીને એમના બૅન્ક ખાતા ખાલી કરવા ગીધડાની જેમ તાકમાં બેઠા હોય છે.

નવા વર્ષની શુભેચ્છા પાઠવવા બધા સેંકડો - હજારો સંદેશ વૉટસએપ પર મોકલે એ કહેવાની વાત નથી. પરંતુ ૯૦ ટકા ભાષા હૃદયસ્પર્શી ભાષા કે સારા શબ્દો નથી. થોડા ઘણા પાસે આ કળા - કસબ - કૌશલ છે. તેમાંથી ઘણા વ્યસ્તતા કે આળસના શિકાર બનેલા હોય. આમ છતાં ફોરવર્ડ આવેલા કે ખૂબ ચવાયેલા મેસેજ કે સ્ટીકરને બદલે કંઈક નવું, સૌથી અલગ અને એકદમ હટકે મોકલવાની મોટાભાગની ઈચ્છા હોય, હોય ને હોય જ.


બસ, આ ઈચ્છાનો લાભ લેવા માટે ઠગો પ્રયાસરત થઈ જાય છે. તમને જાણીતા કે ક્યારેક અજાણ્યા નંબર પરથી વૉટ્સએપ મેસેજ આવે. એમાં કોઈક સરસ વીડિયો, ઈમોજી, સતત કલબલાટ કરતી પારેવડી ક્રાઈસિસ મેનેજમેન્ટ એકસપર્ટ છે. ગમે તે મુસીબત હોય એ હસીને કહે, 'રિલેકસ, કૃતિ છે ને. પણ વ્હાલસોયા પપ્પાને આમ અચાનક કાયમ માટે ખોઈ બેસીને એ જાણે સુધબુધ ગુમાવી બેઠી છે.

ના, ના. આવું ન ચાલે. એના પપ્પા નારાજ થાય. મને ઠપકો આપે. આવા વિચારો સાથે મમ્મીએ ઓઢણીના છેડાથી ભીની આંખો લૂછીને પછી બન્ને હાથ ચહેરા પર ફેરવ્યા. જાણે સ્વસ્થતાનો બુસ્ટર ડોઝ મળી ગયો હોય એમ તેઓ ઊભા થયા. કૃતિની બાજુમાં જઈને બેઠાં. બે પળ બાદ એનો હાથ પોતાના હાથમાં લીધો. કૃતિએ ન સામે જોયું, ન જરાય પ્રતિભાવ આપ્યો.

મમ્મી હળવે અવાજે બોલ્યા. 'હું ખૂબ મુંઝાઈ ગઈ, તો તારા પપ્પાનો અવાજ કાને પડઘાયો કે ફિકર ન કર, કૃતિ છે ને.' કૃતિએ મમ્મી સામે જોયું. એમને ગળે વળગીને રડવા માંડી. મમ્મી કંઈ ન બોલ્યાં ચૂપચાપ પીઠ પર હાથ ફેરવતા રહ્યાં. થોડીવારમાં કૃતિ અળગી થઈ. 'સોરી, મમ્મી હવે તારું ધ્યાન રાખવાની જવાબદારી મારી. તને નથી ખબર પણ પપ્પા અનેકવાર મને કહેતા કે મારી ગેરહાજરીમાં તારી મમ્મીની મને જરાય ફિકર નથી. કૃતિ અમારો સવાયો દિકરો છે. એ મમ્મીને ક્યારેય તકલીફ પડવા નહિ દે...' અને અંગત અને અમૂલ્ય વિગતો પણ આવી જાય.

જેના હાથમાં આ બધું આવી જાય એ કોન્ટેકટમાંથી કોઈને ફોન કરીને તમારી માંદગી વિશે ગપ્પું મારીને પૈસા પડાવી શકે. તમારી બદબોઈ કરી શકે. તમારી અંગત પળોનો ફોટો - વીડિયો વાયરલ કરવાની ધમકી આપીને તમને જ બ્લેકમેઈલ કરી શકે. અને અને... ચપટી વગાડતા તમારું બૅન્ક ખાતું ખાલીખમ કરી શકે.

એક પર્સનાલઈઝડ મેસેજ મોકલવાની લાલચ તમને જ નહિ, તમારા સ્વજનો, કુટુંબીજનો અને મિત્રોને મહામુસીબતની ખીણમાં ધકેલી શકે. અને કોઈ માટે દિલમાં સાચી લાગણી હોય તો આપણા માટે કે આપણા વતી પારકા અને એ પણ અજાણ્યાએ બનાવેલા મેસેજની પંચાતમાં પડવાની જરૂર ખરી? ના, સાડી સત્તરવાર ના. ■



# અજબ ગજબની દુનિયા

હેન્રી શાસ્ત્રી henry.shastri@bombaysamachar.com

## ધડ - માથાનું ‘પુનર્મિલન’



આપણી લોકકથાઓમાં માથું વઢાઈ ગયા પછી પણ ધડ તલવાર વીંઝી દુશ્મનોનો ખાત્મો બોલાવી દે એવી અનેક ગાથાઓ જાણીતી છે. એકવીસમી સદીમાં યુરોપમાં ધડ - માથાના રિયુનિયનનો ક્લાસિક કિસ્સો નોંધાયો છે. વર્ષો સુધી ન્યૂ યોર્કના વિશ્વવિખ્યાત મેટ્રોપોલિટન મ્યુઝિયમમાં સંગ્રહિત રોમન સમ્રાટ સેવેરસના ધડનું શિલ્પ ૨૦૨૩માં તુર્કી સરકારની કોશિશથી પરત મળ્યું હતું. ધડ મળ્યા પછી તુર્કી સરકાર ડેન્માર્કના કોપનહેગન શહેરના મ્યુઝિયમના સંચાલકોને એ ધડથી છૂટું પડી ગયેલું માથાનું શિલ્પ મેળવવા અરજ કરી રહી હતી. હવે મ્યુઝિયમના સંચાલકો દાઢીધારી ડોકું સોંપી દેવા તૈયાર થઈ ગયા છે. ઈ. સ. ૧૯૩થી ઈ. સ. ૨૧૧ દરમિયાન રોમ પર શાસન કરનાર સેવેરસ કુશળ શાસક હોવા ઉપરાંત શુરવીર યોદ્ધો સુધ્ધાં હતો. ચાર પ્રતિસ્પર્ધીને પછાડી એ ગાદી પર બિરાજમાન થયો હતો. એ સમયે સમ્રાટોને દેવની જેમ પૂજવામાં આવતા હતા અને પ્રજામાં એમને માટે અહોભાવ જોવા મળતો હતો. ધડ અને માથાના આ પુનર્મિલનથી ૨૦૦૦ વર્ષ પહેલાના રોમન સમ્રાટના પૂર્ણ દર્શન મ્યુઝિયમની મુલાકાતે આવતા સહેલાણીઓને થશે.

## પત્નીએ જ પતિની કારની ચોરી કરાવી



‘પેટ કરાવે વેઠ’ કહેવતમાં બે ટંકના ભોજન માટે કાળી મજૂરી કરતા માણસની વ્યથા ડોકિયાં કરે છે. આધુનિક જમાનામાં ‘પૈસા કરાવે પેંતરા’ જેવી કહેવત પૈસાની અતિ ભૂખ અને લાલચનું પ્રતિબિંબ છે. યુપીના ગાજિયાબાદમાં પતિની ચોરાયેલી કાર માટે પત્નીની ધરપકડ કરવામાં આવી છે. થયું એવું કે લગ્ન સમારંભમાં ગયેલા નીતિન ત્યાગી નામના શખ્સની કાર પાર્કિંગમાંથી ચોરાઈ ગઈ. પતિએ પોલીસમાં ફરિયાદ કરી અને બહુ જલદી ચોર પકડાઈ ગયો. પોલીસની પૂછપરછમાં ચોરનો ખુલાસો સાંભળી પોલીસને જ નહીં, પતિને પણ ચક્કર આવી ગયા. શ્રીમાન ત્યાગીની શ્રીમતી પવિત્રા ત્યાગીએ જ ચોરી કરાવી હતી, બોલો! કબૂલાત અનુસાર પવિત્રાએ આરોપીને કહ્યું હતું કે ‘અમે બહેનના લગ્ન એટેન્ડ કરવા ફાર્મ હાઉસ જવાના છીએ. ત્યાં પતિની કારની ચાવી આપી દઈશ. તમે કાર ઉઠાવી જજો અને એ વેચીને જે પૈસા મળશે એ આપણે વહેંચી લઈશું. ડુપ્લીકેટ ચાવી બનાવી ઓરિજિનલ પાછી આપી દેજો. મારા પતિને ઈન્શ્યોરન્સ કંપની પાસેથી પૈસા તો મળી જ જશે.’ જોકે, સ્માર્ટ પોલીસે કાર સાથે આરોપીને ઝડપી લીધો અને પવિત્રાનાં અપવિત્ર કરતૂત બહાર આવી ગયાં.

## સસ્તો ફોન ને જેલની યાત્રા



સ્માર્ટફોન અને ઈન્ટરનેટના સદુપયોગથી મનુષ્યના દૈનિક જીવનમાં સગવડોનો સરવાળો થઈ રહ્યો છે તો એના દુરૂપયોગથી પરેશાનીનો ગુણાકાર થઈ રહ્યો છે. ‘ડિજિટલ એરેસ્ટ’થી ‘નવડાવી નાખવાના’ કિસ્સા સતત બની રહ્યા છે. આ વાતાવરણમાં સ્પેનમાં એક મહિલાએ કરેલી ઠગાઈ છળકપટના નવા અવતારનું ઉદાહરણ છે.

આઠ મહિનામાં ૩૧૧ પુરુષનો ‘શિકાર કરી’ એમની પાસેથી ૧૫ લાખ રૂપિયા પડાવી લેનારી ૨૬ વર્ષની યુવતીનો કિસ્સો ‘કુછ ભી હો સકતા હૈ’નું સમર્થન કરે છે. યુવતી એક સસ્તા અને સાધારણ સ્માર્ટફોન અને ફોટો એસેમ્બલ એપની મદદથી પુરુષોના ચહેરાના ફોટોગ્રાફ લઈ એ ચહેરા AI - આર્ટિફિશિયલ ઇન્ટેલિજન્સની મદદથી તૈયાર કરેલા શરીર પર ફિટ કરી એ ‘પુરુષ’ના હૂંફાળા સહવાસના અસલી લાગતા નકલી ફોટોગ્રાફ બતાવી જો મોં માંગી રકમ ન ચૂકવી તો પરિવારના સભ્યો સાથે શેર કરવાની ધમકી આપતી હતી. બદનામીના ડરથી ગભરાઈ ગયેલા પુરુષો ‘ઝંઝટમાંથી મુક્તિ મેળવવા’ પૈસા ચૂકવી દેતા. જોકે, યુવતીનું બ્લેકમેઈલ કરવાનું કૌભાંડ પકડાઈ ગયું અને હવે એ જેલની હવા ખાઈ રહી છે.

## ટ્રકને બનાવી દીધું ઘર



નોકરી - ધંધા અંગે વારંવાર ઘરથી દૂર રહેતા પતિની રાહ જોતી પત્ની ‘હું તો કાગળિયા લખી લખી થાકી’ જેવા ગીત ગણગણતી. આજની કન્યા કાગળ લખવામાં નથી માનતી. વીડિયો કોલ કરી હસબન્ડના હાલહવાલ જાણી લે છે- ગુફ્તેગુ કરી લે છે. એરપોર્ટ પર કાર્ટ ડ્રાઈવરની નોકરી કરતી ૨૯ વર્ષની મિલાનો ૩૧ વર્ષનો પતિ જેરેમી એક અમેરિકન કંપનીમાં ટ્રક ડ્રાઈવરની નોકરી કરે છે. એનો મોટાભાગનો સમય ઘરમાં નહીં, ટ્રકમાં પસાર થાય છે. મેરેજના દોઢેક વર્ષ એકલતાથી અકળાયેલી મિલાએ પતિ ક્યારે ઘરે પાછો ફરશે એની રાહ જોવાને બદલે નોકરી છોડી કાયમ પતિ સાથે રહેવું છે એવું નક્કી કર્યું. પતિને પણ આ વાત પસંદ પડી અને કંપનીએ પત્નીને કાયમ સાથે મુસાફરીની છૂટ તો આપી, જૂની ટ્રકને સેવા નિવૃત્તિ આપ્યા બાદ નવી ટ્રક ખરીદી જેરેમીને એમાં ‘રિનોવેશન’ કરી કિચન અને બેડરુમ પણ બનાવી લીધા. ટ્રક સ્ટોપ્સ કે પેટ્રોલ પંપ પર બ્રેક લઈ દૈનિક ક્રિયા પતાવી દે છે, નોકરીની નોકરી, ઘરનું ઘર અને સાથે ફેરફટકા જેવી લાઈફસ્ટાઈલ બંનેને માફક આવી ગઈ છે. લોકોના સંસાર ચાલતા હોય છે, મિલા- જેરેમીનો સંસાર તો પૈડાં પર સડસડાટ દોડી રહ્યો છે.

## લ્યો કરો વાત!

*નવી નવી ટેકનોલોજી વિકસાવતું મગજ એના ફાયદા સાથે એના ગેરફાયદા કેમ લેવા એ વિશે પણ સતત પ્રવૃત્ત રહે છે. ઉત્તર પ્રદેશના ખ્યાતનામ અલીગઢમાં અઢી કરોડની બનાવટી કરન્સી નોટ સાથે પકડાયેલા આરોપીઓના દિમાગની ‘ફળદ્રુપતા’ ચોંકાવી દેનારી છે. જાળમાં ફસાઈ શકે એવા લોકોને વીડિયો કોલ કરી નોટ ભરેલી બેગ બતાવી કહેતા કે ‘આ નોટ બેંકમાં જમા નહીં કરાવી શકાય પણ બજારમાં એની મદદથી ખરીદી કરી શકાશે.’ વાત માની લેતા લોકો ૧૫ લાખ રૂપિયાની અસલી નોટ આપી ૫૦ લાખની નકલી નોટ લઈ જતા. એક ‘લાભાર્થી’એ ૫૦ લાખ રૂપિયાના ટામેટાંનો ઓર્ડર આપતા વેપારીને શંકા પડી અને ‘અસલી નકલી’ કૌભાંડનો પર્દાફાશ થયો.* ■

# સટ્ટાક સવાલ... ફટ્ટાક જવાબ

## રમૂજી સવાલના મનમોજી જવાબ

દર્શન ભાવસાર

**ધક્કા કેટલા પ્રકારના હોય?**

* ધરમ ધક્કો અને લબડ ધક્કે...

**રાતા પાણીએ રોવાનું... એ ક્યાંથી નીકળે?**

* લાલ આંખમાંથી...

**સૌથી આકરો તાપ કયો?**

* પશ્ચાતાપ...

**કલ આજ ઔર કલ પછી શું?**

* મિરેકલ, મેજિકલ, ટિપિકલ, મ્યુઝિકલ...

**મને ઘોડી લાવવાની ઈચ્છા છે.**

* પહેલાં ઘોડો લઈ આવો... નહીં તો ઘોડીને એકલવાયું લાગશે...

**લગ્નમાં મહેમાનને સાફા કેમ પહેરાવાય છે?**

* ટોપી પહેરાવે તો યજમાનની આબરૂ જાય...

**નવપરિણીત યુગલ કંસાર કેમ જમે છે?**

* એ દિવસે એમણે જાતે રસોઈ બનાવવી ના પડે એટલે...

**વરરાજા પરણવા માટે કેમ ઘોડા પર કે કારમાં બેસીને જાય છે?**

* એકલા બેસવાનો એ છેલ્લો ચાન્સ હોય છે...

**લિખિતંગમાં સહી કરનાર કોઈને કેવી રીતે તંગ કરી શકે?**

* નોટિસ મોકલીને...

**મોબાઈલ ઉપવાસ પછી પારણું શેનાથી કરવાનું?**

* ઈમોજી જોઈને...

**રિસાઈ જઈને ધાર્યું કામ કરાવી શકાય આવું કેમ?**

* આ ‘સુવિધા’ માત્ર બહેનો માટે જ છે...

## કચ્છી ચોવક

કિશોર વ્યાસ
kishor.vyas@bombaysamachar.com

# માણસ ડાહ્યો ન હોય કિસ્મત જ ડાહી હોય!



મોટાભાગે આપણને કર્મો કરતા હોવા છતાં પણ સફળતા નથી મળતી હોતી. ત્યારે આપણે સફળતાને ભાગ્ય પર જ છોડી દેતા હોઈએ છીએં. કચ્છી ચોવક પણ એવુંજ કંઈક કહે છે: **“માડૂ ડાઓ નાંય સ્મિત ડાઈ આય”** અહીં ‘માડૂ’ એટલે માણસ. ‘ડાઓ’ એટલે ડાહ્યો. ‘નાંય’ શબ્દ છે જેનો અર્થ થાય છે: નથી (હોતો) કિસ્મત એટલે ભાગ્ય. ‘ડાઈ’ એ ‘ડાઓ’ શબ્દનો સ્ત્રી લિંગ શબ્દ છે, ‘ડાઈ’ એટલે ડાહી અને ‘આય’ એટલે (હોય) છે! ચોવક કહે છે કે, માણસ ડાહ્યો નથી હોતો પરંતુ કિસ્મત ડાહી હોય છે. ભાવાર્થ એવો થાય છે કે, સફળતા ભાગ્યને આધારિત હોય છે.

ગુજરાતીની આ કહેવત બહુ પ્રચલિત છે કે, ‘હલકું નામ હવાલદારનું’. કચ્છીમાં હવાલદારને ‘હવાલધાર કહે છે. ચોવક એ હવાલધાર શબ્દના પ્રયોગ સાથે કહે છે કે, **“હલકો લૂઈ હવાલધારજો”** ‘હલકો’ એટલે અહીં હલકું (નામ) લૂઈ એટલે લોહી. શબ્દાર્થ થાય છે: હલકું લોહી હવાલદારનું. જ્યારે ભાવાર્થ થાય છે: નામ જ બદનામ હોવું.

એક બહુ પ્રચલિત ચોવક છે: **“વાંણ, વરસાદ ને વીંયાં આયા ભલા”**. ‘વાંણ’ એટલે વહાણ. ‘વીયાં’ નો અર્થ થાય છે: લગ્ન. ‘આયા’ નો અર્થ છે: આવ્યા અને ‘ભલા’ નો અહીં અર્થ થાય છે: ખરું કે ખરા. વહાણ, વરસાદ અને આદરેલાં લગ્ન, આવે ત્યારે ખરું! ખેપ કરવા ગયેલું વહાણ. ઋતુમાં પડનારો વરસાદ અને આદરેલાં લગ્ન આરે આવે ત્યારે ખરાં! એ ત્રણેય જ્યારે આવે ત્યારે જ, આવ્યાં કહેવાય!

સમાજમાં આપણે ઘણીવાર બોલતાં હોઈએ છીએં કે, ‘મગજમાં રાઈ ભરાણી છે’... મતલબ કે અહંકારી હોવું. ચોવક ત્રણ શબ્દમાં જ કહે છે કે: **“વા ભરાણૂં આય”** ‘વા’ નો અર્થ થાય છે: હવા. ‘ભરાણૂં’ એટલે ભરાઈ અને ‘આય’ નો અર્થ થાય છે: છે. શબ્દાર્થ સરળ છે: હવા ભરાઈ છે, અને ભાવાર્થ છે: અહંકાર આવી જવો!

હમણાં જ અખાત્રીજ જેવો સપરપો દિવસ ગયો. અખાત્રીજને વણી લઈને એક સુંદર મજાની ચોવક રચાઈ છે. **“વડો પિરભ ડીયારી ત ઓછી અખાત્રીજ પ નાંય”** ‘વડો’ એટલે મોટો અને ‘પિરભ’ એટલે પર્વ કે તહેવાર. ‘ડીયારી’ નો અર્થ થાય છે દિવાળી. ‘ત’ એટલે તો. છેલ્લા બે શબ્દો છે: ‘પ નાંય’ જેનો અર્થ થાય છે, ‘પણ નથી.’ ચોવક સરળ રીતે એ બન્ને દિવસોને પર્વ તરીકે ગણાવતાં કહે છે કે, જો દિવાળી મોટો તહેવાર હોય તો ઓછું મહત્ત્વ અખાત્રીજનું પણ નથી! એ બે પર્વને એક સરખા ગણાવીને ચોવક સમાજમાંના ગુણીયલ લોકોની વાત કહે છે. જો એ ગુણીયલ હોય તો પેલી વ્યક્તિ પણ તેનાંથી ઓછી ગુણીયલ નથી! બન્ને સરખા જ ગુણીયલ છે.

સંસ્કૃતમાં કહેવાય છે કે, ‘મુંડે મુંડે યતિર્ભીનઃ’ એવાજ અર્થ સાથે એક ચોવક પણ રચાઈ છે કે: **“વણ વણજી કાઠી નોખી”** કોઈ એક બાબત માટે દરેક વ્યક્તિનો મત અલગ હોવો. અહીં ‘વણ વણજી’ એ બે શબ્દોનો અર્થ થાય છે: જણ જણની. ‘કાઠી’ શબ્દ આમતો લાકડાં માટે વપરાતો હોય છે, પણ કચ્છીમાં એ ઘણા અર્થો પોતાનામાં સમાવીને વપરાતો શબ્દ છે. વળી ‘કાઠી’ શબ્દ એક જાત માટે પણ વપરાય છે, પણ અહીં ‘કાઠી’ એટલે મત કે અભિપ્રાય. ‘નોખી’ શબ્દનો અર્થ થાય છે: જૂદો અથવા ભિન્ન. ચોવકને કહેવું એટલું જ છે કે, માણસ માત્રનો મત જુદો જુદો હોય છે.

ગરીબીમાં પણ સંતોષ મનાવતી એક ચોવક છે: **“વા ગરીભી નેં વા મજા”** વાહ ગરીબી અને વાહ તારી મજા! મતલબ કે, ઈશ્વર જે સ્થિતિમાં આપણને રાખે તેમાં જ સંતોષ માનવો! ■

## મગજ મંથન

વિઠ્ઠલ વઘાસિયા
feedback@bombaysamachar.com

# પૂરક પરીક્ષાની તકથી વિદ્યાર્થીની તકદીર બદલાઈ જશે ખરી?

હમણાં હમણાં માધ્યમિક શિક્ષણ બોર્ડની પરીક્ષાઓમાં ધરખમ ફેરફાર કરવામાં આવી રહ્યા છે. આમ જોઈએ તો વિજ્ઞાનક્ષેત્રે જેટલા પ્રયોગો થતા નહીં હોય એટલા પ્રયોગ શિક્ષણક્ષેત્રે થઈ રહ્યા છે. નવી શિક્ષણ નીતિ -૨૦૨૦ની પૉલિસી અનુસાર ધોરણ ૧૦ની પરીક્ષા જ નીકળી જવાની છે ત્યારે એ દિશામાં આગળ વધવાને બદલે તાજેતરમાં માધ્યમિક શિક્ષણ બોર્ડ દ્વારા ધોરણ ૧૦ અને ૧૨ માં તમામ વિષયોની પૂરક પરીક્ષા લેવાનો નિર્ણય કરવામાં આવ્યો છે. વિદ્યાર્થી નાપાસ થાય અથવા પાસ થયેલાં વિદ્યાર્થીને મેળવેલા ગુણથી અસંતોષ હોય તો તેવા તમામ વિદ્યાર્થી પણ પૂરક પરીક્ષા આપી શકશે. બંને પરીક્ષામાંથી વધુ મેળવેલા ગુણ ગણવાના રહેશે. આમ થવાથી વિદ્યાર્થીઓનું વર્ષ બગડતું અટકશે અને વિદ્યાર્થીની તકદીર બદલાઈ જશે એવું તંત્રનું માનવું છે.

વરસ બગડતું અટકશે એ તો જાણે સમજ્યા, પણ તકદીર કેમ બદલાઈ જશે એ વાત ગળે ઉતરતી નથી. ધોરણ ૧૦ કે ૧૨માં વિદ્યાર્થીઓ ૯૯.૯% લાવે તો પણ વધારે ટકાના આધારે કોઈ ઉચ્ચ ફેકલ્ટીમાં પ્રવેશ કે પછી કારકિર્દી બની જતી હોય એવું ક્યાંય જોવા મળ્યું છે? ધોરણ ૧૦ અને ૧૨ના ટકાના આધારે સીધી કોઈ નોકરી મળે છે ખરી? કારણ કે મેડિકલમાં પ્રવેશ માટે ‘નીટ’ જેવી પરીક્ષા અને એન્જિનિયરિંગમાં પ્રવેશ માટે ‘જેઈઈ’ જેવી પરીક્ષાઓ આપવી પડે છે. કોઈ પણ ડિપાર્ટમેન્ટ કે સિવિલ સર્વિસની પોસ્ટ માટે તો અભ્યાસ પૂરો થયા પછી ગૌણ સેવા પસંદગી મંડળ, જીપીએસસી કે યુપીએસસીની પરીક્ષાઓ ક્રેક કરવી પડે છે.

આમ જોઈએ તો પરીક્ષાનું માળખું વધુ સરળ અને હળવું બનાવીને વિદ્યાર્થીઓને વધુ પાંગળા બનાવી રહ્યા હોઈએ એવું લાગે છે. પૂરક પરીક્ષાનો વિકલ્પ ઊભો થવાથી વિદ્યાર્થીઓ વધુ બેદરકાર બનશે. આજકાલ લેવામાં આવતી મોટા ભાગની સ્પર્ધાત્મક પરીક્ષાઓમાં ૫૦% જેવા વિદ્યાર્થીઓ ગેરહાજર રહેતા હોય છે. આજનો વિદ્યાર્થી રોજગારી મેળવવા માટેની પરીક્ષામાં પણ ગંભીર નથી ત્યારે બોર્ડની પરીક્ષાઓ બાબતે તે કેટલો ગંભીર બનશે એ જોવાનું રહ્યું!



બીજી તરફ, વિદ્યાર્થી પોતાની કારકિર્દી બનાવવા માટે સક્ષમ અને ગંભીર બને એ વિશે કોઈ પગલાં લેવામાં આવતા નથી. બાળકને અભ્યાસ પ્રત્યે રુચિ ઉત્પન્ન કરવા માટે માનસિક રીતે તૈયાર કરવો જોઈએ. મા - બાપ અને તંત્રને એક જ બાબતની ચિંતા છે કે, બાળક આપઘાત કરતો અટકે. આપઘાત કરવા પ્રેરાય છે શા માટે? એ વિશે કેમ કોઈ ગંભીરતાથી વિચારતું નથી? વિદ્યાર્થી પર મા-બાપની અપેક્ષાઓનો ભાર વધી ગયો છે, એનું શું? બાળકના રસ, રુચિ કે વલણને લઈને તો કોઈ મા-બાપ વિચારતા જ નથી. એને આર્ટ અને કલામાં રસ છે પણ મા-બાપને ડૉક્ટર બનાવવો છે. સંતાનને સંગીતમાં રસ છે અને મા-બાપને એન્જિનિયર બનાવવો છે. મા-બાપની વધુ પડતી અપેક્ષા અને દેખાદેખીનાં પોટલાંનો ભાર વિદ્યાર્થી ઉપાડી શકતો નથી. વિદ્યાર્થીને આવા દબાણને કારણે જ્યારે કશું જ સૂઝતું નથી, કોઈ માર્ગ દેખાતો નથી ત્યારે એ હતાશાનો માર્યો આપઘાત કરવા તરફ ધકેલાય છે.

યાદ કરો ૫૦ વર્ષ પહેલાંના સમયને. ધોરણ ૧૧ની(જૂની એસએસસી) પરીક્ષાને. જે તે સમયે ધોરણ ૧૧ ની બોર્ડની પરીક્ષા વખતે દરરોજ બે વિષયની પરીક્ષા આપવાની થતી હતી. ૧૧ થી ૨ વાગ્યા સુધી એક પેપર અને બપોરના ૩ થી ૬ વાગ્યા સુધી બીજું પેપર. બે દિવસ વચ્ચે પણ કોઈ રજા ન હોય એવું જ સમયપત્રક સેટ કરવામાં આવતું હતું. એક અઠવાડિયામાં પરીક્ષા પૂરી થઈ જતી હતી. જિલ્લામાં માત્ર એક અથવા બે જ પરીક્ષા કેન્દ્ર હોય. જે તે જિલ્લાના તમામ વિદ્યાર્થીએ જિલ્લા મથકે પરીક્ષા આપવા જવાની રહેતી હતી. રહેવા જમવાની વ્યવસ્થા પણ અજાણ્યા શહેરમાં કરવી પડતી. અજાણ્યું શહેર હોવાથી પરીક્ષા સ્થળ શોધવા માટે પણ ફાંફા મારવા પડતા. ગૂગલ તો હતું નહીં કે રોડ મેપ જોઈ શકાય! મા-બાપ બધી જ જવાબદારી વિદ્યાર્થીઓ પર થોપી દેતા. એ સમયે વિદ્યાર્થી જાતે જ પોતાનો માર્ગ શોધી લેતો હતો. પરીક્ષાના આવેદનપત્રો ભરવા કે બીજી વહીવટી કામગીરીની જાણકારી પોતે જાતે મેળવીને આગળ વધતો હતો. આજે તો મોટાભાગના મા- બાપ વિદ્યાર્થીનાં તમામ કામ કરી આપે છે. પ્રવેશ લેવાનો હોય તો પણ તમામ પ્રોસિજર મોટેભાગે મા-બાપ જ કરે છે. આથી પણ વિદ્યાર્થી વધુ પાંગળો થતો જાય છે. વર્તમાન સમયમાં તો પરીક્ષાની વ્યવસ્થા અદ્યતન બની ગઈ હોવા છતાં બાળકને મદદરૂપ થવા માટે મોટા ભાગના મા-બાપ પરીક્ષા વખતે નોકરી કે ધંધામાંથી રજા લઈ લેતા જોવા મળે છે. જે તે સમયની કઠોર પરીક્ષા વ્યવસ્થા હતી તેમ છતાં ડૉક્ટર કે એન્જિનિયર બનતા જ ને? એ સમયે નબળું પરિણામ આવવાથી કોઈ વિદ્યાર્થીએ આપઘાત કર્યો હોય એવું જાણવા મળ્યું છે? અત્યારની સુવિધાસભર અને સરળ પરીક્ષા વ્યવસ્થા ઊભી કરવામાં આવી છે તેમ છતાં સમયાંતરે પરીક્ષાને વધુ ને વધુ સરળ બનાવવા તરફ તંત્ર જઈ રહ્યું છે. ટેક્નોલોજીના વિકાસની સાથે સાથે દરેક સુવિધા- સગવડ વધ્યાં જ છે. એનો લાભ લેવો જોઈએ. એના વિરોધને બદલે એ તો આવકારવા જેવી વાત છે.

આ અર્થમાં આજનો વિદ્યાર્થી નસીબદાર છે. વધુ લાભાન્વિત બન્યો છે. સમજો કે આ સમય જીવવા જેવો છે. આજના વિદ્યાર્થીને તો આકાશ એ જ અંત સમજીને અભ્યાસ પાછળ મંડ્યા રહેવું જોઈએ. તેમ છતાં અફસોસ એ વાતનો છે કે ભૂતકાળના વિદ્યાર્થીઓ અગવડની વચ્ચે પણ ઊંચા ગુણાંક સાથે પરીક્ષાઓ પાસ કરીને ઉજજવળ કારકિર્દી બનાવતા, તો પછી આજના વિદ્યાર્થીઓએ ટેક્નોલોજીના ફાયદા લઈને પોતાનો વિકાસ કરી બતાવવો જોઈએ ને! ■


**તણખોઃ**

*એક વિદ્યાર્થી પ્રવેશ માટે એક એન્જિનિયર કોલેજમાં જાય છે.ગેટ પરના સિક્યુરિટી ગાર્ડને પૂછે છે, ‘આ કોલેજમાં ભણવાનું કેવું છે? મારે એડમિશન લેવું છે.’*

*સિક્યુરિટી ગાર્ડ કહે, ‘બહુ સારું છે. લઈ લે, હું પણ આ કોલેજમાં જ ભણ્યો છું!’*

તસવીરની આરપાર
___ભાટી એન.
feedback@bombaysamachar.com

# નવલા વર્ષનાં ઉષાકિરણે કોણાર્કનાં 'સૂર્ય મંદિર'નાં દર્શન કરીએ





નવલું વર્ષ ૨૦૨૫નો આરંભ મંગલકારી સૂર્યના કિરણોવાળી ઉષા-ઉદયથી કરીશું. સૂર્યનારાયણ આખા વિશ્વનાં પોષકપિતા છે...! સૂર્યના પ્રકાશ વિના જીવસૃષ્ટિને જીવવું અશક્ય બરાબર છે. એટલા માટે આપણે સુપ્રભાતે રવિરાજ સુરજદાદાને નમસ્કારીએ છીએ...! તો ભારતમાં સૂર્યમંદિર અમુક છે. તેમાં એક મોઢેરા ખાતે ગુજરાતમાં સૂર્યમંદિર આવેલ છે. પણ આજે આપણે ભારતનું સર્વોત્કૃષ્ટ 'કોણાર્કનું સૂર્યમંદિર'ની વિશેષતાની ઐતિહાસિક વાતોથી અવગત થઈશું. ભારતના ઓડિશા રાજ્યના પૂરી જિલ્લાનાં પૂરી નામક ગામમાં આવેલ ભવ્યતાતિભવ્ય આ મંદિર લાલ ને કાળા બલુઆ પથ્થરમાં કલાકોતરણથી ભરપુર છે. ઈ.સ. ૧૨૩૬થી ૧૨૬૪માં ગંગ વંશના રાજા નૃસિંહદેવ દ્વારા બાંધવામાં આવ્યું હતું. આ મંદિરના પ્રસિદ્ધ સ્થળોમાં એક છે. આ સૂર્ય મંદિરને યુનેસ્કો દ્વારા સન ૧૯૮૪માં વિશ્વ ધરોહર સ્થળ તરીકે ઘોષિત કરવામાં આવેલ છે.

કલિંગ શૈલીમાં નિર્મિત આ મંદિર દેવના રથના રૂપમાં ખાસમખાસ કલાત્કમ ડિઝાઈનથી બનાવવામાં આવેલ છે...! આ પથ્થર પર ઉત્કૃષ્ટ નકશીકામ કરીને આ મંદિર સૂર્યદેવનાં રથના રૂપમાં છે! સંપૂર્ણ મંદિર સ્થળને એક બાર જોડી ચક્રોવાળા સાત ઘોડાથી ખેંચતા સૂર્યદેવના રથના રૂપમાં બનાવ્યા છે. મંદિર પોતાની કામુક મુદ્રાઓવાળી શિલ્પકૃતિઓ માટે પણ વિશ્વ વિખ્યાત છે! આ મંદિરમાં સૂર્ય ભગવાનની ત્રણ પ્રતિમાઓ છે. (૧) બાલ્યાવસ્થા સૂર્ય - ૮ ફીટ. (૨) યુવાવસ્થા મધ્યાહન સૂર્ય ૯.૫ ફીટ (૩) પ્રૌઢાવસ્થા સૂર્ય - ૩.૫ ફીટ છે. આના પ્રવેશ પર સિંહ - હાથીઓ પર આક્રમક થતા રક્ષામાં તત્પર દેખાડયાં છે! આ સંભવત તત્કાલીન બ્રાહ્મણરૂપ સિંહોનું બૌદ્ધરૂપી હાથીઓ પર વર્ચસ્વનું પ્રતીક છે. બંને હાથી એક - એક માનવ ઉપર સ્થાપિત છે...! આ દુર્લભ પ્રતિમાઓ સિંગલ પથ્થરમાંથી નિર્મિત થયેલ છે...!? આ ૨૮ ટનની ૮.૪ ફીટ લાંબી, ૪.૯ ફીટ પહોળી તથા ૯.૨ ફીટ ઊંચી છે...!!! મંદિરના દક્ષિણી ભાગમાં બે સુસજ્જિત ઘોડા બનેલા છે. જેમને ઓડિશા સરકારે પોતાના 'રાજચિહ્ન'ના રૂપમાં અંગીકાર કરી લીધા છે. ૧૦ ફૂટ લાંબા અને ૭ ફીટ પહોળા છે. 'સૂર્યમંદિર' સૂર્યદેવની યાત્રા બતાવે છે. આના પ્રવેશદ્વાર પર જ નટમંદિર છે.

આ મંદિરની નર્તકીઓ 'સૂર્યદેવ'ને અર્પણ કરવા માટે નૃત્ય કરતી હતી. પૂરા મંદિરમાં જ્યાં ત્યાં ફૂલવેલ ભૌમિતિક નમૂના દેખાય છે. આ સાથે જ માનવ, દેવ, ગંધર્વ, કિન્નર આદિની આકૃતિઓ પણ છે. મંદિર હવે આંશિકરૂપે ખંડેરમાં પરિવર્તિત થઈ થતું જાય છે. પણ ભારતીય પુરાતન ખાતુ સુરક્ષિત રાખેલ છે. તેરમી સદીનું મુખ્ય 'સૂર્યમંદિર' એક મહાન રથરૂપમાં બનેલ છે. અહીંના સ્થાપત્ય અનુપાત દોષો રહિત તથા ગુણોત્તર આશ્ચર્યચક્તિ કરવાવાળા છે. અહીંની સ્થાપત્યકળા વૈભવ તથા માનવીય નિષ્ઠાનાં સૌહાર્દપૂર્ણ સંગમ છે. મંદિરની પ્રત્યેક ઈંચ અદ્વિતીય સુંદરતા અને શોભાની શિલ્પાકૃતિઓથી પરિપૂર્ણ છે. આના વિષય પણ મન મોહક છે. જે સહસ્ત્ર શિલ્પ આકૃતિઓ ભગવાનો, દેવતાઓ, ગંધર્વો, માનવો, વાધકો, પ્રેમીયુગલો, દરબારની છબીઓ, શિકાર તથા યુદ્ધના ચિત્રોથી ભરેલ છે. આની વચ્ચે પશુ-પક્ષીઓ (લગભગ બે હજાર હાથી, કેવળ મુખ્ય મંદિરનાં આધારની પટ્ટી પર ભ્રમણ કરતા અને પૌરાણિક જીવો સિવાય મહિન અને પેચીદા વેલ બૂટા તથા ભૌમિતિક નમૂના અલંકૃત છે. ઓડિયા શિલ્પકળાની હીરા જેવી ઉત્કૃષ્ટતતા પરિસરમાંથી દેખાય છે. આવું ભારતનું દુર્લભ 'સૂર્યમંદિર' કોણાર્કના મંદિરની મુલાકાત લેશો તો ચોક્કસ ખુશીને સાતા મળશે. ■

ફોકસ
લોકમિત્ર ગૌતમ
feedback@bombaysamachar.com

# આર્ટ ઓક્શન હાઉસ, જ્યાં લાગે છે લાગણીઓ પર બોલી..!

*કિંમત લગાડવામાં આવે તો દરેક વસ્તુ વેચાય છે
માત્ર લાગણીઓ છે જે લિલામ નથી થતી*

આ કોઈ લોકપ્રિય શાયરની શાયરી નથી, બસ એમ સમજી લો કે આજકાલ સોશિયલ મીડિયાની દુનિયામાં જે મેસેજોની આપ-લે થાય છે આ એમાંનો જ એક છે.

પરંતુ આ શેર, જે કાલાતીત આદર્શને વ્યક્ત કરે છે, હવે એટલું કાલાતીત નથી રહ્યું. આ શેર કહે છે કે જો દરેક વસ્તુ પર ભાવ રાખવામાં આવે તો દરેક વસ્તુની એક કિંમત હોય છે અને લાગણીઓની કોઈ કિંમત હોતી નથી.

પરંતુ આ ખોટું છે. વાસ્તવમાં દરેક કળા પહેલા ભલે વેચાણ માટે ઉપલબ્ધ ન હતી, પરંતુ હવે આ કલાકૃતિ ખૂબ જ વ્યવસ્થિત રીતે વેચાઇ છે. દુનિયામાં એક-બે નહીં પણ એવી સેંકડો આર્ટ ગેલેરીઓ છે જ્યાં દર વર્ષે અબજો રૂપિયાની નવી અને જૂની કલાકૃતિઓનું ખરીદ-વેચાણ થાય છે.

કળા એટલે કે આર્ટનું કેટલું વ્યવસ્થિત આંતરરાષ્ટ્રીય બજાર છે, આનો અંદાજ એ વાત પરથી લગાવી શકાય છે કે વર્ષ ૨૦૨૨માં આંતરરાષ્ટ્રીય કળા બજારનું કુલ કદ ૪૪૧ અબજ ડૉલર હતું, તે ૨૦૨૩ માં ૫૭૬.૫૨ અબજ ડૉલરનું થઈ ગયું. આટલો વધારો તો ઘણી લોકપ્રિય ઉપયોગી વસ્તુઓના બજારમાં પણ થયો નથી. આ એકમાત્ર વૈશ્વિક કળાની દુનિયાની વાસ્તવિકતા નથી. ભારતીય કળા બજાર છેલ્લાં એક દાયકામાં ઝડપથી વિકસ્યું છે. જો આપણે તેના વાર્ષિક ટર્નઓવર વિશે વાત કરીએ, તો વર્ષ ૨૦૨૨-૨૩ દરમિયાન જ ભારતીય કલા બજારનું કુલ ટર્નઓવર રૂ. ૧૨૦૦ કરોડ (અંદાજે ૧૫૦ મિલિયન ડૉલર) સુધી પહોંચી ગયું હતું. જે ગત વર્ષ કરતા ૯ ટકા વધુ છે. ભારતીય કળાના વાર્ષિક ટર્નઓવરમાં આ વધારો દર્શાવે છે કે આજે ભારતીય કલાના વાર્ષિક ટર્નઓવરમાં છેલ્લાં ત્રણ દાયકાની સરખામણીમાં ૬૦૦ ગણો વધારો થયો છે. જો આપણે કલા જગતમાં કરાયેલી ભવિષ્યવાણીઓ પર વિશ્વાસ કરીએ તો વર્ષ ૨૦૩૦ સુધીમાં ભારતીય કલાનું કદ ૭.૨ અબજ ડૉલર સુધી પહોંચવાની આગાહી છે.

જોકે, હાલમાં ભારતીય કલા બજાર, વૈશ્વિક કલા બજારના માત્ર ૦.૩ ટકા છે. તેમ છતાં, તેનો વધારો એ સંકેત છે કે કલાના બજારમાં ખૂબ જ ફળદ્રુપ ભાવિ છુપાયેલું છે. તેની પુષ્ટિ વર્ષ ૨૦૨૪માં વિશ્વભરની આર્ટ ગેલેરીઓમાં રહેલી ધમાલથી પણ થઈ શકે છે. વર્ષ ૨૦૨૪માં અનેક પેઈન્ટિંગ્સના વેચાણ કે હરાજીએ સમગ્ર વિશ્વનું ધ્યાન ખેંચ્યું હતું અને ખુશીની વાત એ છે કે તેમાં ભારતીય કલાકારોની કલાકૃતિઓનો પણ સમાવેશ કરવામાં આવ્યો હતો. વર્ષ ૨૦૨૪ માં, ભારતીય કલાકાર અમૃતા શેરગીલની પેઇન્ટિંગ 'ધ સ્ટોરી ટેલર'ની લિલામી ૬૧.૮ કરોડ રૂપિયામાં કરવામાં આવી હતી, જે કોઈપણ ભારતીય કલાકાર દ્વારા હાંસલ કરાયેલ સૌથી વધુ કિંમતની લિલામી



માટેનો વિશ્વ રેકોર્ડ છે. વર્ષ ૧૯૩૭માં અમૃતા શેરગીલે બનાવેલી આ પેઇન્ટિંગમાં કેટલીક મહિલાઓ તેમના ઘરની બહાર ગાયો સાથે આરામ કરતી જોવા મળે છે. એ જ વૈશ્વિક આર્ટ ઓક્શન હાઉસ ક્રિસ્ટીની પ્રથમ ભારતીય હરાજીમાં, મહારાષ્ટ્રના વાસુદેવ ગાયતુંડેની એક પેઇન્ટિંગ રૂ. ૨૩.૭ કરોડમાં વેચાઈ હતી, જે એક રેકોર્ડ છે. વર્ષ ૨૦૨૪ માં, લંડન સ્થિત સોથવી, સૌથી પ્રખ્યાત આર્ટ ઓક્શન હાઉસે ૬ જૂન ૨૦૨૪ ના રોજ ભૂતપૂર્વ બ્રિટિશ વડા પ્રધાન વિન્સ્ટન ચર્ચિલના પોટ્રેટની હરાજી કરી. આ તસવીરની અંદાજિત કિંમત ૪ થી ૭ કરોડ રૂપિયા એટલે કે ૫ થી ૭ લાખ ડૉલર હતી. આ પેઇન્ટિંગ ૧૯૫૪ માં પ્રખ્યાત કલાકાર ગ્રેહામ સધરલેન્ડ દ્વારા બનાવવામાં આવી હતી.

તે જ વર્ષે, ૧૮મી સદીની એક દુર્લભ ચીની ફૂલદાની પણ ૧.૫ મિલિયન પાઉન્ડ એટલે કે લગભગ ૧૪ કરોડ રૂપિયામાં હરાજી કરવામાં આવી હતી. આ ફૂલદાની કિએન લોગ યુગ (૧૭૩૬-૧૭૯૫)ની છે. એવું કહેવાય છે કે તે સમ્રાટના દરબાર માટે કિએન લોગ દ્વારા બનાવવામાં આવ્યું હતું. કહેવાનો મતલબ એ છે કે આ વર્ષે વિશ્વના આર્ટ ઓક્શન હાઉસે ઘણી રીતે હેડલાઇન્સ બનાવી છે. એક ન્યૂઝ એ પણ છે કે ફિલ્મ 'ધ વિઝાર્ડ ઓફ ઓઝ'માં જુડી ગારલેન્ડ દ્વારા પહેરવામાં આવેલા રૂબી ચંપલની રૂ. ૨૮ મિલિયન અથવા લગભગ ૨૩૭ કરોડ રૂપિયામાં હરાજી કરવામાં આવી હતી. યોગાનુયોગ આ ચપ્પલ વર્ષ ૨૦૦૫માં ચોરાઈ ગયા હતા. તે મળી આવ્યા પછી તેણે તેની હરાજી (વેચાણ) માં કિંમતનો રેકોર્ડ બનાવ્યો. એવું માનવામાં આવે છે કે આ ચપ્પલ લગભગ એક સદી જૂના ઇતિહાસના અનોખા રહસ્યનો એક હિસ્સો છે.

જો કે, આપણે આ કહાનીની શરૂઆત જે ઓક્શન હાઉસના અસ્તિત્વ અને માનવીય લાગણીઓને ઉત્તેજિત કરતી કલાકૃતિઓની ખરીદી અને વેચાણથી કરી હતી, તે સંદર્ભમાં, તે જાણવું રસપ્રદ રહેશે કે આજની તારીખે જ્યારે એવા ઘણા મહત્ત્વપૂર્ણ બિઝનેસ કરમાઈ રહ્યા છે, ત્યારે વિશ્વમાં એવા કેટલા ઓક્શન હાઉસ છે જે ફૂલીફાલી રહ્યા છે. તમને જાણીને નવાઈ લાગશે કે આવા ઓક્શન હાઉસની સંખ્યા આંગળીના વેઢે ગણી શકાય તેમ નથી, આવા ઓક્શન હાઉસ અથવા આર્ટ ઓક્શન હાઉસની સંખ્યા સેંકડોમાં છે, જ્યાં પ્રાચીન કળાની વસ્તુઓ, ઐતિહાસિક ખજાના અને અન્ય માનવ ઉપયોગની વસ્તુઓ અને અન્ય દુર્લભ વસ્તુઓની ખરીદી અને વેચાણ થાય છે, જેથી આર્ટ કલેક્ટર્સ તેને ખરીદી શકે. વાસ્તવમાં, કલાની આ વિવિધ કૃતિઓ ઓક્શન હાઉસમાં વેચવાનું કારણ એ છે કે કલાકૃતિઓની પ્રમાણિકતા, તેની ગુણવત્તા અને ઐતિહાસિકતા દોષરહિત હોય છે અને તેનું મૂલ્યાંકન પણ તે મુજબ એકદમ સાચું હોય છે.

વિશ્વના કેટલાક સૌથી પ્રખ્યાત ઓક્શન હાઉસ છે-

સોથવીઃ વર્ષ ૧૭૪૪માં સ્થપાયેલ આ ઓક્શન હાઉસની બે શાખાઓ છે. એક ન્યુયોર્કમાં અને બીજી લંડનમાં છે. સોથવી આધુનિક અને સમકાલીન કળા માટે ખૂબ જ પ્રખ્યાત ઓક્શન હાઉસ છે.

ક્રિસ્ટીઃ ૧૭૬૬માં જેમ્સ ક્રિસ્ટી દ્વારા સ્થપાયેલ કળાનું આ વૈશ્વિક ઓક્શન હાઉસ લંડનમાં સ્થિત છે અને તે લક્ઝરી ચીજવસ્તુઓ અને માસ્ટર પીસ માટે પ્રખ્યાત છે.

હેરી ફિલિપ્સઃ આ ઓક્શન હાઉસની સ્થાપના વર્ષ ૧૭૯૬માં હેરી ફિલિપ્સ દ્વારા કરવામાં આવી હતી અને હાલમાં તેની ઓફિસો ન્યૂયોર્ક, હોંગકોંગ અને જીનિવા જેવા વિશ્વનાં મોટાં શહેરોમાં સ્થિત છે. આ ઓક્શન હાઉસની ખાસિયત એ છે કે અહીં આધુનિક અને કન્ટેમ્પરરી આર્ટ, ડિઝાઈન, ઘડિયાળો અને જ્વેલરીની હરાજી થાય છે. ફિલિપ્સ આર્ટ ઓક્શન હાઉસ હંમેશાં નવીનતમ ટ્રેંડ પર ધ્યાન કેન્દ્રિત કરે છે. તેથી તે કળાના યુવા સંગ્રાહકોમાં ખૂબ પ્રખ્યાત છે.

બોનહમ્સઃ કલાકૃતિઓની હરાજી કરવા માટેનું આ બીજું પ્રખ્યાત ઓક્શન હાઉસ છે. તે લંડનમાં સ્થિત છે અને તેની સ્થાપના વર્ષ ૧૭૯૩માં થોમસ ડોડ અને વોલ્ટર બોહન દ્વારા કરવામાં આવી હતી. બોનહમ્સ એન્ટિક વસ્તુઓની હરાજી કરવા માટે પ્રખ્યાત છે. અહીં પ્રાચીન વસ્તુઓ, ઐતિહાસિક મહત્વની ગાડી, પેઇન્ટિંગ અને ફર્નિચરની સૌથી વધુ હરાજી થાય છે.

હેરિટેજ ઓક્શન્સ - આ યાદીમાં આ પાંચમું સૌથી મોટું આર્ટ ઓક્શન હાઉસ છે. તે અમેરિકાના ડલાસમાં આવેલું છે. તેની સ્થાપના ૧૯૭૬ માં સ્ટીવ આઇવી અને જિમ હોલ્ફમેન દ્વારા કરવામાં આવી હતી. આ ઓક્શન હાઉસ દુર્લભ સિક્કા, કોમિક્સ, સ્પોર્ટ્સ સંબંધિત યાદગાર વસ્તુઓ અને અમેરિકન ઈતિહાસ સાથે સંબંધિત વસ્તુઓ માટે પ્રખ્યાત છે. આ વિશ્વનું સૌથી મોટું ઓકશન હાઉસ છે. અહીં ઑનલાઇન હરાજી મોટા પાયે થાય છે. તે આ કાર્યમાં વધુ અને વધુ તકનીકી નવીનતાઓનો ઉપયોગ કરે છે.

સવાલ એ છે કે કલાની દુનિયામાં આ પ્રખ્યાત ઓક્શન હાઉસનું યોગદાન શું છે? એક શબ્દમાં કહીએ તો ચોક્કસપણે ઘણું. આ ઓક્શન હાઉસે અસંખ્ય કલાકારોને આંતરરાષ્ટ્રીય પ્લેટફોર્મ પૂરું પાડ્યું છે. આ પ્લેટફોર્મને કારણે જ આજે વિશ્વમાં અસલી, અધિકૃત કલાકૃતિઓનું ખરીદી અને વેચાણ શક્ય બન્યું છે. વળી, આ કલાકારોના કારણે જ કળાને રોકાણનું માધ્યમ બનાવવામાં આવ્યું છે. આ આર્ટ હાઉસે ઐતિહાસિક અને સાંસ્કૃતિક મહત્ત્વની કલાકૃતિઓને સાચવવામાં ઘણી મદદ કરી છે. આ આર્ટ ગેલેરીઓના કારણે, સૈયદ હૈદર રઝા, અંજલિ ઇલા મેનન, અમૃતા શેરગિલ, વાસુદેવ ગાયતુંડે અને એમએફ હુસૈન જેવા ભારતીય કલાકારોએ વિશ્વ ખ્યાતિ મેળવી છે અને તેમની કલાકૃતિઓની કિંમત કરોડો અને અબજોમાં મળી રહી છે. વાસ્તવમાં, આ ઓક્શન હાઉસે જ ભારતીય કળાને આંતરરાષ્ટ્રીય કલા સંગ્રાહકો સુધી પહોંચાડી છે અને તેમના કારણે, ઐતિહાસિક ભારતીય કલાકૃતિઓ અને મિનિએચર પેઇન્ટિંગને સંરક્ષિત કરવામાં આવી છે. જ્યાં સુધી આ આર્ટ ઓક્શનમાં વેચાયેલી ત્રણ સૌથી મોંઘી આર્ટવર્કનો સંબંધ છે, અત્યાર સુધીની સૌથી મોંઘી આર્ટવર્ક લિયોનાર્ડો દા વિન્સીની 'સાલ્વેટર મુંડી' છે. વર્ષ ૨૦૧૭ માં, તે ૪૫૦.૩ મિલિયન ડૉલર અથવા લગભગ ૩૭૦૦ કરોડ રૂપિયામાં વેચાઈ. બીજા નંબરે પાબ્લો પિકાસોની 'લેસ ફેમસ ડી'આલ્જિયર્સ' છે. ૨૦૧૫ માં, તે ૧૭૦ મિલિયન ડૉલરમાં વેચાયું હતું અને ૨૦૧૨માં, એડવર્ડ મંકની આર્ટવર્ક 'ધ સ્ક્રીમ' ૧૧૯.૯ મિલિયન ડૉલરમાં વેચાઈ હતી. આ રીતે જોવામાં આવે તો, આ ઓક્શન હાઉસ માત્ર દુનિયાભરના કલાકારોને વૈશ્વિક પ્લેટફોર્મ પૂરું નથી પાડતું, તેઓ કળા રોકાણનો એક મહત્ત્વપૂર્ણ ભાગ બનાવવામાં મદદ કરે છે. ■

વ્યંગ___ભરત વૈષ્ણવ
feedback@bombaysamachar.com

# બાલ-દાઢી કરાવવાની આવી તે કેવી અટપટી-ખટપટી શરત...?

'મારો વારો ક્યારે આવશે?' રાજુએ મોબાઇલમાં માથું ખોંસી રાખીને વાળંદને પૂછ્યું.

'શેઠ, હજી થોડીવાર લાગશે. બે ઘરાકની દાઢી અને એક ઘરાકને મુંડવાનો છે. પછી તમારો વારો. ત્યાં સુધી તમે ક્યાંક જઇને તમારું નાનું-મોટું કામ પતાવી આવો.' કેશકર્તનાલયના માલિક આવો જવાબ આપે છે.

માણસ આદિમ જંગલી છે તેના બે-ત્રણ પુરાવા છે. એક તો નખ વધે છે. નખને વધારવા પાણી કે ખાતર કે જંતુનાશક છાંટવા પડતાં નથી. બીજું વાળ વધે છે. વાળ વધારવા તેલ કે મોંઘા ભાવનું શેમ્પુ સો વ્યક્તિમાંથી ચાર વ્યક્તિ વાપરતી હશે. બાકીનાના વાળ મંદિરની ધજાની જેમ કોરાકટ હોય છે. દાઢી-મૂંછ પણ વગર પ્રયત્ને વધે છે.

મહાત્મા ગાંધી જેવા રડ્યા ખડ્યા લોકો વાળ કાપવાની બાબતમાં સ્વનિર્ભર હતા. બાપુ એમના વાળ જાતે જ કાપતા હતા. જો કે, બહારના ઓર્ડર સ્વીકારતા હતા કે નહીં તે વિશે એમની આત્મકથા 'સત્યના પ્રયોગો' પુસ્તકમાં ફોડ પાડ્યો નથી.

પૈસાદાર લોકોને ફેમિલી ડોકટર હોય છે. ધનવાનો ફેમિલી ગુરુ, ફેમિલી જ્યોતિષી , ફેમિલી બાબરચી રાખતા હોય છે. એમનો હજામ પણ ફેમિલી હોય છે. વરસો પહેલાં ગામડાંમાં વાળંદ લોકો હજામતના શસ્ત્ર-સરંજામ-આયુધો લઇને ઘરે ઘરે કેશમુંડન કાર્ય કરતા હતા. એ લોકો ઘરે ઘરે વાળ કાપે તે બદલ રોકડ રકમ મળવાના બદલે ડાયરેકટ બેનિફિટ ટ્રાન્સફર થતા હતા.એમને વરસના દાણોપાણી, વાસણકુસણ મળી જતાં. વાળંદ સમુદાય લગ્નનાં નોતરા પહોંચાડવા, ગામમાં લગ્નની જાન આવી હોય તેની ચરણચંપી કે ખાતરબરદાસ્તની કામગીરી કરતા હતા. વાળંદ સમુદાયની ગામની આઘીપાછી કરતા હોય તેવી એમની છાપ હતી.

દરેક ગામમાં કરિયાણાની દુકાન હોય કે ન હોય. પરંતુ વાળ કાપવાની દુકાન કે કેબિન જરૂર હોય. શહેરોમાં તો ઝાડના થડે અરીસો ટીંગાડી સલૂન ચાલુ કરે. એક ખુરશીનું મહામૂલું ઇન્ટિરિયર હોય એટલે ભયોભયો. ઓપન એર હેર કટિંગ સલૂન ચાલવા માંડે. ચલા અમિતાભ જેવાના હજામ હકીમ તો ચાર્ટડ હેલિકોપ્ટરમાં હીરો-હીરોઇનના વાળ સેટ કરવા મુંબઈથી અપ-ડાઉન કરતા. હવે તો હજામત શબ્દ એક બ્રાંડ બની ગયો છે. હજામત બ્રાંડના રેઝર પણ બજારમાં મળે છે.



હજામતના વ્યવસાયમાં અત્યાર સુધી પુરુષોનું આધિપત્ય હતું. હવે ધીરે ધીરે મહિલા આ ક્ષેત્રમાં ધરાર પ્રવેશી ગઈ છે.

ઉત્તર પ્રદેશના કુશીનગરમાં સોળ વર્ષીય નેહા શર્મા છેલ્લાં ચાર વર્ષથી વાળ કાપવા, દાઢી કરવા અને મસાજ જેવાં કામો બખૂબી કરી રહી છે. મીણબત્તીથી વાળ કાપવાનાં સલૂનો આજકાલ લોકપ્રિય છે. વિશ્વમાં એવાં અનેક સ્થળ છે, જ્યાં સલૂન સ્કાયસ્ક્રેપરમાં છે અથવા પર્વત પર પણ છે. એક સલૂન તો બીજાં કરતાં તદ્દન અલગ છે. કેમ કે, અહીં સલૂનમાં ચારે કોર પાણી છે. સલૂનના કર્મચારી ઘૂટણ સમા પાણીમાં ઊભા રહીને હેર કટ કરી રહ્યા છે. આ સલૂન જે ફલોર પર આવેલું છે એ સ્વિમિંગ-પૂલ છે, જેમાં 'વૉટર બાર્બર.' ફિશિંગ નેટનો ઉપયોગ કરીને વાળ કટ કરે છે. વિશ્વમાં આ પ્રકારનું સૌપ્રથમ સલૂન છે.

કર્ણાટક રાજ્યમાં એક કેશ કર્તનકાર અંદાજે ૧૨૦૦ કરોડનો માલિક હોવા છતાં દરરોજ લોકોના વાળ કાપે છે, દાઢી કરી આપે છે. ભારતના સૌથી મોંઘા આ વાળંદ પાસે મર્સિડીઝથી માંડીને રોલ્સ રોયસ જેવી બ્રાંડેડ કાર્સ છે. આ વાળંદ પાસે બે-પાંચ નહીં, પણ આવી બ્રાંડેડ ગણાતી ૪૦૦ જેટલી કાર છે.

એક હેરકટિંગ સલૂનમાં તો ખેલા થઇ ગયો. મહારાષ્ટ્રના સોલાપુર જિલ્લાના માઢા તાલુકાના મોડનિંબ ગામે કૈલાશ કાટકર નોખું અનોખું હેર કટિંગ સલૂન ચલાવે છે.

'કનુભાઇ, એક કલાકથી લાઇનમાં બેઠો છું. મારો વારો ક્યારે આવશે?' રાજુ રદીએ એક સલૂનમાં જઇ હેરકટિંગ સલૂનના માલિકને સવાલ કર્યો. જ્યારે કોઇ ભૂખ્યો આદમી હોટલ કે રેસ્ટોરેન્ટમાં જમવા માટે જાય. ત્યાં વેઇટિંગ હોય. ભૂખ્યા આદમીની નજર સામે ટેબલ ખુરશી પર બેસેલા અકરાંતિયા વાનગી પેટમાં ઠુંસતા હોય અને પેલી વ્યક્તિ ટેબલ ખાલી થાય અને પોતાનો વારો આવે તેની રાહ જોતો છટપટાતો હોય. એ વ્યક્તિની મનોસ્થિતિ જેવી સ્થિતિ હેર કટિંગ સલૂનમાં 'મેરા નંબર કબ આયેંગા'નો સવાલ મનમાં ધુમાડાની જેમ ઊઠતો હોય.

'તમારો નંબર ક્યાંથી આવશે? તમે અહીંનો પ્રોટોકોલ કયાં કમ્પલિટ કર્યો છે?' કનુભાઇએ કહ્યું.

'અરે ભાઇ શેનો પ્રોટોકોલ? આ કાંઇ ચીફ મિનિસ્ટરની ઓફિસ છે કે પ્રોટોકોલનું પાલન કરવું પડે?' રાજુએ અકળાઈને પૂછયું.

'આ દુકાનનો એક નિયમ છે.' કનુભાઇએ નિયમ બતાવ્યો. આ સાંભળીને રાજુ બરાબર અકળાયો.

'સર, રુલ્સ ઇઝ રુલ્સ. અમારા રુલ્સનો કોઇ અપવાદ નથી. બધાએ ફરજિયાત રુલ્સ પાળવા પડે.' કનુએ નિયમનો હવાલો ટાંક્યો.

'સર જયાં સુધી તમે લાઇબ્રેરીનું એક પુસ્તકનું વાંચન નહીં કરો ત્યાં સુધી તમારી દાઢી કે વાળ કટ થશે નહીં. પછી ભલે તમે અહીં ચોવીસ કલાક બેસી રહો કે પાળિયો થઇ જાવ. રુલ ઇઝ રુલ.' કનુભાઇએ રાજુને અલ્ટિમેટમ આપ્યું.

એ હેર કટિંગ શોપમાં ચારસો જેટલાં પુસ્તક વ્યવસ્થિત વિષયવાર ગોઠવેલાં હતાં. જેમ શ્રી અને સરસ્વતીનો મેળ થાય નહીં- સૌંદર્ય અને પ્રજ્ઞાને બાપે માર્યા વેર હોય એમ વાળ કાપવા અને વાંચનનો કદી સંયોગ જોવા ન મળે. પછી શું થાય? રાજુએ જખ મારીને પુસ્તક વાંચવુ પડ્યું અને પછી જ રાજુના હેર કટ થયા ! ■



પ્રકરણઃ ૧

# ચહેરા મોહરા

**આજે તમે બધા અહીં કેદીના સ્વરૂપમાં બંદીવાન છો. મનુષ્યના શરીરમાં તેનો આત્મા પણ બંદીવાન જ હોય છે. પૃથ્વી પર જેલ જેવી પવિત્ર જગ્યા એક પણ નથી. ખુદ કૃષ્ણ ભગવાને દેવકી અને વાસુદેવના કારાવાસ દરમ્યાન જેલમાં જ જન્મ લીધો હતો. ભગવાન જેવા ભગવાન પણ જો માનવ અવતાર ધારણ કરવા માટે જેલને પસંદ કરતા હોય તો તે જગ્યાને ખરાબ કઈ રીતે કહી શકાય?**



## પ્રફુલ્લ કાનાબાર

'આ તક ઝડપી લે ચપટી વગાડતા તું કરોડોનો માલિક થઈ જઈશ!'

'તક ઝડપી લે જલ્દી તક ઝડપી લે!'

બસ, આ જ એક વાક્યના ભણકારા એ યુવાનના કાને સતત વાગી રહ્યા હતા. સવારે સાત વાગે અમદાવાદ રેલવે સ્ટેશનના ચાર નંબરના પ્લેટફોર્મ પર માણસોની ચહલ પહલ વધી ગઈ હતી. મુંબઈ તરફ જતી 'ગુજરાત એક્સપ્રેસ'ને ઉપડવાને માત્ર પંદર મિનિટની વાર હતી. ટ્રેનમાં મુસાફરો ચડી રહ્યા હતા. પ્લેટફોર્મ પર હમાલ સામાન સાથે, ફેરિયાઓ અખબાર સાથે અને ચાવાળા ચાની કિટલી સાથે ઝડપથી ટ્રેનના ડબ્બે ડબ્બે ફરી રહ્યા હતા. ટ્રેન ઉપડે તે પહેલાં દરેક ફેરિયાને કમાઈ લેવાની લાલસા હતી. સ્પિકર પરથી આગામી એક કલાકમાં આવનાર અને જનાર ટ્રેનની માહિતી રેલાઈ રહી હતી. પ્લેટફોર્મ પર ગોઠવેલી ડિજિટલ ક્લોકમાં ક્ષણોના મણકા સરતા જતા હતા...

ભારે કોલાહલભર્યા વાતાવરણમાં પેલો યુવાન હાથમાં નાની એટેચી સાથે પ્લેટફોર્મ પર લગભગ દોડતો એસ-સેવન ડબ્બા પાસે પહોંચે છે. બહાર ચીપકાવેલા ચાર્ટમાં 'સોહમ ગોસ્વામી' લખેલા નામની નીચે આંગળી ફેરવીને હાશકારો અનુભવે છે. ત્યાં જ પાછળથી એક ભાઈ હળવો ધક્કો મારીને કહે છે : 'ભાઈ, જલ્દી કરો ટ્રેન ઉપાડવાની તૈયારી છે'.

સોહમ તરત ડબ્બામાં પ્રવેશે છે. હાથમાં રાખેલી ટિકિટના નંબર પ્રમાણે સીટ પર બેસે છે. એટેચી સીટની નીચે મૂકીને તે ઊંડો શ્વાસ લે છે. સદનસીબે બારી પાસે જ સિંગલ સીટ મળી હતી તેનો આનંદ તેના થાકેલા ચહેરા પર છવાઈ જાય છે. લગભગ છ ફૂટ હાઈટ, એકવડિયું શરીર, ગોરો ચહેરો, ઊંડે ઊતરી ગયેલી પાણીદાર આંખો અને લાંબા વાળવાળો ૩૦-૩૨ આસપાસનો સીધો સાદો દેખાતો સોહમ આજે પહેલી વાર વાપી જઈ રહ્યો હતો. બારીમાંથી ફેરિયાને દસની નોટ આપીને સોહમે પેપર કપમાં ચા લઈને હજૂ પહેલી જ ચૂસ્કી લીધી ત્યાં જ આંચકા સાથે ટ્રેન ઉપડી. થોડી વારમાં તો ટ્રેને પ્લેટફોર્મ છોડી પણ દીધું.

એક પછી એક સ્ટેશન આવતા ગયા. મુસાફરો ચડતા ગયા અને ઉતરતા પણ ગયા. સોહમને થયું જિંદગીનું પણ આ ટ્રેન જેવું જ છે ને? એક પછી એક સ્ટેશન આવતા જાય છે.. બસ, ફર્ક એટલો જ છે કે ટ્રેનમાં છેલ્લું સ્ટેશન ક્યારે આવશે તે નિશ્ચિત હોય છે જયારે જિંદગીમાં અંતિમ સ્ટેશન ક્યારે આવશે તેની મુસાફરને ખબર નથી હોતી!

ટ્રેનમાં બેઠો ત્યારે જ સોહમે નક્કી કર્યું હતું કે આજથી તે જીવનની નવી જ શરૂઆત કરવા જઈ રહ્યો છે તેથી ભૂતકાળને બિલકુલ યાદ કરવો નથી. માત્ર એના કાને હજુય 'તક ઝડપી લે જલ્દી તક ઝડપી લે!' નો અવાજ પડઘાઈ રહ્યો હતો.

જેમ જેમ ટ્રેન આગળ વધતી ગઈ તેમ તેમ સોહમને ચિંતા થવા લાગી. હૃદય અને મન બે સમાંતર પાટાઓ વચ્ચેની ખેંચતાણ .. મન ભાવિ જીવન વિષે આશાવાદી હતું તો હૃદય હજૂ પણ શંકા સેવતું હતું. આવનાર સમયને કોણ રોકી શક્યું છે? દુનિયામાં એવી કોઈ ઘડિયાળ બની નથી જે સમયને પાછળ ઠેલી શકે. સમયના અસ્તિત્વને નકારી શકે તેવો નાસ્તિક હજૂ સુધી જન્મ્યો નથી. અત્યારે આ ટ્રેન પણ સમય સાથે કદમ મિલાવતી જ દોડી રહી છે ને?

બપોરે સુરત આવ્યું એટલે સોહમે ભરપેટ નાસ્તો કરી લીધો. હવે સોહમની આંખ ઘેરાવા લાગી હતી. અચાનક ટ્રેને વળાંક લીધો. સોહમને બારીમાંથી પાછળના ડબ્બા દેખાવા લાગ્યા. એ ફરીથી વિચારી રહ્યો..સાલી જિંદગીનું પણ આવું જ છે ને? જેમ ટ્રેન વળાંક લે ત્યારે જ પાછલા ડબ્બા દેખાય છે તેમ જીવનમાં પણ જયારે ટર્નિંગ પોઈન્ટ-વળાંક આવે ત્યારે જ જીવાઈ ગયેલી જિંદગીના જખમ તાજા થવા લાગે છે!

ટર્નિંગ પોઈન્ટ પણ કેવો? હજુ ચોવીસ કલાક પહેલાં જ સોહમ જેલમાંથી છૂટયો હતો...! -અને હવે સમગ્ર ભૂતકાળને દફનાવીને પુનર્જન્મની જેમ નવેસરથી જિંદગી શરૂ કરવાની હતી. સોહમના યુવાનીનાં અમુલ્ય વર્ષોનો ભોગ જન્મટીપની સજાએ લઇ લીધો હતો. એના કપાળ પર એક 'હત્યારા'નું લેબલ લાગી ચૂક્યું હતું. તેર વર્ષના જેલના અનુભવે તેને ઘણું શીખવાડી દીધું હતું.

ગઈકાલે આ સમયે જેલર ગોહિલ સાહેબે સોહમને બોલાવીને કહ્યું હતું : 'સોહમ, તારી સારી ચાલ ચલગતને કારણે તને એક વર્ષ વહેલો છોડી મૂકવા માટે સરકારે હુકમ કર્યો છે!' વધેલી દાઢીવાળા સોહમના નિસ્તેજ ચહેરા પર ફિક્કું સ્મિત ફરક્યું હતું. ગોહિલસાહેબ છેલ્લાં આઠ વર્ષથી સાબરમતી જેલના મુખ્ય જેલર હતા. શાંત સ્વભાવના યુવાન કેદી સોહમ પ્રત્યે તેમને પહેલેથી જ કૂણી લાગણી હતી. ગોહિલસાહેબે જેલર તરીકેના બહોળા અનુભવમાં અનેક ખૂંખાર કેદીઓ જોયા હતા. કેટલાંય રીઢા ગુનેગારો સાથે તેમનો પનારો પડયો હતો, પણ સોહમ જેવો શાંત કેદી તેમણે ક્યારેય જોયો નહોતો. સોહમની આંખોમાં ડોકાઈ રહેલો અજંપો ગોહિલસાહેબના ધ્યાન બહાર ન્હોતો. ઘણી વાર તેમને લાગતું કે બહારથી શાંત દેખાતા સોહમના દિલમાં ભારેલો અગ્નિ સતત પ્રજ્વલિત છે. જો એક વાર એ બહાર આવી જાય તો તેના મનનો અજંપો ચોક્કસ દૂર થઇ જાય.

સરકારના 'કેદી સુધારણા ઝુંબેશ'માં પણ ગોહિલસાહેબ અગ્રણી હતા. જેલર તરીકે ગોહિલસાહેબ કોઈ પણ કેદીનો અપરાધભાવ પ્રાયશ્ચિતમાં રૂપાંતર થાય તે માટે હમેશાં પ્રયત્નશીલ રહેતા.

એકાદ મહિના પહેલાં જ જેલમાં કેદીઓને સુધારવાના કાર્યક્રમના ભાગરૂપે તુલસીરામ બાપુનું પ્રવચન રાખવામાં આવ્યું હતું. બાપુએ ત્યારે કહ્યું હતુંઃ 'આજે તમે બધા અહીં કેદીના સ્વરૂપમાં બંદીવાન છો. મનુષ્યના શરીરમાં તેનો આત્મા પણ બંદીવાન જ હોય છે. પૃથ્વી પર જેલ જેવી પવિત્ર જગ્યા એક પણ નથી. ખુદ કૃષ્ણ ભગવાને દેવકી અને વાસુદેવના કારાવાસ દરમ્યાન જેલમાં જ જન્મ લીધો હતો. ભગવાન જેવા ભગવાન પણ જો માનવ અવતાર ધારણ કરવા માટે જેલને પસંદ કરતા હોય તો તે જગ્યાને ખરાબ કઈ રીતે કહી શકાય? જેલ એવી જગ્યા છે જે માણસને કરેલા કર્મનું પ્રાયશ્ચિત કરવાનો મોકો આપે છે...'

જેલના પ્રાંગણમાં લગભગ સો જેટલા ખૂંખાર કેદી ધ્યાનપૂર્વક બાપુનું પ્રવચન સાંભળી રહ્યા હતા. પહેલવાન જેવા શરીરવાળા અને મોટી મૂછોવાળા કેટલાંક કેદીઓ તો એવા ભયંકર દેખાતા હતા કે જો નાનું બાળક તેમને જૂએ તો પણ ગભરાઈ જાય. આ તમામ કેદીઓમાં અલગ તરી આવતો કેદી એટલે સોહમ.. તુલસીદાસ બાપુની અનુભવી આંખો પણ સોહમના સૌમ્ય ચહેરા પર ઠરી હતી.

પ્રવચન પૂરું થયા બાદ બાપુના કહેવાથી ગોહિલસાહેબની કેબીનમાં સોહમને હાજર કરવામાં આવ્યો હતો. બાપુએ મંદ મંદ સ્મિત સાથે સોહમની આંખમાં જોયું હતું. સોહમે નજર નીચે ઢાળી દીધી હતી. ગોહિલસાહેબે બાપુને માહિતી પીરસતા કહ્યું હતુંઃ 'બાપુ, મેં મારી સમગ્ર કરિયરમાં આટલો શાંત અને નિરુપદ્રવી કેદી જોયો નથી. આમ તો આવતા વર્ષે તેની જન્મટીપની સજા પૂરી થાય છે, પણ તેની સારી ચાલ ચલગતનો લાભ આપીને તેને એક વર્ષ વહેલો છોડી મૂકવા માટે મેં સરકારને ભલામણ કરતો પત્ર લખ્યો છે. જો સરકાર મારી ભલામણ માન્ય રાખીને હુકમ કરશે તો આવતા મહીને જ તેનો જેલમાંથી છૂટકારો થશે ...'

હરિઓમ બોલીને બાપુ થોડી વાર માટે અટક્યા. સોહમે બાપુની સામે જોયું. ગોહિલસાહેબ પણ બાપુ આગળ શું કહેશે તે સાંભળવા માટે આતુર થઇને બાપુને તાકી રહ્યા.

'જેલર સાહેબ, તેનો છૂટકારો અવશ્ય આવતે મહિને જ થશે.' બાપુએ જમણો હાથ સોહમને આશીર્વાદ આપતા હોય તેવી મુદ્રામાં રાખીને અનાયાસે જ કહ્યું હતું.

તે દિવસે બાપુએ સોહમને દિલથી આપેલા આશીર્વાદ જાણે ફળ્યા હતા. સોહમને એક વર્ષ વહેલો છોડવાનો ઉપરથી હુકમ આવ્યો હતો. ગોહિલસાહેબે તરત સોહમને બોલાવ્યો હતો અને ઉત્સાહથી કહ્યું હતું : સોહમ, મારી ભલામણ સરકારે માન્ય રાખી છે. અત્યારે જ તારો જેલવાસ પૂરો થાય છે. સોહમના નિસ્તેજ ચહેરા પર ફિક્કા સ્મિતની સાથે પહેલી વાર ચમક દેખાઈ હતી.

'ગુજરાત એક્સપ્રેસ'ની તેજ ગતિને કારણે આખો ડબ્બો હાલક ડોલક થતો હતો. સોહમે શર્ટના ઉપલા ખિસ્સામાંથી સેલફોન કાઢીને સમય જોયો. હજૂ તો એ વાતને ચોવીસ કલાક જ થયા હતા...પણ આ ચોવીસ કલાકમાં તો સોહમનું મન કેટલીયે જિંદગી જીવી ચૂક્યું હતું. ચોવીસ કલાક પહેલાં તો સોહમને પણ ક્યાં કલ્પના હતી કે તેની જિંદગીની ગાડી આ ટ્રેનની જેમ જ તેજ ગતિએ દોડવા લાગશે.. સોહમનું મન નક્કી કરી શકતું નહોતું કે આ માર્ગ સાચો છે કે ખોટો એ! અત્યારે પણ સોહમના કાને પેલું જ વાક્ય વારંવાર પડઘાતું હતું :

'આ તક ઝડપી લે ચપટી વગાડતા તું કરોડોનો માલિક થઈ જઈશ!'


(ક્રમશઃ)■

### લેખક પરિચય



*પ્રફુલ્લ કાનાબાર ગુજરાતી ભાષાના પ્રસિદ્ધ લેખક છે. એમની અત્યાર સુધીમાં ૨૦૦થી પણ વધુ નવલિકાની સાથે પાંચ નવલકથા અને ૧૨ લઘુ-નવલ દેશ- વિદેશના વિવિધ અખબાર તથા સામાયિકોમાં પ્રગટ થઈ ચૂકી છે. અનેકવિધ વિષયને કેન્દ્રમાં રાખીને સ-રસ સર્જન કરવામાં પ્રફુલભાઈ અચ્છી હથોટી ધરાવે છે. ગુજરાતની વિભિન્ન મેગાવાર્તા સ્પર્ધાઓમાં એમની પાંચથી વધુ વાર્તા કૃતિ પારિતોષિક વિજેતા ઠરી છે. છેલ્લા દસકામાં પ્રફુલ્લ કાનાબારનાં કુલ ૨૦ પુસ્તક પ્રકાશિત થઇ ચૂક્યાં છે, જેમાં જીવન વિકાસલક્ષી અને પ્રેરણાત્મક લેખનાં પાંચ પુસ્તકનો પણ સમાવેશ થાય છે.*

*'મુંબઈ સમાચાર' માં આ એમની પહેલી નવલકથા છે.*



---



'મુંબઈ સમાચાર'ના ફન વર્લ્ડમાં તમને રસપ્રદ માહિતી મળશે અને સાથે મજા પણ આવશે. પ્રત્યેક કોયડાના સાચા જવાબ આપનારા વાચકોનાં જ નામ અહીં પ્રગટ કરવામાં આવશે. વાચકોએ તેમના જવાબ ઈ-મેઇલથી બુધવારે સાંજે ૬:૦૦ સુધી મોકલવાના રહેશે. ત્યાર પછી મોકલેલા જવાબ સ્વીકારાશે નહીં. વાચકોએ જવાબ નવા ઈ-મેઈલ **funworld1822@gmail.com** પર મોકલવાના રહેશે.

### ભાષા વૈભવ...

અંગ્રેજી - ગુજરાતી શબ્દોની જોડી જમાવો

| A | B |
|---|---|
| Lack | ભૂલ |
| Lake | અછત |
| Lace | ઓછું |
| Less | દોરી |
| Lapse | સરોવર |

### ઓળખાણ પડી?

ક્યારેક શરીરના કદ કરતા લાંબી પૂંછડી ધરાવતા અને મુખ્યત્વે આફ્રિકાના મડાગાસ્કર નામના ટાપુ દેશમાં જોવા મળતા પ્રાણીની ઓળખાણ પડી?



અ) Impala બ) Lemur ક) Sifaka ડ) Baboon

### ગયા વખતનો ઉકેલ

| | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|
| ૧ દે | ૨ શ | ૩ કા | ળ | ■ | ૪ વે | ર | ■ | ૫ ખે | ૬ ર |
| ૭ વા | ર | વા | ■ | ૮ કો | ■ | ■ | ૯ ધા | ■ | જ |
| ળિ | ■ | ■ | ૧૦ જ | રી | પુ | ૧૧ રા | ણી | ■ | ત |
| ૧૨ ચો | ૧૩ જ | ક | ■ | ક | ■ | ણી | ■ | ૧૪ ધા | પ |
| ■ | મ | ■ | ૧૫ કે | ટ | ૧૬ લું | ■ | ૧૭ છ | ■ | ટ |
| ૧૮ અ | ણ | ૧૯ વ | ર | ■ | ૨૦ ટા | ઈ | ટ | લ | ■ |
| ણ | ■ | ર્ત | ■ | ૨૧ પ | રુ | ■ | કે | ■ | ૨૨ ત |
| ૨૩ સ | ૨૪ હ | ન | ■ | ડ | ■ | ૨૫ મ | લ | ૨૬ મ | લ |
| ૨૭ મ | દ | ■ | ૨૮ પા | છા | ■ | ન | ■ | ૨૯ જા | વા |
| જુ | ■ | ૩૦ કી | ડી | યા | રું | ■ | ૩૧ ક | લ | ર |

### શબ્દલાલિત્ય

સતીશ વ્યાસ

| | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|
| ૧ | | ૨ | | | ■ | ૩ | ૪ | | ■ |
| | ■ | | ■ | ■ | ૫ | | | ■ | ૬ |
| ૭ | ૮ | | ■ | ૯ | | ■ | | ■ | |
| ૧૦ | | ■ | ૧૧ | | | ૧૨ | ■ | ૧૩ | |
| ૧૪ | | ૧૫ | ■ | ૧૬ | | | ૧૭ | ■ | |
| ૧૮ | | | ૧૯ | ■ | | ■ | ૨૦ | | ■ |
| | ■ | ૨૧ | | ૨૨ | ■ | ૨૩ | | ■ | ૨૪ |
| ■ | ૨૫ | | | | ૨૬ | ■ | ૨૭ | ૨૮ | |
| ૨૯ | | ■ | ■ | ૩૦ | | | ■ | ૩૧ | |
| ૩૨ | | | | ■ | | ■ | ૩૩ | | |

**આડી ચાવી**

૧. હાથેથી લખેલી (૫)
૩. જોડે બીડેલું (૩)
૫. વિદ્વાન બધે જ --- (૩)
૭. મનમાં ચિંતન કરવું તે (૩)
૯. --- કાછડો (૨)
૧૦. વાળનો ગુચ્છો (૨)
૧૧. અભણ (૪)
૧૩. વારા પછી --- (૨)
૧૪. કવિતા (૩)
૧૬. માણસનો બલિ ચડાવવો તે (૪)
૧૮. માગ, માગ, માગે તે આપું (૪)
૨૦. ઘોડા કે બળદનું વાહન (૨)
૨૧. રચવું, સજવું તે, રચના (૩)
૨૩. કાર્ય (૨)
૨૫. હોદ્દા કે ડિગ્રી મેળવનાર (૫)
૨૭. સ્વપ્ન, આકાંક્ષા (અનુસ્વાર છૂટ) (૩)
૨૯. એક કઠોળ (૨)
૩૦. ખ્રિસ્તી (૩)
૩૧. --નો શીરો પ્રસાદમાં બને (૨)
૩૨. છોડી દેવું તે (૪)
૩૩. ચર્ચા, વાદ (૩)

**ઊભી ચાવી**

૧. હાથમાંના આમળા જેવું સરળ (૭)
૨. એક જાતનું કપડું (૩)
૩. --ની વસ્તુ લેવાય નહીં (૨)
૪. લોક સંગીતની મહેફિલ (૩)
૫. તપાસ (૫)
૬. આગ્રહભરી વિનંતી (૪)
૮. નટોમાં શ્રેષ્ઠ, શ્રીકૃષ્ણ (૪)
૯. જંગલ (૩)
૧૨. રીત (૨)
૧૫. નષ્ટ, ગેબ, અગોચર (૪)
૧૭. --- ટેસ્ટ એટલે તેજાબને પારખવાનો રસ્તો (૪)
૧૯. મદારી વાંદરીને --- ને થકવે (૩)
૨૨. ખુશખબર લાવનારને અપાતી ભેટ (૩)
૨૪. તરજુમો, ભાષાંતર (૪)
૨૫. --- પડવાં એટલે પધારવું (૩)
૨૬. ક્રોધથી નારાજ થવું (૩)
૨૮. તમા, કાળજી, ચિંતા (૩)
૨૯. બુદ્ધિ, સમજ (૨)

### ચતુર આપો જવાબ — અર્થ જણાવો

'ઝાઝી સુયાણીએ વેતર વંઠે' એ માર્મિક કહેવતમાં સુયાણી શબ્દનો અર્થ શું થાય એ જણાવો.

અ) સોય બ) ડાકણ ક) દાયણ ડ) કામવાળી

### માતૃભાષાની મહેક

સંગીતની દુનિયામાં વીણાનું સાજ મહત્ત્વનું ગણાય છે. ભારતનું સંગીત વીણાના તાર દ્વારા વધુમાં વધુ કહ્યું છે એમ મનાય છે, કારણ કે યુગોથી વીણા વાદન ચાલતું આવ્યું છે. વીણા અને સરસ્વતીની કલ્પના એક સાથે ચમકે છે કારણ કે, સરસ્વતીના હાથમાં વીણા મૂકવામાં આવી છે. કલા અને સાહિત્યનો આ મેળ સ્પષ્ટ રીતે જોઈ શકાય છે.

### ગુજરાત મોરી મોરી રે

સાંસારિક જીવનનું લક્ષણ દર્શાવતી કહેવતના શબ્દો આડાઅવળા થઈ ગયા છે જે યોગ્ય રીતે ગોઠવી કહેવત જણાવો.

તો હોય ખખડે બે ખરાં પણ ઘર વાસણ

### ઈર્શાદ

શ્રદ્ધા જ મારી લઈ ગઈ મંજિલ પર મને,
રસ્તો ભૂલી ગયો તો દિશાઓ ફરી ગઈ.

-- ગની દહીંવાલા

### સુડોકુ-૭૦૭૫

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| | | | ૩ | | ૬ | | ૫ | |
| ૨ | ૯ | | | | | | | |
| ૧ | | | | | | ૬ | | ૨ |
| ૬ | | ૮ | ૨ | | | | | |
| | ૫ | | | | | | ૭ | |
| | | | | | ૫ | ૯ | | ૧ |
| ૫ | | ૯ | | | | | | ૬ |
| | | | | | | | ૧ | ૩ |
| | ૧ | | ૫ | | ૪ | | | |

અહીં એક ચોરસ આપ્યું છે જેમાં નવ બોકસ છે અને દરેકમાં નવ ખાનાં છે.૧) દરેક બોક્સમાં એકથી નવ સુધીનો આંક આવવો જોઈએ. ૨) દરેક આડી અને ઊભી હરોળમાં આંક આવવો જોઈએ. અહીં પણ કોઈ આંક રહી ન જવો જોઈએ.

### સુડોકુ-૭૦૭૪

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| ૯ | ૫ | ૧ | ૨ | ૭ | ૮ | ૪ | ૩ | ૬ |
| ૭ | ૮ | ૬ | ૪ | ૯ | ૩ | ૧ | ૨ | ૫ |
| ૩ | ૪ | ૨ | ૧ | ૫ | ૬ | ૭ | ૯ | ૮ |
| ૧ | ૩ | ૭ | ૯ | ૬ | ૨ | ૮ | ૫ | ૪ |
| ૨ | ૬ | ૮ | ૭ | ૪ | ૫ | ૯ | ૧ | ૩ |
| ૫ | ૯ | ૪ | ૮ | ૩ | ૧ | ૬ | ૭ | ૨ |
| ૮ | ૭ | ૯ | ૩ | ૨ | ૪ | ૫ | ૬ | ૧ |
| ૪ | ૨ | ૫ | ૬ | ૧ | ૯ | ૩ | ૮ | ૭ |
| ૬ | ૧ | ૩ | ૫ | ૮ | ૭ | ૨ | ૪ | ૯ |

### માઈન્ડ ગેમ

એક ગેલન માપ અનુસાર આશરે ૩.૭૮ લિટર થાય તો સાડા પાંચ ગેલન પેટ્રોલ બરાબર કેટલા લીટર થાય એ ગણતરી કરી જણાવો.

અ) ૮.૭૮ બ) ૧૩.૯૯ ક) ૧૬.૫૦ ડ) ૨૦.૭૯

### ગયા બુધવારના જવાબ

ભાષા વૈભવ

| A | B |
|---|---|
| Avail | ઉપયોગી |
| Avenge | બદલો લેવો |
| Averse | પ્રતિકૂળ |
| Avert | ટાળવું |
| Avalanche | હિમપ્રપાત |

ગુજરાત મોરી મોરી રે
વર વરો કન્યા વરો ગોરનું તરભાણું ભરો

ઓળખાણ પડી?
નાગપુર

માઈન્ડ ગેમ
૨૬૪૦

ચતુર આપો જવાબ
અર્થ જણાવો
આનંદ

### ફનવર્લ્ડમાં ઉમળકાભેર ભાગ લઈ સાચા જવાબ આપનારા વાચકોનાં નામ અહીં આપ્યાં છે. અભિનંદન.

(૧) કિશોરકુમાર જીવણદાસ વેદ (૨) મુલરાજ કપૂર (૩) સુરેખા દેસાઈ (૪) સુભાષ મોમાયા (૫) નીતા દેસાઈ (૬) વિભા મહેશ્વરી (૭) ભારતી બુચ (૮) નુતન વિપીન (૯) ખુશરૂ કાપડિયા (૧૦) શ્રદ્ધા આશર (૧૧) જ્યોતિ ખાંડવાલા (૧૨) પુષ્પા પટેલ (૧૩) વિણા સંપટ (૧૪) લજિતા ખોના (૧૫) ધીરેન ઉદેશી (૧૬) ગીતા ઉદેશી (૧૭) પ્રતિમા પમાણી (૧૮) પ્રવીણ વોરા (૧૯) મહેન્દ્ર લોઢાવિયા (૨૦) મીનળ કાપડિયા (૨૧) મહેશ સંઘવી (૨૨) ભાવના કર્વે (૨૩) મનીષા શેઠ (૨૪) ફાલ્ગુની શેઠ (૨૫) જયવંત પદમશી ચિખલ (૨૬) તાહેર ઔરંગાબાદવાલા (૨૭) શીરીન ઔરંગાબાદવાલા (૨૮) હર્ષા મહેતા (૨૯) દેવેન્દ્ર સંપટ (૩૦) મહેશ દોશી (૩૧) અંજુ ટોલિયા (૩૨) શિલ્પા શ્રોફ (૩૩) કિશોર બી. સંઘરાજકા (૩૪) ગિરીશ બાબુભાઈ મિસ્ત્રી (૩૫) પુષ્પા ખોના (૩૬) મુલરાજ કપૂર (૩૭) સુરેખા દેસાઈ (૩૮) અરવિંદ કામદાર (૩૯) વર્ષા સૂર્યકાંત શ્રોફ (૪૦) નયના ગિરીશ મિસ્ત્રી (૪૧) રશીક જુથાણી - ટોરંટો - કેનેડા (૪૨) નિતિન બજરિયા (૪૩) હરીશ મનુભાઈ ભટ્ટ (૪૪) જગદીશ ઠક્કર

# વર્ષ ૨૦૨૪ના અંતિમ સત્રમાં સેન્સેક્સ ૧૦૯ પૉઈન્ટ ઘટ્યો, નિફ્ટીમાં ટકેલું વલણ

## વર્ષ દરમિયાન સેન્સેક્સ અને નિફ્ટીમાં આઠ ટકા જેટલી આગેકૂચ, રોકાણકારોની સંપત્તિમાં ૭૭.૬૬ લાખ કરોડનો વધારો

(વાણિજ્ય પ્રતિનિધિ તરફથી)

મુંબઈ: સ્થાનિક ઈક્વિટી માર્કેટમાં આજે વર્ષ ૨૦૨૪ના અંતિમ સત્રમાં પણ વિદેશી સંસ્થાકીય રોકાણકારોની ઈક્વિટીમાં વેચવાલી જળવાઈ રહેવાની સાથે વૈશ્વિક બજારોમાં પણ નરમાઈનો અન્ડરટોન રહેતાં બૉમ્બે સ્ટોક એક્સચેન્જના ૩૦ શૅરના બૅન્ચમાર્ક સેન્સેક્સ ૧૦૯.૧૨ પૉઈન્ટના ઘટાડા સાથે અને નેશનલ સ્ટોક એક્સચેન્જનો ૫૦ શૅરનો બૅન્ચમાર્ક નિફ્ટી સાધારણ ૦.૧૦ પૉઈન્ટના ઘસરકા સાથે બંધ રહ્યો હતો. જોકે, સમગ્ર વર્ષ ૨૦૨૪ દરમિયાન સેન્સેક્સ ૫૮૯૮.૭૫ પૉઈન્ટ અથવા તો ૮.૧૬ ટકા વધીને ૭૮,૧૩૯.૦૧ પૉઈન્ટની અને નિફ્ટી ૧૯૧૩.૪ પૉઈન્ટ અથવા તો ૮.૮૦ ટકા વધીને ૨૩,૬૪૪.૮૦ની સપાટીએ બંધ રહ્યો હતો. તેમ જ વર્ષ દરમિયાન ગત ૨૭મી સપ્ટેમ્બરના રોજ સેન્સેક્સે ૮૫,૯૭૮.૨૫ પૉઈન્ટની અને નિફ્ટીએ તે જ દિવસે ૨૬,૨૭૭.૩૫ પૉઈન્ટની સર્વોચ્ચ સપાટી દર્શાવી હતી.

વધુમાં બીએસઈ ખાતે લિસ્ટેડ થયેલી કંપનીઓનું વર્ષ ૨૦૨૪ દરમિયાન માર્કેટ કેપિટલાઈઝેશન રૂ. ૭૭,૬૬,૨૬૦.૧૯ કરોડ વધીને રૂ. ૪,૪૧,૯૫,૧૦૬.૪૪ કરોડ (૫.૧૬ ટ્રિલિયન ડૉલર)ની સપાટીએ રહ્યું હોવાનું આંકડાકીય માહિતી પરથી જાણવા મળ્યું છે. આજે બીએસઈ બૅન્ચમાર્ક સેન્સેક્સ ગઈકાલના ૭૮,૨૪૮.૧૩ના બંધ સામે નરમાઈના અન્ડરટોને ૭૭,૯૮૨.૫૭ની સપાટીએ ખૂલ્યા બાદ સત્ર દરમિયાન નીચામાં ૭૭,૫૬૦.૭૯ અને ઉપરમાં ૭૮,૩૦૫.૩૪ની રેન્જમાં રહ્યા બાદ અંતે ગઈકાલના બંધ સામે ૧૦૯.૧૨ પૉઈન્ટ અથવા તો ૦.૧૪ ટકા ઘટીને ૭૮,૧૩૯.૦૧ના મથાળે બંધ રહ્યો હતો. તેમ જ નિફ્ટી ગઈકાલના ૨૩,૬૪૪.૯૦ના બંધ સામે નરમાઈના વલણ સાથે ૨૩,૫૬૦.૬૦ના મથાળે ખૂલ્યા બાદ સત્ર દરમિયાન ૨૩,૪૬૦.૪૫થી ૨૩,૬૮૯.૮૫ની રેન્જમાં અથડાઈને અંતે ગઈકાલના બંધ સામે મામૂલી ૦.૧૦ પૉઈન્ટના ઘસરકા સાથે ૨૩,૬૪૪.૮૦ની સપાટીએ બંધ રહ્યો હતો. એકંદરે આજે સેન્સેક્સમાં સત્ર દરમિયાન ૬૮૭.૩૪ પૉઈન્ટનું ગાબડું પડ્યું હોવા છતાં કોન્સોલિડેશનનો તબક્કો અને વિશ્વ બજારમાં નરમાઈનું વલણ તથા અમેરિકી બૉન્ડની યિલ્ડ વધી હોવાથી સેન્સેક્સ સત્રના અંતે સાધારણ ઘટાડા સાથે બંધ રહ્યો હતો. વધુમાં વિદેશી સંસ્થાકીય રોકાણકારોનો બાહ્ય પ્રવાહ, ક્રૂડતેલના ભાવમાં વધારો અને ડૉલર સામે રૂપિયામાં ધોવાણને કારણે બજારનું સેન્ટિમેન્ટ ખરડાયું હોવાનું જિઓજીત ફાઈનાન્સિયલ સર્વિસીસના રિસર્ચ હેડ વિનોદ નાયરે જણાવતાં ઉમેર્યું હતું કે હવે બજારનું ધ્યાન વર્તમાન નાણાકીય વર્ષના ત્રીજા ત્રિમાસિકગાળાના પરિણામો, આગામી નાણાકીય વર્ષ માટેના અંદાજપત્રના પ્રસ્તાવો અને આગામી ટૂંકા સમયગાળાની વૈશ્વિક અનિશ્ચિતતાઓ પર કેન્દ્રીત થયું છે. એકંદરે વર્ષ ૨૦૨૪ પડકારજનક રહ્યું હોવા છતાં રોકાણકારો માટે વળતરદાયી નિવડ્યું હોવાનું મેહતા ઈક્વિટીઝનાં રિસર્ચ વિભાગના વાઈસ પ્રેસિડૅન્ટ પ્રશાંત તાપ્સેએ જણાવતાં ઉમેર્યું હતું કે ગત જાન્યુઆરીથી સપ્ટેમ્બર દરમિયાન નિફ્ટીમાં મક્કમ વલણ સાથે સુધારો જોવા મળતાં ૨૬,૨૭૭.૩૫ની ટોચે પહોંચ્યો હતો. જોકે, ત્યાર બાદ નરમાઈનું વલણ રહ્યું હોવા છતાં વાર્ષિક ધોરણે નોંધપાત્ર સુધારો જોવા મળ્યો છે. વિદેશી સંસ્થાકીય રોકાણકારોની અવિરત વેચવાલીના દબાણ છતાં સતત નવમાં વર્ષમાં નિફ્ટી સકારાત્મક વળતર સાથે બંધ રહ્યો હોવાનું તેમણે ઉમેર્યું હતું.

આજે બીએસઈ ખાતે કુલ ૪૦૭૯ શૅરોમાં કામકાજ થયા હતા, જેમાંથી ૨૨૪૧ શૅરના ભાવ વધીને, ૧૭૨૯ શૅરના ભાવ ઘટીને અને ૧૦૯ શૅરના ભાવ ટકેલા ધોરણે બંધ રહ્યા હતા. તેમ જ આજે ૧૨૭ શૅરના ભાવ બાવન સપ્તાહની ટોચે અને ૧૦૨ શૅરના ભાવ બાવન સપ્તાહના તળિયે પહોંચ્યા હતા. જોકે, આજે કોઈપણ શૅરમાં ઉપલી સર્કિટ નહોંતી લાગી, પરંતુ બે શૅરમાં નીચલી સર્કિટ લાગી હતી. વધુમાં આજે સેન્સેક્સ હેઠળના ૩૦ શૅર પૈકી ૧૫ શૅરના ભાવ વધીને અને ૧૫ શૅરના ભાવ ઘટીને બંધ રહ્યા હતા. આજે મુખ્ય વધનાર શૅરોમાં કોટક મહિન્દ્રા બૅન્કમાં ૨.૪૯ ટકાનો, આઈટીસીમાં ૧.૩૭ ટકાનો, અલ્ટ્રાટેક સિમેન્ટમાં ૧.૧૨ ટકાનો, ટાટા મોટર્સમાં ૦.૯૫ ટકાનો, ટાટા સ્ટીલમાં ૦.૮૮ ટકાનો અને સ્ટેટ બૅન્ક ઑફ ઈન્ડિયામાં ૦.૮૬ ટકાનો સુધારો આવ્યો હતો, જ્યારે મુખ્ય ઘટનાર શૅરોમાં ટેક મહિન્દ્રામાં ૨.૩૫ ટકાનો, ઝોમેટોમાં ૧.૭૩ ટકાનો, ટીસીએસમાં ૧.૪૮ ટકાનો, ઈન્ફોસિસમાં ૧.૩૧ ટકાનો, બજાજ ફાઈનાન્સમાં ૦.૯૬ ટકાનો અને આઈસીઆઈસીઆઈ બૅન્કમાં ૦.૯૨ ટકાનો ઘટાડો આવ્યો હતો. વધુમાં આજે બીએસઈ ખાતે સ્મોલકૅપ ઈન્ડેક્સમાં ૦.૭૧ ટકાનો અને મિડકૅપ ઈન્ડેક્સમાં ૦.૧૩ ટકાનો સુધારો આવ્યો હતો. બીએસઈ ખાતેના સેક્ટોરિયલ ઈન્ડેક્સમાં આજે બીએસઈ ફોક્સ્ડ આઈટી ઈન્ડેક્સમાં ૧.૪૭ ટકાનો, આઈટી ઈન્ડેક્સમાં ૧.૨૯ ટકાનો, ટેક્નોલૉજી ઈન્ડેક્સમાં ૧.૦૨ ટકાનો, રિઅલ્ટી ઈન્ડેક્સમાં ૦.૩૬ ટકાનો અને ફાઈનાન્સિયલ સર્વિસીસ ઈન્ડેક્સમાં ૦.૨૯ ટકાનો ઘટાડો આવ્યો હતો, જ્યારે કેપિટલ ગૂડ્સ ઈન્ડેક્સમાં ૧.૩૧ ટકાનો, ઈન્ડસ્ટ્રિયલ ઈન્ડેક્સમાં ૧.૧૪ ટકાનો, એનર્જી ઈન્ડેક્સમાં એક ટકાનો, મેટલ ઈન્ડેક્સમાં ૦.૮૫ ટકાનો અને પાવર ઈન્ડેક્સમાં ૦.૪૭ ટકાનો સુધારો જોવા મળ્યો હતો.

દરમિયાન આજે એશિયાના બજારોમાં શાંઘાઈ ખાતે નરમાઈ અને હોંગકોંગની બજારમાં સુધારો જોવા મળ્યો હતો, જ્યારે સિઉલ અને ટોકિયોની બજાર નવાં વર્ષ નિમિત્તે બંધ રહી હતી. જોકે, આજે યુરોપની બજારોમાં મધ્યસત્ર દરમિયાન સુધારાતરફી વલણ જોવા મળ્યું હતું. આ સિવાય આજે વિશ્વ બજારમાં બ્રેન્ટ ક્રૂડતેલના વાયદામાં ભાવ ગઈકાલના બંધ સામે ૦.૪૬ ટકા વધીને બેરલદીઠ ૭૪.૩૪ ડૉલર આસપાસ ક્વૉટ થઈ રહ્યાના અહેવાલ હતા. ■

# અત્યાર સુધીમાં ઘઉંના રવી વાવેતર વિસ્તારમાં ૨.૧૫ ટકાનો વધારો

નવી દિલ્હી: અત્યાર સુધીમાં દેશમાં થયેલા રવી વાવેતરમાં મુખ્ય રવી પાક ગણાતા ઘઉંનો વાવેતર વિસ્તાર ગત સાલના સમાનગાળાની સરખામણીમાં ૨.૧૫ ટકા વધીને ૩૧૯.૭૪ લાખ હેક્ટર રહ્યો છે, જ્યારે તેલીબિયાંનો વાવેતર વિસ્તાર ૫.૧૪ ટકા ઘટીને ૯૬.૧૫ લાખ હેક્ટરની સપાટીએ રહ્યો હોવાનું ગત સોમવારે કૃષિ મંત્રાલયે આંકડાકીય માહિતીમાં જણાવ્યું છે.

સામાન્યપણે રવી વાવેતરમાં ઘઉંનો પાક મુખ્ય હોય છે જેનું વાવેતર નવેમ્બર મહિનાથી શરૂ થતું હોય છે અને તેની લણણી માર્ચ અને એપ્રિલ મહિના આસપાસ થતી હોય છે. કૃષિ મંત્રાલયની આંકડાકીય માહિતી અનુસાર ગત ૩૦મી ડિસેમ્બર સુધીમાં કુલ રવી વાવેતર વિસ્તાર ગત સાલના સમાનગાળાના ૬૧૧.૮૦ લાખ હેક્ટર સામે સાધારણ વધારા સાથે ૬૧૪.૯૪ લાખ હેક્ટરની સપાટીએ રહ્યો છે. વધુમાં અત્યાર સુધીમાં અર્થાત્ ગત ૩૦મી ડિસેમ્બર સુધીમાં થયેલા વાવેતરમાં કઠોળનો વાવેતર વિસ્તાર ગત સાલના સમાનગાળાની સમકક્ષ જ ૧૩૬.૧૩ લાખ હેક્ટર રહ્યો હતો, જેમાં ચણાંનું વાવેતર ૯૩.૯૮ લાખ હેક્ટર અને મસૂરનો વાવેતર વિસ્તાર ૧૭.૪૩ લાખ હેક્ટર રહ્યો છે. આ સિવાય જાડા અથવા તો કડ અથવા તો શ્રી ધાન્યનો વાવેતર વિસ્તાર ગત સાલના સમાનગાળાના ૪૭.૭૭ લાખ હેક્ટર સામે સાધારણ વધીને ૪૮.૫૫ લાખ હેક્ટર રહ્યો છે. જોકે, તેલીબિયાંનો વાવેતર વિસ્તાર ગત સાલના સમાનગાળાના ૧૦૧.૩૭ લાખ હેક્ટર સામે ઘટીને ૯૬.૧૫ લાખ હેક્ટરની સપાટીએ રહ્યો છે, જેમાં ખાસ કરીને રાયડા-સરસવનો વાવેતર વિસ્તાર ગત સાલના સમાનગાળાના ૯૩.૭૩ લાખ હેક્ટર સામે ઘટીને ૮૮.૫૦ લાખ હેક્ટર અને મગફળીનો વાવેતર વિસ્તાર ગત સાલના સમાનગાળાની સમકક્ષ જ ૩.૩૨ લાખ હેક્ટર રહ્યો હોવાનું મંત્રાલયે યાદીમાં ઉમેર્યું હતું. ■

# સ્મોલ ગ્રેડની ખાંડમાં સુધારો

(વાણિજ્ય પ્રતિનિધિ તરફથી)

નવી મુંબઈ: મહારાષ્ટ્રની ખાંડ મિલો પર ગઈકાલે સ્મોલ ગ્રેડની ખાંડમાં સ્થાનિક તેમ જ દેશાવરોની માગને ટેકે ટેન્ડરોમાં વેપાર ક્વિન્ટલે રૂ. ૧૫ના સુધારા સાથે રૂ. ૩૩૯૦થી ૩૪૪૦માં થયા હોવાના પ્રોત્સાહક અહેવાલ ઉપરાંત આજે સ્થાનિક જથ્થાબંધ ખાંડ બજારમાં રિટેલ સ્તરની માગને ઉપરાંત અમુક માલની ગુણવત્તા પણ સારી આવી હોવાથી સ્મોલ ગ્રેડની ખાંડના ભાવમાં ક્વિન્ટલે રૂ. ૧૨થી ૧૪નો સુધારો આવ્યો હતો, જ્યારે મિડિયમ ગ્રેડની ખાંડમાં ટકેલું વલણ જોવા મળ્યું હતું. વધુમાં આજે નાકા ડિલિવરી ધોરણે પણ ઔદ્યોગિક વપરાશકારોની માગને ટેકે ભાવ ટકેલા રહ્યા હતા. બજારનાં સાધનોના જણાવ્યાનુસાર આજે સ્થાનિકમાં અંદાજે ૨૮થી ૨૯ ટ્રકની આવક સામે સ્ટોકિસ્ટોની છૂટીછવાઈ લેવાલી ઉપરાંત રિટેલ સ્તરની માગને ટેકે આવક સામે ઉપાડ જળવાઈ રહ્યો હતો. જોકે, મથકો પરના પ્રોત્સાહક અહેવાલ ઉપરાંત રિટેલ સ્તરની માગને ટેકે આજે સ્મોલ ગ્રેડની ખાંડના ભાવ ક્વિન્ટલે રૂ. ૧૨થી ૧૪ વધીને રૂ. ૩૫૪૨થી ૩૬૪૨ના મથાળે રહ્યા હતા. ■

# યુનિમેક એરોસ્પેસનું બીએસઈ ખાતે ૯૦ ટકા પ્રીમિયમે લિસ્ટિંગ

નવી દિલ્હી: આજે બૉમ્બે સ્ટોક એક્સચેન્જ ખાતે યુનિમેક એરોસ્પેસનાં શૅરનું શૅરદીઠ રૂ. ૭૮૫ના ભાવ સામે ૯૦ ટકા આસપાસના પ્રીમિયમથી અને નેશનલ સ્ટોક એક્સચેન્જ પર અંદાજે ૮૬ ટકા આસપાસના પ્રીમિયમથી લિસ્ટિંગ થયું હતું. એક્સચેન્જ તરફથી પ્રાપ્ત થયેલી માહિતી અનુસાર આજે બીએસઈ ખાતે શૅરનું લિસ્ટિંગ ઈશ્યૂ ભાવ સામે ૮૯.૯૩ ટકાના પ્રીમિયમથી શૅરદીઠ રૂ. ૧૪૯૧ના ભાવથી અને એનએસઈ ખાતે ૮૫.૯૮ ટકા પ્રીમિયમથી શૅરદીઠ રૂ. ૧૪૬૦ના ભાવથી થયું હતું અને કંપનીનું માર્કેટ કેપિટલાઈઝેશન રૂ. ૬૯૫૬.૨૦ કરોડના સ્તરે રહ્યું હતું. અત્રે ઉલ્લેખનીય બાબત એ છે કે યુનિમેક એરોસ્પેસ ઍન્ડ મેન્યુફેક્ચરિંગ લિ.ના પ્રારંભિક જાહેર ભરણાના બિડિંગના છેલ્લે દિવસે ભરણું ૧૭૪.૯૩ ગણું છલકાઈ ગયું હતું. રૂ. ૫૦૦ કરોડનાં આરંભિક શૅર સેલમાં નવાં રૂ. ૨૫૦ કરોડનાં શૅરનો અને રૂ. ૨૫૦ કરોડના ઓફર ફોર સેલનો સમાવેશ થતો હતો. તેમ જ ઈશ્યૂ ભાવ શૅર દીઠ રૂ. ૭૪૫થી ૭૮૫ નિર્ધારિત કરવામાં આવ્યો હતો. જોકે, આજે બીએસઈ ખાતે સત્રના અંતે શૅરના ભાવ ઈશ્યૂ ભાવ સામે ૭૪.૯૩ ટકા વધીને રૂ. ૧૩૭૩.૨૦ના મથાળે અને એનએસઈ ખાતે શૅરના ભાવ ૭૬.૪૩ ટકા વધીને રૂ. ૧૩૮૫ના મથાળે બંધ રહ્યા હતા. ■

# વિશ્વ બજારથી વિપરીત ચાંદીમાં રૂ. ૧૧૫૮નો ઘટાડો, સોનામાં રૂ. ૩૨નો ઘસરકો

(વાણિજ્ય પ્રતિનિધિ તરફથી)

મુંબઈ: લંડન ખાતે આજે સત્રના આરંભે સોનામાં ગઈકાલના ઘટ્યા મથાળેથી સુધારો આવ્યાના તેમ જ ચાંદીના ભાવમાં ઘટાડો આવ્યાના અહેવાલ હતા. જોકે, સ્થાનિક ફોરેક્સ માર્કેટમાં આજે ડૉલર સામે રૂપિયામાં વધુ ૧૩ પૈસાનો ઘટાડો આગળ ધપ્યો હોવાથી સોના-ચાંદીની આયાત પડતરોમાં વધારો થયો હોવા છતાં સ્થાનિક ઝવેરી બજારમાં બન્ને કિંમતી ધાતુઓમાં સ્ટોકિસ્ટોની વેચવાલીના દબાણ સામે સાર્વત્રિક સ્તરેથી માગ નિરસ રહેતાં ભાવમાં ઘટાડાતરફી વલણ જોવા મળ્યું હતું, જેમાં સોનાન ભાવમાં ૧૦ ગ્રામદીઠ રૂ. ૩૨નો ઘસરકો આવ્યો હતો, જ્યારે ચાંદીના ભાવ કિલોદીઠ રૂ. ૧૧૫૮ ઘટી આવ્યા હતા.

બજારનાં સાધનોના જણાવ્યાનુસાર આજે ખાસ કરીને ૯૯૯ ટચ ચાંદીમાં સ્ટોકિસ્ટોની આક્રમક વેચવાલી ઉપરાંત ઔદ્યોગિક વપરાશકારો તથા જ્વેલરી ઉત્પાદકોની માગ ખપપૂરતી રહેતાં ભાવ કિલોદીઠ રૂ. ૧૧૫૮ના ઘટાડા સાથે રૂ. ૮૬,૦૧૭ના મથાળે રહ્યા હતા. વધુમાં આજે વર્ષ ૨૦૨૪ના અંતિમ સત્રમાં સોનામાં પણ સ્ટોકિસ્ટો અને રોકાણકારોની છૂટીછવાઈ વેચવાલી સામે નવી લેવાલીનો અભાવ ઉપરાંત જ્વેલરી ઉત્પાદકો તથા રિટેલ સ્તરની માગ પણ નિરસ રહેતાં ભાવ ૧૦ ગ્રામદીઠ રૂ. ૩૨ના સાધારણ ઘસરકા સાથે ૯૯૫ ટચ સ્ટાન્ડર્ડ સોનાના રૂ. ૭૫,૮૫૭ અને ૯૯૯ ટચ સ્ટાન્ડર્ડ સોનાના રૂ. ૭૬,૧૬૨ના મથાળે રહ્યાં હતાં.

દરમિયાન આજે લંડન મેટલ એક્સચેન્જ ખાતે વર્તમાન કૅલૅન્ડર વર્ષ ૨૦૨૪ના અંતિમ સત્રમાં સોનાના હાજર અને વાયદામાં ભાવ ગઈકાલના બંધ સામે ૦.૨ ટકા વધીને અનુક્રમે ૨૬૧૦.૬૩ ડૉલર અને ૨૬૨૩ ડૉલર આસપાસ ક્વૉટ થઈ રહ્યા હતા, જ્યારે હાજરમાં ચાંદીના ભાવ ગઈકાલના બંધ સામે ૦.૨ ટકા ઘટીને ઔંસદીઠ ૨૮.૮૯ ડૉલરના મથાળે ક્વૉટ થઈ રહ્યાંના અહેવાલ હતાં.

અત્રે ઉલ્લેખનીય બાબત એ છે કે આ વર્ષ દરમિયાન ખાસ કરીને ફેડરલ રિઝર્વ વ્યાજદરમાં કાપ મૂકે તેવો આશાવાદ, વૈશ્વિક રાજકીય-ભૌગોલિક તણાવ અને વૈશ્વિક કેન્દ્રવર્તી બૅન્કોની લેવાલીને ટેકે આ વર્ષમાં અત્યાર સુધીમાં સોનાના ભાવમાં વર્ષ ૨૦૧૦ પછીનો સૌથી મોટો ૨૬ ટકાનો અને ચાંદીના ભાવમાં ૨૧ ટકાનો ઉછાળો આવી ગયો છે. આમ આ વર્ષે મુખ્યત્વે સોનાની તેજીને વ્યાજદરમાં પરિવર્તનનો ટેકો મળ્યો હતો અને ગત ૩૧મી ઑક્ટોબરે સોનાના વૈશ્વિક ભાવ ઔંસદીઠ ૨૭૯૦.૧૫ ડૉલરની સપાટી સુધી પહોંચ્યા હોવાનું કેસીએમ ટ્રેડનાં ચીફ માર્કેટ એનાલિસ્ટ ટીમ વૉટરરે જણાવ્યું હતું.

હવે બજારની નજર આગામી સપ્તાહથી જાહેર થનારા અમેરિકાના આર્થિક ડેટાઓ પર રહેશે અને આ ડેટાઓના આધારે ફેડરલ રિઝર્વ ભવિષ્યમાં કેવી નાણાં નીતિ અપનાવશે તેના તર્ક વિતર્કો પર સોનાના ભાવની વધઘટ અવલંબિત રહેશે. આ ઉપરાંત આગામી ૨૦મી જાન્યુઆરીથી અમેરિકી પ્રમુખ ડૉનલ્ડ ટ્રમ્પની વેપાર અને વેરાની નીતિઓની પણ સોના-ચાંદી સહિતની કિંમતી ધાતુઓની વધઘટ પર અસર જોવા મળશે, એમ તેમણે ઉમેર્યું હતું.

આગામી વર્ષ ૨૦૨૫માં સોનાનો મુખ્યત્વે રાજકીય-ભૌગોલિક તણાવ, અમેરિકાની વેપાર નીતિ અને વૈશ્વિક પડકારોનો સામનો કરવા માટે કેન્દ્રવર્તી બૅન્કોની લેવાલીનો સોનાને ટેકો મળતો રહેશે, એમ વિસ્ડમ ટ્રીનાં મેક્રો ઈકોનોમિક રિસર્ચનાં ડિરેક્ટર અનીકા ગુપ્તાએ જણાવ્યું હતું. અત્રે નોંધનીય બાબત એ છે કે વધતા ફુગાવા અને આર્થિક અનિશ્ચિતતાના સંજોગોમાં સોના જેવી વ્યાજની ઊપજ ન આપતી અસ્ક્યામતોમાં રોકાણકારોની સલામતી માટેની માગ રહેતી હોય છે, પરંતુ ઊંચા વ્યાજદર માગ સામે અવરોધક પુરવાર થતા હોય છે. ■

# ખપપૂરતા કામકાજે ખાદ્યતેલમાં પીછેહઠ

## ડિસેમ્બરમાં મલયેશિયાની પામતેલની નિકાસમાં ૭.૮ ટકાનો ઘટાડો

મુંબઈ: શિકાગો ખાતે ગઈકાલે સોયાતેલના વાયદામાં સાધારણ ૨૦ સેન્ટનો સુધારો આવ્યો હોવાના અહેવાલ હતા. જોકે, આજે મલયેશિયાના બુર્સા મલયેશિયા ડેરિવેટીવ્સ એક્સચેન્જ ખાતે ક્રૂડ પામતેલના માર્ચ વાયદામાં ૧૦૭ રિંગિટનો અને એપ્રિલ વાયદામાં ૮૮ રિંગિટનો ઘટાડો આવ્યાના અહેવાલ ઉપરાંત આજે સ્થાનિકમાં સાર્વત્રિક સ્તરેથી કામકાજો પાંખાં રહ્યા હોવાથી એકમાત્ર સન રિફાઈન્ડમાં રહેલા ટકેલા વલણને બાદ કરતાં અન્ય તમામ ખાદ્યતેલના ભાવમાં પીછેહઠ જોવા મળી હતી, જેમાં ૧૦ કિલોદીઠ આરબીડી પામોલિન અને સરસવમાં રૂ. પાંચનો અને સોયા રિફાઈન્ડ, સિંગતેલ અને કપાસિયા રિફાઈન્ડમાં રૂ. ૧૦નો ઘટાડો આવ્યો હતો.

આજે સ્થાનિકમાં ડાયરેક્ટ ડિલિવરી શરતે ૧૦ કિલોદીઠ ગોકુલના આરબીડી પામોલિન અને સોયા રિફાઈન્ડના અનુક્રમે રૂ. ૧૪૦૦ અને રૂ. ૧૨૩૦, એડબ્લ્યુએલના સોયા રિફાઈન્ડ અને સન રિફાઈન્ડના અનુક્રમે રૂ. ૧૨૩૫થી ૧૨૪૦ અને રૂ. ૧૩૪૫ તથા ઈમામીના આરબીડી પામોલિનના રૂ. ૧૨૬૫ ક્વૉટ થઈ રહ્યા હતા, પરંતુ વેપારનો અભાવ હતો. તેમ જ આજે સેલરિસેલ ધોરણે પણ વેપાર પાંખાં હોવાનું સૂત્રોએ ઉમેર્યું હતું.

વધુમાં આજે કાર્ગો સર્વેયર ઈન્ટરટેક સર્વિસીસ દ્વારા જાહેર કરવામાં આવેલી પ્રાથમિક આંકડાકીય માહિતી અનુસાર વર્તમાન ડિસેમ્બર મહિનામાં મલયેશિયાની પામતેલની નિકાસ આગલા નવેમ્બર મહિનાના ૧૪,૭૩,૭૬૧ ટન સામે ૭.૮ ટકાના ઘટાડા સાથે ૧૩,૫૯,૫૦૪ ટન આસપાસની સપાટીએ રહી હોવાનું જણાવ્યું હતું. હાજરમાં આજે વિવિધ દેશી-આયાતી ખાદ્યતેલના ૧૦ કિલોદીઠ ભાવમાં આરબીડી પામોલિનના રૂ. ૧૩૬૫, સોયા રિફાઈન્ડના રૂ. ૧૨૭૦, સન રિફાઈન્ડના રૂ. ૧૩૭૦, સિંગતેલના રૂ. ૧૪૮૦, કપાસિયા રિફાઈન્ડના રૂ. ૧૨૮૦ અને સરસવના રૂ. ૧૩૯૫ના મથાળે રહ્યા હતા.

તેમ જ આજે ગુજરાતનાં મથકો પર સ્થાનિક તેમ જ દેશાવરોની માગ ઓછી રહેતાં સિંગતેલમાં તેલિયા ટીનના વેપાર ૧૫ કિલોદીઠ ૨૦ ઘટીને રૂ. ૨૩૦૦માં અને લૂઝમાં ૧૦ કિલોદીઠ રૂ. ૧૫ ઘટીને રૂ. ૧૪૩૫ના મથાળે થયાના અહેવાલ હતા. ■

# વિવિધ ધાતુઓમાં મિશ્ર વલણ

મુંબઈ: લંડન મેટલ એક્સચેન્જ ખાતે આજે વિવિધ ધાતુઓમાં મિશ્ર વલણ રહ્યું હોવાના નિર્દેશો સાથે સ્થાનિક જથ્થાબંધ ધાતુ બજારમાં પણ માગ અનુસાર મિશ્ર વલણ જોવા મળ્યું હતું, જેમાં ખાસ કરીને ઝિન્ક સ્લેબ, કોપર કેબલ સ્ક્રેપ, કોપર સ્ક્રેપ હેવી, કોપર આર્મિચર અને કોપર વાયરબારમાં કિલોદીઠ રૂ. એકથી ચારનો ઘટાડો આવ્યો હતો, જ્યારે નિકલ, લીડ ઈન્ગોટ્સ, ટીન અને બ્રાસ શીટ કટિંગ્સમાં રૂ. એકથી પાંચનો સુધારો આવ્યો હતો તથા અન્ય ધાતુઓમાં ટકેલું વલણ રહ્યું હતું. આજે મુખ્યત્વે ઝિન્ક સ્લેબ અને કોપર કેબલ સ્ક્રેપમાં સ્ટોકિસ્ટોની વેચવાલીના દબાણ સામે નિરસ માગ રહેતાં ભાવ કિલોદીઠ રૂ. ચારના ઘટાડા સાથે અનુક્રમે રૂ. ૨૮૪ અને રૂ. ૭૮૪ના મથાળે રહ્યા હતા, જ્યારે ઔદ્યોગિક વપરાશકારો તથા સ્થાનિક ડીલરોની માગ નિરસ રહેતાં કોપર આર્મિચરના ભાવ કિલોદીઠ રૂ. બે ઘટીને રૂ. ૭૭૩ અને કોપર સ્ક્રેપ હેવી તથા કોપર વાયરબારના ભાવ કિલોદીઠ રૂ. એક ઘટીને અનુક્રમે રૂ. ૭૭૯ અને રૂ. ૮૧૬ના મથાળે રહ્યા હતા. જોકે, આજે નિકલ અને લીડ ઈન્ગોટ્સમાં સ્ટોકિસ્ટોની લેવાલી ઉપરાંત વપરાશકાર ઉદ્યોગની માગને ટેકે ભાવ અનુક્રમે કિલોદીઠ રૂ. પાંચ વધીને રૂ. ૧૩૫૦ અને રૂ. ત્રણ વધીને રૂ. ૧૮૩ના મથાળે રહ્યા હતા અને વપરાશકાર ઉદ્યોગની છૂટીછવાઈ માગને ટેકે બ્રાસ શીટ કટિંગ્સ ટીનના ભાવ કિલોદીઠ રૂ. એક વધીને અનુક્રમે રૂ. ૫૬૧ અને રૂ. ૨૫૬૮ના મથાળે રહ્યા હતા.

# સરકારે સોડા ઍશના લઘુતમ આયાત ભાવ નિર્ધારિત કર્યા

નવી દિલ્હી: ગત સોમવારે મોડી સાંજે સરકારે આગામી ૩૦મી જૂન, ૨૦૨૫ સુધી સોડા ઍશના લઘુતમ આયાત ભાવ ટનદીઠ રૂ. ૨૦,૧૦૮ નિર્ધારિત કર્યા છે.

ડિરેક્ટોરેટ જનરલ ઑફ ફોરેન ટ્રેડે નોટિફિકેશન જારી કરીને જણાવ્યું હતું કે આગામી ૩૦મી જૂન ૨૦૨૫ સુધી ડાઈ સોડિયમ કાર્બોનેટ (સોડા ઍશ)ની આયાત માટેના લઘુતમ આયાત ભાવ ટનદીઠ રૂ. ૨૦,૧૦૮ નિર્ધારિત કરવામાં આવ્યા છે.

વધુમાં નોટિફિકેશનમાં ઉમેર્યું હતું કે હાલની સોડા ઍશની મુક્ત આયાત નીતિ હવે પુનઃ આગામી પહેલી જુલાઈ, ૨૦૨૫થી અમલી થશે. સિવાય કે તેમાં નોટિફિકેશન જાહેર કરીને કોઈ ફેરફાર કે સુધારા ન કરવામાં આવે. નોંધનીય બાબત એ છે કે સોડા ઍશનો વપરાશ ગ્લાસ, કેમિકલ અને ડિટર્જન્ટ સહિતનાં ઘણાં ઉદ્યોગો દ્વારા કરવામાં આવતો હોય છે.


PUBLIC NOTICE પબ્લિક નોટીસ

**The Willingdon Sports Club**
K.Khadye Marg, Tulsiwadi,
Tardeo, Mumbai 400 034.

Invites Vendors for FY 2025-26 annual supply of the following items:-

**Fruits, Vegetables, English Vegetables, Mutton & Beef Tenderloin, Ham & Pork, Sea Food, Poultry & Eggs, Dairy Products, Tender Coconut, Farsan & Wafers, Provision (Atta / Maida / Bhusa), Provision, Dry Fruits, Spices & Condiments, Canned & Bottle, Printing, Office Stationery, Paper Products.**

For Tender Forms and instruction visit our website **https://www.willingdonclub.com/tenders/** Tender forms in sealed envelope duly completed will be accepted at our Purchase Dept. between 10 am & 5 pm on or before **21st January 2025**.

**Tel : 8976926946 Email: purchase@willingdonclub.com**



**પબ્લિક નોટીસ**

**ઈલેક્ટ્રીફાઈડ રેલવે ટ્રેક પાસે પતંગ ઉડાવવા અંગે**

આથી જાહેર જનતાને ખબર આપવામાં આવે છે કે રેલવે ટ્રેક ચર્ચગેટ - વિરાર, વિરાર - સુરત અને ઉધના - જલગાંવ સેકશન પર OHE દ્વારા ૨૫૦૦૦ વોલ્ટ્સ AC પર એનર્જાઈઝ્ડ છે, વિજળીથી સંચારિત છે.

ત્યાં પતંગ ઉડાડવાની અને જીવંત ઓવરહેડ ટ્રેક્શન વાયરમાંથી ફસાઈ ગયેલા પતંગ/પતંગના દોરાને હટાવવાની પ્રવૃત્તિઓ થઈ રહી છે જેનાથી માનવ જીવનને નુકસાન પહોંચી શકે છે. ત્યાં ૨૫૦૦૦ વોલ્ટ ઓવરહેડ ઈક્વિપમેન્ટની નજીકમાં પતંગ ઉડાડતી વખતે / ફસાઈ ગયેલા પતંગો, પતંગના દોરાને દૂર કરતી વખતે માનવ જીવનનું જોખમ રહેલું છે. આ, ઓવરહેડ ટ્રેક્શન વાયર તૂટવાનું કારણ બની શકે છે, જેનાથી રેલવે ટ્રાફિકમાં ગંભીર વિક્ષેપ થાય છે અને માનવ જીવનનું નુકસાન થઈ શકે છે.

ધ્યાનમાં આવ્યું છે કે કેટલાક દોરામાં મેટાલિક પાઉડર કોટિંગ હોય છે જે ટ્રેકની ઉપર જોગવાઈ કરવામાં આવેલા ઓવરહેડ ઉપકરણોની પરિમિતિ, આજુબાજુમાં પતંગો ઉડાડતી વખતે/સ્પર્શ કરતી વખતે માનવ જીવનને નુકસાન પહોંચી શકે છે.

આથી જાહેર જનતાને આથી વિનંતી કરવામાં આવે છે કે, હાઈ વોલ્ટેજ ટ્રેક્શન ૨૫૦૦૦ વોલ્ટસ AC ધરાવતા રેલવે ટ્રેક ઓવરહેડ ઉપકરણોની નજીક/ત્યાંથી પતંગ ઉડાડવા અને તેને દૂર કરવાનું ટાળો કારણ કે તેનાથી તેમનો જીવ જોખમમાં આવી શકે છે.

**પશ્ચિમ રેલવે**
www.wr.indianrailways.gov.in

0851

અમને લાઈક કરો: facebook.com/WesternRly | અમને ફોલો કરો: twitter.com/WesternRly



**PUBLIC SUMMONS**

**BEFORE THE HON'BLE CONSUMER DISPUTE REDRESSAL COMMISSION STATE OF GUJARAT, AHMEDABAD**

**A/37/2020, A/40/2020, A/43/2020,
A/38/2020, A/41/2020, A/44/2020,
A/39/2020, A/42/2020, A/45/2020.**

**Appellant: Digvijaysinh Himmatsinh Jadeja
Opp.: Merru Nursing Home,
Chitranjan Chowk, Vidhyanagar, Bhavanagar.**

**Versus**

**Respondents:**

1. **Shree Mehulbhai Choksi
Managing Director/ Chairman of Geetanjali Jewelrs, Retail Limited
B/6, 1st Floor, Laxmi Tower, Bandra, Kurla Complex,
Bandra (East), Mumbai 400015.**
2. **Managing Director/ Chairman of Geetanjali Gems Limited
Office at: A/1, Wing- A, Laxmi Tower, 7th Floor, Bandra,
Kurla Complex, Bandra (East), Mumbai 400015.**

Appellant has filed the above mentioned appeals against the respondents Before the Hon'ble Consumer Dispute Redressal Commission State of Gujarat. Appellant tried to serve the notices through post but somehow could not serve to the respondents. Therefore, appellant filed an application under Civil Procedure Code, 1908; Order 5 Rule 20 for the service of the notice through Public Summons (News Paper).

Therefore, this Public summons issued to the respondent for the above mentioned appeals and the same are kept on Date: 23/01/2025. And on this date respondents have to remain present personally or his pleader at Before the Hon'ble Consumer Dispute Redressal Commission State of Gujarat, Court-2, Gota, Ahmedabad. If respondents are failed to do, it deemed to be respondents are not interested to file any reply against the allegation made in above mentioned appeals. And the above mentioned appeals will be preceded accordingly. Kindly consider the same.

Seal of Court

**Deputy Registrar
State Commission of Gujarat
Ahmedabad**



**BRIHANMUMBAI MAHANAGARPALIKA**

**વૃક્ષ પ્રાધિકરણ**

**-પબ્લિક નોટીસ-**

મહારાષ્ટ્ર (અર્બન એરિયાસ) પ્રોટેક્શન એન્ડ પ્રીઝર્વેશન ઓફ ટ્રીઝ એક્ટ ૧૯૭૫ (૧લી જાન્યુઆરી ૨૦૧૮ સુધી સુધારિત)ની કલમ ૮(૩)(સી) હેઠળની જોગવાઈની અનુરૂપ ઝોન-IIIમાં H/પૂર્વ વોર્ડમાંથી ૦૧ પ્રસ્તાવ કુલ ૦૧ પ્રસ્તાવ મહારાષ્ટ્ર (અર્બન એરિયાસ) પ્રોટેક્શન એન્ડ પ્રીઝર્વેશન ઓફ ટ્રીઝ એક્ટ ૧૯૭૫ (૧લી જાન્યુઆરી ૨૦૧૮ સુધી સુધારિત)ની કલમ ૮(૬) હેઠળ વૃક્ષોને હટાવવા માટે મ્યુનિસિપલ કમિશનર/ચેરમેન, ટ્રી ઓથોરીટીની મંજૂરી મેળવવા માટે પ્રાપ્ત થયેલ છે.

ઉપર દર્શાવેલ પ્રસ્તાવોમાં કટીંગ/ટ્રાન્સપ્લાન્ટિંગ માટે વૃક્ષોની માહિતી BMC વેબસાઈટ ----> www.mcgm.gov.in. ----> About Us ----> ward / Department ----> Department manuals ----> Gardens & Tree Authority ----> Docs ----> Tree Permission 21 Days. ----> 348 (H/East) - Zone -3. પર ઉપલબ્ધ છે.

**સુપ્રિ. ઓફ ગાર્ડન્સ એન્ડ ટ્રી ઓફિસર ઓફ ટ્રી ઓથોરીટી**
સુપ્રિ. ઓફ ગાર્ડન્સ એન્ડ ટ્રી ઓફિસરની ઓફિસ,
રજો માળ, હમ્બોલ્ટ પેન્ગવીન બિલ્ડીંગ,
વીરમાતા જીજાબાઈ ભોસલે ઉદ્યાન એન્ડ ઝૂ,
સંત સાવતા માળી માર્ગ, ભાયખલા (પૂર્વ),
મુંબઈ-૪૦૦૦૨૭.
ટેલિ. નં.- ૨૩૭૪૨૧૬૨,
ઈ-મેલ- dysg.ta@mcgm.gov.in

સહી/-
સુપ્રી. ઓફ ગાર્ડન્સ & ટ્રી ઓફિસર

PRO/2118/ADV./2024-25

**પાણી બચાવો, પાણીનો દુર્વ્યય ટાળો.**


# વેસ્ટર્ન રેલવેએ બાંદ્રા ટર્મિનસ-અજમેર વચ્ચેની સ્પેશિયલ ટ્રેનોની ટ્રિપ્સને લંબાવી

| ટ્રેઈન નં. | શરૂઆતનું સ્ટેશન અને મુકામ | દોડવાના દિવસો | ક્યાં સુધી લંબાવી |
|---|---|---|---|
| ૦૯૬૨૨ | બાંદ્રા ટર્મિનસ - અજમેર (વીકલી સ્પેશિયલ) | સોમવાર | ૩૧મી માર્ચ, ૨૦૨૫ |
| ૦૯૬૨૧ | અજમેર - બાંદ્રા ટર્મિનસ (વીકલી સ્પેશિયલ) | રવિવાર | ૩૦મી માર્ચ, ૨૦૨૫ |

ટ્રેન નં. ૦૯૬૨૨ની વિસ્તારિત યાત્રાનું બુકિંગ પીઆરએસ કાઉન્ટર્સ અને આઈઆરસીટીસીની વેબસાઈટ પર ૧-૧-૨૦૨૫ના રોજ શરૂ થશે. સમય, હોલ્ટ અને કોમ્પોઝિશનની વિગતવાર માહિતી માટે ઉતારુઓ www.enquiry.indianrail.gov.in વેબસાઈટની મુલાકાત લે

ઉપરોક્ત ટ્રેનો ખાસ ભાડા પર ખાસ ટ્રેન તરીકે દોડશે

**પશ્ચિમ રેલવે**
wr.indianrailways.gov.in
અમને લાઈક કરો: facebook.com/WesternRly
અમને ફોલો કરો: X.com/WesternRly

**બધી જ આરક્ષિત ટિકિટો માટે ઓરિજિનલ આઈડી પ્રૂફ સાથે રાખવું**



## મુંબઈગરાએ નવા વર્ષની જબરજસ્ત ઉજવણી કરીઃ શહેરભરમાં લોકો રસ્તા પર ઊતરી આવ્યાઃ ઠેર-ઠેર પાર્ટી

# આવજો ૨૦૨૪ને આવકાર ૨૦૨૫ને

૨૦૨૪ના છેલ્લા સૂર્યાસ્તને આવજો કહેવા સાથે નવા વર્ષને ઉલ્લાસપૂર્વક આવકારી રહેલી બે બાળકીઓ. (અમય ખરાડે)

મુંબઈઃ નવા વર્ષની પૂર્વ સંધ્યાએ જાણે મુંબઈનાં જાહેર સ્થળો ચોપાટી, જુહુ, નરીમાન પોઈન્ટ અને ગેટવે ઓફ ઈન્ડિયામાં જાણે માનવીય ઘોડપૂર આવ્યું હતું. આ તમામ લોકો નવા વર્ષના સ્વાગત કરવા માટે સાંજના છ વાગ્યાથી જ જમા થવા લાગ્યા હતા. નવા વર્ષને વેલકમ કરવા માટે મુંબઈગરાએ કોઇ પણ કસર બાકી નહોતી રાખી. પોલીસના ચાંપતા બંદોબસ્ત વચ્ચે થર્ટી ફર્સ્ટ નાઈટની ઉજવણી ધામધૂમથી થઇ હતી.

ક્રિસમસની રજામાં આનંદ લૂંટવા માટે મુંબઈગરાઓ બહાર નીકળી જતા હોય છે, પણ શહેરમાં પણ જાણે મુંબઈગરાએ થર્ટી ફર્સ્ટની મજા માણી હતી. નવા વર્ષને વેલકમ કરવા માટે જુહુ, ચોપાટી, નરીમાન પોઈન્ટ અને ગેટવે ઓફ ઈન્ડિયા ખાતે પરિવારજનો અને મિત્રો સાથે મોડી સાંજથી આવવા લાગ્યા હતા. મુંબઈગરાની થર્ટી ફર્સ્ટની નાઈટમાં કોઇ પણ આડખીલી કે વિઘ્ન આવે એ માટે મુંબઈ પોલીસે આવાં સ્થળોએ ચાંપતો બંદોબસ્ત રાખ્યો હતો.

માત્ર જાહેર સ્થળોએ જ નહીં, અનેક ડિસ્કો થેસ્ક, ક્લબ અને રેસ્ટોરાંમાં પણ થર્ટી ફર્સ્ટની નાઈટનું આયોજન જોરશોરમાં કરવામાં આવ્યું હોવાથી બહોળી સંખ્યામાં લોકો તેને મનાવવા માટે બહાર નીકળ્યા હતા. આ ઉપરાંત અનેક સોસાયટીઓમાં પણ નવા વર્ષનું સ્વાગત કરવા માટે લોકો એકઠા થયા હતા.

થર્ટી ફર્સ્ટની નાઈટની ઉજવણી અને નવા વર્ષને સત્કારવા માટે શહેરનાં વિવિધ સ્થળોએ ફટાકડાની આતશબાજીથી જોવા મળી હતી. આતશબાજીને જોવા માટે આ સ્થળોએ ભારે પ્રમાણમાં ભીડ એકઠી થઇ હતી. મુંબઈ પોલીસના ચાંપતા બંદોબસ્ત વચ્ચે મુંબઈગરાની થર્ટી ફર્સ્ટ નાઈટમાં કોઇ અનિચ્છનીય બનાવ બન્યો નહોતો.

### ફડણવીસ - મુંડે મીટિંગ પછીના દિવસે

# બીડનો આરોપી વાલ્મિક કરાડ શરણે આવ્યા

મુંબઇઃ બીડ જિલ્લાના મસ્સાજોગ ગામના સરપંચ સંતોષ દેશમુખની હત્યાના કેસમાં મુખ્ય સૂત્રધાર મનાતા આરોપી વાલ્મિક કરાડે મંગળવારે સીઆઈડી સમક્ષ આત્મસમર્પણ કર્યું હતું. વાલ્મિક કરાડ મસ્સાજોગ સરપંચ સંતોષ દેશમુખની હત્યાના કેસમાં ત્રણ સપ્તાહથી ફરાર હતો. આ કેસમાં અત્યાર સુધીમાં ચાર આરોપીઓની ધરપકડ કરવામાં આવી છે અને ત્રણ આરોપીઓ ફરાર છે. તેમાં વાલ્મિક કરાડનું પણ નામ છે અને સીઆઈડી દ્વારા વાલ્મિક કરારની શોધ કરવામાં આવી રહી હતી.

સંતોષ દેશમુખ હત્યા કેસમાં વાલ્મિક કરાડનું નામ સામે આવ્યું હતું વિપક્ષે તેની સતત ટીકા કરી હતી. કરાડ મહારાષ્ટ્રના પ્રધાન ધનંજય મુંડેની નજીકના હોવાનો આરોપ લગાવવામાં આવી રહ્યો હતો. વાલ્મિક કરાડ છેલ્લા કેટલાક દિવસોથી ગાયબ હતો અને તેની સઘન શોધખોળ કરવામાં આવી રહી હતી. આખરે મંગળવારે વાલ્મિક કરાડે આત્મ સમર્પણ કર્યું હતું. હજી સોમવારે કરાડના આકા ગણાતા ધનંજય મુંડે ફડણવીસને મળ્યા હતા.

સંતોષ દેશમુખ હત્યા કેસમાં અત્યાર સુધીમાં ચાર આરોપીની ધરપકડ કરવામાં આવી છે, જ્યારે ત્રણ આરોપી ફરાર થઈ ગયા હતા. સીઆઈડી આ કેસની તપાસ કરી રહી છે અને સીઆઈડીના વરિષ્ઠ અધિકારીઓ છેલ્લા ચાર દિવસથી જિલ્લામાં ધામા નાખીને પડ્યા છે. આ કેસમાં વાલ્મિક કરાડ નું નામ મુખ્ય સૂત્રધાર તરીકે લેવામાં આવી રહ્યું છે. સંતોષ દેશમુખની હત્યા બાદ વાલ્મિક કરાડ પર આરોપો લગાવવામાં આવ્યા હતા.

સીઆઈડીએ તેના નજીકના સાથીદારોની તપાસ શરૂ કરી હતી પોલીસની અને સીઆઈડીની લગભગ નવ ટીમ આ કેસ પર કામ કરી રહી છે. દરેક ટીમમાં ટીમમાં ૧૫૦થી વધુ સીઆઈડી અધિકારીઓ છે. આ કેસ પણ સીઆઈડી ધીમે અત્યાર સુધીમાં ૧૦૦થી વધુ લોકોને પૂછપરછ કરી છે સીઆઈડીએ વાલ્મિક કરાડ પર દબાણ વધારવાનું શરૂ કર્યું હતું અને તેના બેંક ખાતા ફ્રીઝ કરવામાં આવ્યા હતા અને સંપત્તિ જપ્ત કરવાની (જુઓ પાનું ૪) ▶▶


## ફડણવીસને મુખ્ય પ્રધાનપદે રહેવાનો કોઈ અધિકાર નથીઃ કોંગ્રેસ

મુંબઈઃ કોંગ્રેસે મંગળવારે કહ્યું કે મહારાષ્ટ્રના મુખ્ય પ્રધાન દેવેન્દ્ર ફડણવીસે રાજીનામું આપવું જોઈએ, કારણ કે પોલીસે સરપંચ સંતોષ દેશમુખની હત્યા સાથે જોડાયેલા ખંડણી કેસમાં આરોપી વાલ્મિક કરાડને ત્રણ અઠવાડિયા સુધી ધરપકડ કરવામાં નિષ્ફળ રહ્યા, જ્યાં સુધી તેમણે પોતે આત્મસમર્પણ ન કર્યું.

ભાજપના વિધાનસભ્ય સુરેશ ધસે એનસીપીના પ્રધાન ધનંજય મુંડે પર નિશાન સાધતા એવો દાવો કર્યો હતો કે, તેઓ અને કરાડ એક જ સિક્કાની બે બાજુ છે, જ્યારે મરાઠા કાર્યકર્તા મનોજ જરાંગેએ આરોપીઓના તમામ 'સમર્થકો' સામે કાર્યવાહી કરવાની માગણી કરી હતી. મુંડેના નજીકના સહયોગી વાલ્મિક કરાડે પુણેમાં પોલીસ સમક્ષ આત્મસમર્પણ કર્યું હતું, મસ્સાજોગના સરપંચ સંતોષની ક્રૂર હત્યાના થોડા દિવસો પછી, આક્રોશનો માહોલ સર્જાયો હતો.

બીડ જિલ્લામાં ખંડણીના કેસમાં વોન્ટેડ કરાડને ત્રણ અઠવાડિયા સુધી શોધવામાં પોલીસની નિષ્ફળતા પર કોંગ્રેસના પ્રવક્તા અતુલ લોંઢેએ પ્રશ્ન ઉપસ્થિત કર્યા હતા.

'મુંબઈ પોલીસ, જેને એક સમયે સ્કોટલેન્ડ યાર્ડની સમકક્ષ ગણવામાં આવતી હતી, તે ન્યાય આપવામાં (જુઓ પાનું ૪) ▶▶



## મેળામાં ફિલ્મો બતાવનાર વાલ્મિક કરાડ ધનંજય મુંડેનો ખાસ કેવી રીતે બન્યો?

મુંબઈઃ છેલ્લા ઘણા દિવસોથી મહારાષ્ટ્રના રાજકારણમાં સૌથી વધુ ચર્ચામાં રહેલા વાલ્મિક કરાડની આખરે ધરપકડ કરવામાં આવી છે. મસ્સાજોગના સરપંચ સંતોષ દેશમુખની ઘાતકી હત્યા કરવામાં આવી હતી. વાલ્મિક કરાડ આ હત્યાનો માસ્ટર માઈન્ડ હોવાનો આરોપ છે. વાલ્મિક કરાડે આજે પુણેમાં સીઆઈડી સમક્ષ આત્મસમર્પણ કર્યું હતું, પરંતુ હાલમાં તેની સામે હત્યા કેસની નહીં ખંડણીના કેસમાં કાર્યવાહી કરવામાં આવશે.

વાલ્મિક કરાડના પ્રધાન ધનંજય મુંડેના નજીકના ગણાય છે. આ વાલ્મિક કરાડ ધનંજય મુંડેના વિશ્વાસુ કેવી રીતે બન્યા? તે મુંડે પરિવારના સંપર્કમાં કેવી રીતે આવ્યો? બીડ જિલ્લામાં તેમનો પ્રભાવ કેવી રીતે (જુઓ પાનું ૪) ▶▶

## કોઈને નહીં બક્ષાય, ગુંડારાજ નહીં ચલાવી લેવાયઃ દેવેન્દ્ર ફડણવીસ

મુંબઈઃ મસ્સાજોગના સરપંચ સંતોષ દેશમુખની હત્યા કેસમાં અત્યાર સુધી ફરાર આરોપી વાલ્મિક કરાડ આખરે ૨૨ દિવસ બાદ સરેન્ડર થયો છે. તેણે મંગળવારે પુણે સીઆઈડીની ઓફિસમાં આત્મસમર્પણ કર્યું હતું. જે બાદ મુખ્ય પ્રધાન દેવેન્દ્ર ફડણવીસે પોતાની પ્રથમ પ્રતિક્રિયા આપી છે. અમારો હેતુ આ કેસમાં આરોપીઓને સજા કરાવવાનો અને સંતોષ દેશમુખને ન્યાય અપાવવાનો છે. મારે આ મામલે થઈ રહેલા રાજકારણ વિશે કંઈ કહેવું નથી, પરંતુ કેટલાક લોકો માત્ર રાજકારણ કરવા માગે છે. તેમની રાજનીતિ તેમના માટે સારી છે, એમ ફડણવીસે કહ્યું હતું.

મુખ્ય પ્રધાન દેવેન્દ્ર ફડણવીસે મંગળવારે કહ્યું હતું કે સંતોષ દેશમુખ કેસમાં સામેલ દરેક વ્યક્તિ સામે કડક કાર્યવાહી કરવામાં આવશે. અમે ગુંડાઓનું રાજ ચાલવા નહીં દઈએ. ખંડણી ઉઘરાવવા માટે કાયદાને હાથમાં લેનારાઓને આકરા પરિણામો ભોગવવા પડશે. અમે બધા જ આરોપીઓને શોધી કાઢીશું. જ્યાં સુધી આરોપીને ફાંસી ન અપાય ત્યાં સુધી તપાસ ચાલુ રહેશે. આ કેસમાં કોઈનું દબાણ કામ કરશે નહીં. પોલીસ પુરાવાના આધારે કાર્યવાહી કરશે. પુરાવા હશે તો કોઈને બક્ષવામાં આવશે નહીં. સંતોષ દેશમુખને ન્યાય આપવો તે મારા માટે મહત્ત્વપૂર્ણ છે.

દેવેન્દ્ર ફડણવીસે કહ્યું હતું કે, દિવંગત (જુઓ પાનું ૪) ▶▶

## 'મન મોટું રાખી સુરેશ ધસે માફી માગી એટલે એમનો આભાર'

### વિવાદ પર પડદો પાડતા ઍક્ટ્રેસ પ્રાજક્તા માળીએ વીડિયો સંદેશમાં કહ્યું

મુંબઈઃ ભાજપના વિધાનસભ્ય સુરેશ ધસે તાજેતરમાં પ્રધાન ધનંજય મુંડેને લક્ષ્ય બનાવતા દક્ષિણ ભારતની અભિનેત્રીઓ રશ્મિકા મંદાના, પ્રાજક્તા માળીના નામ લીધા હતા. તેમના નિવેદન બાદ પ્રાજક્તાએ મુંબઈમાં પત્રકાર પરિષદ યોજીને કહ્યું હતું કે રાજકારણ માટે મહિલા કલાકારોના નામનો દુરુપયોગ કરવાનું યોગ્ય નથી. તેથી સુરેશ ધસે માફી માગવી જોઇએ, એવી માગણી પણ તેણે કરી હતી.

આ પ્રકરણે પ્રાજક્તાએ મુખ્ય પ્રધાનની મુલાકાત લઇને પોતાનું નિવેદન રજૂ કર્યું હતું. ત્યાર બાદ સોમવારે મારા નિવેદનનો ખોટો અર્થ કાઢવામાં આવ્યો હોવાનું સુરેશ ધસે જણાવ્યું હતું તથા દિલગીરી પણ વ્યક્ત કરી હતી.

સુરેશ ધસે દિલગીરી વ્યક્ત કર્યા બાદ પ્રાજક્તાએ વીડિયો શેર કરીને 'આજે આ સંપૂર્ણ પ્રકરણ પર મારા તરફથી પણ પડદો પાડવામાં આવે છે', એમ કહીને તેણે સૌનો આભાર પણ માન્યો હતો.

પ્રાજક્તાએ કહ્યું હતું કે પત્રકાર પરિષદ યોજવાથી લઇને અત્યાર સુધી મારા પરિવારને અનેક મેસેજ આવ્યા હતા. મહિલાઓના સન્માન માટે દરેક સ્તરે અવાજ ઉઠાવવામાં આવ્યો જેને કારણે અમને પીઠબળ મળ્યું. હું સુરેશ ધસનો પણ આભાર માનું છું, કારણ કે તેમણે પણ મન મોટું કરીને સર્વ મહિલા વર્ગની માફી માગી. ■

## સમૃદ્ધિ હાઈવે પર ૫૦થી વધુ કારનાં પંકચર, કોઈ મદદ પણ નહીં

મુંબઈઃ ૨૯ ડિસેમ્બરે રાત્રે મુંબઈ-નાગપુર સમૃદ્ધિ હાઈવે પર રસ્તા સંખ્યાબંધ ગાડીઓ સાઈડમાં પાર્ક કરેલી જોવા મળી હતી. ગાડીઓના ટાયર પંક્ચર થઇ જતા મુસાફરો હેરાન થઇ ગયા હતાં. અહેવાલ મુજબ રોડ પર પડેલા એક લોખંડના બોર્ડ પરથી પસાર થવાને કારણે ૫૦થી વધુ વાહનોના ટાયર પંક્ચર થઈ ગયા હતાં.

વાશિમ જિલ્લાના માલેગાંવ અને વનોજા ટોલ પ્લાઝા વચ્ચે ૨૯ ડિસેમ્બરે રાત્રે ૧૦ વાગ્યાની આસપાસ આ ઘટના બની હતી. ફોર-વ્હીલર અને માલવાહક ટ્રકોના ટાયર પંક્ચર થયેલા જોવા મળ્યા હતાં. જેને કારણે હાઇવે પર લાંબો ટ્રાફિક જામ સર્જાયો હતો.

લાંબા સમય સુધી કોઈ સહાય ન મળતા, મુસાફરો રાતભર હાઈવે પર અટવાઈ પડ્યા હતા. લોખંડનું બોર્ડ આકસ્મિક રીતે પડી ગયું હતું કે જાણી જોઈને ફેંકવામાં આવ્યું તેની તપાસ કરવામાં આવી રહી છે.

હાઇ-સ્પીડ કોરિડોર પરની સમૃદ્ધિ હાઈ-વે પર સુરક્ષા અંગે અગાઉ પણ સવાલ ઉઠી ચુક્યા છે. સમૃદ્ધિ હાઈ-વે છ-લેન અને ૭૦૧-કિમી-લાંબો એક્સેસ-કંટ્રોલ્ડ એક્સપ્રેસ-વે છે. તે મુંબઈ અને રાજ્યના ત્રીજા સૌથી મોટા શહેર નાગપુરને જોડતા દેશના સૌથી લાંબા ગ્રીનફિલ્ડ રોડ પ્રોજેક્ટ્સમાંનો એક છે. ■

## બુલેટ ટ્રેનના દિવા સ્ટેશનને થાણેથી જોડતી મેટ્રોની જાહેરાત

થાણેઃ નાયબ મુખ્ય પ્રધાન એકનાથ શિંદેએ હાઇ સ્પીડ બુલેટ ટ્રેનના પ્રસ્તાવિત દિવા રેલવે સ્ટેશનને હાલના થાણે શહેર અને રેલવે સ્ટેશન સાથે જોડતી નવી મેટ્રો લાઇનના પ્રસ્તાવિત બાંધકામની જાહેરાત કરી. શિંદેએ સોમવારે રાત્રે દિવામાં એક જાહેર સભાને સંબોધતા આ જાહેરાત કરી હતી.

'દિવા એક વિકસતું ઉપનગર છે અને એક મહત્વપૂર્ણ પરિવહન કેન્દ્ર બનવા માટે તૈયાર છે. ઉપનગર બુલેટ રેલવે સ્ટેશન હસ્તગત કરી રહ્યું છે અને થાણે સ્ટેશન અને શહેર સાથે જોડાણ જરૂરી છે. અમે બુલેટ ટ્રેનના સ્ટેશનને માજીવાડા સાથે જોડતી મેટ્રો લાઇન પર વિચાર કરી રહ્યા છીએ જે થાણે રેલવે સ્ટેશન સાથે પણ જોડાશે, એમ શિંદેએ જણાવ્યું હતું. આ પ્રોજેક્ટ હાલમાં તેના પ્રારંભિક તબક્કામાં છે અને શક્યતા મૂલ્યાંકન ટૂંક સમયમાં હાથ ધરવામાં આવશે.

શિંદેની ટીમના પ્રતિનિધિએ વિગતવાર માહિતી આપતાં જણાવ્યું હતું કે બુલેટ ટ્રેન અને મધ્ય રેલવે ઉપનગરીય ટ્રેન નેટવર્ક વચ્ચેની મહત્ત્વપૂર્ણ કડી સ્થાપિત કરી શકાય છે અને પ્રારંભિક શક્યતા તબક્કાઓ પૂર્ણ થયા પછી મહામેટ્રો અથવા એમએમઆરડીએ દ્વારા અમલમાં મૂકી શકાય છે.

'બુલેટ ટ્રેનના પ્રસ્તાવિત સ્ટેશનને થાણે શહેર અને રેલવે સ્ટેશન સાથે જોડવાની તાત્કાલિક જરૂરિયાત છે. પ્રસ્તાવિત રૂટ થાણે-ભીવંડી અને કલ્યાણ-તળોજા મેટ્રો લાઇનને એકીકૃત કરી શકે છે, જ્યારે પાડોશી (જુઓ પાનું ૪) ▶▶

## પ્રદૂષણ એલર્ટઃ એના સિવાય કોઇ ખોદકામ નહીં

### પીવાનાં પાણીના પાઈપનું લીકેજ રોકવા સિવાય કોઇ કામ માટે રસ્તા ખોદવાની પરવાનગી નહીં આપે સુધરાઇ

મુંબઈઃ શહેરમાં મોટા પ્રમાણમાં થઇ રહેલાં વિકાસ કામો, બાંધકામો સહિત હવામાં થઇ રહેલા ફેરફારને કારણે વાયુ ગુણવત્તાનો સ્તર હેઠે ઊતર્યો હોવાનું નજરે ચડ્યું છે. વાયુ પ્રદૂષણને ઘટાડવા માટે પાલિકાએ અનેક ઉપાયયોજનાઓ હાથ ધરી છે. તેના જ ભાગરૂપે મુંબઈમાં હવાના પ્રદૂષણને નિયંત્રણમાં લાવવા માટે પાલિકાએ રસ્તાના ખોદકામના કામ પર થોડા સમય માટે પ્રતિબંધ મૂક્યો છે. રસ્તાની બાજુમાં આવેલી ગટરની લાઈનોના ખોદકામ માટે પરવાનગી આપવાની પાલિકાએ તાત્કાલિક ધોરણે મનાઈ કરી છે. પાણીપુરવઠાની મુખ્ય પાઈપલાઈનના ગળતરના કામકાજ સિવાય કોઇ નવું ખોદકામ કરી નહીં શકાય.

આ જ પાર્શ્વભૂમિ પર વાયુપ્રદૂષણને નિયંત્રણ લાવવા માટે પાલિકા તરફથી માર્ગદર્શિકા બહાર પાડવામાં આવી છે અને એ પ્રમાણે કાર્યપદ્ધતિને અગાઉ જ અમલમાં મૂકવામાં આવી છે. આમાં બાંધકામની બાબતનો સમાવેશ થાય છે. હવે પાલિકા પ્રશાસને એનાથી પણ વધુ નાનાં-મોટાં ઘટકો પર વધુ ધ્યાન આપ્યું છે. ■

## પુણે પાસે રેલવે ટ્રેક પરથી મળ્યું ગેસ સિલિન્ડર

### લોકો પાઈલટની સમયસૂચકતાથી મોટી દુર્ઘટના ટળી

મુંબઈઃ રેલવે ટ્રેક પર ગેસનો બાટલો, લોખંડના સળિયા મૂકીને અકસ્માત કરવાના કાવતરાઓ વધી રહ્યા છે. હવે આવો જ એક વધુ પ્રયાસ પુણે પાસે થયો છે. પુણેના ઉરુલી કંચન વિસ્તારમાં રવિવારે રાત્રે રેલવે ટ્રેક પર ગેસથી ભરેલું સિલિન્ડર મૂકીને અકસ્માત સર્જવાનો પ્રયાસ કરવામાં આવ્યો હતો. લોકો પાઈલોટની સતર્કતાને કારણે મોટી દુર્ઘટના ટાળી શકાઈ છે. આ અંગે કંચન પોલીસે અજાણ્યા શખ્સ સામે ગુનો નોંધ્યો છે.

રવિવારે રાત્રે ૧૧ વાગ્યાના સુમારે લોકો પાઇલટ શરદ શાહજી વાલ્કે (૩૮ વર્ષ) રેલવે લાઇનનું નિરીક્ષણ કરી રહ્યા હતા તેમણે જોયું કે ગેસ સિલિન્ડર રેલવે ટ્રેક પાસે રાખવામાં આવ્યું હતું.

જ્યારે તેમણે સિલિન્ડર ઉપાડવાનો પ્રયાસ કર્યો ત્યારે જોયું કે તેમાં ગેસ ભરેલો હતો. લોકો પાઈલોટે તરત જ સિલિન્ડરને રેલવે ટ્રેક પરથી દૂર ખસેડ્યો અને સંભવિત અકસ્માત ટાળ્યો. શરદ વાલ્કેએ તરત જ પોલીસ અને રેલવેના વરિષ્ઠ અધિકારીઓને આની જાણ કરી. આ પછી ઉરુલી કંચન પોલીસે અજાણ્યા વ્યક્તિ વિરુદ્ધ રેલવેની કલમ ૧૫૦, ૧૫૨ હેઠળ અકસ્માત સર્જવાના પ્રયાસનો કેસ નોંધીને તપાસ શરૂ કરી છે.

ઘટનાની ગંભીરતાને ધ્યાનમાં લઈને રેલવેના વરિષ્ઠ અધિકારીઓએ ઘટના સ્થળની મુલાકાત લીધી હતી. દૌંડ વિભાગના (જુઓ પાનું ૪) ▶▶

## મુંબઈ-ગોવા હાઈવે જૅમ સેલિબ્રેશનના મૂડ પર પાણી ફરી વળ્યું



મુંબઇઃ ૨૦૨૪નું વર્ષના વિદાયની ઘડીઓ ગણાઇ રહી છે અને ૨૦૨૫ના વર્ષના આગમનની તૈયારીઓ પૂરજોશમાં ચાલી રહી છે. લોકો ૨૦૨૪ને વિદાય આપવા માટે પરિવાર સાથે પ્રવાસન સ્થળોએ ફરવા જઈ રહ્યા છે. ઉજવણી પહેલા વાહનોના વધુ પડતા ધસારાને કારણે અને ઘણા માર્ગો પર ચાલી રહેલા બાંધકામના કામને કારણે મુંબઈ-ગોવા હાઈવે પર ટ્રાફિક જામની સમસ્યા ઉભી થઈ છે.

નવા વર્ષની ઉજવણી કરવા લોકો સોમવારથી તેમના વાહનોમાં સહપરિવાર સાથે મુંબઈની બહાર દૂરના કોઇ જિલ્લાના દરિયા કિનારે જવા માટે નીકળી ગયા હતા. સોમવારે મુંબઈ નજીક લોનેરે, માનગાંવ અને ઈન્દાપુર પોઈનાડના રસ્તાઓ પર ટ્રાફિક જામ થઈ ગયો હતો કારણ કે મોટી સંખ્યામાં લોકો નવા વર્ષની ઉજવણી કરવા મહારાષ્ટ્રના રાયગઢ જિલ્લામાં ગોવા અને અલીબાગ જવા નીકળ્યા હતા.

સાથે જ અનેક માર્ગો પર ચાલી રહેલા બાંધકામને કારણે વાહનવ્યવહાર પણ ખોરવાઈ ગયો હતો. હાઇવે અને સ્થાનિક પોલીસ વાહનોની સરળ અવરજવર સુનિશ્ચિત કરવા માટે ભારે પ્રયાસો કરવા પડ્યા હતા. આજે પણ મુંબઈની બાર જતા દરેક રસ્તાઓ પર ટ્રાફિક જામ છે.

ગોવા એક એવું પર્યટન સ્થળ છે જ્યાં લાખો લોકો નવા વર્ષની ઉજવણી કરવા આવે છે. માત્ર પશ્ચિમ ભારત જ નહીં, દેશના અન્ય રાજ્યોના લોકો પણ ગોવાને ખૂબ પસંદ કરે છે. તેથી, લોકો હવાઈ, ટ્રેન અથવા તેમના અંગત વાહનોમાં ગોવાની મુસાફરી કરે છે. ■

PAC n DELIVER
INTERNATIONAL COURIER
Send parcels to your Children & loved ones in **CANADA, UK, USA & WORLD WIDE** including Garments, Farsan, Chocolates, Sweets, Gifts, Eatables, Medicines & any permissible item & get benefited with **SPECIAL rates.**
Contact : Mr. ANUJ SANGOI
8879991866
Email - sales@pacndeliver.com
"20 Yrs of Quality Service"

"MUMBAI SAMACHAR" Newspaper (Periodicity-Daily) Owners The Bombay Samachar Pvt. Ltd. Publisher and Printer Meherwanji Rustomji Cama, Printed at their Press "Mumbai Samachar" at Red House, S. A. Brelvi Road, Horniman Circle, Fort, Mumbai 400 001 & Dangat Media PVT. LTD., Plot No. 22, Digha, MIDC, TTC Industrial Area, Vishnu Nagar, Digha, Navi Mumbai-400708 and Published from Red House, S. A. Brelvi Road, Horniman Circle, Fort, Mumbai 400 001. Editor * Nilesh Mahendra Dave (*Responsible for selection of news under the PRB Act.). Email: samachar.bombay@gmail.com Tel. Nos. 022-22045531-33. **RNI Registration No. 1563/1957.** ''મુંબઈ સમાચાર'' પત્ર રેડ હાઉસ, સૈયદ અબ્દુલ્લા બ્રેલવી રોડ, ફોર્ટ, મુંબઈ અને દાંગટ મીડિયા પ્રા. લિ., પ્લોટ ક. ૨૨,દિઘા, એમઆઈડીસી, ટીટીસી ઈન્ડસ્ટ્રિયલ એરિયા, વિષ્ણુનગર, નવી મુંબઈ-૪૦૦૭૦૮ ખાતે તેના માલિકો ધી બોમ્બે સમાચાર પ્રા. લિ. માટે તેઓના ''મુંબઈ સમાચાર'' પ્રેસમાં મહેરવાનજી રૂસ્તમજી કામાએ છાપ્યું અને પ્રગટ કર્યું છે. તંત્રીઃ *નીલેશ મહેન્દ્ર દવે (*પીઆરબી એક્ટ હેઠળ સમાચારોની પસંદગી માટે જવાબદાર). ઈ-મેઈલઃ **samachar.bombay@gmail.com** ટેલિફોનઃ ૨૨૦૪૫૫૩૧-૩૩. **R.N.I. No. 1563/1957.**